તારનું સરનામું:—'હિંદસંઘ'-'HINDSANGHA' REGD. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આના.

વર્ષ: જુનું ૯મું. નવું ૪થું. | તારીખ ૧–૧–૩૫ મંગળવાર. | અંક ૬.

જૈન યુગ સમિતિનું નિવેદન.

કૉન્ફરન્સનું ૧૪મું અધિવેશન મુંબઇ મુકામે મળી ગયાને આજે આઠ માસના વહાણાં વાઇ ગયાં છે, એ અધિવેશનના સમયે જે ઉત્સાહનો વેગ દેખાતો હતો, જાગ્રતિનો પ્રવાહ જોરશોરથી વહેતો નજરે પડતો હતો, તે પ્રવાહના પૂરને સતત તેવાજ વહેણમાં ચાલુ રાખવા માટે તેને માટેના પ્રચારકાર્યનો ઘોષ સંપૂર્ણપણે પડવો જોઇએ. જો એ પ્રચારકાર્યના વહનને આળસ યા તો બેપરવાઇના અવરોધોથી વિચ્છિન્ન કરવામાં આવે અથવા તો તેને યોગ્ય દિશાએ વાળવામાં ન આવે તો એ ઉત્સાહનાં પૂર ઓસરવા માંડે છે, અને એક સમયે જાગ્રતિનાં આંદોલનોથી જે વેગ જોરશોરથી વહન કરતો નજરે પડતો હોય તે માત્ર છુટાછવાયાં ખાબોચીયાંરૂપ બની સૂકાવા લાગે છે. કોઇપણ સંસ્થા નાની યા મોટી જો યોગ્ય દિશામાં પ્રચારકાર્ય ન કરે તો તે સંસ્થાને પોતાનું અસ્તિત્વ નીભાવવું પણ ઘણે સ્થળે ભારે પડતું જોવામાં આવે છે, અને ઘણી સંસ્થાઓ એવા પ્રચારકાર્યના અભાવે હતી નહતી થઇ ગયેલી આપણા જોવામાં આવે છે, આવું પરિણામ ન આવે અને ભૂતકાળની કીર્તિ સદા જ્વલંત રૂપે ચિરસ્થાયી રહે એ માટે કૉન્ફરન્સે પણ પોતા તરફથી સતત પ્રચારકાર્ય કરવાની જરૂરીયાત છે. આ વીસમી સદીમાં કહો કે બાહ્ય પ્રગતિના પ્રવૃત્તિમય કાળમાં આપણે પણ એની સાથે ચાલવેજ છુટકો છે જો આપણે આપણા પોતાનાં પ્રેરણા–બળથી, પોતાની ઇચ્છાશક્તિથી આગળ નહિ વધીએ તો આપણે વિશ્વની પ્રગતિ સાથે ઘસડાવું પડશે, એ નિઃસંશય છે.

કૉન્ફરન્સ પાસે પ્રચારકાર્ય માટે બે પ્રકારની સામગ્રી હૈયાત છે, એ બન્ને સામગ્રીઓનો જો સંપૂર્ણપણે ઉપયોગ કરવામાં આવે તો એ દ્વારા ઘણું કાર્ય થઇ શકે એમ છે, એમ અમારૂં ચોકસ મંતવ્ય છે. આ બે પ્રકારની સામગ્રીઓમાંની પ્રથમ નંબરની ઘણીજ વિશાળ અને બહુજ બુદ્ધિપૂર્વક યોજાયેલી યોજના છે. એ સામગ્રી તે આપણી પ્રાંતિક અને જિલ્લા સમિતિઓ. આ સમિતિઓને જો યોગ્ય સ્વરૂપમાં મજબુત પાયા ઉપર બંધારણપૂર્વક રચવામાં આવે, અને તેના અંગભૂત કાર્યકર્તાઓ વીણી વીણીને આત્મભોગ આપી શકે એવા ગોઠવવામાં આવે તો આ સમિતિઓદ્વારા ઘણુંજ પ્રચારકાર્ય થોડા ખર્ચમાં થઇ શકે તેમ છે.

આ પ્રાંતિક સમિતિઓની રચના અમારી સમજ પ્રમાણ એવી સુંદર રચના છે કે જો મુખ્ય ઓફિસરૂપી મૂળદ્વારા તેના ઉપર વારંવાર વિચારો વિગેરેનું સીંચન કરવામાં આવે તો તેની દરેક શાખા મજબુત બની અંગેઅંગ ફળદાયી નીવડી શકે.

આ સમિતિઓને પગભર કરવા માટે ગત વર્ષમાં કાર્યવાહક સમિતિ તરફથી એકાદ બે મીટીંગમાં ચર્ચાઓ થઇ હતી, અને કાંઇક વ્યવહારૂ સૂચનાઓ પણ થઇ હતી, પરંતુ ત્યાર બાદ એ દિશામાં વિશેષ કંઇ પગલું ભરાયું હોય એમ જાણવામાં નથી. આ વિષય ઉપર અત્યારે અહિં લંબાણ ચર્ચા નહિ કરતાં એને વિશેષ વ્યાપક સ્વરૂપમાં આગળ ઉપર ચર્ચીશું.

હવે બીજા નંબરની સામગ્રી તે તેનું મુખપત્ર "જૈન યુગ" છે. દરકોઇ સંસ્થાને પોતાના વિચારો અને પોતાની પ્રવૃત્તિ જનસમાજ આગળ જાહેર કરવા માટે તેના મુખપત્રની તેને ખાસ જરૂર હોય છે. મુખપત્ર વિનાની સંસ્થા તે લગભગ આંખ વિનાના મનુષ્ય સમાન છે. સંસ્થાની વાચા એ તેનું મુખપત્ર છે, જો એવું મુખપત્ર ન હોય તો એ કાલો માણસ જેમ પોતાના મનોભાવ યથાર્થ રૂપે વ્યક્ત કરી નથી શકતો તેમ કોઇપણ સંસ્થા પોતાની પ્રવૃત્તિ પત્ર વિના ચલાવી શકતી નથી. અને એ માટે કૉન્ફરન્સે પોતાનું મુખપત્ર "જૈન યુગ" રાખ્યું છે. આજ દિવસ સુધી "જૈન યુગ" જુદા જુદા તંત્રીઓ

(અનુ. પા. ૭)

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टये;।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सववोदधिः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૧-૩૫ મંગળવાર.

અધિવેશન પછી.

એ તો સૌ કોઇના અનુભવનો વિષય છે કે પાક લણવાની મોસમ વર્ષા ઋતુ નથી ગણાતી, પણ ત્યાર પછી આવતા શીતકાળના મહિનાઓમાંજ વર્ષાકાળમાં જે પરિશ્રમ સેવી વિવિધ પ્રકારનાં ધાન્યોનું બીજારોપણ કર્યું હોય છે અને એ પાછળ સતત દિવસ રાત તકેદારી રાખી સંરક્ષણ કરવામાં જે કિમતી સમયનો ભોગ આપ્યો હોય છે તેનું જે સુંદર પરિણામ બેસે છે તે નિરખવાનો રમણિય પ્રસંગ પ્રાપ્ત થાય છે. તેવીજ રીતે અધિવેશન પ્રસંગે કષ્ટ સેવી પરસ્પર વિચારોનો સમન્વય કરી રાત્રિના ઉજાગરા વેઠી જે પ્રસ્તાવો પાસ કર્યા હોય છે તેની કિંમત આંકવાનો, એનાથી જનસમાજમાં કેવી છાપ બેસે છે એનો તાગ કહાડવાનો અને એ ઉપરથી ભાવી કાર્યક્રમ દોરવાનો જો કોઇપણ અનુકુળ કાળ કલ્પી શકાય તો તે અધિવેશન પછીનોજ ગણાય.

માધવબાગમાં આપણી જૈન મહાસભા એટલે સ્વે. કોન્ફરન્સનું બીજું અધિવેશન ધાર્યા કરતાં વધુ દબદબાથી મળી ગયું. એ પછી આજે કેટલાય મહિનાઓ વીતી ગયા છે. દરમીઆન દેશમાં પણ ઓછા ફેરફારો નથી થયા. રાષ્ટ્રિય મહાસભાએ પોતાના કાર્યક્રમમાં ધારાસભાપ્રવેશને સ્થાન આપી કાર્યવાહીમાં જબરો પલટો આણ્યો છે. મહાત્માજીએ દેશના નષ્ટ થતા ઉદ્યોગમાં જીવન પૂરવા એક નવિન સંઘની સ્થાપના કરી છે. એ તરફ જોતાં દેશ પુનઃ એક વાર સીધી લડતના કાર્યથી હાથ ઉઠાવી, રચનાત્મક માર્ગે વળ્યો છે. આ પરિસ્થિતિ દૃષ્ટિ સામે જતા પછી એથી થયેલી અનુકુળતાનો સર્વ પ્રકારે લાભ લેવાનો સુયોગ લાધ્યો છે, તો એ ચારૂ પ્રસંગને વ્યર્થ ચર્ચાબાજીમાં વ્યતીત ન કરતાં આપણે પણ આપણી મહાસભાને વધુ સંગઠિત કરવાના પંથે પળવું જોઇએ.

અધિવેશન ટાણે આપણી મહાસભાના ભૂતકાલિન્ ઇતિહાસ પરત્વે એની ઉજ્વલતા ને કીર્તિગાથા સંબંધે ઘણું ઘણું કહેવાયું છે એટલે જૈન યુગના પાના પુનઃ એ સંબંધમાં ભરવા હેતુવિહીન છે. કોન્ફરન્સ જેવી મહાન સંસ્થા કેવળ ગયા કાળના ગૌરવપર રાચવા નથી માગતી. એ તો ચાલુ સમયમાં પણ ગૌરવભેર કુચકદમ કરવા માંગે છે. પછી ભલેને એ કુચ ધીમી હોય તેથી ગભરાવા જેવું કંઇજ નથી, જો તે ધીમી છતાં મક્કમ પગલાંની હશે તો અવશ્ય વિજયશ્રી વરવાની. એનો સર્વ આધાર આપણાપર એટલેજ એના કાર્યવાહકોપર રહેવાનો. પ્રથમ તો પ્રસ્તાવોનું પુનઃ સિંહાવલોકન કરી લેવાની અગત્ય છે. જૈન સમાજ એ સંબંધમાં કેટલે અંશે એની પાછળ છે એનું માપ મળશે. એ સાથે આપણું સહકારતત્વ કેટલું ગાઢ છે તે પણ જણાઇ આવશે.

એટલું કહેવાની ભાગ્યેજ જરૂર હોય કે સમાજ કે સમુદાય એ તો રાખ તળે છુપાયેલા અગ્નિ જેવો છે. એ અગ્નિને જો યથાસમય કિંવા પ્રતિસમય સંકોરવામાં નથી આવતો તો બહાર એની જરા પણ અસર દૃષ્ટિગોચર થતી નથી; તેથી વારંવાર એની સંકોરણા જરૂરી છે. જેટલા પ્રમાણમાં કાર્યકરો ચેતનવંતા ને ધગશભર્યા હોય છે એટલા પ્રમાણમાં સમાજ જાગ્રત દશા ભોગવે છે. તેથીજ સર્વથી વધુ આવશ્યકતા તો કાર્યકરોએ પોતાનામાં રહેલી તદ્રાને તિલાંજલી આપવાની છે. જ્યાં સુધી આપણી સમાજમાં આજીવન ભેખ સ્વીકારી માત્ર સમાજના અભ્યુદય પાછળજ મંડી પડવાના નિશ્ચયવાળો એક વર્ગ ઉભો નહીં થાય ત્યાં સુધી પ્રગતિનો પારો ધારેલા પ્રમાણમાં ઉંચો જનાર નથીજ. પણ એ સાથે એટલું પણ અવધારી લઇએ કે એ વર્ગ હાથ જોડી બેસી રહી કેવળ સ્વપ્નાના સર્જવાથી નથી પેદા થવાનો. આપણા પ્રયાસો જો ચાલુ હશે અને આપણું ધ્યેય જો નિશ્ચિત હશે તો જરૂર એક દિન મોડો વહેલો પણ એ વર્ગ આપણામાંથીજ ઉદ્ભવશે. એ કાળે સ્વે. કોન્ફરન્સનું સ્થાન કોઇ ઓર રીતે ઝળકી ઉઠશે. આમ ઉંચી મનોકામના હૃદયમાં ધારણ કરી આપણે ચાલુ સંયોગોની મધ્યમાં રહી રસ્તો કાપવાનો છે.

પ્રસ્તાવોનું સિંહાવલોકન કરતાં પૂર્વે એટલી ભૂમિકા બાંધી લઇએ કે પચીસ ઉપરાંતની એ હારમાળામાંથી આપણે પ્રચલિત વાતાવરણ પ્રતિ દૃષ્ટિ રાખી, માત્ર પાંચજ જેમાંથી ઉપાડી લેવા અને એની સાધના પાછળજ ચોંટી જવું. તોજ આપણાથી હવે પછી મળનાર અધિવેશન વેળા કંઇ સંગીન કાર્ય દેખાડી શકાય.

કોન્ફરન્સ જેવી મહાન્ સંસ્થા જરૂર સારાયે જૈન સમુદાયના નાના મોટા પ્રશ્નો પરત્વે વિચાર ચલાવે, સુચનાઓ રજુ કરે અથવા તો ઘટતો પત્રવહેવાર પણ કરે, અગર તો યથાયોગ્ય માર્ગ ચીંધી આપે. એ સંબંધમાં બે મત નજ હોઇ શકે. બાકી નાની મોટી સર્વ બાબતો પાછળ એ સંસ્થાજ જો ધ્યાન આપવા માંડે તો એ બધાને તે નજ પહોંચી શકે. લગભગ બધાજ કામો એમ કરવાથી પાંગળા રહે.

કદાચ એવો સવાલ ઉઠાવવામાં આવે કે કોન્ફરન્સ જેવી સંસ્થાને તો માત્ર દિશાસૂચન કરવાપણુંજ હોય. એક પણ પ્રશ્નનો ઉકેલ આણવા સારૂ કિંવા એકાદ ઠરાવનું પાલન કરાવવા ખાતર એને પ્રબંધ કરવાપણું નજ હોઇ શકે! જો આ સવાલને સ્વીકારી લેવામાં આવે તો. કોન્ફરન્સ જેવી સંસ્થા માત્ર ત્રણ દિવસના જલસા જેવીજ બની જાય. અને જ્યારે એણે પસાર કરેલા ઠરાવો સબંધમાં કંઇ કરવાપણું ન હોય તો બીજી એવી તે કઇ સંસ્થાઓ અગર વ્યક્તિઓ છે કે જે માથે મોડ પહેરી સ્વયં આગળ આવી પ્રસ્તાવોના

(અનુ. પા. ૭)

જૈન શ્વેતાંબર સંઘ તરફથી

શ્રી કેશરીઆજી ધ્વજાદંડ

અંગે

ઉદેપુરમાં ધ્વજાદંડ કમિશનની કોર્ટમાં રજુ થયેલ નિવેદન.

ઉદેપુરમાં ધ્વજા-દંડ કમિશનની કોર્ટમાં:

ઉદેપુર સ્ટેટમાં ધુલેવ ગામમાં આવેલ શ્રી કેશરીઆજી તરિકે ઓળખાત. શ્રી ઋષભદેવજીનાં મંદિર ઉપર ધ્વજા-દંડ ચડાવવાની બાબતમાં શ્વેતાંબર જૈનોના નીચેના પ્રતિનિધિઓનું તેમના હકકોનું નિવેદનઃ (૧) શેઠ પ્રતાપસિંહ મોહોલાલભાઇ, (૨) શેઠ સારાભાઈ ડાહ્યાભાઇ, (૩) ચીમનલાલ લાલભાઈ, અને (૪) ચંદ્રકાંત છોટાલાલ અમદાવાદના (૫) બાબુ બહાદૂરસિંહ સિંધી, (૬) બાબુ તાજબહાદૂરસિંહ, (૭) શેઠ નરોતમદાસ જેઠાભાઇ, કલકત્તાના અને (૮) બાબુ ગુલાબચંદ ઢઢ્ઢા જયપુરના.

૧. ઉદેપુર સ્ટેટમાં ધુલેવ ગામમાં શ્રી ઋષભદેવજી બીજી રીતે જે કેશરીઆજી તરીકે જાણીતું એક પ્રસિદ્ધ મંદિર છે જેમાં જૈનોના ૨૪ તીર્થંકરો માંહેના પ્રથમ શ્રી ઋષભદેવજીની મુખ્ય પ્રતિમાં છે. દરેક જૈન મંદિરના શિખર ઉપર ધ્વજાદંડ હોય છે જે જીર્ણ થતાં યા નુકશાન પામતાં બદલાવવામાં આવે છે. ધ્વજાદંડ ઉપર ચડાવેલ ધ્વજા પ્રતિવર્ષે ચૈત્ર વદિ અષ્ટમીના દિવસે ફરી ચડાવવામાં આવે છે.

૨. પુરાતન કાળથી સદરહુ મંદિર ઉપર ધ્વજાદંડ શ્વેતાંબર જૈનો ચડાવે છે અને તેવા પ્રસંગોએ શ્વેતાંબર જૈન શાસ્ત્રોએ ફરમાવેલી વિધિનું પાલન કરવામાં આવે છે છતાં તાજેતરમાં દિગંબર જૈનોએ સદરહુ ધ્વજાદંડ ચડાવવા અને વિધિ કરવાનો પોતાનો ખોટો હક્ક રજુ કર્યો છે. શ્વેતાંબરો કહે છે કે દિગંબરોએ શ્વેતાંબરોની ધાર્મિક લાગણી દુઃખાવવાના અને તેઓના (શ્વેતાંબરોના) કાયદેસર હક પડાવી લેવાના ઇરાદાથી અને અપર આશયથી સદરહુ દાવો રજુ કર્યો છે.

૩. ભૂતકાળમાં બધા પ્રસંગોએ સદરહુ ધ્વજા-દંડ શ્વેતાંબર જૈનોએ ચડાવ્યો છે અને તેવા પ્રસંગોએ તેમજ પ્રતિવર્ષ ચડાવવામાં આવતી ધ્વજાના પ્રસંગે કરવામાં આવતી વિધિઓ શ્વેતાંબર વિધિ પ્રમાણે કરવામાં આવેલ છે. આને લગતા કેટલાક અગત્યના બનાવો આ નીચે આપવામાં આવ્યા છે.

૪. સં. ૧૬૪૩ માં કે તેની આસપાસ મહારાણા પ્રતાપસિંહના સમયમાં સદરહુ ધ્વજાદંડ ભામાશાએ ચડાવ્યો હતો અને તેઓ એક શ્વેતાંબર જૈન હતા. સં. ૧૭૦૯ માં સદરહુ મંદિર ઉપર એક શ્વેતાંબર જૈને ધ્વજાદંડ ચડાવ્યો હતો અને આને લગતી ક્રીયાઓ કરાવનાર એક શ્વેતાંબર જૈન મુનિ હતા કે જેણે શ્વેતાંબર આમ્નાયની વિધિઓ મુજબ ક્રીયાઓ કરાવી હતી. સં. ૧૭૫૭ માં ભીમાશા નામના બીજા શ્વેતાંબર જૈને સદરહુ મંદિર ઉપર ધ્વજાદંડ ચડાવ્યો હતો.

૫. સદરહુ મંદિર પર ધ્વજાદંડ શ્વેતાંબર જૈને ચડાવેલ હોવાનું પ્રથમ આધારભુત સાબીતી સં. ૧૮૮૯ માં મળે છે. એ વર્ષમાં એક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સુલતાનચંદ બાફણાએ માગશર શુદ ૧૦ (૨૨ મી ડીસેંબર ૧૮૩૩)ના રોજ સદરહુ મંદિર ઉપર ધ્વજાદંડ ચડાવ્યો હતો. આ બિના શિલાલેખોમાં નોંધાયેલી છે અને તે મંદિરના ભંડારમાં જળવાઇ રહેલા છે આ બાબતમાં બે શિલાલેખો છે. એક મજકુર ધ્વજાદંડની સાથે લગાડેલ તામ્રપત્ર પર મળે છે અને તે રાજ્યના સતાવાળાઓના કબ્જામાં દેવસ્થાન ભંડારમાં છે. મજકુર મંદિરના નગારખાનાની એક દિવાલપર ચોટાડવામાં આવેલ પથ્થર ઉપરનો એક બીજો શીલાલેખ છે. સદરહુ બન્ને શિલા લેખોના ભાષાંતરોની નકલો આ સાથે આંક "એ" તરિકે જોડવામાં આવેલ છે.

૬. જ્યારે સદરહુ સુલ્તાનચંદજી બાફણા ધ્વજાદંડ ચડાવવા માટે ધુલેવ ગયા ત્યારે તે વખતના મહારાણા સાહેબ હીઝ હાઇનેસ જુવાનસિંહજીએ સદરહુ મંદિરના ભંડારીઓ પર એક પત્ર લખી આપ્યો હતો જેમાં તેઓને જણાવવામાં આવ્યું હતું કે સદરહુ ધ્વજાદંડ ચડાવવામાં તેને (સુ. બાફણાને) સર્વ સહાય અને સગવડ આપવી. મજકુર પત્રની ભાષાંતરની નકલ નિશાની 'બી' વાળા આંક તરિકે આ સાથે શામેલ રાખવામાં આવેલ છે.

૭. સં. ૧૯૭૯-૮૦ (૧૯૨૩-૨૪ ઇ.સ.)માં જ્યારે જીર્ણ થયેલ ધ્વજાદંડ કે જે સુલતાનચંદજી બાફણાએ ચડાવ્યો હતો તેને બદલવાની જરૂર જણાઇ ત્યારે ભારતવર્ષીય દિગંબર જૈને તીર્થક્ષેત્ર કમિટી-જેની મુખ્ય ઓફિસ મુંબઇમાં છે, તેણે ઉદેપુર રાજ્યને અરજ કરી કે મજકુર મંદિર પર નવો ધ્વજાદંડ ચડાવવા માટે દિગંબરોને પરવાનગી આપવી. ઉદેપુર રાજ્યે નં. ૫૨૪૭ વાળો તા. ૨૬ સપ્ટેંબર ૧૯૨૩ નો પત્ર લખી તેમને જવાબ વાળ્યો કે ધ્વજાદંડ ચડાવવાનો શ્વેતાંબરોનો હક્ક છે અને દિગંબરોને તેમ કરવા હક નથી. મજકુર પત્રના ભાષાંતરની નકલ નિશાની 'સી' વાળા આંક તરીકે આ સાથે જોડવામાં આવેલ છે.

૮. ત્યારપછી સં. ૧૯૮૧ (ઇ. સં. ૧૯૨૪-૨૫)માં ઉદેપુર રાજ્યે દિગંબરોની પ્રેરણાથી પોતાના નં. ૩૪૭૩૬ ફાગણ વદી ૧૨ સં. ૧૯૮૧ થી મજકુર મંદિર ઉપર ધ્વજાદંડ ચડાવવા સબંધે શ્વેતાંબર અને દિગંબરોના હક્કની તપાસ કરવા માટે એક કમિશન નિમ્યું. આ કમિશનમાં આઠ સભ્યો હતા જેમાં ચાર રાજ્યના અમલદારો, બે શ્વેતાંબરો અને બે દિગંબર સભ્યો હતા. મજકુર કમિશને સદરહુ બાબતમાં સંપૂર્ણ તપાસ કરી. દિગંબરો અને શ્વેતાંબરોએ પોતાના દાવાનો નિવેદનો દાખલ કર્યાં; મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ નોંધાવ્યા હતા. બન્ને પક્ષોને સાંભળ્યા પછી કમિશનરોએ પોતાની તપાસનું પરિણામ નોંધી રાજ્યોને સુપ્રત કર્યું હતું. મજકુર કમિશનના કામકાજ (પ્રોસીંડીંગ્સ) ઉપર શ્વેતાંબરો પોતાનો આધાર રાખશે.

(અનુ. પા. ૬)

–સમાજ વિષયક પ્રવૃત્તિઓ અને કેંદ્રસ્થ સંસ્થા.

વિશ્વ ભરમાં શિસ્તનું ચુસ્ત પાલન એ કૂતેહની પ્રથમ નંબરની ચાવી છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નહિ ગણાય. સમસ્ત વિશ્વની સંસ્થાઓ, સમાજો, "ક્લબો" યા જ્ઞાતિ કે કોમો આંતરિક વ્યવસ્થા અને વહીવટ તેમજ તેના અંગભૂતો માટેનાં ચોકકસ નિયત ધોરણોએ કામ કરે તોજ તેનું અસ્તિત્વ વ્યવસ્થિત રીતે નભે એ દીવા જેવી વાત છે. જ્યાં કોમ કે જ્ઞાતિ જેવી સંસ્થાઓ હસ્તીમાં નહિ હોય ત્યાંના વતનીઓએ પણ પોત પોતાના વાડા જુદીરીતે સ્થાપ્યા છે અને તે મારફતે પોતાનાં સામાજીક જીવનો વ્યતીત કરે છે અને કરવાં પડે છે.

હિંદુસ્થાનની કાળજૂની એ સંસ્થાઓ તે જ્ઞાતિઓ અને કોમો કે સમાજો. તેના પૂર્વકાલિન ગૌરવ અને મહત્તા પર તેના સંતાનો આજે રાચી રહ્યાં છે અને તેનાં સંસ્મરણોને સ્મૃતિપર પુનઃ અંકિત કરી સુદઢ કરવા ઘણાઓ મથે છે. એ વાત નિર્વિવાદ છે કે જૈન સમાજ પોતાની મહત્તાના રહ્યા સહ્યાં ખંડીયેરો પર વર્તમાન અને ભવિષ્યમાં ગૌરવ માને અગર માનવાને અધિકારી છે. પણ જ્યારે ભૂત અને વર્તમાનને એકજ તુલાએ માપવામાં આવે. તો વર્તમાનનું પલ્લું કેટલે ઉંચે ચડી જશે તેનો ખ્યાલ સુદ્ધાં કરવાની આજે કોઇને પડી નથી એવી દશા પ્રવર્તે છે. એટલે માત્ર ભૂતકાળ પર રાચી બેસવામાં કાંઈ માલ નથી. આજે તો જે ભૂતકાળનાં સંસ્મરણોને તાજાં કરી તેમાંની ગ્રાહ્ય વસ્તુઓનો વર્તમાનમાં પોતા સમક્ષ આદર્શ રાખી નવીન ભાવનાઓ સાથે સુમેળ સાધી જીવે તેજ જીવ્યો એવો વખત આવી લાગ્યો છે.

એકજ દૃષ્ટાંત લઇએ. એમ કહેવાય છે કે અગાઉ એક કરોડપતી ભાંગતો ત્યારે બીજાઓ તેની હરોલમાં આવી ઉભે અને તેને અકેક સોનાના ઇંટ આપી તેને પુનઃ સમૃધ્ધ કરે.

આ વસ્તુસ્થીતિ જે સમાજનાં ભૂતકાળે અનુભવી હોય તે સમાજમાં એ ભાવના આજે છે કે કેમ યા બીજો અન્ન વિના તરફડતો હોય તે દશા સમૃદ્ધિશાળી વિચારે છે કે કેમ અને વિચારે છે તો તેમાંનું ભૂતકાળની મહત્તાના સિદ્ધાન્તને અણુ માત્રે પણ અનુસરણ થાય છે કે કેમ એ પ્રશ્ન સમાજના દીન. સમાજના ક્ષુધા પીડિતો, સમાજના નિરાશ્રિતો, સમાજના બેકારો પૂછે તો તેમાં આશ્ચર્ય જેવું શું છે? જો આજના સમૃદ્ધિવાનો આ ઘટનાઓમાં ઉતરતા નથી તો તેમા દોષ જેમ તેઓને છે તેમ વિપક્ષે પણ જુની દ્રષ્ટિએ દોષ હોવાનું જણાયા વિના રહે નહિં. એટલે કે ભૂતકાળમાં સમાજના ધનવાનો અને પટેલો જે સત્તા ભોગવતા હતા તે સત્તા કેવળ લુખ્ખાં આધિપત્યની નહોતી પણ પોતાના સ્વધર્મી બંધુઓનાં સુખ દુઃખો અને વિટંબણાઓમાં હમદર્દી દાખવી સક્રીય ભાગ ભજવતા હતા અ। સમાજનાં અન્ય અંગો–તેમની એ આગેવાની હરકે મુંએ સ્વીકારતા હતા એટલુંજ નહિં પણ એ મહાજનોને એક સંગીન પીઠબળ પૂરૂં પાડતા હતા આથી અન્યોન્યમાં પરસ્પર કૌટુંબિક પ્રેમ અને ઐકયનો સંપૂર્ણપણે એકરાગ હોવાથી સમાજસંસ્થા વિના વિરોધે સંધબળને અનુરૂપ સંગઠિત સંસ્થા તરિકે પોતાનું કાર્ય કરે જતી હતી.

કાળચક્રના ફરવા સાથે નવીન યુગનાં પરિવર્તિત વાતાવરણ ઉભાં થતાં સેવ્ય અને સેવક, મહાજનો અને મુંગા છતાં સંતુષ્ટ અનુયાયીઓનાં માનસમા દસ્ય ફેરફારો થયા; પરિણામે એ મહાજનો નથી રહી શકતા અને તેઓના પીઠબળે રહેતા સમાજનાં સંતાનો પણ એકપાઇ અનુસરણજ નથી સંભાળી શકતા. એટલે આજની વિષમ સ્થીતિ ઉપસ્થિત થયેલી છે.

સમાજ વ્યવસ્થાની પૂર્વકાલીન વ્યવસ્થા એ નવાયુગના બદલાયલા સંજોગોમાં અને પરિવર્તન પામેલી વિચારશ્રેણીને બરાબર બંધ બેસતી ન થાય એ સુધિગમ્ય છે. છતાં જૂની પધ્ધતી ફાયદાકારક હતી. યા તો નવીન વિચારો અને નવિન શૈલી આપણો ઉધ્ધાર કરશે એનો તોલ કરવો એ ભવિષ્યનું કાર્ય છે એટલે એ સંબંધે વિશેષ વિચારમાં અત્યારે ઉતરવું નિરર્થક છે.

આટલી વિચારણા બાદ એક વાત સ્વીકારે છૂટકો છે કે કોઇ પણ શૈલીએ સમાજવ્યવસ્થાનું ધોરણ સાચવવું હોય તો 'ડીસીપ્લીન'—શિસ્તના નિયમોને આધીન રહેવું જ જોઇએ. જો તેમ ન બને તો જ્ઞાતિ, કોમ, સંસ્થા કે મંડળના અંગભૂતોમાં સંપૂર્ણપણે અરાજકતા વ્યાપે અને જે હેતુઓ એ જ્ઞાતિ, કોમ સંસ્થા કે મંડળના ઉદભવ સાથે જોડાયલા છે તે બર ન આવતાં વિષમ સ્થીતીજ ઉપસ્થિત થાય જેને પુન કેળવણે પડતાં સમય અને શકિતનું મોટું પ્રમાણ ખર્ચાવા પામે કદાચ કેળવણે પડે. આટલા ખાતર વ્યવસ્થા અને શિસ્તનું પાલન એ પ્રગતિ માટે અતિ આવશ્યક સાધનો છે આવી પ્રગતિ અર્થે કેન્દ્રસ્થ સંસ્થા દ્વારા પરસ્પર રાગદ્વેષ વિના નિર્મળ અંતઃકરણે, થોડાનું નહિં પણ સર્વનું શ્રેય કરવાની ધારણા રાખવામાં આવે અને સામાજીક પ્રવૃતિઓને આવાં કોઇ કેન્દ્રદ્વારા પ્રમાણિકપણે દોરવામાં આવે તો ભાવિ હમેશાં ઉજ્જવલજ છે એમાં સંદેહ નથી.

(અપૂર્ણ)

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	... ...	રૂા. ૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧લો	...	રૂા ૦—૮—૦
,, ,, ભાગ ૧–૨ જો	...	રૂા. ૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી	...	રૂા. ૦–૧૨—૦
,, ગ્રંથાવલી	... ...	રૂા. ૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)		રૂા. ૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો		રૂા. ૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)		રૂા. ૨—૦—૦

લખો:—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
ઘીયા મેનશન, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઇ,

ધર્મ અને જ્ઞાતિ.

લેખક—શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડીયા, બી. એ.

ધર્મ અને જ્ઞાતિ વિષેના વિચારોમાં સ્પષ્ટતા અને શુદ્ધતા લાવવી એ આપણું અને ખાસ કરીને યુવકોનું–નવયુવાનોનું પ્રથમ કર્તવ્ય છે. હાલમાં જ્ઞાતિભાવના જ્યાંત્યાં ધર્મ ઉપર સરસાઈ ભોગવતી નજરે પડે છે. આ અનિષ્ટ સ્થિતિ આપણી ભયંકર અજ્ઞાનદશા સૂચવે છે. જ્ઞાતિભાવના આપણું જન્મ-સ્થાન, આપણા પુર્વજોનું રહેઠાણ, કુટુંબ, કુળ, વંશ વિગેરેની માહિતી આપવા પુરતી છે; આપણને ઓળખવા પુરતી છે, આપણો માત્ર ઇતિહાસ આલેખે છે, તેનું ક્ષેત્ર ઘણું સંકુચિત છે; જ્યારે ધર્મભાવનાનું ક્ષેત્ર અતિ વિશાલ છે. આખું વિશ્વ એ તેનું ક્ષેત્ર છે. સર્વ જીવો સાથેનો આપણો સંબંધ તે સમજાવે છે. અખીલ વિશ્વમાં આપણું સ્થાન અને આપણાં કર્તવ્યો ને દેખાડે છે. અપૂર્વ અને અમૂલ્ય પ્રેરણા તે પાય છે અને ઉન્નતિ પંથ ઉપર આપણને ચઢાવે છે. જ્યાં સુધી તે બંને ભાવનાઓ વચ્ચે અરસ પરસ મેળ હોય છે, ત્યાં સુધી તો કંઇ હરકત જેવું નથી. પરંતુ જો જ્ઞાતિભાવના ધર્મભાવનાને દબાવે તેને કચડી નાખે તેને ગૌણ કે ઉતરતી પંક્તિની બનાવે તો તે હાનિકારક છે અને ત્યારે તે સર્વથા ત્યાજ્ય છે.

ધર્મનું સ્થાન જ્ઞાતિએ કદી લેવું ન ઘટે, આપણા ધર્મ વ્યવહારમાં–આપણા કર્તવ્યપંથમાં તે વિઘ્ન નાંખે તો તેવી જ્ઞાતિભાવના દૂર ફેંકી દેવી જોઇએ. પરંતુ જો તે તેમાં સહાય-ભૂત થાય તો તે સંધરવા યોગ્ય છે–સ્મૃતિમાં લાવવા યોગ્ય છે.

વસુધૈવ કુટુંબકમ્। એ ધર્મ સૂત્ર સ્વીકારનારા યુવકો પોતાનું કર્તવ્ય ક્ષેત્ર સ્વજ્ઞાતિ પુરતુંજ કદી માની ન લે, તેઓ સ્વજ્ઞાતિની બહાર પોતાની દૃષ્ટિ ફેંકે એટલુંજ નહીં, પરંતુ સ્વજ્ઞાતિ જનો સિવાય સર્વ મનુષ્યો–જીવો તરફ પણ અખંડ મૈત્રિભાવ રાખે. જ્ઞાતિએ ધર્મ વિરૂદ્ધ જવું ન ઘટે, પણ ધર્મ-સહાયક પ્રભાવકજ તે બની રહે. પરંતુ જ્યારે જ્યારે તે ધર્મ વિરોધી બને અધર્મને પોષે ત્યારે ત્યારે તે નાશ પ્રત્યેજ પ્રગતિ કરે છે, એમ અવશ્ય સમજવાનું છે.

જ્ઞાતિનેતાઓએ તો આ વાત ખાસ લક્ષમાં રાખવી જરૂરી છે. તેઓ પોતાની સર્વ પ્રવૃતિઓમાં ધર્મપરાયણ રહી ધર્મને અગ્રસ્થાન આપશે ત્યાં સુધી તો તેઓ પોતાનું સ્થાન સાચવી રાખી શકશે. ધર્મથી ભ્રષ્ટ થતાં, તે નેતાઓને પદભ્રષ્ટ થતાં લગારે સમય લાગવાનો નથી. આ સૂત્ર તેઓએ હૃદયમાં ધારી રાખવું ઘટે છે.

યુવકોએ તો અવશ્ય યાદ રાખવાનું કે જ્યારે જ્યારે ધર્મ વિરોધી જ્ઞાતિ મંડળમાં સામ્રાજ્ય ભોગવે ત્યારે ત્યારે તેઓએ તેનો સામનો કરવો એ તેઓનું પરમ કર્તવ્ય છે.

ધર્મજ આપણાં જીવનને દોરનાર રહેવો જોઇએ. ધર્મજ આપણા જીવન સાથે ઓતપ્રોત થવો જોઇએ. ટૂંકમાં આપણું સર્વ જીવન ઘરમાં કે બહાર, મંદિરમાં કે બજારમાં ધર્મમય રહેવું જોઇએ.

ધર્મ ભાવનામાં પણ શુદ્ધતા આવવી જોઇએ. સાચો ધર્મ શું છે તે પણ સ્પષ્ટ સમજવું ઘટે, નહીં તો ધ્યેય વિનાનું જીવન વ્યર્થ જશે. સર્વ ધર્મ સમભાવ અને શુદ્ધ આત્મ ધર્મનું રહસ્ય સર્વને જલ્દી સમજાય એ છેવટની આશા અને ભાવના

(સુ. જૈ. વી. ઓ. યુવકમંડળ પત્રિકા ૬ ઠી માંથી.)

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને અ. સૌ હીમકોરબાઇ મેઘજી સોજપાલ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ.

શ્રી જૈનશ્વેતાંબર કૉન્ફરન્સ હસ્તકના એજ્યુકેશન બોર્ડની તા. ૩૧-૧૨-૩૪ રવીવારના રોજ લેવામાં આવેલી ધાર્મિક પરીક્ષાઓમાં આ વર્ષે કુલ ૪૦ સ્થળોથી નીચેની સંખ્યામાં વિદ્યાર્થીઓ બેસવા માટે ફોર્મો મળેલાં છે.

મુંબઇ ૧૭, સુરત ૫૬, અમદાવાદ ૨૧૧, ભાવનગર ૧૧૩, પાલીતાણા ૮૩, કરાંચી ૩૭ બીકાનેર ૨, ગુજરાનવાલા ૬, છોટી સાદડી ૮, વરકાણા ૫૨, ઇંદોર ૧૮, આમેટા ૧૯, જુનાગઢ ૧૩, રતલામ ૩૦, પાલેજ ૧૯, પેથાપુર ૧૭, ભરૂચ ૧૮, લિંચ ૧૦, બાર્શિ ૮, ધીણોજ ૧૭, પાટણ ૭, રાંદેર ૨૫, મહુધા ૬, જુન્નેર ૧૪, બોરસદ ૧૬, વઢવાણ કેમ્પ ૩૯, સમૌ ૨, ઉંઝા ૧૮, પાદરા ૨, પૂના ૨, શાંતિનિકેતન (બેંગાળ) ૧, વિરમગામ ૪, મિયાગામ ૨૪, થરાદ ૧, લિંબડી ૨, પ્રતાપગઢ ૧, સાદડી ૧૪, સાંગલી ૧૭, જેતપૂર ૧૨, રાજકોટ ૧. કુલ ૯૫૫.

સ્ટેન્ડિંગ કમિટીના સભ્યોને વિનંતિ.

જે સભાસદોએ બંધારણાનુંસાર પોતાના ચાલુ વર્ષના સ્મૃત ભંડાર ફંડના ફાળામાં ઓછામાં ઓછા રૂપીઆ પાંચ મોકલાવ્યા ન હોય તેઓને તે રકમ શિઘ્ર મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

—જૈન શ્વે. કૉન્ફરન્સ,
ધીયા મેન્શન, શેખમેમણ સ્ટ્રીટ–મુંબઇ. ૨

બનારસ હિંદુ યુનિવર્સિટીની કોર્ટમાં જૈન સભ્ય.

આપણી કૉન્ફરંસની સ્ટેન્ડિંગ કમીટીના સંયુક્ત પ્રાંતના સભ્ય શ્રીયુત **દયાલચંદજી જોહરીની** (આગરા) બનારસ હિંદુ યુનિવર્સિટી કોર્ટના એક સભાસદ તરીકે નિયુક્તિ થઇ છે.

Jain Population Decreasing.

(BY NAROTTAM B. SHAH PALITANA)

It appears from the Census Report of 1931, that the Jain population has during the last 10 years increased by 3927. Compared with the increase of three crores to the whole population in India, this small rise is negligible in quantity. What is extremely deplorable is that 11800 Jains have been converted to other faiths during the last ten years, as per detail below:-

Bihar and Orissa	...	...	236
Central Provinces and Berar	...		3800
Delhi	...	...	141
Punjab	...	...	7623
			11,800

This must in a large measure be attributed to the incompetency, or to the slackened zeal of Jain Sadhus, whose patamount religious duty is to strengthen the shaky beliefs of Jain house-holders, to protect them from apostacy and convert persons from other faiths to Jainism.

In the United Provinces the Census Suprintendent reports 'that the present tendency among Jaius is towards Segregation from, rather than amalgamation with, the Hindus.'

"The Jains like the Hindu Community is not unmoved by the spirit of reform and opinion has run very high on the question of the initiation of minors as religious ascetics (Munis), leading in Ahmedabad to blows between the two factions, in July 1930, and to action by the Magistrate who had to take security against breaches of the peace in January 1931."

"The Jain community is gradually decreasing in number proportionately to the population of the community as a whole. This is prcbably due in part to the practice of child marriage, and the prohibition of widow remarriage, and partly also to the small size of the community which attract-ing as it does no adherents from outside, cannot increase at the same rate as much larger ones. Dr. Guha suggests with some force that the Jains have a lowered fertility and an increasee infant mortality rate on account of their division into small *endogamous* groups, some of which in Ahmedabad do not exceed 500 souls. The percentage of increase among Jains at this census was 6-2 and the Jain now stands at 0.36.% of the population of India instead of the 0.37.% of last census and the 0.49% of 1891."

कलकत्ता में दस्सों बीसों का सहभोज.

(लेखक: श्री० शेठ जवाहरलाल जी नाहटा)

जिस समय मैं प्रचार कार्य करता हुआ निर्वाण उत्सव के मेले पर श्री पावापुरी जी पहुँचा तो वहां भी मेरे दो व्याख्यान हुए जिस में और बहुत सी सुधार की बातों के साथ २ दस्से बीसों के भेद भाव को मिटाने पर भी जोरदार शब्दों में कहा गया था। इस बारे में नेतओं से परामर्श भी हुआ था ओर कलकत्ते के नेताओं से कार्तिक पूनम पर इसी विषय पर बोलने को कहा था। उत्तर सन्तोषदायक मिला था कि हम इसके वास्ते कोई काम उठा न रक्खेंगे। हुआ भी ऐसा ही जब हम कार्तिक पूनम पर कलकत्ता पहुँचे तो विश्वस्त सूत्र से पता लगा कि कार्तिक पूनम से १ हफ्ते पूर्व ही किसी कार्यवश वहां पंचायत इकट्ठी हुई थी उसमें दस्सों बीसों में जो पंक्ति भेद था वह उठा दिया गया है अर्थात एक दूसरे का छुआ हुआ भोजन एक ही पंक्ति में बैठ कर खाने की स्वीकारता दे दी गई है। उसी के अनुसार कार्तिक पूनम के स्वामीवात्सल्य में अमल दरामद भी हो गया। हम कलकत्ता संघ को इस कार्य के लिये धन्यवाद देते हैं। 'देर आये पर दुरस्त आये जमाना तो इससे बहुत आगे निकल गया'। पंजाब में दस्सों बीसों में बेटी व्यवहार भी जारी हो गया। दिल्ली के लहोंडे साजनों की पुत्रियां पंजाबी बींसे बिवाह करके भी ले गये।

दूसरी जगह भी कई बिवाह हो गये। जैन श्वेताम्बर कान्फ्रेंस ने जैन धर्म पालन करने वाली सभी जातियों में बेटी व्यवहार जारी कर देने का गत अधिवेशनों में ठहराव पास कर दिया है। ओसवाल सम्मेलन ने ओसवाल कहाने वाले दस्से बीसे सभी को एक कोटि में गिना तो अब सुधरे हुए जमाने मे पंक्ति भेद मिटाने की कीई महत्व तो नहीं कहा जा सकता। 'हां' ऐसे बडे नगरों से तो बेटी व्यवहार जारी होकर दस्सों को बिसे मान लेने का ऐलान होना तारीफ की बात होगी।

(केशरीआजी ध्वजनि० अनु. पा. ३ थी)

૯. सं. ૧૯૮૪ (૧૯૨૮ ઇ. સં.)માં ઉપર જણાવ્યા મુજબ સં. ૧૮૮૯ માં મજકુર સુલતાનચંદજી બાફણાએ ચડાવેલ ધ્વજદંડને બદલે નવો ચડાવવો જોઇએ એમ જણાયું તે વખતે આ ધ્વજદંડ ચડાવવાનો કોનો હક્ક છે એ બાબતમાં શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે મ્હોટો ઉહાપોહ હતો અને આખરે નવો ધ્વજદંડ સં. ૧૯૮૪ (૨૪ મી એપ્રિલ ૧૯૨૮)ના વૈશાખ શુદિ ૫ મીના રોજ પાટણના સુપ્રસિદ્ધ શ્વેતાંબર જૈન શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાએ રાજ્યના અમલદાર દેવસ્થાન અને મગરા હાકેમોની હાજરીમાં ચડાવ્યો હતો. શ્વેતાંબર આમ્નાયના સુપ્રસિદ્ધ અને વિદ્વાન જૈન મુનિ આચાર્યશ્રી સાગરાનંદ સરિએ જરૂરી ધાર્મિક ક્રીયાઓ હમેશ મુજબ કરાવી હતી. આ હકીકત મજકુર ધ્વજદંડને વળગાડેલ તામ્રપત્ર ઉપરના લેખમાં નોંધાયેલ છે. અને તે દેવસ્થાન ભંડારમાં છે આની ભાષાંતરની નકલ નિશાની 'ડી' વાળો આંક આ સાથે જોડેલ છે. સદરહુ મી. કોટાવાળાએ તે પ્રસંગે મંદિરના ભંડારમાં ભેટ તરિકે રૂા. ૫૦૦૬ (અંકે પાંચ હજાર એક)ની રકમ આપી હતી. તે રકમ ઉદેપુર રાજ્યને હુંડીથી મોકલવામાં આવી હતી. મંદિરના હીસાબી ચોપડામાં તે રકમ જમા ખાતે જમા થયેલી છે અને તે નોંધની ભાષાંતરની નકલ નિશાની 'ઇ' વાળા આંક તરિકે આ સાથે શામેલ છે.

૧૦. ખાસ કરીને ઉપરોકત દાખલાઓ સ્પષ્ટપણે પુરવાર કરે છે કે જ્યારે જ્યારે ભુતકાળમાં પ્રસંગો ઉપસ્થિત થયા છે ત્યારે ત્યારે હમેશાં શ્વેતાંબર જૈનોએ શ્વેતાંબર જૈન વિધિથી ધ્વજદંડ ચડાવેલ છે.

૧૧. ઉકત મંદિરમાં પ્રચલિત પૂજનની રીતિઓ પણ શ્વેતાંબર જૈનોના શ્વેતાંબર જૈન વિધિથી ધ્વજદંડ ચડાવવાના હકકને સમર્થન આપે છે. (અપૂર્ણ)

(જૈન યુગ સમિતિનું નિવેદન.—અનુ. (પા. ૧ થી) અને વ્યવસ્થાપકોના હાથ નીચે કૉન્ફરન્સની સેવા બજાવવાનું આવ્યું છે. આજે એનું સુકાન અમારા હાથમાં અમોએ લીધું છે, અને અમો આપ ભાઇઓના સહકાર અને પ્રેમથી કૉન્ફરન્સના ઉદ્દેશોને ધ્યાનમાં રાખી તેના પ્રચાર માટેજ તેને વધુ વિશાળ સ્વરૂપમાં વિકસીત કરવા માટે અમારી યથાશક્તિ પ્રયત્નો કરીશું.

છેવટમાં જૈન લેખક બંધુઓને તથા ઓલ ઇન્ડીયા રૂરેન્ડીંગ કમીટીના સભ્યોને અમારી નમ્ર અપીલ છે કે તેઓ પોતા તરફથી લેખો, સમાચારો આદિ સામગ્રીઓ મોકલી અમારો માર્ગ સુગમ કરી આપે. ઇતિ.

જૈન યુગ સમિતિ.

(અધિવેશન પછી —અનુ. પા. ૨ થી) અમલમાં હાથ નાંખે! હવે તો હરાવોની કિંમત એની સુંદર શબ્દપંક્તિઓથી નથી અંકાતી પણ એના પાલનમાં રસ લેનાર સંખ્યાપરથી અંકાય છે. આજે તો તેજ સંસ્થા મહાન ગણાય છે કે જેની પાછળ આમવર્ગનું મોટું બળ હોય છે.

સમુદાયનું આકર્ષણ જો કે રહેલી વસ્તુ નથી. એમાં કેવળ પૈસા કામ આવતા નથી તેમ માત્ર ઉંચા પ્રકારનો વાણીવિલાસ પણ કારગત નથી થતો. એ બધા ઉપરાંત જો સેવાભાવ—સમાજ માટે કંઇ કરી છુટવાની તમન્ના હોય છે તો એ અઘરી લાગતી વાત પણ સરસ બની જાય છે. આમપ્રજાના ટેકા વગર કોઇપણ સંસ્થા મહાન બની શકતી નથીજ. જ્યાં આમસમુદાયનો હાર્દિક સહકાર હોય છે ત્યાં હરાવોનું પાલન એ તો આવશ્યક વિધિ જેવુંજ ગણાય. માત્ર એક વારની પ્રેરણાજ પુરતી થઇ પડે છે.

આટલી ભુમિકા કર્યા બાદ આપણે અધિવેશન પછીના સિંહાવલોકનમાં આગળ કદમ માંડવાના છે. આપણે એ હારમાળામાંથી જે પાંચની પસંદગી કરીએ તેમાં સંગઠન, બંધારણ અને આમવર્ગને આપણે ભુલવાના નથીજ.

ઘણાયે સવાલો બળતા, ગુંચવાયેલા જલદી ઉકેલ માંગતા જણાય છતાં, જે સંસ્થાને પ્રગતિના પંથે પળવાના કોડ છે, જેને સારાયે સમુદાયના અવલંબનની ઇપ્સા છે અને જેને ધિરજ રાખી, ઉતાવળ સેવ્યા વગર માર્ગ કાપવો છે એને એ સર્વ પ્રત્યે મોટું મન રાખી, વિચારપૂર્વક પગલાં ભરવાની અગત્ય છે. "જૈન યુગ"ના હવે પછીના અંકોમાં ક્રમશઃ એ સબંધી વિચારણા કરાશે.

(વિવિધ નોંધ—અનુ. પા. ૮ થી) થોડા વખતમાં આવી મીટીંગ બોલાવવાની આશા રાખે છે અને તે સબંધી તજવીજ તુરતમાંજ કરનાર છે.

૧. શ્રી. હેમચંદ રામજીભાઇ મહેતા, પ્રમુખ શ્રી શ્વે. સ્થા. જૈન કૉન્ફરન્સ
૨. ,, વેલજી લખમશી નપુ, રેસીડેન્ટ જનરલ સેક્રેટરી શ્રી શ્વે. સ્થા. જૈન કૉન્ફરન્સ
૩. ,, ચિમનલાલ ચકુભાઇ સોલિસિટર. જોઇન્ટ સેક્રેટરી શ્રી શ્વે. સ્થા. જૈન કૉન્ફરન્સ
૪. ,, કન્હૈયાલાલજી ભંડારી, ઇંદોર
૫. ,, કુંદનમલજી ફિરોદીઆ, બી. એ. એલ. એલ. બી. અહમદનગર
૬. શ્રી. અમરતલાલ કાલિદાસ શેઠ, રેસિડેન્ટ જનરલ સેક્રેટરી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ
૭. ,, નરોતમ જેઠાભાઇ, કલકતા પ્રાંતિક મંત્રી બંગાળા વિભાગ
૮. ,, મોતીચંદ ગિ. કાપડીઆ, સોલિસિટર, મુંબઇ
૯. ,, માલચંદ હીરાચંદ, પ્રાંતિક મંત્રી મહારાષ્ટ્ર
૧૦. શેઠ સારાભાઇ નવાબભાઇ, અમદાવાદ
૧૧. સર હુકમીચંદજી નાઇટ, ઇંદોર
૧૨. શેઠ ભાગચંદજી સોની, અજમેર
૧૩. પંડિત અજીતપ્રસાદ એડવોકેટ, લખનૌ
૧૪. શેઠ તારાચંદ નવલચંદ જવેરી, મુંબઇ
૧૫. ,, રતનચંદ ચુનીલાલ જરીવાલા, બી. એ., મુંબઇ

શ્રી કેશરીઆજી ધ્વજા-દંડ કમિશન.

શ્રી કેશરીઆનાથજીનાં મંદીર ઉપર ધ્વજા દંડ-આરોપણ સબંધે જે પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે તેને અંગે ઉદેપુર રાજ્ય તરફથી રાજ્યના અમલદારોનું બનેલું એક કમિશન નિમ્યું છે. આ કમિશન સમક્ષ સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી બજતી કાર્યવાહી કરવા માટે આઠ પ્રતિનિધિઓની નિમણુંક કૉન્ફરન્સ તથા શેઠ આણંદજી કલ્યાણજીએ સાથે મળી કરી છે. આ પ્રતિનિધિઓએ ગઈ તા. ૨૫-૧૧-૩૪ ના રોજ શ્વેતાંબરોના હકકોનું નિદર્શક એવું સપ્રમાણ આધારો સાથે 'સ્ટેટમેંટ' રજુ કર્યું છે. દિગંબરોએ પણ પોતાના હક્ક હોવા સબંધે સ્ટેટમેંટ રજુ કર્યું છે. દિગંબરોના સ્ટેટમેંટનો શ્વેતાંબરોનો જવાબ સપ્રમાણ તૈયાર થયો છે. જે જાન્યુઆરીની શરૂઆતમાં દાખલ થયા પછી ૧૯૩૫ ના જાન્યુઆરીની તા. ૧૫ મીએ કમિશન આ બન્ને હકકો અને તેના આધારોપર વિચાર કરશે ત્યાર બાદ કમિશન સમક્ષ એ સ્ટેટમેંટ ઉપરથી ઉદ્ભવતું સાક્ષી પુરાવા વગેરે તપાસવાનું કાર્ય શરૂ થશે એવા સમાચાર મળ્યા છે.

કૉન્ફરન્સનું પ્રચારકાર્ય.

(શા. દેવીચંદ સાગરમલ, પ્રચારક.)

કુરલા: તા. ૨૨-૧૧-૩૪ ના રોજ સભા કરી એક વ્યાખ્યાન આપ્યું. દેવદ્રવ્ય અને સાર્વજનિક ખાતા વિષે કૉન્ફરન્સના ઠરાવની સમજ આપી કૉન્ફરન્સની એક સમિતિ નિમવામાં આવી. મુખ્ય કાર્યકર્તા શા. હજારીમલ તેજાજી. **થાણા:** તા. ૨૩ ૧૧-૩૪ ના રોજ ગયો. સ્થાનિક મતભેદના કારણે બે તડ હોવાનું જણાય છે. **જૈન નવયુવક મંડળ** છે ત્યાં સભા કરી. સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવી. **ભીંવડી** ૨૪-૧૧-૩૪, ૧૫-૨૦ ઘર છે. સભા રાતના થઇ હતી દરેકે ઉત્સાહથી ભાગ લીધો હતો. સુકૃત ભંડાર ફંડની યોજના તથા અન્ય બાબતો સમજાવી. ભગવાનજી ગોકલજીવાળા શા. સરેમલજી પોસ્ટ ભીંવડી જી. થાણા. એ રીતે પત્રવ્યવહાર કરવો. કલ્યાણ સભા સારી થઇ હતી લોકોનો ઉત્સાહ હતો. ઠરાવો તેમજ સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવી. ત્યાંથી **શાહપુર** ગયો. ઘણા લોકો બહારગામ હોવાથી સભા થઇ શકી નહિં. શેઠ નગીનદાસ હેમચંદ તથા ગીરધરલાલ ધરમચંદ સ્થાનિક આગેવાનોની મુલાકાત લીધી હતી. ત્યાંથી **ખરડી** ગયો. સાત ઘરની પાલણપુર તરફની વસ્તી છે. બધા તુરત એકઠા મળ્યા હતા. સુકૃત ભંડાર ફંડની યોજના તથા આપણા ઠરાવો સમજાવ્યા. મુખ્ય આગેવાન શેઠ ચંદુલાલ ઉજમચંદ મુ. ખરડી. પોસ્ટ ખરડી. જી. થાણા ત્યાંથી **કસારા, ઇગતપુરી** અને નાસીક તરફ ગયા.

વિ...વિ...ધ નોં...ધ

કૉન્ફરન્સ મુખ્ય કાર્યાલય–પ્રવૃત્તિ.

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયઃ કૉન્ફરન્સ ઑફિસ મારફતે વાર્ષિક રૂા. ૧૦૦૦) એક હજાર જેટલી રકમ જે વિદ્યાર્થીઓ જૈન ધર્મ, સાહિત્ય, તત્વજ્ઞાન આદિ વિષયો પોતાના અભ્યાસક્રમમાં અંગીકાર કરી ઉક્ત યુનિવર્સીટીમાં અભ્યાસ કરે તેને અભ્યાસના વર્ગ અને વર્ષને ધ્યાનમાં રાખી આપવા માટે નિયત થયેલ છે અને નાની મોટી સ્કોલરશિપોમાં તેર કામના યોગ્ય વિભાગ કરી આપવા કૉન્ફરન્સની કમિટીએ નિર્ણય કર્યો છે તદનુસાર આ શિષ્યવૃત્તિઓની પુરતી જાહેરાત જૈન તેમજ જૈનેતરો પત્રો મારફતે જૂદી જૂદી ભાષામાં સમસ્ત હિંદમાં કરવામાં આવી છે. આ શિષ્યવૃત્તિઓ માત્ર જૈનનેજ ફિરકાભેદ વગર આપવા નિર્ણય કરવામાં આવ્યો છે, એટલુંજ નહિ પણ જે જૈનેતરો જૈન ધર્મ સંબંધી આ અભ્યાસક્રમમાં દાખલ થવા માંગતા હોય તેઓને પણ શિષ્યવૃત્તિઓનો લાભ મળે એવી યોજના છે. આટલી છૂટ અને જાહેરાત છતાં આ શિષ્યવૃત્તિઓનો લાભ લેનારાઓની અરજી પ્રમાણમાં ઘણી જૂજ મળી છે. તે જોતાં વિશેષ પ્રમાણમાં જૈન બંધુઓ તથા અન્ય બંધુઓ આ દિશા તરફ વળે એ ઘણું જરૂરી હોવાથી જેઓ વિદ્યાર્થીઓના સંપર્કમાં આવતા હોય તેમણે અવશ્યમેવ આ અભ્યાસક્રમની અગત્ય અને તેના માટે યોજાયેલ શિષ્યવૃત્તિઓ પરત્વે ધ્યાન ખેંચવું આવશ્યક છે.

"જૈન ચેર" માટે બનારસ હિંદુ યુનિવર્સીટીમાં પંડિત સુખલાલજી જેવા સમર્થ વિદ્વાનની યોજના થયેલી છે તે **સાથે** શિષ્યવૃત્તિઓનો સહયોગ એ વિશેષ આકર્ષક થઇ પડે તેવી ગોઠવણ છે અને સમાજ તેનો લાભ બને તેટલો વિશેષ પ્રમાણમાં ઉઠાવે એ ઇચ્છવાયોગ્ય છે. આ શિષ્યવૃત્તિઓ વગેરેની વિગતોથી જેઓ વાકેફ થવા ઇચ્છતા હોય તેમણે 'કૉન્ફરન્સ ઑફિસ (ઘીઆ મેન્શન, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઇ નં. ૨) સાથે પત્રવ્યવહાર કરવો.

શેઠ ફકીરચંદ પ્રેમચંદ પ્રાઇઝઃ કૉન્ફરન્સ ઑફિસદ્વારા પ્રતિવર્ષ સુપ્રત થયેલ રકમનાં વ્યાજમાંથી દરેક રૂા. ૪૦) ચાલીશનાં એવાં બે ઇનામો વર્ષ દરમ્યાન થયેલ મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર યોગ્ય વિદ્યાર્થીઓને આપવામાં આવે છે; તદનુસાર ચાલુ વર્ષે અરજીઓ માંગવામાં આવતાં આવેલ અરજીઓમાંથી નીચે જણાવેલ બે વિદ્યાર્થીઓને ઇનામોના દરેકને રૂા ૪૦) ચાલીશ અપાયા છે.

મી. પાનાચંદ આર. ચોકશી (સુરતના વતની) મુંબઇ.

મી. આર. કે. પરીખ, અમદાવાદ.

પદ્મીવાલ જૈન કૉન્ફરન્સઃ ભરતપુર આસપાસના વિભાગોમાં વસતા આપણા જૈન બંધુઓ જેઓને જૈન ધર્મમાં દૃઢ કરવા અને તેઓને સંગઠિત કરી જૈન ધર્મ પ્રત્યેની ભાવના નવપલ્લવિત કરવા માટે મુનિશ્રી દર્શનવિજયજી આદિએ ઘણાજ સ્તુત્ય પ્રયાસો કરતાં ત્યાંના જૈન બંધુઓમાં નવચેતન પ્રગટ થવાં પામ્યું છે અને તેઓએ પોતાની કૉન્ફરન્સ નામક સંસ્થા સ્થાપી વ્યવસ્થિત કાર્ય શરૂ કર્યું છે. તેઓમાં શ્રી. મિઠ્ઠનલાલ કોઠારી ઘણી પ્રવૃત્તિઓના પ્રણેતા અને સંચાલક છે. સીકંદરાબાદવાળા શ્રી. જવાહરલાલ નાહટા પણ પ્રવાસાદિ કરી તેમને સન્માર્ગે દોરી રહ્યા છે. એમના વિભાગમાં આશરે પચાશેક જીનમંદિરો છે અને તેના જીર્ણોદ્ધાર તથા પૂજનસેવા વગેરે માટે જરૂરી ઉપકરણો આદિ માટે સહાયની ઘણી જરૂર હોવાનું તેઓ તરફથી જણાવવામાં આવતાં કૉન્ફરન્સના એક મદદમંત્રી શેઠ રણછોડભાઈ રાયચંદ ઝવેરી તરફથી પોતાના ખર્ચે રૂપીઆ પોણોસોની કીંમતની જરૂરીયાતની વસ્તુઓ મોકલવામાં આવી છે. તદુપરાંત મજકુર બંધુઓ વતી મુંબઇનાં શ્રી. ઘેલાભાઇ લાલભાઇ કેસર બરાસ ફંડને પત્રો લખવામાં આવતાં મજકુર ફંડનાં કાર્યવાહકોએ સદરહુ પત્રને માન આપી કેસર, સુખડ આદિ વસ્તુઓ કૉન્ફરન્સની ઑફિસ (મુંબઇ) મારફતે મોકલવા ચક્ષુ ટીકા કમિટીના કાર્યવાહકોને વિનતિ કરવામાં આવી છે અને તેઓએ પણ મોકલી આપવા આશા પ્રદર્શિત કરી છે.

ખાસ પ્રચારકની ગોઠવણઃ મજકુર પદ્મીવાલ કૉન્ફરન્સની એક વિશેષ માંગણી એ હતી કે ઓછામાં ઓછા એક વર્ષ માટે એક વિદ્વાન પ્રચારકની પોતાના પ્રદેશ માટે આવશ્યકતા છે જે પોતાના સતત પ્રવાસના પરિણામે છૂટા પડેલા જૈન બંધુઓમાં ધર્મભાવના જાગ્રત રાખી તેમને યોગ્ય બોધ આપતા રહે. આ હેતુથી તેઓની તેવી માગણી માટે કૉન્ફરન્સની મુંબઇની કાર્યવાહી સમિતિએ ત્રણ માસ માટે એક ઉપદેશક રોકવાની મંજૂરી આવતાં તેવી ગોઠવણ કરવા પદ્મીવાલ કૉન્ફરન્સના મંત્રી શ્રી. મિઠ્ઠનલાલજી કોઠારીને જણાવવામાં આવ્યું છે.

સંગઠ્ઠન સમિતિઃ ત્રણે ફિરકાઓ વચ્ચે ઐકય સાધવાનો પ્રયાસ થવા માટે સ્થાનકવાસી કૉન્ફરન્સના પ્રમુખ શ્રી. હેમચંદભાઇ આર. મ્હેતાએ દિગંબર ભાઇઓ તથા આપણી સાથે કેટલોક પત્રવ્યવહાર કર્યો છે અને તેને પરિણામે બધા ફિરકાઓના પાંચ પાંચ સભ્યોની એક સંયુક્ત સમિતિ નિર્ણિત થઇ છે. આપણી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ આ બાબતપર સંપૂર્ણ વિચાર કર્યા પછી આપણા પ્રતિનિધિઓનાં નામોનો નિર્ણય કર્યો હતો. આ સમિતિમાં બધા ફિરકાઓના મળી કુલ્લે નીચેના પંદર સભાસદો નિમાયા છે. અને તેઓ સંગઠ્ઠનનું કાર્ય હાથ ધરવા માટે એક સંયુક્ત બેઠક બોલાવવાની અનુકુળતા સબંધે વિચાર કરી રહ્યા છે. શ્રી. હેમચંદભાઇ

(અનુ. પા. ૭)

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ૯૬, સુતાર ચાલ, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનું સરનામું:—'હિંદસંઘ'–'HINDSANGHA' REGD. No. B. 1996.

॥ नमो तित्थस्स ॥



જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.)



તંત્રી:—જમનાદાસ અમૃતલાલ ગાંધી.

વાર્ષિક અવાજમ: ફુરીયા બે

છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જુનું ૯ મું નવું ૪ થું	તારીખ ૧૬ મી જાન્યુઆરી ૧૯૩૫.	અંક ૭.

યુવકોને!

તમારું સંગઠન જેટલું શોચનીય સ્થિતિમાં છે તેથી વધુ શોચનીય વસ્તુ તમારું વ્યક્તિગત જીવન જે "અદ્ધર" હાલતમાં છે તે છે. સિદ્ધાન્તની સ્થિરતા, દૃષ્ટિની ચોકકસતા અને નૈતિક નિર્ભયતા એક યુવકમાં કેટલા પ્રમાણમાં વિકસવાં જોઇએ, તેનો વિચાર કદી કરો છો? તમારી જાતને તપાસો કે તમારામાં નૈતિક હિમ્મત અને સૈદ્ધાન્તિક વ્યવસ્થાની કેટલી ખામી છે? દૃષ્ટિમાં અધ્ધર અને હિમ્મતમાં પોલો એવી યુવકની સ્થિતિ ન હોય. એવી સ્થિતિ માટે તમને શરમ આવવી જોઇએ.

સાચેજ, તમે તમારી જવાબદારી નથી સમજતા એનું જ એ પરિણામ છે કે સમાજની દશા વધુ બગડતી છે. સમાજનું વ્યાવહારિક જીવન અને ધાર્મિક જીવન બન્ને નિર્બળ અને કલુષિત સ્થિતિમાં વધુને વધુ મુકાતાં જાય છે. સમાજના મુખ્ય વર્ગો સાધુ અને ગૃહસ્થ બન્નેની જીવનદશા દિવસે દિવસે વધુ દીન-હીન બનતી જાય છે. જે સડાઓ સમાજને ભરખી રહ્યા છે અને શાસનને હાનીકર થઇ રહ્યા છે તેની સામે પ્રાણવાન પુરૂષાર્થ ફોરવવો એ તમારા યુવકજીવનનું મુખ્ય ધ્યેય હોવું જોઇએ. જે અન્યાય, જે ઢોંગ, જે વ્હેમ અને જે પોખંડ તમે પોતે વખોડતા હો તેને જો તમારાજ ઘરમાં અવકાશ મળે તો તે પ્રસંગે તમારી નૈતિક હિમ્મત જરા પણ મોળી ન પડવી જોઇએ. પરિસ્થિતિવશાત્ વધુ કરી શકતા ન હો તો કમમાં કમ દૂષિત પ્રથાનું પૂજન તમારે ત્યાં પ્રવર્તે ત્યાં સુધી તમારે અનશનાદિ કોઇ શકય વ્રત ધારણ કરી તેની તરફ તમારો પુર્ણ અસન્તોષ વ્યકત કરવો જોઇએ. આટલું પણ જો સાચા હૃદયબળથી કરાય તો તેની અસર ઓછી નહિ થાય. તમારો ઉગ્ર અસન્તોષ ધીરે ધીરે એ પરિણામ લાવશે અને ચોકકસ લાવશે કે તમારા ઘરમાંથી દુષ્પ્રથાને બહિષ્કાર મળશે.

પ્યારા યુવકો! આમ સત્યનિષ્ઠા અને પ્રાણવાન પ્રયોગથી કુરિવાજોને હાંકી કાઢવાનું કામ પહેલાં પોતાના ઘર અને કુટુંબથીજ શરૂ કરવું જોઇએ. આ શાન્ત પણ નકકર રીતે સમાજસુધારણાનું કાર્ય બહુ સરળ થઇ જશે.

આજ પ્રમાણે ધાર્મિક વ્યવહારમાં જે વસ્તુ સમય અને પરિસ્થિતિ, યુકિત અને અનુભૂતિથી ખિલાફ જાય છે તેને સાધુઓ કે આચાર્યો ગમે તેટલી મોટી સંખ્યામાં વળગી રહેલા હોય છતાં તેની પરવા ન કરતાં તેની સામે નિર્ભય વિરોધ જગાડવો એ તમારી મહાન ફરજ છે. સાધુના પોશાકથી અંજાઈ જઇ, કે વૈભવભર્યા ઠાઠમાઠમાં મહાલતા પદવીધરની શેહમાં દબાઇ જઇને પોતાના સિદ્ધાન્તને કચડી નાંખવો એ યુવકજીવનને કલંકરૂપ છે. સુધારક ગણાતા સાધુઓ કે શ્રાવકો પણ જ્યારે "ચાલતી ગાડી"માં બેસી જાય છે અને પોતાની "વાહવાહ" તથા સંગઠનનો માર્ગ શોધવામાં પોતાના વિચારો અને સિદ્ધાન્તોને કચડી નાંખે છે ત્યારે તો ખૂબજ દુઃખ થાય છે. એમને એ પરથી સાધુ અને શ્રાવક સંસ્થાની સ્થિતિનું માપ વધુ સ્પષ્ટ થઇ જાય છે. દીક્ષા અને દ્રવ્યદ્રવ્ય જેવા અનેક ચર્ચાસ્પદ પ્રશ્નો છે, કે જેને માટે આ સાધુસંસ્થા પાસેથી યોગ્ય રસ્તાની રાહ જોતા બેસવું એ આજે પ્રાયઃ યોગ્ય ગણાય તેમ નથી. કારણ સ્પષ્ટ છે કે અધિકાંશ અસંસ્કારી દશામાં ઉછરેલી એ સંસ્થાઓમાં જિજ્ઞાસા અને નમ્ર વૃત્તિનો બહુધા હ્રાસ થવા સાથે માનપાન, અહંકાર અને દુરાગ્રહના "ભૂત" પોતાનો ઘોર અડ્ડો જમાવ્યો છે. અને રૂઢિપૂજનનું માનસ ત્યાં એટલી ઉત્કટ દશાએ પહોંચેલું પ્રવર્તે છે કે સદસતના યોગ્ય વિશ્લેષણની આશા તેમની પાસેથી આજે રખાય તેવી સ્થિતિ પ્રાયઃ રહી નથી.

અતએવ "જૈન યુગ"ના અધિકાર લાભ માટે યુવકને **વધાઇ** દેવા સાથે મારા હાર્દિક આશીર્વાદ ઉચ્ચારતાં એટલું જરૂર સૂચવી દઇશ કે, કોઇપણ શ્રીમન્ત કે મહન્તની શેહમાં તે ન પડતાં કેવળ સમાજ અને શાસનની તરફ કલ્યાણદૃષ્ટિ રાખી સત્યશોધનનું મહાન્ કાર્ય અર્જવે અને સંસ્કારવાહી ઉચ્ચ વિચારો અને ભાવનાઓ પ્રજાજીવનમાં રેડી તેના વિકાસસાધનના કાર્યમાં મશગુલ બને.

—ગાંધિવિજય

उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૫-૧-૩૫ મંગળવાર.

'જૈન ચર્ચા'ના લેખકની પ્રતારણા.

ગયા અંકમાં દર્શાવ્યા પ્રમાણે ઠરાવોનું અવલોકન કરવાનો ઇરાદો હોવા છતાં એ વાતને બાજુએ રાખી, આવશ્યક ફરજ તરીકે લખવું પડે છે કે 'મુંબઇ સમાચાર'માં 'જઇન'ના તખલ્લુસ હેઠળ લખનાર વ્યકિત તા. ૫-૧-૩૫ના અંકમાં શ્રીમતી કોન્ફરન્સ જેવી મોભાદાર સંસ્થા માટે ગંભીર પ્રકારનો છબરડો વાળે છે. સત્યથી વેગળી વાતો ચિતરી સમાજમાં ખોટો કોલાહલ પેદા કરવો એ કોઇ રીતે લાજમ નથી એટલુંજ નહિં પણ સંસ્થા પ્રત્યે એક પ્રકારનો દ્રોહ કર્યાનો આરોપ પણ મૂકી શકાય દૈનિક પત્રમાં દોડતાં પૂર્વે આ વાત કમિટિપર મોકલી આપી ચર્ચી હોત તો ઘણો સંશય ટળી જાત. એ 'જઇન' ગમે તે હોય એ સાથે અમને ઝાઝી લેવાદેવા નથી. જ્યારે સમાચારના કોલમમાં ગમે તેમ ભરડી મારી આ મહાસભાને તેમાં સંડોવી છે ત્યારે એ સંબંધમાં સ્પષ્ટીકરણ કરવાની અમારી ફરજ છે.

શ્વે. કોન્ફરન્સની બેઠક માધવબાગમાં ભરાઈ તે પહેલાં સંપ કરવાનો જે પ્રયાસ સ્વાગત પ્રમુખ શેઠ અમરતલાલ કાળીદાસ તરફથી કરવામાં આવેલ તેનો ઉલ્લેખ કરે છે પણ એ સંબંધી જે ખુલાસા પ્રગટ થયા હતા તેમાં પણ જે વાત પ્રકટ નહોતી થઇ એવી અને પોતાના બેજ્ઞમાંથી ઉપજાવી કહાડેલી એક નવીજ બાબત જણાવે છે તે એ કે:—

'જુના વિચારનો પક્ષ સાધુઓની રક્ષા કરવા તત્પર હતો, જ્યારે નવા વીચારવાળા અને કોન્ફરન્સના આગેવાનો તેમ કરવા જરા પણ ઇચ્છા ધરાવતા નહતા. જુના વીચારવાળાઓ આગમ વીગેરેને શાસ્ત્રો માને તેનીજ સાથે મુર્તીપૂજક જૈન તરિકેનો સંબંધ રાખવા ઇચ્છતા હતા જ્યારે કોન્ફરન્સના આગેવાનોના મુખ્ય માણસો તેમ ચોકખે ચોકખું કરવા અને તેને ફીડ તરિકે સ્વીકારવા તૈયાર હતા"

શું આ વાત સત્ય છે? કોન્ફરન્સના આગેવાનો સાધુઓની કઇ જાતની રક્ષા કરવા નથી ઇચ્છતા? શું તેઓ સાધુઓને નથી માનતા? ભાગ્યેજ એવો કોઈ જૈન હશે કે જે સાચી સાધુતાનો પૂજક ન હોય? ખુદ એજ આગેવાનોએ અમદાવાદના મનિસંમેલનનાં ઠરાવને અનુમોદન આપ્યું છે એ ઉપરથી જોઈ શકાશે કે કોન્ફરન્સ સાધુસંસ્થાની વિરોધક નથી પણ પૂજકજ છે. અલબત કેટલાક વિચારકો સાધુતાના અંચળા હેઠળ કેટલાક સાધુ ધર્મને ન છાજે તેવી ચાલબાજીઓ ચલાવનારા થોડા સાધુઓ છે તેમનાં વચનોને બાબાવાક્યં પ્રેમાણમ્' કરવા તૈયાર નથી. છતાં તેથી કોન્ફરન્સને શું લાગેવળગે? સારાયે હિન્દનું પ્રતિનિધિત્વ ધરાવનાર સંસ્થામાં ભિન્ન ભિન્ન વિચારના પ્રતિનિધિઓ હોય એમાં નવાઇ જેવું નજ ગણાય. આગમ માનવા સંબંધી વાત પણ આવીજ રીતે ખોટા રૂપમાં મૂકવામાં આવી છે. કોન્ફરન્સે કે તેના આગેવાનોએ કોઇપણ દિન આગમ વિરૂદ્ધ ઉચ્ચાર સરખો કર્યો નથી. પ્રભુ શ્રી મહાવીરદેવના વચનોમાં કે પૂર્વાચાર્યોના મહાન્ ગ્રંથોમાં જે તત્વો સમાયેલા છે એ પ્રત્યે જરૂર બહુમાન હોવુ જોઇએ અને છેજ.

બાકી આજે તો આગમના નામે ચરી ખાનાર એક એવો વર્ગ ઉભો થયો છે કે જે વાતવાતમાં આગમને લાવે છે છતાં ખુદ પોતાના કૃત્યો જોવાની તસ્દી સરખી નથી લેતો કે એ કૃત્યો આગમમાં કહેલા આચાર સાથે કેટલા મળતા આવે છે! હજુ એ આગમના નામે બણગાં ફુંકનાર વર્ગને એટલું પણ ભાન નથી કે જેમને તે 'સકળ આગમ રહસ્ય વેદી' તરિકે સ્વીકારે છે તેઓજ આજે સામસામે આથડે છે. એવી ઘણીયે બાબતો છે કે જેપર આજે આગમના જ્ઞાતા તરિકેનો દાવો કરનાર મુનિઓમાં પણ ભિન્ન મત છે. ફીડ તરિકે સ્વીકારવાની બડાશ મારતા વર્ગે પ્રથમ તો એ ફીડ તૈયાર કરી રજુ કરવાની જરૂર છે. બાકી મુખેથી આગમને અનુસરવાની લાંબી ચોડી વાતો કરવાથી કંઇ અર્થ સરે તેમ નથી. ખુદ મુનિસંમેલનમાં એક સાધુએ કહેલું કે આચારાંગ સુત્રમાં કહ્યા મુજબના સાધુ આચાર પ્રમાણે આપણામાંથી કોણ છાતી ઠોકી કહેવા તૈયાર છે કે હું ચાલું છું? એ વેળા સૌ મૌન રહ્યા હતા. શું એ બધા આગમવિરોધી હતા? આગમ તો અગાધ સાગર જેવો રહ્યો.

આ પછી સુધારક યુવકોના વિચારો મૂર્તિપૂજા સંબંધી કેવા છે તે લખે છે. અને યુવક પરિષદને આગળ આણે છે પણ તેથી કોન્ફરન્સને શું? આ કોન્ફરન્સ મૂર્તિપૂજકોની છે એ કંઇ છુપી વાત નથી એમાં આવનાર જૈનો મૂર્તિપૂજકો છીએ એવું સ્વીકારીનેજ આવે છે. તેમ છતાં કોઇ દંભ કરતાં હશે તો તેમને શરમાવવાનું છે. કોન્ફરન્સે જે જે ઠરાવ કર્યા છે તેમાં કોઈ જગાએ મૂર્તિનો નિષેધ દેખાય છે ખરો કે? જરા સત્ય જોવું છે કે કેવળ કલ્પનાના ઘોડા દોડાવવા છે? જો કોન્ફરન્સના સંચાલકો મૂર્તિમાં માનતાજ ન હોત તો શા સારૂ શત્રુંજય વેળા ખાસ અધિવેશન મેળવતે? અગર કેમ શ્રી કેશરીયાજી માટે કમર કસતે? એ તો હજુ પણ પોકારે છે કે જેઓ મૂર્તિપૂજક ન હોય કિંવા મૂર્તિમાં જેને શ્રદ્ધા ન હોય તેને આ કોન્ફરન્સમાં ભાગ લેવો લાજમ નથીજ. આમ છતાં કોઇ વગર નોતરે ભરાઇ જાય તેનું શું થાય?

આજે પણ મૂર્તિપૂજાના ચુસ્ત હિમાયતીઓને

(આગળ વાંચો)

વિ.....વિ.....ધ.....નોં.....ધ.

એક અનુકરણીય ઠરાવ.

સ્થાનકવાસી જૈન કોન્ફરન્સની સમિતિએ તેની મુંબઇમાં મળેલી મીટીંગમાં નીચે મુજબ ઠરાવ કર્યો છે. "આ સમિતિ દ્રઢપણે એમ માને છે કે સંમેલનના ઘણાખરા નિયમો અને પ્રસ્તાવો એવા છે કે જેનો ભંગ કોઇપણ સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાના થોડા ઘણા સહકાર વિના અથવા અનુમતિ વિના કરી શકે નહિ. સમાજહિત જેને પ્રિય હોય એવા દરેક શ્રાવક-શ્રાવિકાની ફરજ છે કે જ્યાં જ્યાં સાધુ-સાધ્વીઓ કોઇ રીતે સંમેલનના નિયમો અને પ્રસ્તાવોનો અમલ ન કરતા કરતા હોય, કરવા ઇચ્છતા ન હોય ત્યાં ત્યાં તે નિયમોનું પાલન કરાવવાનો પ્રયત્ન કરવો અને ઠરાવના ભંગમાં કોઇ રીતે અનુમતિ આપવી નહિ." અમદાવાદમાં આપણા મળેલા મુનિ સંમેલનને અંગે જુદા જુદા પ્રકારના મત ધરાવનારી વ્યક્તિઓ તરફથી જુદી જુદી ટીકા થઇ હશે પણ સંમેલનને અંગેની એક અપૂર્ણતાને અંગે સર્વ સામાન્ય ફરીયાદ હતી. સંમેલનના ઠરાવોનો ભંગ થાય કે પાલન યથાસ્થિત ન થાય તો તેને માટે જવાબદારી કોની? તે અપૂર્ણતા રહી ગઇ તેની તો કોઇ ના પાડી શકે એમ નથી. સંમેલન પછી દીક્ષા આપવાના જુદા જુદા પ્રસંગોએ એક બાજુ એવા નિયમનો ભંગ થવાની ફરીયાદો કરવામાં આવે ત્યારે બીજી બાજુએથી તેના બચાવનામાઓ પ્રગટ થાય. એટલે ફરીયાદના સાચા ખોટાપણાના નિર્ણય માટે સમાજ પાસે કાંઇ સાધન રહ્યું નહિ એટલે કોઇ પ્રસંગે સાચો ભંગ થયો હોય તો પણ પક્ષાપક્ષીમાં કાંઇ બહાર આવતું નથી. સંમેલન તો ભરાઇ ચુક્યું ને તેની કોઇ કમીટી હવે છે નહિ. શા માટે મુખ્ય મુખ્ય સ્થળના સંઘો અગર કોન્ફરન્સની સમિતિઓ આ બાબતને માટે યોગ્ય પ્રબંધ ન કરે ને આવી વિશિષ્ટ સમિતીઓ નીમાય ને પોતાના જીલ્લામા બનતા બનાવો ઉપર તપાસ રાખે ને શ્રાવકોના માટે તે સંબંધના પેટા કાનુનો તૈયાર કરી પ્રગટ કરે. તે નિયમની વિરૂદ્ધના કાર્યમાં શ્રાવકો મદદ ન કરે. કારણ કે શ્રાવકોની મદદ વગર મુનિવરો ઠરાવનો ભંગ કરી શકવા સમર્થ નથી તે હકીકત તો જેમ સ્થાનકવાસી સમાજને પણ લાગુ પડે છે તેવીજ રીતે આપણા સમાજને પણ લાગુ પડે છે એટલે આ બાબતમાં યોગ્ય પ્રબંધ કરવા શ્રી સંઘને વિનંતિ કરીએ છીએ. કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટી પણ આ સવાલને અંગે ગોઠવણ કરી શકે છે રે. જ. સેક્રેટરીઓ સમિતિ પાસે આ સવાલ રજુ કરે તો સારૂં પરિણામ આવવા સંભવ છે.

એકજ પ્રશ્ન?

પહેલું ચિત્ર—

પલ્લીવાલ જૈનોની સંખ્યા ૫૬૦૦ થી ૬૦૦૦ની છે. આપણા સાધુઓના વિહારના અભાવે તેમના કેટલાક વિધિવિધાન દિગંબરી થઇ ગયાં છે. સ્થા. સાધુઓ શ્વે. મંદિરમાં ઉતરી અનેકવિધ આશાતનાઓ કરે છે. આ બધાય શ્વે. મૂર્તિપૂજક જૈન રહેવા તૈયાર છે, પરંતુ તેને જ્ઞાન અને સંસ્કાર કોણ આપે? આપણા સાધુઓ ગુજરાત છોડી અહીં પધારે તો હજારો જૈનો બચી જશે.

બીજું ચિત્ર—

માકુભાઇ શેઠના સંઘમાં સાંભળવા મુજબ સાધુ-સાધ્વી થઇને લગભગ ૩૦૦ થી ૪૦૦ની સંખ્યા છે. એમાંના મોટા ભાગે શત્રુંજય તીર્થની એક કરતાં વધુ વાર યાત્રા પણ કરી હશે. છ હજાર યાત્રાળુના સમુદાયમાં આ બધા મુનિરાજને બે માસ જેવો સમય વ્યતીત કરશે.

હવે પહેલા ચિત્રના દોરનાર મુનિરાજ દર્શનવિજયજી જો તેમની સુચના પ્રમાણે માત્ર ગુજરાતના વર્તુલમાં કે અમદાવાદ, પાલીતાણા અને પાટણમાં ધુદડી ફરવાનો મોહ મૂકી દઇ એ પૂજ્ય વર્ગ ઉત્તર હિંદમાં ઉતરી પડે તો કેવી સુંદર શાસન પ્રભાવના થઇ શકે! જ્યાં છ હજાર જેટલી સંખ્યા ઉપદેશ માટે જંખના કરતી હોય, ધર્મ સમજવાની પિપાસા ધરતી હોય ત્યાં જવામાં વધુ લાભ છે કે જ્યાં હજાર ની સંખ્યા ભાગ્યેજ શ્રવણ ઉત્સુકતા કે સમય હોય! વળી અતિ સાંભળીને જ્યાં અજીર્ણ થવા આવ્યું હોય ત્યાં કાળ નિર્ગમન કરવામાં ફાયદો છે? ઉભય ચિત્ર નિહાલતાં વધુ કલ્યાણકારી કયું ગણાય.

કોન્ફરન્સનું પ્રચારકાર્ય

[પ્રચારક: **શ્રી દેવીચંદ સાગરમલ**]

નાશિકમાં પ્રચારકાર્ય કરતાં (૧) શ્રી નગીનદાસ જયચંદ (૨) શ્રી છગનલાલ દામોદરદાસ શરાફ (૩) શ્રી હેમચંદ ભાઇચંદ અને (૪) શ્રી નથુભાઇ માણેકચંદની સમિતિ નિમવામાં આવી. આજુ બાજુનાં ગામોમાં મૂર્તિપૂજકોનાં જે ઘર છે તે ટકાવી રાખવા પૂજ્ય સાધુ મહારાજોના આ પ્રદેશ તરફ વિહારની જરૂર લાગે છે. ત્યાંથી **વણી** ગયા. અત્રે એક દેરાસર છે. શા. **અમરચંદ નૈનસુખદાસ** સર્વ કાર્ય સંભાળે છે. અહિંથી સુરત થઇ કઠોર આવ્યા. ત્યાં શ્રી દલીચંદ હીરાચંદજી (૨) શ્રી પ્રેમચંદ ડાહ્યાભાઇ (૩) શા. નગીનદાસ સાંકળચંદ (૪) શા. કેશવલાલ છોટાલાલ અને (૫) શા. છોટાલાલ નાથાલાલની કમિટી નીમવામાં આવી. અત્રેથી કોસંબા જતાં કમીટી નીમવામાં આવી. કોસંબામાં મહારાજોને ઉતરવા માટે ઉપાશ્રયની ઘણીજ જરૂર છે. અહિંથી અંકલેશ્વર, ભરૂચ, સીમની, આમોદ, જંબુસરમાં યોગ્ય પ્રચારકાર્ય કરી આવ્યા. આમોદમાં શ્રી નગીનદાસ વમળચંદ (૨) મગનલાલ કપુરચંદ (૩) ચુનીલાલ કપુરચંદ અને (૪) શ્રી ચુનીલાલ વમળચંદની સમિતિ નિમવામાં આવી.

શ્રી કેશરીઆજી ધ્વજાદંડ કમીશન: દિગંબરો તરફથી જે સ્ટેટમેંટ રજુ કરવામાં આવેલ છે તેના જવાબમાં શ્વેતાંબરો તરફથી રિઆઇન્ડર ધ્વજાદંડ કમીશનની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. કમીશન સમક્ષ સુનાવણી તા. ૧૫ જાન્યુઆરી ૧૯૩૫ મંગળવારથી ઉદેપુરમાં થવાની હોવાથી

(અનુ. પા. ૬)

જૈન શ્વેતાંબર સંઘ તરફથી

શ્રી કેશરીઆજી ધ્વજાદંડ

અંગે

ઉદેપુરમાં ધ્વજાદંડ કમિશનની કોર્ટમાં રજુ થયેલ નિવેદન.

[ગતાંક પૃ. ૬ થી ચાલુ]

૧૨. આશરે ૧૫૦ કે ૨૦૦ વર્ષ પહેલાં મજકુર મંદિરમાં જુદી જુદી પૂજા કરવાનું કામ શ્વેતાંબર જૈનોએ બ્રાહ્મણ પુજારીઓને સોંપ્યું, જેઓને સેવક યા પંડા તરિકે ઓળખવામાં આવે છે. મંદિરના ભંડારની દેખરેખ રાખવાનું કાર્ય ભંડારી તરિકે ઓળખાતા બ્રાહ્મણોના એક વર્ગને સુપ્રત કરવામાં આવ્યું હતું, સં. ૧૯૩૪ પહેલાં મંદિરના ભંડારની ચાવીઓ ઉદેપુરના નગરશેઠો પાસે રાખવામાં આવતી હતી અને તેઓ શ્વેતાંબર જૈનો હતા. જ્યારે જ્યારે સદરહુ સેવકો યા ભંડારીઓ ગેરવર્તણુંક ચલાવતા યા તો યાત્રાળુઓને પજવતા ત્યારે ત્યારે શ્વેતાંબર જૈનો તેઓને નસીયત કરતા. સં. ૧૯૦૩ ના કારતક વદ ૯, તા. ૧૩ ઓકટોબર ૧૮૪૬ સેવકોએ શ્વેતાંબર જૈનોને એક લખત કરી આપ્યું હતું જેમાં તેઓએ ચોકસ કામો કરવાની કબુલાતો લખી આપી હતી; સદરહુ લખતનાં ભાષાંતરની નકલ નિશાની 'એફ' વાળો આંક આ સાથે સામેલ છે. સં. ૧૯૦૬ ના પ્રથમ વૈશાખ શુદ ૫ (૧૭ મી એપ્રિલ ૧૮૫૦)ના રોજ ભંડારીઓએ ઉદેપુરના શ્વેતાંબર જૈનોને એક લખત કરી આપ્યું અને તે લખતથી ભંડારીઓ અને સેવકોએ તેમાં લખેલ ચોકસ કામો કરવા અને ફરજો બજાવવાનું કબુલ કર્યું હતું. સદરહુ લખતનાં ભાષાંતરની નકલ નિશાની 'જી' વાળો આંક આ સાથે સામેલ છે. આંક 'એફ' અને 'જી' વાળા લખતોમાં સદરહુ મંદિરમાં તે વખતે પ્રચલિત પુજાની કેટલીક રીતિઓનો ઉલ્લેખ છે. મજકુર લખાણોમાં એમ જણાવવામાં આવ્યું છે કે જો યાત્રાળુએ આંગી ચડાવવી હોય તો સેવકોએ યાત્રાળુ પાસેથી ચોકસ રકમ લેવી અને તે ભંડારમાં જમા કરાવવી. સદરહુ લખતમાં ઉલ્લેખ થયેલ શ્વેતાંબર પૂજાની રીતિઓ જૈનોની રીતિઓ છે. આંક 'જી' વાળાં લખાણમાં પહેલીજ કલમમાં નીચે મુજબ લખાણ છે:—

> "બધાં ઘરેણાં જડાવ કે બીજાં, હાથી, ઘોડા અને બળદો જે શ્રી પરમેશ્વરને ભેટ તરિકે આવે તે ભંડારમાં જમા કરાવવાં."

મજકુર કલમમાં ઘરેણાંનો ઉલ્લેખ એ બિના સાબીત કરવાને પૂરતો છે કે મજકુર મંદિર શ્વેતાંબર મંદિર છે કારણ કે દિગંબરો મૂર્તિઓને દાગીના કદી ચડાવે નહિ તેમજ પોતાની મૂર્તિઓ પર દાગીના ચડાવવામાં આવે તે સહન પણ કરે નહિં. એ લખતમાં 'આંગી'નો ઉલ્લેખ સ્પષ્ટપણે દેખાડે છે કે બધી ધાર્મિક ક્રીયાઓ ઉકત મંદિરમાં શ્વેતાંબર વિધિ પ્રમાણે થતી હતી; કેમકે દિગંબરો પોતાની મૂર્તિઓને 'આંગી' કે બીજાં કોઇ પણ ઘરેણાંથી કદી શણગારતા નથી.

૧૩. ૧૭ મી એપ્રિલ ૧૮૫૦ ની તારીખવાળા આંક 'જી' ના સદરહુ લખતની શરતોને ઉદેપુરના તે વખતના મહારાણા સાહેબે અનુમતિ આપી (કન્ફર્મ) હતી. અને સં. ૧૯૦૬ ના પ્રથમ વૈશાખ શુદિ ૯ (૨૦ મી એપ્રીલ ૧૮૫૦)ના રોજ રાજ્યે એક 'પરવાનો' બહાર પાડ્યો હતો જેમાં તે બધી શરતો દાખલ કરવામાં આવી હતી. ઉકત પરવાનાની ભાષાંતર નકલ નિશાની 'એચ' વાળા આંક તરીકે આ સાથે સામેલ છે.

૧૪. સં. ૧૯૧૬ ના કારતક વદ ૧૦ (તા. ૨૧ મી ઓકટોબર ૧૮૫૯)ના દિને ઉદેપુર સ્ટેટ તરફથી એક પરવાનો કાઢવામાં આવ્યો હતો જેમાં જણાવવામાં આવેલ ચોકસ નિયમો પાળવાનું ભંડારીઓ અને સેવકોને ફરમાવવામાં આવેલ હતું. આ પરવાનામાં પણ 'આંગી' રચના માટે અને ભેટ તરિકે આવતા દાગીના અને પૂજાની કેટલીક રીતો સંબંધે ઉલ્લેખ કરવામાં આવેલ છે અને આ બધું એમ સ્થાપિત કરે છે કે મજકુર મંદિરમાં જે જુદી જુદી ક્રીયાઓ અને વિધિઓ શિરસ્તા મુજબ થાય છે તે શ્વેતાંબર જૈનોની શાસ્ત્રવિધિ મુજબ થાય છે. ઉકત પરવાનાની ભાષાંતર નકલ નિશાની 'આઇ' વાળો આંક આ સાથે લગાડેલ છે.

૧૫. સં. ૧૯૩૪ ના મહા વદી ૬ (તા. ૨૭-૧-૧૮૭૮) ના રોજ ઉદેપુર સ્ટેટે એક ફરમાન બહાર પાડી ઉકત મંદિરની વ્યવસ્થા પાંચ પ્રતિષ્ઠિત શ્વેતાંબર જૈનોને સુપ્રત કરી હતી. મજકુર ફરમાનમાં નીચે મુજબ જણાવવામાં આવ્યું છે કે:—

> "ભંડારીની જગાઓ ઉપરથી આ લોકોને દુર કરીને ઓશવાલ મહાજનના પાંચ પ્રતિષ્ઠિત આસામીઓ કે જે શ્રી ઋષભદેવજીના ચુસ્ત અનુયાયીઓ છે તેઓની બનેલી 'કમિટી' નિમવામાં આવે છે અને આવક તથા ખર્ચ વગેરેની સર્વ વ્યવસ્થા કમિટીને સુપ્રત કરવામાં આવે છે."

ઉપરના હુકમમાં ઓશવાલ મહાજનનો ઉલ્લેખ થયો છે તે શ્વેતાંબર જૈનોને માટે છે કારણ કે દિગંબર જૈનોમાં ઓશવાલ જ્ઞાતી નથી. આશરે દોઢ વર્ષ ઉપર રાજ્યે એક નવી કમિટી નિમી ત્યાંસુધી કમિટીના બધા સભ્યો શ્વેતાંબરો હતા. ઉકત ફરમાનની ભાષાંતર નકલ નિશાની 'જે' વાળો આંક આ સાથે જોડવામાં આવેલ છે.

૧૬. સં. ૧૭૬૮ ના આશુ માસના અરસામાં મજકુર મંદિરને એક ગામ ભેટ આપ્યું. આ બક્ષિસની સનદમાં જણાવવામાં આવ્યું છે કે આ દાન કેસર પૂજા અને નૈવેદ્ય કે જે શ્વેતાંબર પૂજાનો પ્રકારના ખર્ચ માટે આપવામાં આવ્યું છે: સદરહુ સનદની ભાષાંતર નકલ નિશાની 'કે' વાળો આંક આ સાથે જોડવામાં આવેલ છે.

૧૭. ધુલેવ ગામ કે જ્યાં મજકુર મંદિર આવેલું છે તે (ઉદેપુર) સ્ટેટના મગ્રા હાકીમના નામે ઓળખાના અધિકારીની સત્તા હેઠળ છે. સં ૧૯૪૨ ના જેઠ વદી ૫ મીના રોજ મગ્રા હાકીમે મેહકમા ખાસને એક રિપોર્ટ કર્યો છે કે જેમાં તેણે જણાવેલ છે કે મજકુર મંદિર શ્વેતાંબરોનું છે, પૂજાની રીતિઓ શ્વેતાંબર વિધિઓ પ્રમાણે છે અને ધ્વજાદંડ તથા 'ઈંડું' શ્વેતાંબર વિધિપ્રમાણે ચડાવવામાં આવ્યાં છે. મજકુર રિપોર્ટની ભાષાંતર નકલ નિશાની 'એલ' વાળો આંક. આ સાથે જોડવામાં આવેલ છે.

૧૮. ૧૯૦૭ ના અરસામાં મજકુર મંદિર અસ્પૃશ્યોએ દુષિત કર્યું હતું. પૂજારીઓએ કેટલાક અસ્પૃશ્યોને શ્રી ઋષભદેવજીની પૂજા કરવા દીધી. તેટલાપરથી મેહકમા દેવસ્થાને શ્વેતાંબર યતિ પંન્યાસ નેમકુશલજીને લખી પૂછાવ્યું કે મજકુર મંદિરને શુદ્ધ કરવા કાંઇ ક્રિયા કરવાનું જરૂરનું છે કે કેમ? જેના જવાબમાં મજકુર યતિએ જણાવ્યું હતું કે આવી ક્રિયાઓ જરૂરી છે, તેટલાપરથી જરૂરી શુદ્ધિકરણની ક્રિયાઓ કરવાનું તેને કહેવામાં આવ્યું હતું અને તેમણે શ્વેતાંબર વિધિથી તે ક્રિયાઓ કરાવી હતી. સદરહુ બાબતના પત્રવ્યવહારની ભાષાંતર નકલ નિશાની 'એલ' વાળો આંક આ સાથે જોડવામાં આવેલ છે.

૧૯. ૧૯૧૦-૧૯૧૧ ના અરસામાં સદરહુ મંદિરમાં દિગંબર ભટ્ટારકો વ્યાખ્યાન આપવા લાગ્યા અને પોતાના ભટ્ટારકોના ઉપયોગ માટે દિગંબરોએ મંદિરમાં ગાદી અને તકીઆ ગોઠવ્યા હતા. તા. ૧૦ અકટોબર ૧૯૧૧ ના નં. ૨૧૫ વાળો એક હુકમ ઉદેપુર રાજ્યે બહાર પાડી દિગંબરોએ રાખેલા ગાદી અને તકીઆ ખસેડી લેવા ફરમાવ્યું હતું. સદરહુ 'ઑર્ડર'ની ભાષાંતર નકલ નિશાની 'એમ' વાળી આ સાથે જોડવામાં આવેલ છે.

૨૦. ૧૯૧૫ માં દેવસ્થાન હાકેમ કે જે સદરહુ મંદિરની વ્યવસ્થાપક કમિટીના પ્રેસીડેન્ટ હતા તેણે મંદિરમાં ભોગ ધરાવવો કે નહિ તે સબંધી પ્રશ્ન ઉપસ્થિત કર્યો. ૨૫ મી સપ્ટેંબર ૧૯૧૫ ના તેના પગથી તેણે મેહકમા ખાસને લખી જણાવ્યું કે ચોકસ રકમ મંદિરમાં ભોગ ધરાવવામાં ખર્ચ કરવી. આ પત્ર મળતાં મેહકમાખાસે આ બાબત ઉદેપુરમાં તે વખતે હાજર હતા તે જૈનાચાર્યનો અભિપ્રાય મેળવવા માટે હુકમ આપ્યો શ્વેતાંબર સંપ્રદાયના આચાર્ય શ્રી વિજયધર્મસૂરિ તે વખતે ત્યાં હતા. ઉપરોક્ત હુકમ પ્રમાણે ભોગની બાબત ઉક્ત આચાર્યને પૂછવામાં આવ્યું અને તે વિદ્વાન આચાર્યે પોતાના તા. ૧૭ નવેંબર ૧૯૧૫ ના પત્રથી જણાવ્યું કે જૈન ધર્મ મુજબ તે મંદિરમાં ભોગ ધરાવી શકાય નહિં. આ અભિપ્રાયપરથી મેહકમાખાસે છેવટનો હુકમ કર્યો કે મંદિરમાં ભોગ ધરાવવો નહિં. આ બાબતને લગતો હુકમ અને પત્રવ્યવહારની ભાષાંતર નકલ નિશાની 'ઓ' વાળો. આંક આ સાથે શામેલ છે.

૨૧. આશરે ૮-૧૦ વર્ષ પહેલાં, ઉદેપુરના મરહુમ ના. મહારાણા સાહેબે મૂળ નાયક શ્રી ઋષભદેવજીની પ્રતિમાજીને શણગારવા માટે આશરે રૂા. અઢી લાખની કીંમતની હીરાની આંગી ભેટ કરી હતી. દિગંબરોએ આ બાબતમાં વાંધો ઉઠાવ્યો નહોતો એટલુંજ નહિં પણ એથી ઉલટું ઉક્ત મંદિરને આવી શાહી ભેટ કરવા બદલ ના. મહારાણા સાહેબની ખૂબ પ્રશંસા કરી હતી. દિગંબરોની એ વલણ ઘણી અર્થસૂચક છે કેમકે દિગંબરો (ના મત) પ્રમાણે આંગી અથવા ઘરેણાંથી મૂર્તિઓને શણગારી શકાય નહિ.

૨૨. આશરે ૭-૮ વર્ષ પહેલાં ઉક્ત મંદિરની બીજી પ્રતિમાઓના શણગાર માટે મંદિરના ભંડાર ખાતે મુગટો અને કુંડલો બનાવરાવવામાં આવ્યાં હતાં અને તે મૂર્તિઓને ચડાવવામાં આવ્યાં હતા. આ બાબત દિગંબરોએ સખ્ત વાંધો ઉઠાવ્યો હતો અને મજકુર પ્રતિમાઓપરથી મુગટો અને કુંડલો ખસેડી લેવા માટે રાજ્યને અરજ કરી હતી. આ સબંધે રાજ્યે નં. ૫૫૧૯૭ અને $\frac{૨૨૯૪૩}{૧૮૬}$ વાળા બે હુકમો આપ્યા હતા કે મુગટો અને કુંડલો ખસેડી શકાશે નહિ મજકુર હુકમોની ભાષાંતર નકલો નિશાની 'પી' વાળો આંક આ સાથે જોડવામાં આવેલ છે.

૨૩. શ્વેતાંબરો પોતાની મૂર્તિઓને સોના અને રૂપાના પાનાથી (વરખ) અલંકૃત કરે છે અને ઉક્ત મંદિરમાંની શ્રી ઋષભ દેવજીની સદરહુ પ્રતિમાને જૈન યાત્રાળુઓ એવા પાના (વરખથી) અલંકૃત કરે છે. દિગંબરો આવા પાના (વરખ) થી પોતાની મૂર્તિઓને શણગારતા નથી એટલુંજ નહિ પણ એવી રીતે શણગારાયેલી કોઇ પ્રતિમાને તેઓ કદી પૂજતા નથી.

૨૪ શ્વેતાંબરો કહે છે કે ઉપર જણાવેલ દાખલાઓ ઉપરાંત મજકુર મંદિરમાં પૂજાની રીતિઓ આચારણમાં છે ઘણાં જૂના કાળથી શ્વેતાંબર વિધિ મુજબ કરવામાં આવે છે પૂજાની મુજકુર રીતિઓ દિગંબરોના સિદ્ધાન્તો છે મુજબની નથી એટલુંજ નહિ પણ તેનાથી તદન વિરૂદ્ધ છે,

૨૫. ઉપરોક્ત પૂર્વકથન અને તે ઉપરાંત બીજી જે બાબતો પર શ્વેતાંબરો પોતાનો આધાર રાખશે તે જોતાં શ્વેતાંબર નિવેદન કરે છે કે પૂજાની વિવિધ રીતિઓ અને વિધિઓ જે આચરણમાં છે તે શ્વેતાંબર વિધિ પ્રમાણેજ કરવામાં આવે છે. એમ ખૂબ પૂરવાર થઇ ચુકયું છે. એટલે જ્યારે જ્યારે પ્રસંગ ઉપસ્થિત થયો છે ત્યારે શ્વેતાંબરે વિધિથીજ ભૂતકાળમાં શ્વેતાંબર જૈનોએ ધ્વજાદંડ ચડાવ્યો છે એ ખરી હકીકત છે અને એમ દેખાડવામાં ચોક્કસ દૃષ્ટાંતો ટાંકવામાં આવ્યા છે તે ઉપરાંત મજકુર બાબતો દેખાડી આપે છે કે ધ્વજાદંડ ચડાવવાનો હક્ક શ્વેતાંબર જૈનોનો છે અને ઉક્ત ક્રિયાઓ શ્વેતાંબર વિધિ પ્રમાણે થવી જોઇએ અને દિગંબરોએ માત્ર પોતાનો તે સંબંધે ખોટો દાવો આગળ ધર્યો છે.

(અનુ. પા. ૮)

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	... ...	રા.	૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો	...	રા.	૦—૮—૦
,, ,, ભાગ ૧-૨ જો	...	રા.	૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી	...	રા.	૦-૧૨—૦
,, ગ્રંથાવાલી	... ...	રા.	૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)		રા.	૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો		રા.	૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)		રા.	૬—૦—૦

લખો:—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
ધીયા મેનશન, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઇ,

(વિવિધ નોંધ—અનુ. પા. ૩ થી)

શ્વેતાંબર જૈન સંઘના પ્રતિનિધિઓ ઉદેપુર ગયા છે. ધારાશાસ્ત્રી તરીકે શ્વેતાંબરો તરફથી શ્રી મકનજી જે. મહેતા, બાર-એટ-લો ગયા છે.

શ્રી જૈન યુવક મહામંડળ

ડૉ. અમીચંદ છગનલાલના આમંત્રણથી સુરત મુકામે તા. ૨૭-૧૨-૩૪ ગુરૂવારે મહામંડળની સામાન્ય સભાની એક બેઠક અમદાવાદનિવાસી શેઠ મુળચંદ આશારામ ઝવેરીનાં પ્રમુખપદે મળી હતી જે સમયે શેઠ દલીચંદ વીરચંદ ઓફ, શ્રી છોટુભાઇ મુનસફ, શ્રી લલુભાઇ રણછોડભાઇ તથા શ્રી પરમાર વિગેરે પ્રેક્ષકો હાજર હતા.

વડોદરા, મુંબઇ, ખંભાત, નવસારી વગેરે સ્થળેથી સફળતા સફળતા ઇચ્છનારા સંદેશાઓ વંચાયા બાદ નીચે મુજબ ઠરાવો થયા હતા

(૧) ચાલુ સાલમાં મહામંડળના માનનીય સભ્ય તરીકે શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટી અને ડૉ. અમીચંદ છગનલાલની સર્વાનુમતે ચુંટણી થઇ.

(૨) ગઇ સાલનો હિસાબ, સરવૈયું, રિપોર્ટ સર્વાનુમને પાસ.

(૩) ચાલુ વર્ષની વર્કિંગ કમીટીના મંત્રીઓ તરીકે શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી અને મણીલાલ એમ. શાહ તથા સભ્યો તરીકે મેસર્સ અમીચંદ પ્રેમચંદ શાહ, કેશવલાલ મંગલચંદ શાહ, ભાઇચંદ અમરચંદ વકીલ, માણેકલાલ અ. ભરેવરા, તારાચંદ લ. કોઠારી, મણીલાલ જેમલ શેઠ અને ધીરજલાલ ટોકરશી શાહ તથા ઓડિટર તરીકે શ્રી ડાહ્યાલાલ વેલચંદ મહેતાની નિમણુંક થઇ.

ઠરાવો: (૧) મહામંડળના ઉદ્દેશાનુસાર નવીન વર્ષમાં યોગ્ય પ્રવૃતિઓ જ્યેશભેર આગળ ધપાવવી, સંઘો સ્થાપવા, અને મહામંડળ સાથે તે જોડાય તેમ કરવું. યુવક પરિષદના ઠરાવો અમલમાં મુકાવવા અંગે નીચે મુજબ ઠરાવ્યું (અ) સ્ત્રીઓને પિતાની કે પતિની મિલ્કતમાં વારસા હક્ક અપાવવા માટેના પ્રયત્નોમાં સંઘોએ સાથ આપી મત કેળવવો (બ) મહા મંડળમાં જોડાયેલી સંસ્થાના સભ્ય બાળલગ્ન, વૃધ્ધ લગ્ન, કન્યા વિક્રય, મરણ પાછળ અમર્યાદિત રડવા કુટવા તેમજ તેને લગતા જમણવારોમાં ભાગ ન લેવા તથા સ્વદેશી વસ્ત્ર વાપરવાની પ્રતિજ્ઞા કરવા (ક) જૈન સાધુઓને અભ્યાસાર્થે અપાતાં પુસ્તકો એમની માલિકીના ન બની જાય, અને એમાંથી સાર્વજનિક પુસ્તકાલયો ઉભા કરી શકાય તે માટે જૈન સંઘના આગેવાનો આદિ સાથે પત્રવ્યવહાર કરવા તથા સાધુઓની અંગત માલેકીના બની ગએલા પુસ્તક સંગ્રહોને સાર્વજનિક બનાવવા પ્રયત્ન કરવા અને (ડ) દેવદ્રવ્ય અંગે.

ઠરાવ (૨) કન્યા લેવડ દેવડના ઠરાવ અંગે રચનાત્મક કાર્ય કરવા અને (૩) બંધારણમાં સુધારાવધારા માટે સમિતિઓ નીમવામાં આવી (૪) દાદા સાહેબ જૈન બોર્ડિંગ, ભાવનગરના ફંડમાં શેઠ મનસુખભાઈ ભગુભાઈ તરફથી અપાયેલ દાન અંગેના આવેલા પત્ર પર તપાસ કરી ઘટતું કરવા વર્કિંગ કમીટીને સત્તા આપી (૫) શ્રી સાગરાનંદજીએ આપેલ બે નાના બાળકોને દીક્ષા અંગે તપાસ કરી ઘટતું કરવા વ. ક. ને સત્તા (૬) સાણંદના દેરાસર અંગે ચાલતા કેસને દરેક સભ્યે પોતાથી બનતી વાજબી મદદ આપવી. (૭) ખર્ચ કરવા વ. ક. ને સત્તા આપી.

બાદ પ્રમુખ સાહેબ તથા ડૉ. અમીચંદભાઇ વગેરેને આભાર માનતાં પ્રમુખે મહામંડળના સભ્યોને પોતાનાં કાર્યમાં મચ્યા રહેવાની સલાહ આપી સભા વિસર્જન કરી હતી.

દહાણુંમાં જૈન બોર્ડિંગ: પંન્યાસ શ્રી ઋધિ મુનિજીના ઉપદેશથી દહાણુંમાં જૈન બોર્ડિંગ તથા જૈન હાઇસ્કુલ બોલવ કરાવવામાં આવેલ છે. શા. ગુલાબચંદ ગોમાજી અચ્છારીવાળા હા. શા. રાયચંદ ગુલાબચંદજીના રૂા. ૨૧૦૫૧) સાથે કુલ રૂા. ૩૨૦૦૦ લગભગની સખાવત આ કાર્ય માટે નોંધાઇ છે.

'તરૂણ જૈન'ના તંત્રી શું કહે છે?

મુંબઈ સમાચાર તા. ૫-૧-૩૫ના અંકમાં જૈન ચર્ચાના લેખકે તેની હંમેશની ટેવ મુજબ જૈન કોન્ફરન્સ, શ્રી મહાવીર વિદ્યાલય અને યુવકસંઘોને સમાજ આગળ ખોટી રીતે ચીતરવા પ્રયત્ન કર્યો છે એ ઘણું દીલગીર થવા જેવું છે જાહેર ચર્ચાકારોએ પોતાના અંગત લાભ ખાતર સમાજમાં વૈમનસ્ય ફેલાય એવા લખાણો લખવાને બદલે સમાજમાં શાંતી ફેલાય અને અધોગતિમાં સપડાતી જૈન કોમ પોતાના ઉદ્ધારનો કાંઇક માર્ગ કાઢી શકે એવા પ્રશ્નોની ચર્ચા કરવી અને ઉપાયો સુચવવા એ જાહેર લેખકોનો ધર્મ છે. મુળ મુદ્દા ઉપર આવતા જણાવવાનું કે જૈન ચર્ચાના લેખકે તરૂણ જૈનમાં મૂર્તિવાદના લેખનો ઉતરાર્ધ વાંચ્યો હશે છતાં તે ધ્યાનમાં ન લેતાં પુર્વાર્ધ ઉપરજ પોતાના જ્ઞાનનો ભંડાર ખાલી કર્યો છે. તરૂણ જૈન તા ૨૦-૧૨-૩૪ ના અંકમાં ને "એ દુકાનદારી બંધ કરો."ના લેખમાં નીચે મુજબ લેખકે લખ્યું છે તે સમાજની જાણ માટે આપના પેપર મારફતે જનતા આગળ મુકું છું:—

"વડવૃક્ષની પેઠે ફુલ્યાફાલ્યા મૂર્તિવાદને લગારે અલવલ પહોંચાડવા માગતાજ નથી. એ અરિહંતદેવની મૂર્તિને આત્મકલ્યાણની સાધના માટે—પ્રથમ જરૂરી માનીએ છીએ—સ્વિકારીયે છીયે. અંતરના ઉમળકાથી મસ્તક નમાવીયે છીયે ને આરાધના કરીયે છીયે. એનો ઉપયોગ આત્મકલ્યાણ અર્થે—જગતના કલ્યાણ અર્થે થવો જોઇએ. ત્યારે અત્યારે એ અરિહંતદેવની મૂર્તિનો ઉપયોગ ધન ભેગું કરી પ્રભુના નામે પેઢીઓ ચલાવવામાં થઇ રહ્યો છે. એ દુકાનદારી સામે અમારો વાંધો છે.

આ ઉપરથી વાંચક સમજી શકશે કે મૂર્તિવાદના લેખકનો આશય મૂર્તિપૂજનો વિરોધ નથી પણ મંદીરો ને ધર્મની દુકાનદારીનાં રૂપમાં ફેરવી નાંખી સમાજના શ્રદ્ધાળુ વર્ગને સમાજ પ્રત્યેની ફરજમાંથી વંચીત કરેલ છે તે રીત સામે તે દુકાનદારી સામેનો પ્રબળ વિરોધ છે અને આખી સમાજ એ જાણી શકી છે કે જૈન મંદીરો આત્મશાંતીના પરમધામરૂપ હોવા જોઇએ તેને બદલે એ મંદીરો કેવા વિલાસી ભુવનોના રૂપમાં બાહારથી અને અંદરથી ફેરવાયા છે એની સામેજ લેખકના પ્રહારો છે. સમાજ ખોટી ભ્રમણામાં ન પડે અને તરૂણ જૈનના છેલ્લા લેખો વાંચી તે ઉપર વિચાર કરે. આ લેખને અંગે કોનફરન્સ કે વિદ્યાલયના સંચાલકો કે કમીટીને કાંઇપણ સંબંધ છેજ નહી. પણ જૈન ચર્ચાના લેખકે આ બન્ને સંસ્થાઓને અને તેના સંચાલકો લાગુ પાડવા ખોટો પ્રયત્ન કરી પોતાની અજ્ઞાનતાનો પ્રકાશ પાડયો છે.

લી. **મણીલાલ એમ. શાહ**
તંત્રી, "તરૂણ જૈન."

જૈન જગત્.

ગોહીલવાડ પ્રાંતિક સમિતિ—કૉન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરી રા. રા. જીવરાજભાઇ ઓધવજી દોશી શેઠ દેવચંદ દામજી તથા રા. ભાઇચંદ અમરચંદ વકીલના સહકારથી ગોહીલવાડની પ્રાંતિક સમિતિ રચવાની તૈયારી કરી રહ્યા છે. બીજા પ્રાંતિક સેક્રેટરીઓ અનુકરણ કરશે કે?

કૉન્ફરન્સ તથા સંઘબંધારણ—શ્રી વિજયધર્મપ્રકાશક સભા ભાવનગરના આશ્રય નીચે મળેલી જૈનોની જાહેર સભામાં રા. રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ ઉપર્યુકત વિષય ઉપર ભાષણ આપી સુંદર વિચારો દર્શાવ્યા હતા.

શેત્રુંજયની તળેટીનો પ્રશ્ન—શેઠ સારાભાઇ ડાહ્યાભાઇ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ તરીકે તળેટીના પ્રશ્નના નિકાલ સાથે પાલીતાણા સ્ટેટ સાથે વાટાઘાટ ચલાવી રહ્યા છે.

સેવાના સન્માન—મુંબઇના સુપ્રસિદ્ધ ડોકટર રા. ચીમનલાલ શ્રાફ પ્રવર્તક મુનિમહારાજ શ્રી કાંતિવિજય મહારાજના મોતીઓ ઉતારવા પાટણ ગયા હતા તે સમયે તેઓએ ત્યાંના તથા આસપાસના બીજાઓનાં આખના મોતીયા સેવાભાવે ઉતાર્યા તે માટે પાટણની સમસ્ત જનતા તરફથી તેમને માનપત્ર આપવા માટે જાહેર મેળાવડો કરવામાં આવ્યો હતો.

પાલીતાણામાં વાંચનાલય ખુલ્લું મુકવાની ક્રિયા—અમદાવાદવાળા શ્રીયુત માણેકલાલ વાડીલાલ નાણાવટીએ રૂ. ૫૦૦૧) ની કરેલી સખાવતથી તેમના પુત્ર શ્રી. કાંતિલાલના સ્મરણાર્થે શ્રી કાંતિલાલ વાંચનાલય ખુલ્લું મુકવાની ક્રિયા જૈન બાળાશ્રમના મકાનમાં શ્રી. સુરચંદભાઇ પુરૂષોતમ બદામી સાહેબના હાથે તા. ૨૬-૧૨-૩૪ ને રોજ કરવામાં આવી હતી. તે પ્રસંગે મેળાવડામાં રાજ્યના અમલદારોએ તથા શહેરના સંભાવિત ગૃહસ્થોએ હાજરી આપી હતી. શ્રીયુત બદામીજીએ પુસ્તકાલયની અગત્યતા ઉપર એક ઉપયોગી ભાષણ આપ્યું હતું.

પાલેજના સમાચાર—જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસુરિજી પાલેજ પધારતાં તેમનું જનતા તરફથી સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. પાલેજમાં તે દિવસે કપાશીયા એસોસીએશનના હોલમાં જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. તે પ્રસંગે આચાર્યશ્રીએ તથા સ્થા. મુનિ શ્રી સુપ્રસિધ્ધ નાનચંદજીસ્વામીએ માનવધર્મની સાર્થકતા ઉપર સુંદર વિવેચનો કર્યા હતા. બંને ફીરકાના પુજ્ય મુનિવરોએ સાથે મળી વ્યાખ્યાન આપ્યું તેથી જનતા ઉપર ઘણીજ સારી છાપ પડી હતી.

પનાલાલ જૈન હાઇસ્કુલ મુંબઇની સીલ્વર જ્યુબીલી તા. ૨૨ થી ઉજવવાની શરૂઆત થઇ છે.

શ્રી જૈન દવાખાનું પાયધુની—આ દવાખાનામાં માસ ડિસેમ્બરમાં કુલે ૧૮૬૪ દરદીઓએ ભાગ લીધો હતો. તેમાં પુરૂષ દરદીઓ ૬૫૨, સ્ત્રી દરદીઓ ૫૦૧ અને બાળક દરદીઓ ૫૪૧ ની સંખ્યા રહી હતી. દરરોજની સરેરાશ હાજરી ૬૦ ની થઇ હતી.

ભાવનગર જૈન બોર્ડીંગ ઓલ્ડ સ્ટુડન્ટસ યુનીયનની મળી હતી. ભાવનગરના દાદાસાહેબ જૈન બોર્ડીંગ માટે જૈન કૉન્ફરન્સની ભાવનગરની બેઠક વખતે કરવામાં આવેલી સખાવતની રકમનું ટ્રસ્ટ થાય તે માટે યોગ્ય પ્રયાસો કરવા ઠરાવવામાં આવ્યુ હતું.

'જૈન ચર્ચા'ના લેખકની પ્રતારણા—અનુ. પા. ૨ થી)

લાગે કે અત્યારના તંત્રમાં શંકા પડતો વર્ગ ભરાયો છે તો જરૂર બહુમતી મેળવી તેમને હાંકી કહાડે અગર એવી શંકા ન ટકે તેવું કોઇ પ્રતિજ્ઞાપત્ર તૈયાર કરે. બહુમતીનો નિર્ણય તો કૉન્ફરન્સ પણ સ્વીકારે છે એમાં તો શંકાનેસ્થાનજ નથી.

આગળ જતાં લેખક મૂર્તિપૂજાના વિરોધમાં મહાવીર જૈન વિદ્યાલયને સંડોવી સાથે કૉન્ફરન્સને ઘસડે છે. આમ કરવામાં કોઇપણ રીતે આ પ્રતિષ્ઠાસંપન્ન સંસ્થા સામે કાદવ ફેંકવો એવી તેની ચોકખી વૃત્તિ દ્રષ્ટિગોચર થાય છે. વિદ્યાલયની કમિટિમાં કે કૉન્ફરન્સની કમિટિમાં ઘણાખરા કાર્યવાહકો એકજ હોય તેથી એ બન્ને સંસ્થાઓને સાથે જોડી શકાય કે? એકાદ વિદ્યાર્થીના બનાવને મોટું રૂપ પકડાવી એથી કૉન્ફરન્સ જેવી સંસ્થાને ઉતારી પાડવા યત્ન સેવનાર પ્રાજ્ઞ ગણાય કે ગમાર? વિદ્યાલય માટે જે કંઇ કહેવાનું હોય તે તેના કાર્યવાહકોને લખવું જોઇએ.

'મૂર્તિપૂજાનો વિરોધ કરનાર ઘણા લેખો, જૈન કૉન્ફરન્સમાં, મહાવીર જૈન વિદ્યાલયમાં અને યુવક સંઘમાં આગેવાનો તરિકે પદ ધરાવનારા વિચારકોએ પોતાના વાજંત્રોમાં લખ્યા છે અને તેનો છુટથી ફેલાવો કર્યો છે.'

આમ લખી એક સાથે ત્રણ સંસ્થાને સમાન કોટિમાં મૂકનાર આ બંધુની બુદ્ધિમતાની કેટલી કિંમત આંકવી? એ પછી જે લેખનો ઉતારો આપે છે તે 'તરૂણ જૈન'માં આવેલ છે. યુવક સંઘના ઉદ્દેશ અને 'તરૂણ જૈન'ની નિતિ જુદા પ્રકારની છે એ જૈન સમાજથી અજાણ્યું નથી. એ સાથે કૉન્ફરન્સનું નામ જોડવું એ બાલિશતાભર્યું જ ગણાય. 'જૈન યુગ' જો કૉન્ફરન્સનું વાજંત્ર છે અને એમાંના કોઇપણ લેખને ટાંકી જ્યાં સુધી મૂર્તિપૂજાના સંબંધમાં કૉન્ફરન્સનું મંતવ્ય વિરોધભર્યું છે એમ પુરવાર ન કરવામાં આવે ત્યાં સુધી અમારે બેધડક કહેવું પડશે કે "જૈન ચર્ચા"ના લેખકે ઇરાદાપૂર્વક જુઠાણું ફેલાવ્યું છે અને આ મહાન સંસ્થા પ્રત્યે અણછાજતો હુમલો કર્યો છે. એમાં લેખકના હૃદયની નિર્બળતાને કે યુકિતપૂર્વકની દલીલને બદલે કેવળ મલિનતાનાંજ દર્શન થાય છે. એથી સમાજમાં સંપ નથી પ્રસરતો પણ વિષ ફેલાય છે. મનમાં જે કોઇ જાતનો સંશય હોય તેનો ખુલાસો કૉન્ફરન્સના કાર્યવાહકોને મળીને કરે અને પુરતો સંતોષ ન થાય તો ત્યાર પછીજ જાહેર પત્રમાં દોડી જાય. વળી જે કંઇ લખવું પડે તે સાબિતિ સાથેજ હોવું જોઇએ.

એટલું કહેવું કાફી છે કે કૉન્ફરન્સરૂપી સથવારો પોતાના પંથે કુચ કર્યાજ કરે છે અને કરશે. ભલેને એની પાછળ શ્વાનના ભસવા જેવા મુખોથી કાદવ ફેંકવારૂપ લેખો લખાયા

સાચું ડહાપણ.

પર પરિણતિ પોતાની માને, 'કિરિયા ગરવે ઘેલો;
યામેં જ્ઞાન દશા કિમ કહીયે, તે મૂરખમાં પહેલો.

ચિદાનંદજી.

આ જગતમાં અનેક મનુષ્યો ડાહ્યા હોય છે. કેટલાક ડાહ્યા કહેવાય છે, કેટલાક પોતાને ડાહ્યા માની છે પરંતુ ખરીરીતે તેઓ ડાહ્યા હોતા નથી. આ જગતમાં ખરેખરું ડહાપણ તો સ્વપરની વહેચણમાં-તેની ઓળખાણમાંજ છે. આ જગતના જીવો અનાદિ અભ્યાસથી અને અજ્ઞાનપણાથી જે વસ્તુ પોતાની નથી, પોતાની રહેવાની નથી, એક વાર તે તજીને જવાની છે અથવા પોતે તેને તજીને જનાર છે, તેને પોતાની માની બેઠા છે. માત્ર માની બેસવાથીજ સરતું નથી પરંતુ ત્યારપછી તેના વિનાશથી-વિયોગથી દિલગીર થાય છે, તેનો વિનાશ કરનાર પર, મોલિકતા બદલાવનાર ઉપર દ્વેષ કરે છે, ધૂંધવાય કરે છે સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો આ જગતના પદાર્થો કે પૈકી અત્યારના ભવમાં મળેલા સ્ત્રી, પુત્ર, પરિવાર, ઘર, હાથ, મકાન, વિગેરે પદાર્થોને પોતાના માનીલેની સ્વરૂપ કે વિશેષ હાનિના કારણ મળે અથવા કુદરતે કરીને થાય છે અને તેને માટે અનેક પ્રકારના કર્મબંધના નિમિત્તો ઉભા કરે છે, પરંતુ એક ક્ષણ પણ શાંતિથી વિચાર કરી તે પદાર્થો પોતાના જ નહિ, હતાજ નહિ માત્ર માન્યતાજ હતી એમ સમજી જતા નથી. પુત્ર સ્ત્રી અથવા અન્ય સજ્જનનો અભાવ થયે દિલગીરીમાં નિમગ્ન થઈ જાય છે, અસત્ય કુટ આવી પડયું માને છે. પરંતુ સંયોગનું પરિણામ વિયોગમાંજ આવે છે એ વાત પર લક્ષ દેતો નથી. શાસ્ત્રકાર કહે છે કે સંયોગ મૂલા જીવેણ પત્તા દુઃખ પરંપરા સંયોગ છે જે થવાનું તેવા નિમિત્તોજ આ જીવ દુઃખની પરંપરાને પામે છે, તેથી સંયોગાવસ્થાનેજ સુહાગનો તેનો વિયોગ થવાનોજ છે તે વાત સમજી લેવી.

લક્ષ્મીના વિયોગમાં પણ આ અલ્પજ્ઞ જીવ વિધુર બની જાય છે પરંતુ લક્ષ્મી તો સ્વામી બદલ્યાજ કરે છે. એ એક ઘરે એક ઠેકાણે કાયમ રહેતીજ નથી એનો વિચાર કરતો નથી મોટા મોટા ચક્રવર્તીઓ અને વાસુદેવોની પણ સંપત્તિ વિનાશ પામી ગઇ છે તો આપણી અલ્પ સંપત્તિ માટે સ્થિરતા શું માનવી?

આમ દરેક પરપદાર્થનો વિચાર કર્યા પછી પોતાનું શું છે તેનો વિચાર કરવો જોઇએ, જે પોતાનું છે તેને આ અજ્ઞાન આત્માએ ઓળખ્યું નથી, વિચાર્યું નથી, જોયું નથી. તેનાથી ઉપેક્ષાભાવજ રાખ્યો છે. ખરી રીતે જે આત્મદ્રવ્ય છે અને આત્માના સ્વાભાવિક ગુણો છે તેજ પોતાના છે. મનુષ્યભવ પામીને તે સાથે આર્ય ક્ષેત્ર, ઉત્તમ કુળ, દિર્ઘાયુષ્ય, આરોગ્ય, ધન્દ્રિયપટુતા, ધર્મની સામગ્રી, ધર્મશ્રવણનો લાભ, સદ્‌ગુરૂની જોગવાઇ, પરમાત્માના દર્શન, સદ્‌બુદ્ધિ, સમજશક્તિ વિગેરે ઓછાવત્તા પ્રમાણમાં પણ પ્રાપ્ત થયેલ હોય તો આત્માના સ્વગુણ જ્ઞાન, દર્શનને ચારિત્રનું રક્ષણ કરવું, તેને ઓળખવા, તેનું સ્વરૂપ વિચારવું, દેવ ગુરૂ ધર્મની ઓળખાણ કરી શુદ્ધ સમ્યક્‌ત્વ ધારણ કરવું, શાસ્ત્રાભ્યાસ કરવો, યથાશક્તિ વ્રતનિયમાદિ ધારણ કરવા, પાપના નિમિત્તોથી જેમ બને તેમ દુર રહેવું, અને સદ્‌ગતિના સાધનો મેળવવા એમાંજ ડહાપણ સમાયેલી છે.

લેખક: શેઠ કુંવરજી આણંદજી, ભાવનગર.

ઉપર જણાવેલી સામગ્રી જેને પ્રાપ્ત થઇ હોય તેને ખાસ કરીને સત્‌શાસ્ત્ર અને સત્‌સંગ એ બે વસ્તુનેજ આ જગતમાં અમૂલ્ય માની તેને મેળવવા પ્રયત્ન કરવો. જેમ એ બે વસ્તુનો યોગ પ્રાપ્ત થાય તે કદિ પણ આ સંસારમાં ડૂબે નહિ, અતિ આસક્ત થાય નહિ, નિરંતર ક્ષેત્ર પવિત્ર થાય એવા કર્યા કરે, આત્માના લાભ નુકસાનનો વિચાર કર્યા કરે. પુદ્‌ગલિક પદાર્થોની લાભ હાનિને અતિ કિંમતી માને નહિ. વ્યવહારપરાયણ રહે પણ તેમાં લીન થાય નહિ. વ્યવહારને સાચવતાં પણ પોતાના આત્માની સંભાળ જરૂર કરે. વ્યવહાર જાળવતાં આત્માને મોક્ષ તો નહિ, તેને નુકસાન થાય તેવું કદાપિ કરે નહિ. આનું નામજ સાચું ડહાપણ છે સંસારમાં ડાહ્યા ગણાતા મોટો ભાગ તો કર્મબંધના કારણોમાં ડહાપણવાળો હોય છે. તેઓ આત્માને ભૂલી જાય છે, તેની ઉપેક્ષા કરે છે તેની લાભહાનિને ગૌણ કરી વ્યવહારનેજ મુખ્ય કરે છે આ સાચું ડહાપણ નથી. ડહાપણના સંબંધમાં પ્રત્યેક વિષયપરત્વે તેના વિભાગ પાડીને ઘણું લખી શકાય તેમ છે. અહીં તો માત્ર ટૂંકમાંજ તેની વિવક્ષા કરી છે.

સાચું ડહાપણ શ્રુતિને મતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ વડેજ પ્રાપ્ત થઇ શકે છે. કર્મગ્રંથોમાં જણાવ્યું છે કે મતિજ્ઞાનને આચ્છાદન કરનાર જ્ઞાનાવરણી કર્મજ છે. આ સંબંધમાં અન્ય પ્રસંગે વિશેષ લખવા ધારેલ છે વર્તે છે.

(કેશરીયાજી અંગે વિવેદન—પા. ૪થી ચાલુ)

દિગંબરો તરફથી પોતાનું વિવેદન રજુ થયા પછી તેની નકલ મળેથી શ્વેતાંબરો પોતાના હકો, અંગે ઉપરની બાબતોના સમર્થનમાં વધારાનું નિવેદન રજુ કરવા પોતાની સ્વતંત્રતા સ્વાધીન રાખે છે.

તેથી શ્વેતાંબર જૈનો અરજ કરે છે કે:

(ક) સદરહુ શ્રી ઋષભદેવજીનાં મંદિર ઉપર ધ્વજાદંડ ચઢાવવાનો હક એકલા શ્વેતાંબરોનો જ છે, અને દિગંબરોનો તેમાં હક નથી એ મુજબ હુકમ કરવો.

(ખ) ઉક્ત ધ્વજાદંડ શ્વેતાંબર જૈન વિધિ પ્રમાણે ચઢાવવા હુકમ કરવો.

(ગ) શ્વેતાંબર જૈનોને આ મુકદમાના પ્રકારને જરૂરી હોય તેવી બીજી અને વિશેષ જે રાહતો માગી શકે તે મંજુર કરવામાં આવે.

તા. ... નવેમ્બર ૧૯૪૯.

રટેટમેંટ ઘડનાર	પ્રતાપસિંહ મોહોલાલભાઇ
એમ. પી. અમીન	સારાભાઇ ડાહ્યાભાઇ શેઠ
એડવોકેટ (એ. સા.)	ચિમનલાલ લાલભાઇ
હાઇકોર્ટ, મુંબઇ.	ચંદ્રકાંત છોટાલાલ
	બાબુ બહાદુરસિંહજી સિંધી
	બાબુ તાજબહાદુરસિંહ
	ગુલાબચંદજી ઢઢા
	નરોતમદાસ જેઠાભાઇ

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૯, સુતાર ચાલ, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનું સરનામું:—'હિંદસંઘ'-'HINDSANGHA'

REGD. NO. B. 1996.

॥ નમો તિત્થસ્સ ॥

જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આના.

વર્ષ: જુનું ૯ મું / નવું ૪ થું | તારીખ ૧ ફેબ્રુઆરી ૧૯૩૫. | અંક ૯.

ભાવનાઓના વિજયમાં માનવજાતિની આશા.—

પણ આર્યાવર્તથી ગુજરાત જુદું ન રહી શકે. એને મહારાષ્ટ્ર, કર્ણાટક અને સિંધ જોડે ગાઢ સંબંધ છે. મારવાડ અને પશ્ચિમ રાજસ્થાન જોડે એનો સંબંધ સદીઓ જૂનો છે. રાષ્ટ્રભાવ આ જમાનો પ્રેરે છે. અને ભાવિ પર દશકાઓ સુધી શાસન કરશે, અને પ્રાંતિક ગર્વ અને વ્યક્તિત્વ રાષ્ટ્રની મહાન્યકિતમાં નિમજ્જન કરતાં આત્મસિદ્ધિ મેળવી શકશે.

વળી ગુજરાત આર્યસંસ્કારને વ્યકત કરવાનું સાધન ન બને તો એના જીવ્યામાં અર્થ શું? એના ભાવિમાં ધ્યેય શું? આર્યસંસ્કારે જૂના જમાનામાં પ્રાંતિક સરહદો ભૂંસી નાંખી હતી, અને ભાષા ને લિપિના ભેદ છતાં સાહિત્ય ને કલાની એકતાનતા દેશમાં સરજી હતી. આજે તો અર્વાચીન સાધનસંપત્તિ છે: રાજકીય આંદોલનો પ્રસારવા રાષ્ટ્રભાવ છે; એટલે સંસ્કારનાં બીજ જલદી ફળવાનાં. એક કે બે દશકામાં આપણે રાષ્ટ્રભાષાનો ઉદ્ભવ પણ જોઇશું, પ્રાંતીય સાહિત્યોમાંથી એક સર્વસામાન્ય સાહિત્ય-સમૃદ્ધિ સરજાતી આપણે જોઇશું, અને તેના સંવાદી નાદમાં બીજા પ્રાંતોની સાથે ગુજરાતે પણ પોતાના આત્માનો સૂર પૂર્યો હશે.

આર્યસંસ્કૃતિ એ માત્ર જીવનની સાધનસમૃદ્ધિ નથી. વૈદિક ઋષિની માતા જે ઘંટીએ દળતી, જે હોડીમાં રામસીતાએ સરયૂ ઓળંગી, જે ચરખામાં આજે ઘણા આર્યત્વ જુએ છે; તે સંસ્કૃતિ નથી. હિંદની સાધનસમૃદ્ધિ, એટલે એની વૈજ્ઞાનિક અને સંસ્થારૂપી સંપત્તિ, યુગેયુગે બદલાઈ છે; અથવા બીજાઓ પાસેથી એણે તેને ઉછીની લાધી છે. આપણી નદીઓ પર ઝૂલતા પુલો, આપણાં કપડાં વણતી મીલો, આપણી આશા અને નિરાશાથી પ્રતિશબ્દ કરતી આપણી ધારાસભાઓ તે આપણે શોધ્યાં નથી, પણ બીજા પાસેથી આપણે લીધાં છે. એ તો મનુષ્યમાત્રનો અણખૂટ ભંડાર છે, એની અસર સંસ્કારપર થાય, પણ એનાથી સંસ્કાર નિરાળો છે. તેજ પ્રમાણે આપણી સામાજિક પ્રણાલિકાઓ, વર્ણાશ્રમ, કુટુંબ ને લગ્નપદ્ધતિ જીવનનાં પડો છે, જીવન નથી. સામાજિક અને ધાર્મિક માન્યતાઓ—જેના વડે સંસ્કૃતિનો પ્રચાર ને સંરક્ષણ થયાં તે—પણ સંસ્કાર નથી. આ બધાં તો સાધનસમૃદ્ધિ સાથે કાળક્રમે બદલાયાં ચાલ્યાં આવે છે.

સંસ્કૃતિનું મૂળ તો ઐતિહાસિક સાતત્યના ભાનમાં—હિંદી એકતાની પ્રતીતિમાં છે. આર્યોએ જેમાં જીવનસાફલ્ય માન્યું એવા દેશ ને કાલથી પર એવાં સનાતન મૂલ્યોમાં છે. જીવન શું છે—એનો હેતુ અને ધ્યેય શાં છે—આ અનાદિ પ્રશ્નોનો નિર્ણય જે જે ભાવનાઓ વડે આર્યોએ કર્યો તેમાં છે. જીવન એ વિશુદ્ધ આનંદ—જીવન એટલે સંસારના ભરતીઓટથી પર એવી ભાવના; આ આર્યસંસ્કારની મહાન વિશિષ્ટતા છે. સર્વવ્યાપી અને દુર્ધર્ષ ભાવનામયતા વડે સાધનસંપત્તિનો ઉપયોગ કરવો તેમાં જ આર્યાવર્તની અમર કારકીર્દિનું રહસ્ય રહ્યું છે. ભાવનાઓનો સાધનસમૃદ્ધિઓ ઉપર વિજય થાય તેમાં જ સમસ્ત માનવજાતિની આશા સમાયેલી છે.

—કનૈયાલાલ મુનશીના ભાષણમાંથી.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.

તા. ૧-૨-૩૫ શુક્રવાર.

ઠરાવોનું અવલોકન.

નીચેના ઠરાવોમાં કેટલાક ઉપચારીક હોઈ એ સંબંધમાં હવે આગું કંઇ કરવાપણું કોન્ફરન્સને રહેતું નથી. કેટલાક માટે પત્રવ્યવહાર ચાલુ રાખવો ઇષ્ટ છે જે કાર્ય ઓફિસ તરફથી થયા કરે છે તેમ થયા કરશે.

૧. શોકપ્રદર્શન.
૧૧. ઉદેપૂરના મહારાણા સાહેબને અભિનંદન.
૧૩. બિહાર ભુકંપ સંબંધી.
૨૦. શારદા એકટ.
૨૧. સ્વદેશી.
૨૪. બંધારણમાં ફેરફાર.
૨૬. માંગરોલ ગૈાવધ પ્રકરણ.
૨૮. સ્ત્રીઓને મળવા જોઇતા વારસાહકક.
૩૧. કોન્ફરેન્સના ઠરાવોને પુષ્ટિ.

હવે જે ઠરાવો સંબંધી જણાવીશું એમાં જૈન સમાજના આગેવાનોએ, વિદ્યમાન સંસ્થાઓના સંચાલકોએ, અને ધનિક વર્ગે, શકય પગલા ભરવાના છે, કેમકે ઠરાવો તો માર્ગસૂચકજ હોઇ શકે. પરસ્પરના સહકાર વગર એનું પાલન નજ થઇ શકે. એ ઠરાવો એવી જાતના છે કે એમાં મતફેરનો સંભવ જરા માત્ર નથી.

૨. પુન્નરઉદ્યોગ અને વેપાર ધંધાના શિક્ષણપર વિચારણા.

૪. બેકારીના ઉપાયો.

૧૪. કેળવણીની સંસ્થાઓનું સંગઠન અને પરસ્પર સહકાર.

૧૫. શ્રી આણંદજી કલ્યાણજીનું બંધારણ.
૧૮. સાહિત્યપ્રચાર.
૨૨. દ્રવ્યવ્યયના સાચા પ્રકારોનું દિશાસૂચન.
૨૫. જૈનોમાં મરણપ્રમાણ ઘટાડવા લેવા જોઇતા ઉપાયો.
૨૭. સાધુ-સાધ્વીની ઉન્નતિમાં શ્રાવકનો ફાળો.
૩૦. સ્ત્રી કેળવણી.

જૈન સમાજ ઉન્નત બને એવી ભાવના ધરાવનાર પ્રત્યેક વ્યકિત ચાહે તો તે કોન્ફરન્સ પ્રત્યે બહુમાનની નજરથી જોતી હોય કિંવા તે પ્રત્યે વિમુખ દશા ધરાવતી હોય-છતાં એટલું તો કબુલ કરશેજ કે ઉપરોકત ઠરાવોમા જે જે બાબતો દર્શાવવામાં આવી છે તે અમલમાં મૂકયા વગર આપણો સમાજ પ્રગતિના પંથે કૂચ નથી કરી શકવાનો. જ્યાં લગી કર્મોમાં વિવિધતા ભરેલી છે ત્યાં લગી મતફેર તો અવશ્ય રહેવાનાજ. વળી એ ઉપરાંત દેશકાળની અસર પણ થવાનીજ. એમાંથી કોઇપણ સમાજ કે સંસ્થા મુકત નજ રહી શકે. જેઓ આજે વૃદ્ધ છે તેઓ એક કાળે જુવાન હતા. તેઓ આજે જે વિચારો ધરાવે છે તેવાજ વિચારો તેમના આજથી દશ વર્ષ પૂર્વે હતાં એમ તેઓ કદિ પણ નહીં કહી શકે. સમયે સમયે પરિવર્તનના મોજાઓ આવ્યા જાય છે અને કંઇને કંઇ અસર મૂકતા જાય છે. કહેવાનું તાત્પર્ય એજ છે કે મતફેરથી અન્યમનસ્ક થયા વગર સમાજોપયોગી જે જે બાબતોમાં સહકારથી કામ થઇ શકતું હોય ત્યાં ખભેખભો અડાડી એમાં મંડી પડવાની જરૂર છે. જો આ દ્રષ્ટિબિન્દુ નજર સામે રખાય તો જન સમાજને વર્તમાન સ્થિતિમાંથી ઉંચે આવતાં વધુ સમય નથી લાગવાનો. જૈન સમાજમાં ધન ખરચાતું નથી અગર તો શ્રીમંતોમાં પરમાર્થવૃત્તિ નથી એમ તો છેજ નહિં. જે કંઇ ઉણપ છે તે એ ધનપ્રવાહને સમયને અનુકુળ એવા યોગ્ય માર્ગે વાળવાની છે.

કોન્ફરન્સે ઉપરના પ્રસ્તાવોમાં લંબાણથી એ માર્ગોનું નિદર્શન કર્યું છે. ચોકખા શબ્દોમાં હુન્નરજ્ઞાનની આવશ્યકતા અને ધંધાદારી અનુભવની જરૂરીયાત સ્વીકારી છે. બેકારીને લગતા ઠરાવમાં એ વાતનું સ્પષ્ટીકરણ કરતાં વેપારીવર્ગને અને શ્રીમંતોને અપીલ કરી, અત્યારના તબકકે ઉદ્યોગગૃહો ઉઘાડવા આગ્રહ કર્યો છે. આ સંબંધમાં એટલુંજ કહીશું કે પૂર્વકાળની માફક 'મારો સ્વધર્મી ભાઇ દુઃખ ન પામે' એવી દાઝ હશે હશે તો આગેવાન ગણાતા વ્યવહારીઓ અને ધનીકો જરૂર એનો અમલ કરવા તૈયાર થશે. એટલું યાદ રાખવાનું કે જ્યાં સુધી પેટનો ખાડો પુરવાના ફાંફાં હશે ત્યાં સુધી ધર્મનું સ્વરૂપ યથાર્થ રીતે સમજવાનું નથી. એટલે ધર્મસંરક્ષણના દ્રષ્ટિબિન્દુથી પણ પોતાના સાધર્મી ભાઇઓને ધંધે ચઢાવવામાં પોતીકી લાગવગનો ઉપયોગ કરવો યા ધનવ્યય કરવો એ દરેક જૈનનું પરમ કર્તવ્ય ગણાય.

કેળવણીની સંસ્થાઓનું સંગઠન કરવા માટે અધિવેશન વેળા કેટલોક પ્રયાસ થયો હતો. એ વાતપર મનપર લેવાય તો એમાં વિલંબ જેવું નથીજ. ગુરૂકુળ, બાળાશ્રમ, છાત્રાલય, વિદ્યાલય જેવી સંસ્થાઓ પોતાના વિગતવાર હેવાલો મોકલી આપે તો સંગઠન તો બની આવેજ. અને જ્યાં સંગઠનના પાયા મંડાયા ત્યાં પછી અભ્યાસક્રમ ને પદ્ધતિની સરખાઇ આણવાના વિચારો જરૂર બહર લાવી શકાય. સાહિત્યપ્રચાર માટે પુસ્તકોની પસંદગીમાં ખાસ સાવચેતી રાખવાની છે. સુંદર પ્રકારે અનુવાદ કરાવેલા પુસ્તકો સારા પ્રેસમાં છપાવી પ્રગટ કરવ.ની જરૂર છે. પૈસાદાર વર્ગે આમાં છુટો હાથ મેલવો જોઇએ. જ્ઞાનદાન જેવું મોટું અન્ય કોઇ દાન નથીજ

વિ.....વિ.....ધ.....નોં.....ધ.

મુનિ વિહાર લંબાવવાની જરૂર.

ક્રમણાં થોડા દિવસ પહેલાંજ રોજીંદા પેપરો દ્વારા આપણે સર્વેએ જાણ્યું હશે કે મદ્રાસ તરફના વિભાગમાં એક આખું મારવાડી કુટુંબ મુસલમાન ધર્મમાં વટલી ગયું. આવોજ બીજો બનાવ મુંબઇમાં બન્યાના સમાચાર આપણે પેપરોદ્વારા જાણવામાં આવ્યા છે. આ સમાચારો જેટલા ચોંકાવનારા અને અરેરાટી ઉત્પન્ન કરનારા છે, એટલાજ ધ્યાનપાત્ર લેવા જેવા છે, પરંતુ આવા બનાવો શા કારણથી બને છે, તેનું મૂળ શોધી તે મૂળને કાપવાની એટલી બધી આવશ્યકતા છે કે જો તે પ્રત્યે હજુ પણ દુર્લક્ષ રાખવામાં આવશે, તો ભવિષ્યમાં આવા બનાવો તો રોજના વિષયરૂપ બની

જ્ઞાનની પરબો બેસાડવાની પહેલ કરનાર આપણેજ હોઈએ. સમ્યક્ જ્ઞાન એ સર્વોત્તરી જ્ઞાન છે એમ કબુલ કરવામાં સંકોચને રજ માત્ર સ્થાન નથી. મંદિર, ઉપાશ્રય કે તીર્થ આદિની વ્યવસ્થા કરવા સારૂ પણ સાધારણ સ્થીતિના સભ્યોને ભણાવી પોતા પુરતું સર્જન કરવાનું જ્ઞાન આપવુંજ પડશે. એ માટે તેઓમાં ધર્મશ્રધ્ધાના બી રોપવા પડશે. એ માટે ધનવ્યય કરવો એ ફરજરૂપ છે. આજે આપણી પાસે ચાલુ કામની અગત્ય ધરાવતાં ખાતાઓ આંગણીના ટેરવે ગણાય તેટલાંજ છે! પારસી અને ભાટિયા કોમે એ સંબંધમાં ઘણું સારૂં કામ કર્યું છે. મોટા શહેરોમાં દવાખાના, સુવાવડખાનાં જેમ જરૂરના છે તેમ વ્યાયામશાળાઓ અને સસ્તા ભાડાના મકાનો પણ જરૂરના છે. હવા ખાવાના સ્થળોમાં આરોગ્યભુવનો ઉભાં કરવામાં પૈસા વાપરવા ઘટે. આ બધા ખાતાઓમાં લાભ લેનાર જનસમૂહ શું દેવમંદિર કે ઉપાશ્રયના સંરક્ષણમાં કાળો નહી આપે? એ સ્થાનોપર સંકટ આવતાં શું એના બચાવ માટે કમર નહિ કસે? 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' પરમાર્થ દૃષ્ટિએ જોતાં આ ખાતામાં વપરાતું ધન પણ પુન્ય બંધ કરાવનારૂંજ છે.

આપણી ચક્ષુ સામે જોવાય છે કે સરોજનીદેવીના શબ્દો સાંભળવા કે પંડિત જવાહરલાલ નહેરૂનું ભાષણ સુણવા જનતા ચાતક પેઠે વાટ જોતી ખડી થઇ જાય છે. કારણ એટલુંજ કે કહેવામાં મીઠાશ કે ગર્જના હોવા ઉપરાંત વિષયની છણાવટ કરવાની શ્રોતાઓના હૃદયમાં સોંસરો ઉતારવાની અને નમ્રતા જમાવી શ્રોતાઓનું આકર્ષણ કરવાની પ્રશંસનીય શક્તિ તેઓમાં ભરેલી છે. એના મૂળમાં સંપૂર્ણ અભ્યાસ ઝળહળી રહ્યો છે. આવીજ સ્થિતિ આપણા પ્રબન્ધવર્ગમાં પેદા કરવાના અભિલાષ કોને ન હોય? કઠિણતાથી સમજાય તેવાં ધર્મતત્વો જનતા હોંસે હોંસે પી જાય તેવી ગીરામાં—ભાવવાહી શૈલીમાં ઉતારવાની પદ્ધતિ તેઓ સ્વીકારે. સાધ્વીગણ પણ એનું અનુકરણ કરે ને સારાયે નારીવૃંદમાં વ્યાપી રહેલી નિરક્ષરતા, વહેમ અને કુથલી ટાળવા માટે કટિબદ્ધ થાય તેવું કરવા સારૂ હરાવમાં સુચવેલો ઉપાય જરૂર લેવો જોઇએ.

(ચાલુ)

જશે. આવા બનાવો બનવાનાં મુખ્ય કારણ તેઓની અજ્ઞાનતા અને બેકારી હોય છે. તેઓ જોકે મૂળ જન્મથી તો જૈન કુટુંબમાં જન્મેલા હોવાથી જૈનત્વના સંસ્કારવાળા હોય છે, પરંતુ આજીવિકા અર્થે દુર પ્રદેશમાં વસવાટ થતાં, અને ત્યાંના સંસ્કારો અને સંસર્ગોની અહોનિશ છાપ પડતાં અસલ સંસ્કારો નષ્ટપ્રાય થાય છે, અને તેની સાથે જ્યારે બેકારી અથવા ગરીબી આવી પડે છે ત્યારે તેઓને જે લલચાવનારાં અન્ય સાધનો મળે છે તેમાં લપટાઈ જાય છે, અને એ જાળમાં તેઓ સત્ય સંસર્ગના અભાવે તુરતજ સપડાઇ જાય છે, અને મને કે કમને તેઓ અન્ય ધર્મનો સ્વીકાર કરી લે છે.

આ વસ્તુસ્થિતિ મીટાવવા માટે ખાસ કરીને તેઓના જન્મસંસ્કારોને સુરક્ષિત રાખવા માટે પ્રસંગે પ્રસંગે ખાસ ઉપદેશો અને પ્રસંગોની આવશ્યકતા એટલી બધી જરૂરી છે કે જો તેઓના તેમજ ઉપર ઉપદેશદ્વારા અથવા તો ધાર્મિક પ્રસંગોદ્વારા એજ સંસ્કારોનું સીંચન રહ્યા કરે તો જરૂર તેઓ જન્મ સંસ્કારથી કદાપિ વંચિત થાય નહિ, અને કદાચ બેકારીના બિહામણા બાહુમાં સપડાયલા હોય, લલચાવનારાં તત્વો અસ્તિત્વ ધરાવતાં હોય છતાં તેઓ જન્મ સંસ્કારોથી વંચિત થવાનું ભાગ્યેજ બને છે.

આ ઉપરથી એટલું તો ચોકસ સિદ્ધ થઇ શકે છે કે તેઓને ખાસ ઉપદેશોની જરૂર છેજ અને એવો ઉપદેશકવર્ગ જે આપણો સાધુ સાધ્વી સમુદાય છે તેઓએ આ બીના તરફ પોતાનું લક્ષ પરોવવુંજ જોઇએ એ તેઓનું મુખ્ય કર્તવ્ય છે, તેઓનો ધર્મ છે. એ ધર્મને—એ ફરજને તેઓ અદા કરવા બંધાયેલા છે. આપણાં જૈન શાસ્ત્રો પણ પોકારી પોકારીને કહે છે કે એક મનુષ્યને જૈનત્વમાં લાવવો અથવા સમ્યક્ત્વધારી બનાવવો એના જેવું મહાન પુન્ય એક પણ નથી. શું આપણો મુનિ સમુદાય આ તત્વ નથી જાણતો? શું આચાર્યો અને ગણિપ્રવરો આ સિદ્ધાંતના શિક્ષણથી વિમુખ છે? તેનો જવાબ સ્પષ્ટ છે કે હરગીજ નહિ. તેઓ આ બધું પોતાની નરી આંખે જોયા કરે છે, પરંતુ કેટલાક મોહાશાના આવરણોથી તેઓનાં પડળો વીંટાયેલા હોય છે, તેથી તેઓ સત્ય વસ્તુને યથાર્થપણે જાણી શકતા નથી. અને કેટલાક જાણે છે છતાં આંખ આડા કાન કરી આપણે શું? એ ચાર અક્ષરથી પોતાના મનમાં સંતોષ માને છે. આ સ્થળે સ્પષ્ટપણે જણાવવાની જરૂર છે કે આજે ગુજરાત અને કાઠિયાવાડ વિભાગમાં ૨૦૦ થી ૬૦૦ નાં ટોળાંમાં સાધુઓ અને સાધ્વીઓ વિચરે છે, અને તેમાંના કેટલાક તો એકજ સંગાથે ૫૦ થી ૬૦ ના જુથમાં ચાલતા અને નિવાસ કરતા નજરે પડે છે. વસ્તુસ્થિતિ તેઓને માટે તેમજ શ્રાવક સમુદાયને માટે પણ અતિ દુઃખદ છે. ઘણે સ્થળે તેઓના આહાર પ્રાણી માટે પણ એટલી બધી શ્રાવક સમુદાયને સગવડ ઉઠાવવી પડે છે કે જેનું ખરૂં ભાન જેઓને તેવી સ્થિતિનો અનુભવ થયો હોય તેમનેજ આવે. આજે આવા જુથમાં ચાલવું એ એક ભાનનો વિષય થઇ પડયો હોય એવું સ્પષ્ટ જણાઇ આવે છે.

ના ઉપદેશક સમુદાય જુદા જુદા નાના નાના જૂથમાં વહેંચાઇ દુરના મુલકોમાં અથવા તો ગ્રામ્ય વિભાગમાં કે જ્યાં તેઓના દર્શન માટે તેઓની વાણી સાંભળવા માટે બીચારા લોક તલસતા હોય છે તે તરફ વિહારક્રમ લંબાવે, તો તેઓને પણ ઘણું જાણવાનું મળે. દર્શન માટે તલપતો શ્રાવક સમુદાય ધર્મની ભાવના મેળવી શકે, અને એ રીતે તેઓ પોતાનું જૈનત્વ નીભાવી શકે અને સાથ સાથે તેના ઉપદેશક મહાનુભાવો પણ અનંતુ પુણ્ય હાંસલ કરી શકે.

આજે આ બાબતમાં રૂઢિચુસ્ત મનાતાં વીરશાસન પત્રથી માંડી સુધારક પત્રો સુધી દરેક પત્રના કોલમમાંથી એજ સૂર નીકળે છે કે આ મહાનુભાવોએ પોતાનો હાલનો સકુંચિત વિહાર દૂર દૂર સુધી લંબાવવાની અનિવાર્ય આવશ્યકતા ઉભી થઇ છે.

એક નમુનેદાર જૈન હાઇસ્કુલ

મુંબઇમાં બાબુ પનાલાલ હાઇસ્કુલને સ્થપાયા ૨૯ વર્ષ થયાં, તે નિમિત્તે તે સ્કુલનો રજત મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો, તેને છેલ્લે દિવસે તા. ૨૦-૧-૩૫ ના રોજ સર પુરુષોત્તમદાસ હકારદાસના પ્રમુખપણાં નીચે એક ભવ્ય મેળાવડો તે સ્કુલની પાસેનાજ ચોગાનમાં કરવામાં આવ્યો હતો તે વખતે રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે અત્યાર સુધીમાં આશરે ૬૭૦૦ વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણમાં તથા ૩૫૦૦ આશરે વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણમાં લાભ લઇ ચુકયા છે. ૬૩ ગ્રેજ્યુએટ શિક્ષકો સ્કુલમાં શિક્ષણ આપતા હોવાથી અને આશરે રૂા. ૪૫૦૦૦ નો વાર્ષિક ખર્ચ હોવાથી શિક્ષણ બહુ સારૂ અપાતું હોય, એમ લાગે છે. સ્કુલમાં ફી બીલકુલ લેવાતી નથી. આ રૂા. ૪૫૦૦૦ નો ખર્ચ પણ વધતા વધતા રૂા. ૬૨૦૦૦ સુધી પહોંચવા માટે ટ્રસ્ટીઓએ સ્કીમ કરેલી છે તે પ્રમાણે નિયમસર વધ્યોજ જશે અને શિક્ષકોના પગાર દર વરસે વધ્યાજ જશે. આ પ્રસંગે પ્રમુખ ટ્રસ્ટી શેઠ જીવણલાલે કાગળ લખી જાહેર કર્યું હતું હતું કે તેમની માતુશ્રી બાઇ પાર્વતીબાઇના નામથી એક ફંડ સ્થાપવામાં આવશે, જેમાંથી જે વિદ્યાર્થીઓની શક્તિ પાઠય પુસ્તક ખરીદવાની ન હોય તેમને પાઠય પુસ્તકો આપવામાં આવશે. અત્યારે ૬૦૦ વિદ્યાર્થીઓ આ હાઇસ્કુલનો લાભ લે છે પ્રિન્સિપાલ મી. ડી. એ તેલંગને ટ્રસ્ટીઓ તરફથી સોનાનું ઘડીયાળ તથા છેડો બેટ આપવામાં આવ્યા હતા. એક ખાસ વિશેષતા એ છે કે બાબુ પનાલાલના કુટુંબના યુવકો આ હાઇસ્કુલમાંજ અભ્યાસ કરે છે. પ્રમુખ સાહેબે આ સંસ્થા પોતાનો સુવર્ણ મહોત્સવ, હીરક મહોત્સવ તથા શતાબ્દિ ઉજવવા ભાગ્યશાળી થાય, એવો આશિર્વાદ આપ્યો હતો અને બાબુ સાહેબ જીવણલાલજી, ભગવાનલાલજી તથા મોહનલાલજીને સૂચના કરી હતી કે પોતાના જીવન દરમ્યાન એવી બાદશાહી રકમ જુદી કાઢવી કે જેથી ભવિષ્યમાં આ સંસ્થાને વધુ ઉપયોગી બનાવી શકાય. બીજી ખાસ વિશેષતા આ સંસ્થામાં છે તે એકે આદર્શ જીવન જ્યોતિ નામની બે કિરણાવલી પાઠય પુસ્તકો તરીકે ચલાવવા માટે તેણે પ્રસિદ્ધ કરી છે અને બીજી બુકો પણ અતિ ઉત્તમ રીતે લખાયેલી તૈયારજ છે, અને ધીમે ધીમે પ્રસિધ્ધ થતી જશે. બાબુ સાહેબ જીવણલાલના જીવનનું આ એક ઉત્તમમાં ઉત્તમ કામ છે.

—શાહ નરોત્તમ ભગવાનદાસ.

ધાર્મિક પરિક્ષા.

એજ્યુકેશન બોર્ડ તરફથી પ્રતિવર્ષ ડીસેમ્બર માસમાં ધાર્મિક વિષયની પરિક્ષા લેવામાં આવે છે: અને કોન્ફરન્સનું એ કાર્ય કેટલાક જીવંત કાર્યોમાંનું એક છે એમ કહેવામાં અતિશયોક્તિ જેવું નથી. જો પરિક્ષાના ઇતિહાસમાં ઉંડા ઉતરીશું તો જણાશે કે વર્ષો જતાં એમાં પ્રગતિ થતીજ રહી છે. પરિક્ષા લેવાના સેન્ટરો યાને કેંદ્રસ્થળો વધ્યા છે એટલુજ નહિં પણ એ સેન્ટરોમાં પરિક્ષા આપનાર સંખ્યા પણ વૃદ્ધિંગત થતી ચાલી છે. અલબત એટલું કહેવું પડશે કે પુરૂષ વિદ્યાર્થી કરતાં સ્ત્રી વિદ્યાર્થીગણની સંખ્યા સવિશેષ છે. એના કારણોમાં અવગાહન કરીશું તો એ ત્રણ બાબતો ખાસ આપણા લક્ષમાં આવ્યા વગર રહેશે નહીં. એક તો પુરૂષજાતિ કરતાં નારીજાતિમાં ધર્મપ્રેમ અને તે પરત્વે શ્રધ્ધા વધુ પ્રમાણમાં દ્રષ્ટિગોચર થાય છે. તેથી પંચપ્રતિક્રમણ અન્ય સુત્રો કે દ્રવ્યવિચાર નવતત્વ આદિ પ્રકરણોના શિક્ષણ પ્રતિ સહેજે તેમનું મન વળે છે. એ સર્વને કંઠાગ્ર કરવામાં તેમને રસ પડે છે. બીજી વાત એ પણ યાદ રાખવાની છે કે જેટલા પ્રમાણમાં કન્યાશાળા અને શ્રાવિકાશાળા સુવ્યવસ્થિત અને ધોરણસર ચાલે છે એટલા પ્રમાણમાં પાઠશાળાઓનું સંચાલન નથી થતું. વિદ્યાર્થી સમુદાય માટે જે કેળવણી દેનારી વ્યવહારિક સંસ્થાઓ હોય છે એ મોટા ભાગે સાર્વજનિક હોઇ એમાં ધર્મ સંબંધી શિક્ષણ અપાતુંજ નથી. ત્રીજી બાબત એ પણ ધ્યાનપરે સ્થળે નજરે ચઢે છે અને તે એ છે કે ઉગતા જુવાનોમાં ધર્મના તત્વો માટે શ્રદ્ધા ઓછી જણાય છે અને નાસ્તિકતાનું પ્રમાણ વધવા માંડયું છે. ઘણી વાર સ્વતંત્ર માન્યતાની વાતો કરનારા પોતે પણ સ્વતંત્રતા કે વ્યક્તિસ્વાતંત્ર્ય શું ચીજ છે સમજતાં પણ નથી હોતા; અને માન્યતાને નામે કેવળ સ્વચ્છંદતાની ઉંડી ખાઇમાં ઘસડાયા જાય છે! કેટલાક અનુભવી વૃધ્ધો આ સ્થિતિને માટે અત્યારની કેળવણીને એટલે ઇંગ્લીશ કેળવણીને જવાબદાર ગણે છે. બીજા થોડાક એ ઉપરાંત અતિશય છુટાપણું આપીને ભાવિ પ્રજાને જે નિરંકુશ જીવન જીવવા દેવાય છે એને પણ કારણભૂત માને છે. આ માન્યતામાં કેટલો સત્યાંશ છે એ વિચારકોના માટે અનામત રાખી, એટલું કહેવું વ્યાજબી જણાય છે કે ઉપરોક્ત અભિપ્રાયને ફેંકી દેવા જેવો તો નથીજ.

મહાત્મા ગાંધીજી જેવી સર્વમાન્ય વ્યક્તિને એક કરતાં વધુ વાર 'નવજીવન' અને 'હરિજન બંધુ'ના પાનાઓમાં વ્યક્તિસ્વાતંત્ર્ય, બુદ્ધિવાદ અને શ્રદ્ધા કેવા પ્રકારની વસ્તુઓ છે એના લંબાણથી ખુલાસા કરવા પડયા છે અને ઘણી વાર સ્વતંત્રતાના ઓથે માત્ર સ્વચ્છંદતાજ પોષાય છે એ સામે લાલ બત્તી ધરવી પડી છે. આ ઉપરાંત કાકાસાહેબ કાલેલકર અને કિશોરલાલ મશરૂવાળા જેવા નિષ્ણાત કેળવણીકારોના વચનો પણ ટાંકી શકાય તેમ છે. ટુંકમાં એટલુંજ કહેવાનું કે હરિફાઇની આ પરિક્ષામાં નારીગણ જેટલોજ નરગણ રસજ્ઞ બને એ માટે ઉપાયો શોધવાના છે. કોન્ફરન્સ એ સકળ હિંદની મહાન સંસ્થા છે તેથી એ દ્વારા સ્થાપિત થયેલ એજ્યુકેશન

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

ધીયા મેનશન, શેખમેમન સ્ટ્રીટ.

મુંબઇ, તા૦ ૫-૨-૧૯૩૫.

મુજ્ઞશ્રી.

વિ. વિનંતિ કે બોર્ડદ્વારા પ્રતિવર્ષ પુરુષ અને સ્ત્રીવર્ગની ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ લેવાય છે. અને તેમાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જણાય છે.

આ પરીક્ષાઓનાં ચાલુ અભ્યાસક્રમમાં કેટલાક સ્થળે સુધારાને અવકાશ જણાતાં બોર્ડની મેનેજીંગ કમીટીએ તત્સંબંધે સર્વસામાન્ય અભિપ્રાય મેળવવા નિર્ણય કર્યો છે. તો નીચેના ધોરણોમાં જે સુધારો અત્રે સૂચવવામાં આવે છે તે અંગે આપનો અભિપ્રાય જણાવશો.

પુરુષ ધોરણ ૪. 'પ્રમાણ નય તત્ત્વાલોકાલંકાર' કૉન્ફરન્સ દ્વારા પ્રકટ થયેલ નથી. તેની જગ્યાએ અમદાવાદના ગાંધી મફતલાલ ઝવેરચંદ (કે. ભક્રીની પોળ) તરફથી પ્રકટ થયેલ તેજ પુસ્તક (કિંમત રૂા. ૨).

પુરુષ ધોરણ ૫ વિભાગ ૪ : 'શ્રી ષડ્દર્શન સમુચ્ચય' ની બદલે શ્રી શાસ્ત્રવાર્તા સમુચ્ચય' રાખવા. (પ્રકાશક: શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન શ્વે. દેરાસરજીની પેઢી, પાયધુની, મુંબઇ.)

પુરુષ ધોરણ ૫ વિ. ૭ ક (પ્રાકૃત)
અને
સ્ત્રી ધોરણ ૫ વિ. ૪ ક અને ખ (પ્રાકૃત)

આ બંને વિભાગોમાં 'પ્રાકૃત માર્ગોપદેશિકા', 'પ્રાકૃત પાઠાવલી', અને 'ઉપદેશમાલા' રાખવામાં આવેલ છે. તે અલભ્ય છે એમ કેટલાક સ્થળેથી જણાયું છે તો તેના બદલે યોગ્ય પુસ્તકો સુચવશો.

તદુપરાંત છેલ્લા ૫ વર્ષોમાં કેટલાક ગ્રંથો અને પુસ્તકો પ્રકટ થયેલા છે. તેમાંથી આપ કોઇ પુસ્તક અભ્યાસક્રમમાં દાખલ કરવા સૂચવોતો તે કયા ધોરણમાં તેની કિંમત, પ્રાપ્તિ સ્થાન આદિ સંપૂર્ણ વિગત અવશ્ય લખશોજી.

કેટલાય વર્ષોથી આ પરીક્ષાઓ ડિસેમ્બર માસના છેલ્લા રવિવારે લેવામાં આવે છે. તેમાં બોર્ડિંગો, ગુરુકુલો, બાલાશ્રમો, હાઇસ્કુલો આદિના વિદ્યાર્થીઓને નાતાળની રજાઓને લઇ પરીક્ષામાં બેસવા માટે મુશ્કેલી પડે છે એમ જણાયું છે. તેથી પરીક્ષાઓ ડિસેમ્બર માસના પહેલા રવિવારે રાખવા માટે સૂચના થાય છે તે તો સંબંધમાં તમને કયો ટાઇમ શા કારણથી અનુકૂલ પડે છે તેનો અભિપ્રાય દર્શાવશો.

આ સિવાય આપને અન્ય કોઇપણ સુધારા વધારા યોગ્ય જણાય તો તે તેનાં કારણો સહિત અમોને જણાવશોજી.

આપનો અભિપ્રાય તા. ૨૫ ફેબ્રુઆરી ૧૯૩૫ સુધીમાં મોકલી આભારી કરશોજી.

લિ. સેવકો.

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી,

બબલચંદ કેશવલાલ મોદી,

ઓનરરી સેક્રેટરીઓ.

બોર્ડમાં સારાયે હિંદનો જૈન સમાજ રસ લે એવા પ્રયાસો સેવવાની—આદરવાની અગત્ય છે.

પ્રત્યેક મોટા શહેરોમાં એના સેન્ટરો હોય એટલુંજ નહિં પણ મધ્યમ પ્રકારના શહેરો અને ગામડામાં પણ પરિક્ષા લેવાય. એના પ્રશ્નપત્રો ગુજરાતીમાંજ નહિ પણ હીંદીમાં પણ નિકળે. આની પાછળ અભ્યાસીઓ અને કાર્યવાહકો એકતાર થાય તો કામ મુશ્કેલ નથીજ.

ધર્મના મૌલિક તત્વોનું પાન, દેશકાળને અનુરૂપ શૈલીમા જ્યાં સુધી ઉગતાં સંતાનોમાં વિશાળ પ્રમાણમાં આપવાના પ્રયત્નો કરવામાં નહીં આવે ત્યાં સુધી ધર્મ માટેનું શ્રદ્ધાબળ દૃઢ નજ બને; અને એ સ્થિતિમાં ધર્મ માટે પ્રેમ કેવો ઉદ્ભવી શકે? જૈન ધર્મના ઘણાખરા તત્વો—સિદ્ધાંતોને બુધ્ધિતુલાએ ચઢાવવાની મણા નથી. આજના વિજ્ઞાનયુગમાં તેઓ બંધબેસે તેવા છે. ફકત જે કરવાનું છે તે એનો પદ્ધતિસર પ્રચાર કેમ થાય એજ છે.

ચોકસી.

प्रचारकार्य रिपोर्ट.

श्री पल्लीवाल जैन कान्फ्रेन्स.

श्री जैन श्वेतांबर कॉन्फरन्सना एक उपदेशक श्री इश्वरलाल जैन जेओने पल्लीवाल कॉन्फरन्सनी मागणीथी खास भरतपुर विभागमां प्रचारार्थ रोकवामां आव्या छे तेमना तरफथी थयेल प्रचारकार्यनो रिपोर्ट आ नीचे प्रकट करवामां आवे छे.

ता. २१-१२-३४ की पल्लीवाल कान्फेन्सका कार्य प्रारम्भ किया, ३-४ दिन कार्यालय में रहा !

ता. २५-१२-३४ को भरतपुरसे खाना होकर रातको खेरली पहुंचा।

ता. २६-१२-३४ को खेरली ही रहा, यहां पर पल्लीवालोंका कोई माघर नहीं, परन्तु कुछ पल्लीवालभाई अपने व्यापारके लिये खेरली रहते हैं, यहां पल्लीवाल कान्फ्रेन्सकी ब्रांचभी है, और यहां कान्फ्रेन्सके उपसभापति भौंरीलालजीसे बातचीत कर आगेके गांवों-का प्रोग्राम बनाया।

ता. १७-१२-३४ को खेरलीसे ४ माइल दूरी पर अलीपुर गये। वहां पर रातको सब पल्लीवाल भाइयोंको एकत्रित किया, और जातिसुधार तथा मन्दिरकी व्यवस्था ठीक रखने आदि पर भाषण दिया, जिसका अच्छा प्रभाव पड़ा, सब भाइयोंने नित्यप्रति मंदिरजी में दर्शन करनेको स्वीकार किया।

यहां पल्लीवाल श्वेतम्बर जैनोंका एक मन्दिर है, जहां १५ मूर्तियां पाषाणकी हैं, पूजन में दिगम्बरपनकी भास हैं, और मूर्तियों पर मैल जमा हुआ है, मन्दिर में किसी भाईकी मिरचें सूख रहीथीं, इन सब बातोंके लिये उसे कहा गया, और समजाया गया कि मन्दिरको गृहकार्यमें न लायें, यहांके मन्दिरकी एक दुकान अन्य जाति वाले किसीभाइने दवा ली हैं जिसका केस चल रहा है!

ता. २८-१२-३४ की दांतिया पहुंची यहां पर पल्लीवालोंके ३ घर हैं, मन्दिर नहीं है, रातको उन सबको इकट्ठा कर एक घण्टा तक उपदेश दिया, धार्मिक बातें समजाई।

ता. २९-१२-३४ को वन्दोखर गया, यहां पर पल्लीवालों के दो घर व एक श्वेतांम्बर मन्दिर है, व्यवस्था साधारण ठीक है, मामूली मरम्मतकी जरुरत है, जो कि यहांके भाई कहा सकते हैं, यहांवालोंकी आर्थिक स्थिति अच्छी है!

ता. ३०-१२-३४ की कालवाडी गये। यद्यपि यहां ३ घर हैं, परन्तु उस दिन एक आपने के सिवाय कोई मौजूद न था, यहां मन्दिरजी नहीं.

ता. ३१-१२-३४ वापस खेरली पहुंचा उस प्रान्त में मनुष्य गणता व कान्फेन्स व कार्य पहिले भर चुका है!

ता. १-१-३५ को आगरा पहुंचा, वहांपर जवाहीरलालजी नाहटामें इस विषय में परामर्श करना था आगेका कार्यक्रम निश्चित करना आदि प्रोग्राम बनाना था, विरोधीयों के नोटिसका उत्तर तथा प्रचार समाचारकी रिपोर्ट लिखकर श्वेताम्बर जैन में दी।

यहां पर अहमदनगर जैन समेतशिखर स्पेशियल ट्रेन आई हुईथी, वहां जवाहरलालजी नाहटाके साथ ट्रेन पर जाकर रातको दो घण्टें उन्हें पल्लीवाल कान्फेन्स का ध्येय व कार्य बतलाया उनकी ओरसे १२) रुपया सहायता में मिले।

ता. २-१-३५ रातको कान्फेन्स के हेड ऑफीस हिण्डौन के लिये रवाना हुआ और ३-१-३५ रातको सब पल्लीवाल भाइयोंको एकट्ठा कर भाषण दिया, समाजका उद्धार, जातिसुधार कुरीति निवारण और विषयोंको समझाया। यहां एक श्वेताम्बर मन्दिर है मूर्तियांभी पर्याप्त हैं व्यवस्थाभी अच्छी है, यहां शेठ जवाहरलालजी व मिश्रलालजी का पहिले दौराहो चुका है और प्रधान मन्त्री मास्तर कस्तूरचंदजी बडी लगनसे काम करते हैं: और बडे उत्साही कार्यकर्ता हैं। यहांपर बोर्डिंग हाउस कान्फेन्सकी ओरसे खुला हुआ है कार्य ठीक चल रहा है। बोर्डिंग हाउसकी अपनी बिल्डिंग बन रही हैं, लगभग ५००) रु. लग चुके हैं!

मुर्दुम शुमारी व फार्म पहिले भरे जा चुके हैं। श्वेतम्बर जैन भी आता है।

ता. ६-१-३५ की सायं पहुंचे मास्तर कस्तूरचन्दजी भी साथ थे, यहां पल्लीवालों एक श्वेतम्बर मन्दिर है! पूजन नित्य होता है, परन्तु मूर्तियों पर मैल अधिक जमा हुआ है, जिस के लिये समझाया गया। रात को सभा करके भाषण दिया गया, यहां पल्लीवालों के १२-१३ घर हैं मन्दिरमें ३ मूर्ति पाषाण. ५ मूर्ति पंचतीर्थी तथा १२ अन्य छोटी मूर्ति हैं. मन्दिरका शिलालेखके चौखटके पीछे मौजूद है, जिसपर निर्माणका संवत् १७०८ लिखा है, मन्दिरजीकी ९ बीघा जमीन है, जिसकी आमदन मन्दिरजीमें आती है, प्रबन्धकार्य मूलचन्दजी व प्रभुलालजीके हाथ है। यह मन्दिर गदनोली, निठार, गाजीपुर काडीसा, भैंसा इत्यादि गांवों से सम्बन्धित है, इन गावोंके व्यक्ति पर्यूषण और पर्व तीथी को आते है यहांसे हम गदनौली गांव में गये, वहांपर पल्लीवालोंके ५ घर हैं। मन्दिरजी नहीं है, वहांपर मनुष्यगणना कर नावस सांथा, आये. यहां एक श्वेताम्बर जैनका ग्राहक बनाया और कान्फेन्स के तीन कार्य करवाये। जिसमें उन्होंने वार्षिक चन्दा क्रमशः १) ॥) ।) स्वीकृत किये. (अपूर्ण)

ત્રણે ફિરકાનું સંગઠન

આવું સંગઠન સાધવા માટે શ્રી હેમચંદ રામજીભાઇ ખેંતાના પ્રયાસથી દરેક ફિરકાના પાંચ પાંચ પ્રતિનિધિઓની એક સંયુક્ત સમિતિ નિમી છે. જેની એક બેઠક આવતી તા. ૬ ફેબ્રુઆરી રવિવારના રોજ મુંબઇ મુકામે મળશે.

જૈન સેંટ્રલ કોઓપરેટિવ બેંક

આ બેંકની યોજનાને વ્યવહારૂ સ્વરૂપ આપવા માટે એક કમિટી નિમાયા પછી તેણે કોઓપરેટિવ સોસાયટીઝના આ રજીસ્ટ્રાર સાથે મુલાકાતો લઇ તેમને વાકેફ કરી સ્કીમને અમલમાં મૂકવા કેટલીક તજવીજ કર્યા પછી કમનસીબે સદરહુ ખાતાના મજકુર રજીસ્ટ્રાર એકાએક અવસાન પામતાં આ કામ બીજી સરકારી નિમણુંક થાય ત્યાં સુધી ઢીલમાં પડયું હતું. આ જગાએ બીજી નિમણુંક હમણાજ થયેલી છે અને નવા નિમાયેલા આ રજીસ્ટ્રાર તરફથી જણાવવામાં આવ્યું છે કે તેમણે આ સ્કીમથી વાકેફ થવા અને જરૂરી ચર્ચા કરવા માટે કોન્ફરન્સની કમિટીના સભાસદોને રૂબરૂ મળવા જરૂર છે આવી મુલાકાત માટે તેમણે તા. ૨૫. થી ૨૮. ફેબ્રુઆરીની ગોઠવણ કરી છે.

(સમાજવિષયક પ્રવૃત્તિઓ અને કેન્દ્રસ્થ સંસ્થા—

અનુ. પા. ૮ થી)

જોયો હશે તે જાણતા હશે કે આટલી નાની સમાજે કેવું કાર્ય કરી દેખાડયું છે કે જે મોટી સંખ્યાવાળી અને ધનાઢય કોમ કરી શકી નથી. એણે કોલેજ, હાઇસ્કુલ સ્થાપન કર્યાં છે એટલુંજ નહી પણ, એક એવી સુંદર ઉદ્યોગશાળા સ્થાપિત કરી છે કે, જેમાં દરેક પ્રકારનો સામાન તૈયાર થાય છે. આ પ્રકારે ઇતર સમાજોમાં અનેક શિક્ષણસંસ્થાઓ છે. જેમાં રવિન્દ્રનાથ ટાકુરનું શાંતિનીકેતન આદિ સંસ્થાઓ વિશેષ વર્ણન કરવા યોગ્ય છે.

આ તો બીજા સમાજોની પરિસ્થિતિ છે. હવે આપણી સમાજ તરફ જોઇએ તો એક પણ એવી ઉચ્ચતમ સંસ્થા નથી કે જ્યાં લૌકિક અને ધાર્મિક બન્ને વિષયોની ઉચ્ચ પ્રણાલીથી શિક્ષા આપવાનો પ્રબંધ હોય. ઘણી પાઠશાળાઓ એવી છે કે જ્યાં માત્ર પોપટની માફક પઢાવી પ્રતિકર્તવ્યતા સમજે છે જેનું પરિણામ એવું થાય છે કે વર્ષો સુધી અભ્યાસ કરીને સમાજનાં લાખ્ખો રૂપીઆ ખર્ચ્યા છતાં વિદ્યાર્થીઓનાં હૃદય ઉપર જૈન ધર્મની છાપ પડતી નથી. તેથી ઉલટા કેટ-વિદ્યાર્થીઓ તો વિરક્ત બને છે અને ધાર્મિક અભ્યાસનું નામ સુધ્ધાં લેતા નથી.

એટલા માટે આવી સંસ્થાઓની શિક્ષણપ્રણાલી બદલવાની અત્યંત આવશ્યકતા છે. મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય, બાબુ પનાલાલજી જૈન હાઇસ્કુલ, અને ઠેકઠેકાણે છાત્રાલય આદિ શિક્ષણસંસ્થાઓ આ કોન્ફરન્સની ઉત્પત્તિ પછી એનાંજ આંદોલન અને શિક્ષણવિષયક વિચાર-પ્રચાર વડે જન્મ પામી છે. અને વળી હિંદુ યુનિવર્સિટીમાં આ કૉન્ફરન્સે ઘણું દ્રવ્ય આપીને જૈન ધર્મ તથા તેના અધ્યાપકની ગોઠવણ કરાવી છે. અત્યારે ત્યાં પંડિતવર્ય સુખલાલજી અધ્યાપક તરીકે કાર્ય કરી રહ્યા છે. આમાં પણ કૉન્ફરન્સના પ્રયત્નોજ નિમિત્તભૂત છે. તે સર્વ આપણા માટે ગૌરવનો વિષય છે મારા વિચાર પ્રમાણે તો હિંદુ વિશ્વવિદ્યાલયમાં જૈન ચેરની વ્યવસ્થા જૈન ધર્મના અભ્યાસ માટે સુવ્યવસ્થિત રીતે કરવામાં આવેલ છે એટલે ત્યાં પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી સંસ્થા સ્થાપીત કરીને, તેમજ એવા મોટા મોટા સ્થળો જેવાં કે કલકત્તા, દિલ્હી, આગ્રા, લાહોર, અજમેર આદિ સ્થળો કે જ્યાં જૈન વિદ્યાર્થીઓ કોલેજમાં અભ્યાસ કરવા માટે જાય છે ત્યાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય જેવી મહાસંસ્થાઓ ખોલીને જૈન વિદ્યાર્થીઓનાં વિદ્યાભ્યાસમાં સગવડતાઓ આપવા તરફ શ્રીમતી કૉન્ફરન્સ શીઘ્ર ધ્યાન દે એ જરૂરનું છે. માત્ર ગણીગાંઠી જૈન સંસ્થાઓ અને તે પણ અવ્યવસ્થિત રીતે ચાલતી હોય એવી સંસ્થાઓ વડે જૈન સમાજનો ઉધ્ધાર થવો અસંભવિત છે.

કેટલોક સમય થયા બાદ દિક્ષાનો પ્રશ્ન એવા સ્વરૂપે પહોંચ્યો છે કે જેથી કેટલાક પ્રતિષ્ઠિત પુરૂષોનાં ચિત્ત પણ ધાર્મિક વિદ્યાલયો પ્રત્યે શિથીલ બન્યાં છે. આપણા પ્રમાદ અને અજ્ઞાનના કારણે શાંતિમય અને અહિંસામય ધર્મનું અસ્તિત્વ અંધકારમાં છવાઇ ગયું છે. આજ આપણામાં જો વિવેકબુધ્ધિ હોત તો એક શું પણ અગણિત વિશ્વવિદ્યાલયો જૈનોની દૃષ્ટિ સમક્ષ ખડી થાત. આજ જૈન સમાજમાં શિક્ષણસંસ્થાઓના અભાવથી લાખ્ખો જૈનો વિધર્મી બની જાય છે. આપણા બાળકો અન્ય ધર્મીઓની સંસ્થાઓમાં અભ્યાસ કરવાને જાય છે, કે જ્યાં આપણા ધર્મના ઉચ્છેદક તત્વો શીખવવામાં આવે છે આના પરિણામે આપણા બચ્ચાંઓ આર્યસમાજી, બ્રાહ્મ, બ્રહ્મસમાજી થઇ જાય છે, અને જૈનોના કટ્ટર શત્રુઓ બને છે.

લાલા લજપતરાયજીએ દયાનંદ કોલેજમાં અભ્યાસ ન કરતા, કોઇ જૈન કોલેજમાં અભ્યાસ કર્યો હોત તો તેઓ જૈન ધર્મનાં તત્વો સમજીને કેટલા પ્રસન્ન અને દૃઢ જૈન બન્યા હોત પરંતુ અન્ય સંસ્થામાં અભ્યાસ કરવાથી એઓ જૈન ધર્મનાં તત્વો સમજ્યાં નહી ઉલટા જૈન ધર્મના કટ્ટર શત્રુ થયા હતા.

આ રીતે એક બેરીસ્ટર સાહેબે આર્યસમાજ ગુરૂકુળ, કાંગડીમાં વિદ્યાભ્યાસ કર્યો જ્યાં જૈન તત્વોથી તે સર્વથા અપરિચિત રહ્યા, પરંતુ ત્યાં આર્યસમાજના તત્વોથી તેમના આત્માને શાંતિ પ્રાપ્ત ન થઇ. એને પરિણામે તેઓ મુસલમાન બન્યા, આર્યસમાજ આદિ હિંદુ ધર્મોના તો તેઓ વિરોધ થઈજ ગયા, પરંતુ જૈન ધર્મના તત્વોનું કિંચિત માત્ર પણ જ્ઞાન પ્રાપ્ત નહી કરેલ હોવા છતાં, સમજ્યા વગર જૈન ધર્મના ઘોર વિરોધી બન્યા, અને જૈન ધર્મની વિરૂદ્ધ પ્રચાર કરે છે. આ ઉપર જણાવેલી બન્ને વ્યક્તિઓ જન્મથી જૈન હોવા છતાં, પાછળથી અન્ય ધર્મી બન્યા, જેથી આપ અનુમાન કરી શકશો કે માત્ર સાધારણ વ્યક્તિજ નહી, પણ પ્રતિષ્ઠિત વ્યક્તિઓ પણ પોતાના ધર્મના તત્વોથી અપરિચિત રહેવાના કારણે વિધર્મી બને છે.

હું આપને સવિનય પ્રાર્થના કરીશ કે આપ દરેકેદરેક સ્થળે આપણી શિક્ષણસંસ્થાઓ સ્થાપિત કરો, કે જે દ્વારા આપણા બાળકો–જૈન સમાજની પ્રજા ઉચ્ચતમ વ્યવહારિક, ઉદ્યોગિક અને ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કરી શકે જેથી આપણા સમાજનાં જે બાળકોને વિધર્મીઓએ છીનવી લીધાં છે તેઓને ફરીથી આપણા ધર્મમાં લાવવાના પ્રયત્ન કરવા જોઇએ. આપણા સમાજમાં જે થોડીઘણી સંસ્થાઓ અવ્યવસ્થિત રૂપથી ચાલી રહી છે, તેમાં સંગઠન અને સહકાર ન હોવાથી તે યથાયોગ્ય કાર્ય કરવા અસમર્થ નિવડે છે. આ માટે જરૂરનું છે કે સર્વે જૈન સંસ્થાઓ એક સુવ્યવસ્થિત તંત્રમાં રહી પરસ્પર સહયોગથી શીઘ્ર સુધારણા કરે." (ચાલુ)

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	રા.	૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ. ૧ લો ...	રા.	૦—૮—૦
,, ,, ભાગ ૧–૨ જો ...	રા.	૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી ...	રા.	૦–૧૨—૦
,, ગ્રંથાવાલી	રા.	૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)	રા.	૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો	રા.	૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)	રા.	૬—૦—૦

લખો:—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
ઘીયા મેનશન, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઇ,

સમાજવિષયક પ્રવૃત્તિઓ અને કેન્દ્રસ્થ સંસ્થા.

સમાજવિષયક પ્રવૃત્તિઓ અંગે શિસ્ત અને વ્યવસ્થાની આવશ્યકતા સંબંધે જરૂરી પૂર્વવિચારણા આ પત્રના તા. ૧-૧-૩૫ ના અંક છકામાં થયા પછી સામાજીક પ્રવૃત્તિઓ અને તેને કેન્દ્રિત કરવાની આવશ્યકતા સંબંધે વિચાર થવો ઘટે છે.

પશ્ચિમની પ્રજાનો સંસર્ગ થતાં દેશનાં વાતાવરણ, સામાન્ય વ્યવસ્થા અને તેની પધ્ધતિ, કેળવણી અને સમાજસુધારો વગેરે દિશાઓમાં અનોખું પરિવર્તન જાણે કે અજાણે થવા પામ્યું છે એ ઘટનાની ના કહી શકાય તેમ નથી. આ અબાધિત પરિવર્તન પામેલા સ્થીતિ સંયોગોએ આપણી કોમને સ્પર્શ કરે લગભગ બત્રીશ વર્ષ ઉપરાંત જેવો સમય વ્યતીત થયો છે જે પૂર્વે આપણી કોન્ફરન્સનું બીજારોપણ ફલોધી મુકામે જૈન સમાજના તે સમયના આગેવાનોએ કર્યું અને જેમાંના કેટલાક આજે પણ વિદ્યમાન છે.

સમાજમાં રૂઢ થયેલા અજ્ઞાનમિશ્રિત રિવાજો, કુરૂઢીઓ, કેળવણીની ખામી, તીર્થરક્ષા માટેના અવ્યવસ્થિત અને પૂર્વકાલીન વિચારોને અધીન તંત્રો વગેરેનો વિચાર કરવામાં આવે તો કોન્ફરન્સની સ્થાપના પૂર્વે વર્તતા સંયોગો અને આજની પરિસ્થિતિ વચ્ચે ઘણો તફાવત નજરે પડ્યા વિના રહે નહિં. આજે સામાજીક કુરૂઢીઓમાં સમયાનુ કુળ ઘણો ફેરફાર થવા પામ્યો છે અને તે ઘણે ઠેકાણે લગભગ નષ્ટપ્રાય થઇ છે. કેળવણીનાં સાધનો જેવાં કે વિદ્યાલયો, બોર્ડીંગો કે ગુરૂકુળોનો તે વખતે લગભગ અભાવજ હતો તે આજે આપણે સારી જેવી સંખ્યામાં અસ્તિત્વ ધરાવતાં જોઇએ છીએ અને હજુ પણ આ દિશામાં જરૂરી ઉમેરો થતો જાય છે. હાલની વ્યવહારિક કેળવણીની જરૂરીયાત વિષે લગભગ અભાવ હતો તેને બદલે આજે દરેક જૈન બાળકને તે કેળવણી લેવાની લાલસા જાગૃત થયેલી જોઇએ છીએ. આ સંજોગો કોન્ફરન્સ જેવી સંસ્થાની સ્થાપના પછી અસ્તિત્વમાં આવ્યા છે અને તેનાં અનેક અધિવેશનો તેના ઠરાવોનો સતત પ્રચાર અને પરિણામે જાગ્રત થયેલ લોકમતને આભારી છે અને કોન્ફરન્સની પ્રવૃત્તિઓમાં રસ લેતા અનેક આગેવાનોએ અને બીજાઓએ આ તેમજ અનેક દિશામાં વ્યવસ્થિત સંસ્થાઓ ઉભી કરી સમાજસેવાની પોતાની ધગશ વ્યકત કરી તેને જીવન્ત અને મૂર્તિમન્ત સ્વરૂપ અનેક રીતે આપ્યું છે એ વિષે બેમત હોઇ શકે નહિં.

કેળવણીની વૃધ્ધિ પામેલ ભાવનાઓ અનેક સંસ્થાઓ ધાર્મિક અને વ્યવહારિક કેળવણીનો લાભ સમાજ ઉઠાવે તે હેતુથી સ્થાપી છે, તે ચાલે છે અને ઘણી વ્યવસ્થિત અને સુકાનીઓને ગૌરવ લેવા જેવી સ્થીતિમાં ચાલે છે પણ તે બધી સંસ્થાઓ એક એકથી લગભગ પર અને અન્યોન્ય સાથેના સહકાર કે એકબીજાના અનુભવની પરસ્પર આપલેના સિદ્ધાન્ત વિના ચાલે છે. આ સ્થીતિ હવે ચલાવી લેતાં અટકવું જોઇએ એટલુંજ નહિં પણ તેનું મહામંડળ વ્યવસ્થિત થવું જરૂરી છે કે જેના દોરીસંચારથી સર્વત્ર એકજ ધોરણે વ્યવસ્થા ચાલે. આમ થવાથી અનેક સંસ્થાઓની આર્થિક યા બીજી સંકડામણો યા મુશ્કેલીઓ દુર થાય અને સમાજની ખરી જરૂરીઆતોનો ઉકેલ થઇ તે સર્વત્ર પૂરી પડે.

જે સંસ્થાઓ વિદ્યમાન છે તે આપણી હાલની જરૂરીઆતોને પહોંચી વળે તેવી અને તેટલી નથી અને સમાજના શિક્ષણ વિષય પરત્વે હજુ ઘણી ઉણપો છે તે પરત્વે પણ સમાજની કેન્દ્રસ્થ સંસ્થાએ લક્ષમાં લેવા જેવી છે. આ સંબંધે કોન્ફરન્સના ગત અધિવેશનના પ્રમુખ મહાશયે દર્શાવેલા વિચારો અત્રે પુનઃ વિચાર માટે ટાંકીએ.

"શિક્ષણની સમસ્યા આજ દેશભરમાં ગુંચવણવાળી થઇ પડી છે. પરંતુ આપણે વ્યાપારી હોવા છતાં અન્ય સમાજો કરતા ઉચ્ચ કેળવણીના ક્ષેત્રમાં પછાત છીએ. ઇસાઇ, આર્યસમાજ, બ્રહ્મસમાજ આદિ આપણાથી ઘણા આગળ છે. ઇસાઇઓ જ્યારથી ભારતવર્ષમાં દાખલ થયા ત્યારથી ઠેકઠેકાણે કોલેજ, હાઇસ્કુલ, અનાથાલય, ચિકિત્સાલય તથા પ્રચાર, મીશન સંસ્થાઓ સ્થાપીને થોડા વખતમાં લાખ્ખો ભારત-વાસીઓને ઇસાઇ ધર્મની દીક્ષા આપી છે, અને સંખ્યા વધારી મુકી છે. આર્યસમાજ થોડા વખતમાં ઉન્નતિએ પહોંચ્યો છે. આર્યધર્મ શિક્ષિત મનુષ્યોને ચ્યુત ન થવા દેતાં, અનેક ગુરૂકુળ, કોલેજ, હાઇસ્કુલ, અનાથાલય, વિધવાશ્રમ સ્થાપન કર્યા છે. જેમાં લાખ્ખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

મુસ્લીમ સમાજમાં સ્વર્ગસ્થ સર સૈયદ અહમદનો દાખલો લઇએ તો જણાશે કે તેણે પોતાના પુરૂષાર્થ વડે અલીગઢમાં મુસ્લીમ વિશ્વવિદ્યાલય સ્થાપિત કર્યું છે, કે જેની મારફત એવું કાર્ય થાય છે કે મોટી બાદશાહતો પણ કરી શકતી નથી. દેવબંદમાં એની ધાર્મીક કોલેજમાં હજારો મુસ્લીમ વિદ્યાર્થીઓ ધર્મની ઉંચી શિક્ષા મેળવે છે, અને ત્યાં અરબસ્થાન, મીસર અને રૂમના વિદ્યાર્થીઓ મુસ્લીમ સિદ્ધાંતો શીખવાને આવે છે.

પંડિત મદનમોહન માલવીયાએ પણ, સંસાર માત્રની વિદ્યાઓ બનારસ વિશ્વવિદ્યાલયમાં એકત્રિત કરી છે, કે જેના મકાન માઇલોમાં વિસ્તરેલાં છે, અને હજારો વિદ્યાર્થીઓ વિદ્યાધ્યયન કરે છે, એટલુંજ નહીં પણ હિંદુ ધર્મના સિધ્ધાંતોની સાથે, અંગ્રેજી વિદ્યાઓ પણ શીખવાનો ત્યાં સંપૂર્ણ પ્રબંધ છે, જેથી વિદ્યાર્થીઓ ધર્મથી વંચિત રહેતા નથી.

રાધાસ્વામી સમાજનો આગ્રાનો દયાળ-બાગ જેમણે

(અનુ. પા. ૭ મે)

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૯૬, સુતાર ચાલ, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનું સરનામું:—'હિંદસંઘ'–'HINDSANGHA' Regd. No. B. 1906.

॥ નમો તિત્થસ્સ ॥



જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)



તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આના.

વર્ષ: જુનું ૯ મું / નવું ૪ થું. | તારીખ ૧૫ ફેબ્રુઆરી ૧૯૩૫. | અંક ૯.

કેળવણીનું ધ્યેય.

કેળવણી એટલે બુદ્ધિની કેળવણી એવો અર્થ સામાન્ય રીતે કરવામાં આવે છે. એટલેાય અર્થ સૌ સ્વીકારે છે કે કેમ એ શકપડતી વાત છે. અનેક પ્રકારની ખૂણાખાંચરાની હકીકતો ગોખીગોખીને મગજ ખવાઇ જાઇ છે. આ જમાનો વિવિધ માહિતીઓ ગોખવાનો અને તેની પરીક્ષા લેવાનો છે. અમારા કહેવાનો એવો આશય બિલકુલ નથી કે અત્યારના કેળવણી પામેલામાંથી સાચા કેળવાયેલા કોઇજ નથી હોતા. પણ ગોખેલું પરીક્ષામાં ઓકી કાઢી સુંદર જવાબો આપી આવ્યા હોય છતાં સાચાં કેળવાયેલાં ન હોય એવાં ઘણાં છે. ખાલી માહિતી બુદ્ધિ ખીલવવા માટે પણ પૂરતી નથી, તો પછી તે ચારિત્ર્ય તો શું જ ઘડી શકે? કેળવણીનું ધ્યેય તો ચારિત્ર્ય ઘડવાનું છે. મનુષ્યની શક્તિઓ અને વૃત્તિઓનો સારી દિશામાં વિકાસ કરવો એ કેળવણીનું કામ છે. પોતાનો જન્મ પરિપૂર્ણ સફળ કરી શકે એવો માણસને બનાવવો તે કેળવણીનું ધ્યેય છે. વળી, આ વિકાસ સર્વાંગી અને પ્રમાણસર થવો જોઇએ. એકાદ શક્તિનો વિકાસ બીજીની સરખામણીમાં વિશેષ થાય તો પેલી બીજી શક્તિઓ મંદ પડી જાય છે અથવા જડ થઇ જાય છે. એટલે કેળવણી એકાંગી નહિ પણ સર્વાંગી થવી જોઇએ. મનુષ્યનુ મનુષ્યત્વ દીપી ઉઠે એટલા સારૂ જે જે જરૂરનું હોય તેનો કેળવણીમાં સમાવેશ થવો જોઇએ, એટલે તેમાં શરીર, મન અને આત્મા ત્રણેનો વિકાસ આવી જાય. 'નીરોગી તનમાં નિરોગી મન' રહી શકે. જબરા આદર્શોને પહોંચવાનો પ્રયત્ન કરવા જબરૂં શરીર જોઇએ. ચક્ષુ ઉપરથી પડળ કાઢી નાખવા, લાંબી અને ઝીણી નજરે જોતાં શીખવું, દુનિયાની બધી બાબતોમાં નજર પહોંચી શકે, ચોમેર નજર ફેરવી શકે, સારી વાત પકડી લેવાની શક્તિ આવે અને દરેક વસ્તુનો ઝીણવટથી, ચોકસાઇથી અને શુદ્ધતાથી મન વિચાર કરી શકે; પોતે યથાર્થ ભાષા વાપરી શકે, સમજીને બોલે અને સમજીને અભિપ્રાય બાંધે;—આનું નામ માનસિક કેળવણી. દરેક શિક્ષક, પછી તે કોઇ ગામડી નિશાળનો મહેતાજી હોય કે કોઇ મોટી વિદ્યાપીઠનો આચાર્ય હોય, તેણે આ બાબત ધ્યાનમાં રાખવાની છે. પરંતુ 'નીરોગી મન'નો અર્થ આટલોજ નહિ ચાલે. મનુષ્ય માત્ર બુદ્ધિવાળું નહિ પણ ધર્મશીલ પ્રાણી છે અને તેમાંજ બીજાં પશુઓથી તેની વિશેષતા છે. મનુષ્યના સઘળા આદર્શોમાં ધાર્મિક આદર્શ પ્રધાન છે. 'હું અમુક સ્થળે છું એ યોગ્ય છે?' 'મારૂ અમુક કાર્ય અથવા અમુક વિચાર ધર્મ્ય છે?' આવી ધર્મબુદ્ધિ જીવનની દરેક ભાવનામાં, અને દરેક પ્રસંગમાં, અથવા દરેક કાર્યમાં જાગ્રત રહેવી જોઇએ. જીવનમાં એવી એક પણ સ્થિતિ નથી જેમાં ધર્મના વિચાર વિના ચાલી શકે. ધાર્મિક આદર્શ આપણા આખા જીવનમાં ઓતપ્રોત છે. બીજા આદર્શો તેની આગળ ગૌણ છે, આપણી જાગૃતિનું તે મૂળ છે. મનુષ્યનું મનુષ્યત્વ તેના ધર્મમાં રહેલું છે. બાળકને કેળવણી આપવામાં ઉદ્દેશ તેનું વ્યક્તિત્વ પ્રકટ કરવાનો, સામાન્ય ભાષામાં કહીએ તો તેને મનુષ્ય બનાવવાનો છે. એટલે ધાર્મિક કેળવણી વિના શારીરિક કેળવણી નિરર્થક છે અને બુદ્ધિની કેળવણી પણ કાંઇ સાર્થ નથી. આ વિષયને ઊંડો તપાસતાં જણાશે કે કેળવણીનાં મૂળતત્ત્વો આદર અને શ્રદ્ધા છે. બાહ્ય સૃષ્ટિમાં જે ઉચ્ચ છે તેને વિષે આદર, અંતસૃષ્ટિમાં જે ઉચ્ચ છે તેને વિષે આદર. આપણે બાળસ્વભાવનું નિરીક્ષણ કરીશું તો જણાશે કે તેની મોટામાં મોટી ઇચ્છા પોતાની કદર થાય એ હોય છે. આ ઇચ્છામાંથી ધર્મનો ઝરો વહે છે. જેમને વિષે પોતાને આદર હોય એવાં માણસો પોતાને વિષે સારો અભિપ્રાય બાંધે એ તેની ભારે ઇચ્છા હોય છે. પોતાના પ્રત્યેનો અભિપ્રાય, પોતે સારો છે કે ખરાબ એ જોવાની આરસી સમાન છે. માણસ પુખ્ત થયો કયારે કહેવાય

(અનુ. પા. ૬ ના ઉપર)

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૫-૨-૩૫ શુક્રવાર.

ઠરાવોનું અવલોકન.

(૨)

સ્ત્રી કેળવણી સંબંધી ઠરાવપર એટલુંજ કહેવાનું કે જ્યારે જૈન સમાજે એની અગત્ય પિછાની કન્યાશાળા અને શ્રાવિકાશાળા જેવી નારીપયોગી સંસ્થાઓની સ્થાપના કરી છે ત્યારે હવે એમાં પ્રગતિ થાય તેવા પ્રયાસો સેવવાની જરૂર છે. હવે એ સમય નથી રહ્યો કે કોઇ વ્યકિત સ્ત્રીજાતિના શિક્ષણ પ્રત્યે આંગળી ચીંધી શકે. પુરૂષજાતિની માફક સ્ત્રીજાતિને પણ જ્ઞાનની આવશ્યકતા છેજ. તેથીજ છોકરાઓના શિક્ષણ તરફ જે જાતની લાગણી અને ઉમંગ દૃષ્ટિગોચર થાય છે તેટલા અંશે અગર તેથી અધિક પ્રમાણમાં છોકરીઓને કેળવણી સુલભતાથી પ્રાપ્ત થાય તેવા સાધનો ખડા કરવાની ઉત્કંઠા જન્મવી જોઇએ છે. આપણા કમનસિબે કહો કે ભુલભરેલી માન્યતાના કારણે કહો—ગમે તેમ પણ આપણા સ્ત્રીવૃંદમાં નિરક્ષરતાનું પ્રમાણ મોટું છે. તેથી તેમનામાં વહેમ અને કુથલી જેવા બુરા દોષો ઘર કરી બેઠા છે. જો કે એ ખંખેરી નાંખવાના ઇલાજો અદરાઇ ચુકયા છે પણ એ પાછળ જે જાતનું જોમ જરૂરી છે તે હજી ઉદ્‌ભવ્યું નથી તે પ્રગટ કરવાની અગત્ય છે.

કેવા પ્રકારની કેળવણી આપવી એ ગુંચવાયલો સવાલ છે. એ પરત્વે ભિન્ન મત હોઇ શકે છતાં કેળવણીના સાધનો સર્જવામાં હવે ધનિકોના ધનનો અને સેવાભાવીઓની સેવાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થવો ઘટે. સ્ત્રીશિક્ષણનો પ્રશ્ન છણતાં પૂર્વે આપણી દૃષ્ટિ સન્મુખ એ વાત હોવી જોઇએ કે આપણે તેમને વિદ્યા આપી તેમની અજ્ઞાનતા દુર કરવા માંગીએ છીએ. સાથે સાથે તેઓ કુલીન આર્ય રમણીઓ તરિકે પોતાનું ગૌરવ જાળવી શકે તેવા સંસ્કારો પ્રાપ્ત કરે એ આપણી મનોકામના છે. આર્યાવર્તની ભાવના અને પૂર્વ પુરૂષોએ પતિપત્નિના જે ધર્મો દર્શાવેલા છે એમાં વિરોધ પેદા કરે તેવાં શિક્ષણ તરફ આપણું લક્ષ નજ હોય. ઉચ્ચ શિક્ષણના નામે આપણે સ્વછંદ અને ટાપટીપ દાખલ કરવા નથી માગતા. વિદ્યાના આગમન સાથે વિવેક, નમ્રતા અને મર્યાદા જેવા ગુણોનો સંચાર થવો જોઇએ. તેથી રસવતી અને બાળઉછેર જેવાં મહત્વનાં કાર્યો પરત્વે તેઓને સુગ પેદા થવી ન જોઇએ. તેવા અતિ અગત્યના કામો જાતી દેખરેખથી સુંદર પ્રમાણમાં બનાવવાના તેમનામાં અભિલાષ જન્મવા જોઇએ. એવી જાતનાં શિક્ષણમાંજ ભારતવર્ષનું કલ્યાણ છે. પાશ્ચિમાત્ય પ્રજાનું આંધળું અનુકરણ કરવાથી કે દરેક ક્ષેત્રોમાં પુરૂષજાતની હરિફાઇ કરવાના શિક્ષણથી આપણો સમાજ અભ્યુદયના માર્ગે જશે એમ માનવું ભૂલભર્યું છે. આ તો વિદ્યા કેવા પ્રકારની દેવી જોઇએ તે પ્રતિ અંગુલીનિર્દેશ છે. એ ભાવના બર આણવા કન્યાગુરૂકુળો જેવાં સાધનો ઉભાં કરવાં અને દિવસે દિવસે પ્રગતિ થાય તેવી રીતે એ ચલાવવા માટે, ધનિકોને ધનનો પ્રવાહ એ દિશામાં વાળવા સારૂ અમારી આગ્રહભરી અપીલ છે.

હવે આપણે ઠરાવોની ત્રીજી કક્ષાપર આવીએ છીએ. એમાં જૈન સમાજ પ્રત્યે દિશાસૂચન ઉપરાંત કોન્ફરન્સના સંચાલક તરિકે—એમાં ભાગ લેનાર તરિકે આપણી સવિશેષ જવાબદારી સમાયેલી છે. નીચે જે ઠરાવોની વાત કરીશું એનું પાલન આપણે તો અવશ્ય કરવાનું જ છે. જાતે કરવાનું છે એટલુંજ નહિં પણ એ સંબંધમાં જોશપૂર્વક પ્રચાર કરી આપણી સાથે જોડાયેલી સંસ્થાઓ મારફત હિંદભરના સકળ ભાગોમાં એનું પાલન થતું રહે તેવા ઉપાયો યોજવાના છે. એમાં આપણી પ્રાંતિક સમિતિ અને સ્થાનીક સમિતિઓ જરૂર આપણને મદદકર્તા બનવી જોઇએ. સ્થાનીક સંજોગો કદાચ પ્રતિકુળ હોય તો પણ સતત પ્રચારદ્વારા એ સ્થિતિ સુધારી વાતાવરણમાં અનુકુળતા આણવી જોઇએ છે. નિમ્ન બાબતો એવી છે કે જો એની પાછળ મંડ્યા રહેનાર કાર્યવાહકો મળી રહે, તો અલ્પકાળમાં સાધી શકાય; અને એ રીતે કોન્ફરન્સ પોતાના ચોપડે સક્રિય જમા માંડી શકે. સેવાવૃત્તિથી એ પાછળ થોડા સમયનો ભોગ દેવા તત્પર થવું જોઇએ. સમજાવટથી એ પરત્વે રહેલ મતભેદ દુર થઇ શકે તેવો છે પણ એ બધું શકય તોજ બને કે જો કામ કરનારાઓ કમર બાંધે.

આ રહ્યા એ ઠરાવો:—

૫, નવકારશીમાં કચ્છી ભાઇઓને આમંત્રણ—આ ઠરાવમાં જે વાત કહેવામાં આવી છે તે ધર્મના મુદ્દાથી જોતાં અતિ અગત્યની છે. ભૂતકાળમાં ગમે તે કારણથી નવકારશીના જમણમાં કચ્છી ભાઇઓને આમંત્રણ ન દેવામાં આવતું હોય તેમાં ઉંડા ઉતરવાની આપણને હવે જરૂર નથી. જ્યાં નવકારશીનું જમણ થતું હોય ત્યાં તેમને પણ આમંત્રણ હોવું ઘટે. એ જોવાની પ્રત્યેક કોન્ફરન્સના હિમાયતીની ફરજ છે. કદાચ કોઇ સ્થળે જુના ચીલે ગાડું ચલાવવાની કોશિશ થતી હોય તો ત્યાં પહોંચી જઇ એમ થતું અટકાવવાની અને જો આગ્રહ પકડવામાં આવતો હોય તો જાતે એ જમણનો બહિષ્કાર કરી અન્યને પણ એવી રીતે બહિષ્કાર કરવાનું સમજાવવાની જવાબદારી રહેલી છે. એવી રીતે જાગ્રત રહેવાથી સમાજની નજર જરૂર એ તરફ ખેંચાશે. એ માટે ઉહાપોહ અને પ્રચાર પણ તેટલોજ જરૂરી છે. જે પ્રથાનો જન્મ કોઇ એક રૂઢિગ્રસ્ત જ્ઞાતમાંથી થયો હોય અને જેને

નોંધ અને ચર્ચા.

લીંચની દિક્ષા.

અગાઉના અંકમાં અમોએ જણાવ્યું હતું કે મુનિ સંમેલનના ઠરાવોનો ભંગ થતો હોય તેમાં જૈન ગ્રહસ્થોએ મદદ કરવી ન જોઇએ. આ હકીકતને અંગે વિરોધ દર્શાવાયો નથી તે ખુશી થવા જેવું છે. પણ તે મુદ્દાને યોગ્ય નિર્ણય થઇ શકે તે માટે યોગ્ય સમિતિ રચવી જોઇએ. કાં તો કોન્ફરન્સ તરફથી રચાય અગર અન્ય સ્થાનિક સંસ્થાઓ પોતપોતાના સ્થાનને અંગે તેવી સમિતિ નીમે એવી સુચના અમોએ કરી હતી. આ હકીકતને અંગે એક સ્થળેથી એવી ફરીયાદ થઇ છે કે કોન્ફરન્સે મુનિ સંમેલનના ઠરાવનો સ્વીકાર કર્યો નથી, ઉલટો મોઘમ વિરોધ કર્યો હતો. આ હકીકત કેટલી સત્ય (?) છે તે કોન્ફરન્સના મુનિ સંમેલનને અંગેના ઠરાવથી વાંચકો જોઇ શકશે. કોન્ફરન્સનો મુનિ સંમેલનને અંગેનો ઠરાવ નીચે મુજબ છે:—

ઠરાવ ૨૩: સાધુ સંમેલનને ધન્યવાદ અને ભવિષ્ય માટે વિનંતિ.

તાજેતરમાં સાધુવર્યોના સંમેલને શાસ્ત્ર પરંપરા અને વિવેકબુધ્ધિ એ ત્રણેની મદદથી તેઓએ પોતાની અંદરના મતભેદોને ધ્યાનમાં લઇ જે પ્રસ્તાવો સર્વાનુમતિથી કરવામાં એક માસ કરતાં વધારે દિવસો ગાળી જે મહા પ્રયાસ કર્યો છે અને શાસ્ત્ર અને ધર્મના પ્રશ્નોમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની આવશ્યકતા સ્વીકારી છે તે માટે તેમજ એકનાં સ્થાપન ને સિધ્ધાન્તદ્વારા કંઇ અનુમોદન ન મળતું હોય તેને ઉખેડી નાંખવામાં ઢીલ કરી શકાયજ નહિં.

૬. શુધ્ધિ અને સંગઠનના આ ઠરાવમાં પણ ઉપરના ઠરાવ માફક ધાર્મિક દૃષ્ટિ આગળ આવે છે. 'સવી જીવ કરું શાસન રસી' જેની જેની ઉમદા ભાવના છે તે આત્માઓ એક પળ પણ જૈન ધર્મનું પાલન કરનાર વ્યક્તિ સાથે સાધર્મી બંધુત્વનો નાતો જોડવામાં વિલંબ કેમ સેવે? જૈન ધર્મથી વિમુખ થયેલાને સમજાવી પુનઃ સન્મુખ કરવા, જેવું ઉચું કાર્ય બીજું કયું હોઈ શકે? વળી જેઓ સ્વયંસ્ફુરણાથી એનો સ્વીકાર કરતાં હોય તેઓને આદર આપી પોતાનામાં અપનાવવામાં સંકોચ શા કારણે હોઇ શકે? શું મહાવીરદેવનાં શાસનમાં અનુયાયીઓની સંખ્યા વૃધ્ધિ પામે તે આપણને નથી ગમતું? રૂઢિનાં બંધન એમાં આડે નજર આવી શકે. સુપુત્રનાં લક્ષણ તો પિતાનો વંશ દીપાવવાના હોય. તેથી પ્રભુનો ધર્મ સ્વીકારનાર પ્રત્યેક વ્યક્તિને યોગ્ય પરિક્ષાપૂર્વક સંઘજમણ અને સંઘવ્યવહારના કાર્યોમાં દાખલ કરવા ઘટે અને સંઘના સાધનોનો લાભ આપવો ઘટે. જ્યાં આથી વિપરીત વર્તાવ થતો હોય ત્યાં પહોંચી જઇ માર્ગ નિષ્કંટક કરવો જોઇએ. સમજાવટથી બને ત્યાં સુધી તે માર્ગે કામ કરવું નહિં તો જાહેર ઉહાપોહ કરીને પણ ઠરાવનાં પાલન માટે પગલાં ભરવાં જોઇએ. 'શું કરીએ આપણું કોઇ માનતું નથી' એવો લુલો બચાવ કોન્ફરન્સવાદીને નજ શોભે.

બીજાના ઉત્થાપનની કેટલી વિષમ સ્થિતિ સમન્વય કરી દૂર કરી છે તે માટે તે સંમેલનને આ કોન્ફરંસ હૃદયપૂર્વક અભિનંદન આપે છે અને નમ્રતાપૂર્વક જણાવે છે કે થયેલા પ્રસ્તાવોમાં જે કંઇ અપૂર્ણતા, અસ્પુટતા, અનિશ્ચિતતા, અવ્યાપકતા રહી હોય તે આવતાં મુનિ સંમેલનમાં દૂર કરવામાં આવે તથા નીચે જણાવેલ બાબતોનો નિર્ણય કરવામાં આવે;

(૧) દીક્ષા લેતાં પહેલાં જેટલા અભ્યાસની જરૂર હોય તે.

(૨) સાધ્વીઓ માટેની દીક્ષાનાં વય, અભ્યાસ, પાત્રતા આદિના નિયમો.

(૩) દીક્ષા લઇ છોડનાર અને પાછી લેનાર માટેનું રહેવું જોઇતું બંધારણ.

(૪) શિથિલતા અને તે પોષક એકલ વિહાર, જુદા જુદા ગચ્છના પ્રત્યેની વર્તણુ, વિહાર તંત્ર, કેટલીક બાબતોમાં એક સ્થાપે બીજા ઉત્થાપે એવી વિભાસણ ને મુંઝવમાં નાંખે તેવી સ્થિતિ, અમુક મુનિના માલેકીવાળા થયેલ પુસ્તક ભંડાર, અને અમુક સંઘાડાનેજ ઉતરવા માટેના ખાસ ઉપાશ્રયો વગેરે વગેરે સંબંધી સમયોચિત સામ્યસૂચક ઉકેલ.

(૫) દીક્ષાને અંગે સંઘસંમતિની આવશ્યકતા.

ઠરાવ સ્પષ્ટ છે, સંમેલનના કાર્યને ધન્યવાદ આપવામાં આવ્યો છે જે જે હકીકતો રહી ગઇ છે તે ફરી મળવાનું

ઠરાવના બીજા ભાગમાં શાણવી લાડુઆ શ્રીમાળી જૈન ભાઇઓનો જે ઉલ્લેખ છે અને સુરતના સંઘે તેમને પોતાના સંઘમાં દાખલ કરી શુભ પગલું ભર્યું છે તે માટે અભિનંદન છે. આવું અગર આથી જુદા રૂપનું પણ આવાજ ભાવને સુચવનારૂં કાર્ય જે કોઇ પ્રતિબંધ જેવું કાર્ય અન્ય સંઘોમાં અસ્તિત્વ ધરાવતું હોય તો ત્યાં પણ ઉપરના ઠરાવમાં સુચવ્યા મુજબ ધાર્મિક દૃષ્ટિબિંદુ નજર સામે રાખી, સુધારણા કરવાની જરૂર છે. સંઘ જેવી વિશાળ સંસ્થામાં નાના ભાગલા પાડવા એ ક્ષુલ્લક બુધ્ધિનું કાર્ય છે એથી આપણને ઘણું નુકશાન પહોંચ્યું છે. આજે જે શોચનીય સંખ્યા આપણા ધર્મના અનુયાયીઓની દેખાય છે તેનું કારણ પણ આપણામાં રૂઢિચુસ્તપણું છે તેજ છે. ધર્મની સાથે રૂઢિને મેળવી આપણે જૈન ધર્મને સંકુચિત દશામાં મૂકી દીધો છે. હવે આંખ ઉઘાડવાની જરૂર છે. સમાનધર્મી છતાં જે સંઘજમણની અટકાયત હોય તો એ પહેલી તકે દુર કરવાની પળ આવી ચુકી છે. એમાં સાધુ મહારાજના પ્રયાસની પણ આવશ્યકતા છે. ઠરાવના ત્રીજા ભાગમાં એ પ્રકારનું પ્રશંસનીય કાર્ય કરનાર મુનિશ્રીને ધન્યવાદ અપાયલા છે અને અન્ય ત્યાગીગણને વિનંતિ પણ કરવામાં આવી છે. આશા છે કે આ ઠરાવનું હાર્દ સૌ કોઇ સમજી લઇ પ્રભુ શ્રી મહાવીરદેવનો સંઘ સંગઠિત ને વિસ્તૃત કેમ બને તે માટે દરેક પ્રયાસ આદરશે.

(ચાલુ)

બને ત્યારે વિચારી નિર્ણયો ઉપર આવવા માટે સુચવાણી છે આમાં વિરોધનો ભાસ સરખો પણ નથી મુનિ સંમેલનને અંગે કોઇ એમ કહેતું નથી કે મુનિવર્યે ફરીથા મળવાનો પ્રસંગ આવે ત્યારે કોઇ વાતનો વિચાર કરવાનો બાકી રહ્યો નથી. તો પછી જુદા જુદા મુદ્દા જે હાલ સંમેલનમાં ન ચર્ચવામાં આવ્યા હોય અગર સંપૂર્ણ એકમત ન થયાને લીધે હરાવોરૂપે ન પરિણમ્યા હોય તેની યાદી સુચવવી તે શું મોઘમ વિરોધ કર્યો ગણાશે ? મૂળ મુદ્દા ઉપર આવીયે. લીંચમાં દિક્ષા આપવામાં આવી. શું આ દિક્ષા મુનિ સંમેલનના હરાવ મુજબ અપાણી છે? લેનારના સગાવહાલાં વર્તમાનપત્રોમાં તેની ઉમર ૧૭ વર્ષની કહે છે. લીંચના શ્રી સંઘની વતી એક બંધુ પત્રોમાં જણાવે છે કે ઉમર ૧૯ વરસની છે. ઉમરનો દાખલો કોણે લાવી રાખ્યો હતો તે વાત ઉપર પ્રકાશ પડશે ત્યારે સત્ય બહાર આવશે. સમાજ કોનું માનશે. દિક્ષા લેનારના સગાવહાલાની માહિતી સાચી માનશે કે લીંચના સંઘની? જે ગામનો તે ભાઇ વતની છે તે ગામવાળાનું પ્રમાણપત્ર શી રીતે સમાજની નજરમાં આવશે. અમારી પાસે અંગત માહીતી દિક્ષા લેનારની વયને અંગે નથી. વર્તમાનપત્રોમાં જુદી જુદી હકીકતો આવી તે ઉપરથી આ મુદ્દો ચર્ચ્યો છે. જ્યારે વય મોટી હતી તો પછી અમદાવાદથી ભગાડીને દિક્ષા આપવાની શું જરૂર હતી? દિક્ષા લેનાર જગુદણથી તાર કરે છે તે તારથી તેના વાલીઓ જાય છે ત્યાં તો દિક્ષા અપાઇ જાય છે. તે ભાઇ લીંચ આવે છે. વાલીઓને તારથી ખબર આપે છે એટલે વાલીઓ આવશે તે દિક્ષા આપનારને સમજાય તેવી વાત હતી શા માટે દિક્ષા ઉતાવળથી આપી દેવામાં આવી? જો દિક્ષા લેનાર સગીર ન હોત તે વાત સત્ય હોય ને દિક્ષા લેનારના ભાવ ઘણા વખતથી હતા તે પણ એટલુંજ સત્ય હોય તો પછી શા માટે વાલીની રાહ જોવામાં ન આવી! તે લોકો સમજવે એટલે પુરા ભાવ વાલે માણસ ચાલી જાય નહીં તેમ સગીર ન હોતો એટલે વાલીઓ કાર્ય દેખર પણ કાંઇ કરી શકત નહી. વળી જ્યાં ઉપરનો મતભેદ છે ને જે મતભેદ સમય જતાં સાચા પુરાવાથી અગર છેવટ સમય વ્યતિત થતાં જરૂર દુર થાતજ આમ હોવા છતાં દિક્ષા તરતમાંજ આપી દેવામાં આવી એટલે ઉપરના દિક્ષાનો શકમંદ હોવાનું સમજાય ને વહેમ જાય તે સ્વાભાવિક છે.

મુનિ સમેલનના હરાવાનો ભંગ થાય છે એવો ભ્રમ પણ સમાજમાં ઉભો થવા પામે તેવી પદ્ધતિ શા માટે સ્વીકારવી જોઇએ. જેને જેને મુનિસંમેલનના હરાવોને અંગે માન હોય તેવા દરેક ધર્મ પ્રેમીની ફરજ છે કે આ બાબતમાં ઘટતી તપાસ કરી યોગ્ય પ્રકાશ પાડવો અને ભાવિષ્યમાં યોગ્ય નિયમન રહે તે માટે સમિતિઓ નીમાવાની જરૂરીયાત ઉપર અમો ખાસ ભાર મુકીએ છીએ.

(ત્રણે ફિરકાના પ્રતિનિધિઓની સભા–૨ જી કોલમથી ચાલુ)
ઝઘડાઓનું સમાધાન કરવું જરૂરી છે. આટલી ચર્ચા પછી ખાસ કાંઇપણ કાર્ય કર્યા વિના મીટીંગ મુલતવી રહી હતી અને સામાન્ય પ્રશ્નો બાબત ત્રણે ફિરકાઓની સંયુક્ત એસોસીએશન કે મંડળ સ્થાપવાની રજુ થયેલ સૂચના સંબંધે સ્થા. કૉન્ફરન્સના પ્રમુખ શ્રી. હેમચંદ આરતાના ઉપર એ વાત છોડવામાં આવ્યા બાદ સર્વ વિખરાયા હતા.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.

ત્રણે ફિરકાના પ્રતિનિધિઓની સભા.

સંગઠ્ઠન સબંધે પ્રયાસ.

[નોટ:—સંગઠ્ઠન સમિતિમાં પ્રતિનિધિ નિમવાનો ઉદ્દેશ ઐકય સાધવાનું વાતાવરણ ઉત્પન્ન કરવાનો હતો. તે માટે પ્રથમ ચર્ચા થાય એટલે પરસ્પરના વિચારો જાણી શકાય. એ પછી વધારે જવાબદારી ધરાવનાર સભ્યોની મીટીંગ બોલાવાય, સંગઠ્ઠન શકય બને તેવા માર્ગો શોધાય. મતફેરના સવાલોપર બાંધછોડ થાય એપરથી શકયતા જણાય તો ત્રણે ફીરકાની સ્ટેન્ડીંગ કમિટિના સભ્યો મળે અને એ વાતને કંઈ વ્યવહારૂ રૂપ આપતો ઠરાવ કરે. આવા પ્રયાસોની અગત્ય છે. એથી ઘણી મુંઝવણો ઉકેલ આણી શકાય છે. તેથી આ પ્રાથમિક મેળાપને અને એદ્વારા થયેલ વિચારોની આપણને અમો આવકારદાયક લેખીએ છીએ. તંત્રી.]

સંગઠ્ઠન સમિતિ: ત્રણે ફિરકાઓ વચ્ચે સર્વસામાન્ય તેમજ અન્ય પ્રશ્નો આદિમાં ઐકય સાધવાના ધ્યેયથી પંદર સભ્યોની જે સમિતિ સ્થા કૉન્ફરન્સના પ્રમુખ શ્રી. હેમચંદ આર. મહેતાના પ્રયાસથી નિમાઇ છે તેની એક બેઠક ગઇ તા. ૧૦–૨–૩૫ રવિવારના રોજ શેઠ અમરતલાલ કાલીદાસના બંગલે બપોરના ૨–૩૦ વાગતે મળી હતી. જે વખતે સદરહુ કમિટિમાં નિમાયેલ પ્રતિનિધિઓ પૈકી નીચેનાઓ હાજર હતા:—

(૧) શ્રી. હેમચંદ આર. મહેતા. (૨) શેઠ કનૈયાલાલ ભંડારી, ધંધોર, (૩) શેઠ કુંદનમલ ફીરોદીઆ વકીલ અહમદનગર, (૪) શ્રી વેલજી લખમસી નપુ, (૫) શ્રી. ચીમનલાલ શાહ સોલીસીટર, (૬) શ્રી. મોતીચંદ ગિ. કાપડીઆ સોલીસીટર, (૭) શેઠ અમરતલાલ કાલીદાસ, (૮) શ્રી. બાલચંદ હીરાચંદ માલેગાંવ, (૯) શેઠ સર હુકમચંદ, (૧૦) પંડિત અજીતપ્રસાદ એડવોકેટ લખનૌ. (૧૧) શેઠ તારાચંદ નવલચંદ ઝવેરી, (૧૨) શ્રી. રતનચંદ ચુનીલાલ જરીવાલા. આ ઉપરાંત ૨–૩ દિગંબર ભાઇઓએ પ્રેક્ષક તરિકે હાજરી આપી હતી.

આ કમિટિનું કામકાજ શરૂ થતાં શ્રી કેશરીઆનાથજીના પ્રશ્નનું નિરાકરણ કરવાનું હાથમાં લેવા માટે સર હુકમચંદ વગેરેએ જણાવ્યું હતું. અને શેઠ સારાભાઇ તથા નરોતમભાઇ (કલકતા)ની ગેરહાજરીમાં એ પ્રશ્ન હાથ લેવો કે કેમ એ પ્રશ્નપર ચર્ચા થઈ હતી. કેશરીઆજી સંબંધી બાબત માટે હિંદના સકળ જૈન શ્વે. સંઘ તરફથી જે આઠ પ્રતિનિધિઓ નીમવામાં આવ્યા છે તેઓ હસ્તક આ પ્રશ્ન સોંપાયેલ છે અને તે આઠ માંહેલા ઉપર જણાવેલ બે પ્રતિનિધિઓ જે ઐકયસાધક સમિતિના પણ સભ્યો છે તેઓ હાજર ન હોવાથી આઠની કમિટી હસ્તક સુપ્રત થયેલ બાબતમાં હાજર શ્વેતાંબર પ્રતિનિધિઓ કંઇ પણ કરી શકે કે કેમ એ વિચારવાયોગ્ય પ્રશ્ન હતો જેથી તે બાબત પડતી મૂકવામાં આવતાં ત્રણે ફિરકાઓના સર્વસામાન્ય પ્રશ્નો પરત્વે ઐકયસાધક પ્રયાસો માટે વિચાર કરવા હાજર રહેલા બધાઓએ પોતાના વિચારો રજુ કર્યા હતા અને તેવું કોઇપણ પગલું તેજ વખતે ભરવા સર્વેએ આયહ કર્યો હતો. પરંતુ શેઠ સર હુકમચંદે દિગંબર પ્રતિનિધિઓ તરફથી ભારપૂર્વક જણાવ્યું કે જ્યાં સુધી શ્વેતાંબર–દિગંબર વચ્ચેના તીર્થોના ઝઘડાઓનો નિકાલ કરવામાં આવે નહિં ત્યાં સુધી બીજી બધી વાત ફીજુલ છે અને મેળ સાધવાના પ્રયત્નમાં લાભ નથી. એટલે પહેલાં તીર્થના

(અનુ. ૬ ઠ્ઠી કોલમ ઉપર)

મૂર્તિ અને આગમ.

જે સમયમાં આપણે જીવી રહ્યા છીએ એ સમયમાં આપણને પ્રત્યક્ષ રીતે તીર્થંકર કે ગણધર આદિનો યોગ થવો શક્ય નથી. પ્રભુશ્રી મહાવીર એ છેલ્લા તીર્થંકર થઇ ગયા ને લગભગ પચીસશો વર્ષ થવા આવ્યા છે. હજુ સુધી તેઓશ્રીનું શાસન ચાલી રહ્યું છે એનું મુખ્ય કારણ તેઓશ્રીનો સચોટ ઉપદેશ અને દલીલો સામે ટક્કર ઝીલી શકે તેવી તત્વપ્રણાલી છે. તેમની પછી થનાર મુનિપુંગવોએ શ્રદ્ધાપૂર્વક એ પ્રથાને વળગી રહીને એના વિસ્તારમાં ઠીક ફાળો આપ્યો છે. દેશકાળની અસર જેમ દરેક પદાર્થ-પર થાય છે તેમ જૈન ધર્મ પર પણ થઇ છે અને ચઢતી પડતીના વાયરામાંથી તે પણ બચી શક્યો નથી. છતાં એટલું તો વ્યાજબી રીતે કહી શકાય કે જેના મૂળ વીતરાગ જીવન પર અવલંબે છે, અને જેમાં કષાયવૃત્તિનો સર્વથા નાશ ધ્યેય મનાયો છે અને જ્યાં જ્ઞાન દર્શન ચારિત્રરૂપ માર્ગોના અવલંબનથીજ મુક્તિ યાને આત્મસાક્ષાત્કાર પ્રતિપાદન કરવામાં આવ્યો છે તે અન્ય ધર્મોની સ્પર્ધામાં ટટાર ઉભો રહી આજે પણ પોતાનું વર્ચસ્વ સ્થાપતો હોય તો એમાં આશ્ચર્ય જેવું શું હોય. આજના વિજ્ઞાન યુગમાં એના તત્વો. સિદ્ધાંતો ઓ ટચ ના સુવર્ણ સમ નિર્મળ તરી આવે તેમ છે. ગાંધી યુગની શૈલીસોરી સાથે તેનો મેળ સત્વર બેસતો દૃષ્ટિગોચર થાય છે.

આમ જે ધર્મનું સ્થાન શ્રેષ્ઠતમ છે એને ઓળખવાના સાધનોમાં મૂર્તિ અને આગમ મહત્વનો ભાગ ભજવે છે. જૈન મૂર્તિના દર્શન કરો તો આપોઆપ એમાં રહેલી વીતરાગતા ઓલી ઉઠશે જે કે ભક્તિની ઘેલાઇમાં આપણે શણગારની મર્યાદા કુદાવી ગયા હોઈએ છતાં પણ મૂળ આકૃતિ પ્રતિ મીટ માંડનાર વિચારકને આજે પણ એ વીતરાગપણાનું ભાન કરાવે છે. એનામાં જે જૈન તરિકેની શ્રદ્ધાપૂર્વક પ્રતિષ્ઠા ધરાવે તેને આજે પણ સાક્ષાત્ જૈન તરિકે તે જણાય છે. શ્રદ્ધા અને ભાવનાજ એમાં બળવત્તર કારણરૂપ છે. જેઓ મૂર્તિપૂજનમાં નથી માનતા તેવાઓ પણ કોઇ ને કોઇ રીતે આકાર કોરી કે અન્ય કોઇ રચનાદ્વારા પોતાના ધ્યેય દેવની ઉપાસના કરે છે, અને વિચારતાં સમજાય છે કે એ જાતનો વર્તાવ એ મૂર્તિપૂજનનું અંગ નહિ તો બીજું શું છે? મૂર્તિપૂજનની આવશ્યકતા માટે પૂર્વાચાર્યોએ દલીલપુરસ્સર ઘણું લખ્યું છે આગમોમાં પ્રભુશ્રી-પ્રણિત તત્વોનું જ્યાન વિસ્તારથી આપવામાં આવ્યું છે. એ વેળા શંકા અને તેના સમાધાન પ્રેમપૂર્વક હૃદયમાં ઉતારા ઉતરી જાય તેવી રીતે કરવામાં આવેલાં છે. ભલભલા વિદ્વાન ને બુદ્ધિમાનોને ગળે એ વાત ઉતરી જવાથીજ આપણે પૂજ્યપાદ હરિભદ્રસૂરિ જેવાને

પક્ષપાતો ન મે વીરે, ન દ્વેષો કપિલાદિષુ।
યુક્તિમત્વચનં યસ્ય, તસ્ય કાર્યં પરિગ્રહ ॥

જેવો ઉમદા શ્લોક લખી ગયાનું જાણીએ છીએ. શ્રી અભયદેવ-સૂરિ, શ્રી સિદ્ધસેન દિવાકરજી, કવિ કાળ સર્વજ્ઞ હેમચંદ્ર-સૂરિ અને ઉપાધ્યાય યશોવિજયજી જેવા પ્રખર વિદ્વાનો જેમની વિદ્વતાએ આજના આધુનિક વિદ્વાનોને પણ મુગ્ધ કર્યા છે જે વાતને સ્વીકૃત કરી ગયા એમાં આજે છીંડા શોધવા બેસવું એ આપણી બુધ્ધિની કિંમત કરાવવા જેવું છે?

એકાદ સામાન્ય અભ્યાસી પંડિતે લખી માર્યું કે આ-ગમમાં મૂર્તિપૂજા નથી અને તપસ્તરણના લેખમાં બાફી માર્યું કે પૂર્વાચાર્યો તો અંધારામાં આથડી ગયા છે તેથી જેનું કહેવું કોઇ કાને છે અને જેમને સામાન્ય રીતે ખરાખોટાનો તોલ કરવાની શક્તિ છે તે સર્વ આંખો મીંચીને એ ભાઇની વાત ખરી માની લેશે કે? મૂર્તિપૂજક શ્વેતાંબર સમાજ પંચાગી સહિત આગમ માને છે. આજના કોઇ વિદ્વાન કે પંડિત કરતાં પૂર્વે થઇ ગયેલાં ત્યાગી સંતોના વચનમાં એને વધુ શ્રધ્ધા છે અને એ શ્રધ્ધા આંધળી નથી એમ પુરવાર પણ થઇ ચુકયું છે. તે સમાજ આજે પોતાના ઉધ્ધાર અર્થે ઉપરના બે સાધનો મૂર્તિ અને આગમ કદિપણ વીસરી શકવાનો નથી અલબત જ્યાં એ નામે ખોટી બેળસેળ પેસી ગઇ હોય તે દૂર કરવા પ્રયાસ સેવશે.

બાકી જેઓને જાતે વિચાર કરવાની શક્તિ નથી અને શુધ્ધારણાની મોટી મોટી વાતો કરી અમલમાં કંઇ પણ ઉતારવું નથી પણ કેવળ કલ્પનાના તરંગમાં નાચવું છે. તેઓ ભલે મૂર્તિપૂજન સામે બખાળા કહાડે. એ માટે બેચરદાસ કે દયાનંદ સરસ્વતી જેવાના શરણા શોધે કિંવા એમની વિદ્વતાપર ઓવારી જાય. એટલું યાદ રાખવું કે તેથી જે સમાજને હેમચંદ્રસુરિ જેવાની વાણીના પાન મળે છે તેનું રૂવાડું પણ ફરકવાનું નથી. એને મન 'મૂર્તિવાદ'ના લેખ પ્રતારણારૂપ મનાવાના એટલે એનો આખરી અંજામ કચરાની ટોપલી રૂપેજ થવાનો.

શોધકવૃત્તિ પ્રશંસનીય છે પણ જો તે દુધમાંથી પોરા કહાડવારૂપ હોય તો તેને દુરથીજ રામરામ કરવા ઘટે. 'આપ્તાવચનં પ્રમાણમ્' કરવાનું પ્રજ્ઞાસંપન્નને ન પાલવે એ સમજાય તેવું છે પણ એ પ્રજ્ઞા જ્યારે દલીલોની વાડ કુદારી, 'હું માનું તેજ સાચું' જેવા અંધારા કુવામાં ભુસ્કા મારતી હોય તો જરૂર એ ત્યાજ્ય છે. ધર્મ 'આત્મકલ્યાણ'ના અમૂલ્ય સાધનો તરિકે ગણતાં મૂર્તિ અને આગમો ઉપરજ જો પ્રહાર કરતા હોય તો અને તે પણ પોતાનાજ વર્ગમાંથી તો પછી એ સામે મૌન કેમ રહી શકાય? એ વર્ગને પોતાનો કેમ કહી શકાય? એક વાર ફરીથી વિચારી જઇએ કે ઉકત સાધનોમાં જે કંઇ વિકૃતતાઓ પાછળથી દાખલ થઇ ગઇ હોય તેનો વિચાર કરવો અવશ્ય જરૂરી છે પણ એને બદલે એ સાધનોને ઉખેડી નાંખવા તત્પર થવું અથવા તો એના મૂળપર કુહાડા મારવા એ ભયંકર કામ છે.

કોન્ફરન્સના ઉદ્દેશમાં એ સાધનોનું સંરક્ષણ મહત્વ ભોગવે છે. ભૂતકાળમાં જૈન મંદિરાવલી અને આગમ સૂત્રો આદિ ગ્રંથો તથા તેના રચયિતાની વિગતવાર યાદી મહા પ્રયાસે તૈયાર કરી કોન્ફરન્સે જૈન સમાજની મહાન સેવા બજાવી છે. એ સંબંધમાં હજુ તેનો પ્રયત્ન ચાલુજ છે. તેથી એ સંસ્થાના સભ્યોની, કાર્યકર્તાઓની ખાસ એ ફરજ છે કે એ કાર્યમાં યથાશક્ય સહાયક બને. એ પરત્વે વિચારભિન્નતા ધરાવનાર વ્યકિતએ દુધ દહીંઆ વૃત્તિ છોડી દઇ પ્રમાણિકપણે એમાંથી ખસી જવું જોઇએ. માન્યતા અને વિરોધ એક સાથે નજ ઉભા રહી શકે. સુજ્ઞેષુ કિં બહુના?

ચોકસી

(કેળવણીનું ધ્યેય—અનુ. પા. ૧ થી)

કે જ્યારે પોતાની કિંમતનું માપ તે બહારનું સ્વીકારવાને બદલે અંતરનું સ્વીકારતો થાય, જ્યારે તે બીજાના વખાણ પર આધાર રાખવાને બદલે પોતાના અંતરાત્માનો અભિપ્રાય ઉપર આધાર રાખતો થાય. એટલે કેળવણીનું સહુથી મહત્ત્વનું અંગ સંકલ્પશક્તિમાં રહેલું છે. ખરો કેળવણી પામેલો માણસ, પછી તે રાય હોય કે રંક, એ છે કે જે પોતાનો ધર્મ ઓળખતાં શીખ્યો છે. તે આચરી શકે એટલી જેની સઘળી શક્તિઓ કેળવાઇ છે અને વિકાસ પામી છે. આ છે સંપૂર્ણતાનો આદર્શ.. પણ આદર્શ ચીજ જ એવી છે કે તેને પરિપૂર્ણતાએ ન પામી શકાય. જેટલે દરજ્જે માણસ તેને પહોંચે એટલે દરજ્જે એ કેળવાયેલો.

[નરહરિ કા. પરિખ—'પ્રસ્થાન'માંથી]

(प्रचारकार्य रिपोर्ट—अनु. पा. ८ थी)

महावीरजी—(चान्दनगांव) यह पटौंदा से चार माइलपर एक तीर्थ है जो कि जोधराजजी दीवान पल्लीवालने बनवाया था, यात्री नित्य प्रति आते रहते हैं। चैत्र और कार्तिकमें बडा भारी मेला होता है, हजारों यात्री आते हैं.

कई मरम्मतें हो रही हैं, नये रोगन, वेलवुट बन रहे हैं, जिनपर नये नये नाम लिखे जा रहे हैं और दिगम्बर चिह्न बनाये जा रहे हैं!

दो नई धर्मशाला भी बनवाई गई हैं, और तीसरी इस समय बन रही है। चौथीकी योजना है

इधर उधर के गांवोंसे भी कई मन्दिर यहांपर लाये गये हैं, जिनमें कई खडी हुई नग्न मूर्तियां भी हैं।

अभी तक एक मूर्तिपर पूजन श्वेताम्बर विधिसे होता है, इस पर फूल चढते हैं। परन्तु अन्य विधि न जाननेसे पूर्णतया श्वेताम्बर विधिसे नहीं होता।

शेखपुरा—यहांपर पल्लीवालों के ९ घर श्वेताम्बर हैं, मन्दिरजी नहीं है, यद्यपि इनके लिये मन्दिरका सम्बन्ध रांडोलीसे है, परन्तु यह महावीरजी ही जाते हैं, फूट अधिक है. ९ घरोंमें चार पार्टियां हैं, मनुष्यगणना की गई, और रातको सब भाइयों को इकट्ठा करके भाषण कीया गया.

रांडोली—यहांपर पल्लीवाल श्वेताम्बरों के दो घर हैं मन्दिरजी मौजूद है, २ मूर्ति पाषाण व २ मूर्ति सर्वधातुकी हैं, सुना गया है कि पूजन नित्य नहीं होता. पूजाका प्रबन्ध ठीक नहीं, मूर्तिपर मैल अधिक है, मन्दिरकी हालत भी बिल्कुल खराब है, चारों तरफ बुरी दशामें हैं, यहांके लोग मूर्तियों को महावीरजी भेजनेकी इच्छा रखते हैं. उन्हें पूजनविधि बतलाई गई, पूजन के कुछ उपकरणमे भेजनेसे उत्साह बढेगा, और मन्दिर कायम रखेंगे, खसकुची आदि उपकरण अवश्य भेजनी चाहिये। अन्य ३-४ बर्तन हैं थाली १ तश्तरी १ कटोरी १ प्याला १ कुछ बर्तन भी भेज देने चाहिये, जीर्णोद्धार के लिये विचार किया जाये।

नम्पुरा—यहां पल्लीवाल श्वेताम्बरों के ६ घर हैं, मन्दिरजी नहीं है, मनुष्यगणना की गई व फार्म भरवाया गया। इस प्रान्तमें विद्याकी बहुतही कमी पाई गई. बेकारी भी बहुत अधिक है.

भारेडा—यहां भी श्वेतांबरों के इस समय ५-६ घर हैं, कुछ समय पहिले यहांपर ४० के लगभग घर मौजूद थे, यहांपर मन्दिर भी मौजूद है। मूर्तियां पाषाणकी व धातुकी १ इस प्रकार कुल सात मूर्तियां हैं। पूजन अन्य स्थानोंकी अपेक्षा अच्छी तरह होता है, मैल भी कम है, खसकुच यहां भी भेजने चाहिये। बर्तन केवल तीन घंडे थे १ थाली १ कटोरी १ प्याला.

यहां बर्तन बहुत कम हैं यह अवश्य भेजने चाहिये। अज्ञानता के कारण यहां के लोगोंने कपडेपरसे उतरी हुई तस्वीरें शीशामें जडवाकर भगवान के आगे लटकाई हुई थीं जो कि उतरवा दी गई। यहां के लोगोंने एक धर्मशाला भारेडा-हिण्डौन के दर्म्यान ७०० रु. से एक कुआ व तलाव था जो अधूरा पडा है तालचनी मौजूद है जो कि गलानी बाकी है। खराब होनेपर कहींका भी प्रबन्ध ठीक नहीं है।

मन्दिरजीमें भी जीर्णोद्धारकी आवश्यक्ता है बाहर के नीचे के हिस्से बहुत जीर्ण हो रहे हैं। मन्दिरकी आमदन कुछ नहीं है।

यहां के मन्दिर के साथ निम्नलिखित गांव लगते हैं, जहांसे लोग पर्यूषण आदिमें आते हैं.

डरगवां, खेटिया, नगला, अलीपुरा, बहेरा. फतेहाबाद, पीपलहेडा, चारदा। रात को सभी भाइयों को इकट्ठा कर भाषण दिया गया.

मन्दिरजीमें नित्य दर्शन के लिये आने तथा पूजनविधि आदि कई बातें बताई।

२०-१-३५ को भरतपुर पहुंचा और २५ ता. तक रहां रहा, सेठ जवाहरलालजी के आजाने पर दफ्तरका कार्य किया गया, और कई आवश्यक बातें तय की गई। यहांसे अब 'भंडावर प्रान्त' को जा रहा हूं।

स्टेन्डिंग कमिटी के सभ्योंको विनंति.

कॉन्फरन्सके धारणानुसार जिन सभ्योंने सं. १९९१ के वर्ष भण्डार फंडका चंदा—कम अज कम रु. ५) न भिजाया हो वे कृपया चालू मास के अंत तक अवश्य भिजा देवें।

श्री जैन श्वेतांबर कॉन्फरन्स
घीया मेन्शन, शेखमेमण स्ट्रीट,
बंबई नं. २.

જૈન જગત્

દીગંબર જૈન પરિષદનો ઠરાવ—મંદિરનું દ્રવ્ય મંદિરના ખર્ચ ઉપરાંત તીર્થરક્ષા, શાસ્ત્રપ્રચાર તથા અન્ય આવશ્યક કાર્યોમાં ખર્ચી શકાય છે. શ્વેતાંબર સમાજના અગ્રણીઓએ વાતાવરણની નોંધ લેવી ઘટે.

દીગંબર જૈન પરિષદની બીલસા મુકામે મળેલી અગીયારમી બેઠકમાં ઉપર મુજબ ઠરાવ પસાર થયો હતો.

પાલીતાણામાં જૈન બેનનો આપઘાત!—પતિના તથા શ્વસુરપક્ષના જુલમથી ત્રાસીને પ્રેમકુંવર નામની જૈન બ્હેને આપઘાત કર્યાની ખબર બહાર આવી છે તે માટે પાલીતાણામાં પુરૂષોની મીટીંગ એક પ્રતિષ્ઠિત શહેરીના પ્રમુખપણા નીચે શેઠ મોતીશાની ધર્મશાળામાં મળી હતી તથા સ્ત્રીઓની પણ એક સભા મળી હતી. બેન પ્રેમકુંવરના આત્માને શાંતિ આપવાના તથા આ પરિસ્થિતિને અંગે જવાબદાર વ્યક્તિને નશીયત મળે તે માટે પાલીતાણા રાજ્યને વિનંતિ કરનારા ઠરાવો થયા હતા.

મુંબઇ જૈન યુવક સંઘ—વાર્ષિક મીટીંગ તા. ૨૦-૧-૩૫ ને રોજ રા. રા. કેશવલાલ મંગળચંદ શાહના પ્રમુખપણા નીચે મળી હતી. તે વખતે ગત વર્ષનો રીપોર્ટ તથા હિસાબ પાસ કરવામાં આવ્યા હતા. નવા વરસની મેનેજીંગ કમીટીની ચુંટણી કરવામાં આવી હતી.

જૈન યુવક મહામંડળની વર્કિંગ કમીટીની મીટીંગ—પીલાપારલામાં તા. ૧૮-૧-૩૫ ને રોજ શ્રીયુત મણીલાલ બાલાભાઇ નાણાવટીના પ્રમુખસ્થાને મળી હતી. જનરલ મીટીંગે પસાર કરેલા પ્રોગ્રામના અમલ માટે જોડાયેલી સંસ્થાઓને કાગળો લખવા; મંડળોને સ્થાનિક સંજોગ અનુસાર આગળ માટે શું શું તેઓ કરી શકશે તે વીગતવાર પુછાવવું તેમ ઠરાવવામાં આવ્યું હતું.

ભાવનગરના જૈન બોર્ડીંગને અંગે હકીકતો એકત્ર કરી યોગ્ય સ્થળે કાગળો લખવાનું ઠરાવવામાં આવ્યું હતું.

તા. ૭-૨-૧૯૩૫ ને રોજ લગ્નક્ષેત્ર વિસ્તાર સબ કમીટીની એક મીટીંગ પણ પારલા મુકામે મળી હતી. કાગળો કરી સંસ્થાને લખવામાં આવેલા છે જોડાયલી સંસ્થાઓ પોતાની જનરલ મીટીંગો તાકીદે બોલાવી પ્રોગ્રામના અમલ માટે વિચાર ચલાવશે તેવી વર્કીંગ કમીટી આશા રાખે છે. જૈન પત્રમાં મહામંડળ માટે કરવામાં આવેલી સુચના અવશ્ય ધ્યાનમાં લેવામાં આવશે.

જૈન બાળ વિદ્યાર્થી ભુવન-ભાવનગર—ભાવનગર જૈન યુવક મંડળ તરફથી એક વરસ થયા ખોલવામાં આવેલ છે. જગ્યાને અભાવે પહેલા વરસમાં દશ વિદ્યાર્થીઓ રાખવામાં આવતા હતા. હાલ બહાર ખુલ્લી હવામાં સારી ને વિશાળ જગ્યા મળવાથી વીશ વિદ્યાર્થીઓ રાખવાનું ઠરાવવામાં આવેલ છે. ભાવનગરના જૈન બાળકોને તદ્દન ફ્રી રાખવામાં આવે છે.

ધાર્મિક કન્યાશાળા—ભાવનગરમાં ઉજમબાઇ કન્યાશાળાનો ઇનામી મેળાવડો તા. ૨૭-૧-૩૫ ના રોજ રા. રા. જીવરાજભાઇ ઓધવજીના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો તે વખતે સંસ્થા માટે ફંડની ખામી તથા કમીટીના સભાસદો સંસ્થા માટે વિશેષ કાળજી રાખે તેવી પ્રેરણા કરનારા વિવેચનો કરવામાં આવ્યા હતા. ધાર્મિક કેળવણીને અંગે પણ સમાજ ઉદાસીનતા દાખવે તે ઘણું શોચનીય ગણાય.

જૈન સાહિત્ય મન્દિર—મુનિ મહારાજ શ્રી ન્યાયવિજયજી મહારાજે પુનામાં જૈન સાહિત્યનો જ્ઞાનલાભ ત્યાંના વિદ્વાન તથા અભ્યાસી વર્ગને સુલભ કરી દેવાના હેતુએ "ફરગ્યુસન રોડ"પર **જૈન સાહિત્યમન્દિર** ખોલ્યું છે. આ સંસ્થામાં, કોલેજોના વિદ્યાર્થીઓ તથા બીજા અભ્યાસીઓ જેમને સંસ્કૃત તથા અર્ધમાગધીનું શિક્ષણ લેવું હોય તેમજ જેમને ન્યાય તથા દર્શનશાસ્ત્રોનું શિક્ષણ લેવું હોય તેમને તે વિષયોનું શિક્ષણ આપવાની યોજના પણ રાખવામાં આવી છે. આ મન્દિરમાં જૈન સાહિત્ય ઉપરાંત વૈદિક આદિ સાહિત્યનો સંગ્રહ પણ હોવાથી તેમજ સામયિક વાચનસામગ્રી પણ પ્રસ્તુત હોવાથી દાર્શનિક અભ્યાસીઓ ઉપરાંત સાર્વજનિક પ્રજાને માટે પણ વાચનાલય તરીકે તેનાં દ્વાર ખુલ્લાં રાખવામાં આવ્યાં છે. આ જાતની જૈન જ્ઞાનસંસ્થા પુનામાં આ પહેલી ઉઘડે છે. અને પુનાની શિક્ષિત જનતાને બહુ ઉપકારક થઇ પડશે. મહારાજશ્રી પુનાના "ભાંડારકર ઓરિયન્ટલ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ"ના જૈન વિભાગનુ સંશોધનકાર્ય પણ હાથ ધરનાર છે. સંસ્થાનું એડ્રેસ;—

જૈન સાહિત્ય મન્દિર, ફે. ફરગ્યુસન રોડ, ગણેશવાડી, બંગલો નં. ૩, **પુના ૪.**

શ્રી જૈન દવાખાનું, પાયધુની—આ દવાખાનામાં સને ૧૯૩૫ ના જનેવારી માસમાં ૫૫૫. પુરૂષ દરદીઓએ ૬૬૬ સ્ત્રી દરદીઓએ ૪૯૫. બાળક દરદીઓએ મલી કુલે ૧૬૬૬. દરદીઓએ લાભ લીધો હતો. દરરોજ સરેરાસ હાજરી ૫૬. ની રહી હતી.

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	રા.	૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો ...	રા.	૦—૮—૦
,, ,, ભાગ ૧-૨ જો ...	રા.	૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી ...	રા.	૦-૧૨—૦
,, ગ્રંથાવાલી	રા.	૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)	રા.	૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો	રા.	૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)	રા.	૬—૦—૦

લખો:—**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**
ધીયા મેનશન, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઇ,

प्रचारकार्य रिपोर्ट.

श्री पल्लीवाल जैन कान्फ्रेन्स.

श्री जैन श्वेतांबर कॉन्फरन्सना एक उपदेशक श्री इश्वरलाल जैन जेओने पल्लीवाल कॉन्फरन्सनी मागणीथी खास भरतपुर विभागमां प्रचारार्थ रोकवामां आव्या छे तेमना तरफथी थयेल प्रचारकार्यनो रिपोर्ट आ नीचे प्रकट करवामां आवे छे:—

(गतांक पृष्ट ६ से चालू.)

रणवीरगढ—सांथा के निकट एक गांव है, जहांपर पल्लीवाल जैन श्वेताम्बर मन्दिर है परंतु एक घर है, जिस कारण से पूजन नित्य नहीं होता।

महुआ—सांथा से ७-१-३५ को महुआ पहुंचे. वहां पल्लीवालों के तीन घर है, एक जैन मन्दिर है. मनुष्यगणना की गई, व कान्फ्रेन्स के दो फार्म भरवाये, जिसमें क्रमशः १) ॥) वार्षिक चन्दा स्वीकार किया। रातको सब पल्लीवाल इकट्ठे हुए, और भाषण दिया।

रशीदपुर—ता. २-१-३५ को रशीदपुर पहुचा, यहां पल्लीवालों के ५ घर है, एक मन्दिर है। यहांवालोंने मन्दिरका हिसाब सब पुजारी के हाथमें दे दिया है जिसे यहां 'व्यास' कहते है, मन्दिर की ८-१० वीघा जमीन भी है। परन्तु उसकी व्यवस्था ठीक नहीं।

मन्दिरजी में ५ मूर्ति पाषाणकी है, मनुष्यगणना की गई तथा कान्फ्रेन्स के दो फार्म भरवाये जिस में उन्होंने क्रमशः १) ॥) वार्षिक चंदा स्वीकार किया.

बालाहेडी—यहां से कुछ दूरीपर बालाहेडी गांव है, जहां पर एक श्वेताम्बर मन्दिर है और एक पल्लीवाल भाई पूजन के लिये रहता है—पूजन नित्य होता है।

खेरला—८-१-३५ को खेरला पहुंचा यहां पल्लीवालों के २-३ घर हैं, एक पल्लीवाल जैन श्वे. मन्दिर है जिस में भगवान पार्श्वनाथजी की एक छोटी सी मूर्ति है, मन्दिरजी का न तो फण्ड है और नही आमदन। यहां जीर्णोद्धार की अत्यन्त आवश्यक्ता है बरसात में छत से पानी गिरता है, किवारें जीर्ण हो रही हैं, किवाड के आगे छवड की आवश्यक्ता है पूजन ठीक होता है, वर्तन पूजा के छोटे व थोडे हैं, मूर्ति श्री भगवान पार्श्वनाथ की केवळ एक छोटी है. वर्तन यह पडे थे— १ थाली १ कटोरी २ तश्तरी। थोडे वर्तन और मंगाने चाहिये। यहां भी रातः को सब को इकट्ठा कर उपदेश दिया। यहां की मनुष्यगणना की और २ फार्म भरवाये जिसमें वार्षिक एक एक रु. देना स्वीकार किया।

कुंजेला—कुंजेला गांव जो कि हिण्डौन से १६ माइल पर है, वहां के एक दो व्यक्ति खेरला मिले, यहां पल्लीवालों के तीन घर व श्वेताम्बर जैन मन्दिर है, मन्दिरजी में जीर्णोद्धार की आवश्यक्ता है. जिस के लिये उन्होंने प्रार्थनापत्र लिखकर दिया, राज्य जयपुर की ओर से ५) वार्षिक सहायता मिलती है और लगभग १७ वीघा जमीन भी मन्दिर की मौजूद थी जिससे ३०-४० रु. वार्षिक आमदन हो जाती थी, परन्तु १०-१२ वर्षसे जमीन राज्यने ले ली है। इनके पास पत्रे मौजुद थे. जो इन्होंने महावीरजी में दे रखे हैं।

यहां की मनुष्यगणना की व कान्फ्रेन्स के २ फार्म भरवाये, जिसमें वार्षिक १) ॥) चदा स्वीकार किया।

तालचिडी—खेरलासे तालचिडी पहुंचा, यहां पल्लीवालो के २ घर हैं, मन्दिरजी नहीं है, रात को उन भाइयों को इकट्ठा कर भाषण दिया। व्याख्यान सुनने के लिये खेरलासेभी कुछ भाई आ गये थे। इस लिये आनन्द अच्छा रहा, यहां की मनुष्यगणना की व कान्फ्रेन्स के दो फार्म करवाये.

साहरा—साहरा गांव की मनुष्यगणना कर ली गई.

ता. १३-१-३५ से २५-१-३५ तकमें निम्नलिखित गांवो में जाना हुआ।

"पटोंदा, महावीरजी (चान्दनगांव), शेखपुरा, रांडोली, नसूरा और कारेडा" सब गावोका संक्षिप्त विवरण इस प्रकार है—

ता. १३-१-३५ को मैं व मास्टर कस्तूरचन्दजी 'पटोंदा, गये, यहां पल्लीवालो के लगभग ८-१० घर है. परन्तु मन्दिरजी नहीं है, रात को सब भाइयों को इकट्ठा करके भाषण दिया गया, जिसका बहुतही अच्छा प्रभाव पडा, और परिणाम भी अच्छा निकला।

यहांपर कई भाइयों के पास 'मिलौनी'का रुपया बकाया था, जोकि उन्हें हिण्डौन के मन्दिरजी में देना चाहिये था, परन्तु वह अपना इरादा किसी और कार्य में खर्चनेका निश्चय कर चुके थे। भाषण तथा अन्य प्रकार से समझानेपर उन्होंने वह रकम हिण्डौन मन्दिरजी के लिये देना स्वीकार किया जो लगभग ७५) रु. हैं। उन्होंने यह भी कहा कि इन रुपयों से वेदी बनवाइ जाय. हम ५-१० रु. और अधिक भी देंगे, और समय भी देकर अपनी देखरेख में बनवायेंगे, और भविष्य में भी मिलौनीका रु. मन्दिरजी को देना स्वीकार कीया.

यहां पर मनुष्यगणना पहिले ही हो चुकी है, फार्म भी इसी लिये नहि भरवाया गया.

दूसरे दिन मास्टर कस्तूरचन्दजी हिण्डौन आ गये, और मैं आगे के गांवों के लिये रवाना हुआ।

(अनुसंधान पृष्ट ६ उपर)

आ पत्र मी. माणेकलाल डी. मोदीए श्री कलापी प्रि. प्रेस, सुतार शालमांथी छापी श्री जैन श्वेतांबर कोन्फरन्स माटे ८५, सुतार शाल, मुंबइ २ मांथी प्रगट कर्युं.

તારનું સરનામું:—'હિંદસંઘ'–'HINDSANGHA' REGD. NO. B. 1996.

नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.)

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જુનું ૯ મું / નવું ૪ થું | તારીખ ૧ જુલાઇ ૧૯૩૫. | અંક ૧૦.

વીર જીવન

જે સમાજમાં સર્વદર્શી જાગૃત પુરૂષો નથી તે સમાજ મરી ગયેલો જાણવો. જે સમાજમાં પ્રયોગવીર લોકો નથી તે સાજ ઘરડો થયો છે એમ જાણવું અને જે સમાજમાં વૃધ્ધો અને યુવાનો બન્નેને સ્થાન નથી તે સમાજ અલ્પાયુષી છે એમ માનવું.

* *

વિજ્ઞાનની શોધ પાછળ ગાળેલો સમય ઇશ્વર ભજનમાં જ ગાળેલો ગણાય, જે માણસમાં નમ્રતા અને સાત્વિકતા હોય તો.

* * *

ચર્ચા પરાયણ લોકોને કોઇ પણ મુદ્દાનો નિર્ણય આવે એ ગમતું નથી. ફરી ફરી નવા પ્રશ્ન કાઢી ચર્ચા ચાલતી રાખવી જોઇએ. નિર્ણય આવ્યો એટલે જાણે મરણ આવ્યું.

* * *

ગરીબ લોકોના હૃદયમાંથી જન્મેલા નિશ્ચયની શક્તિ ઇશ્વરની શક્તિ જેટલી જ અમોઘ હોય છે. એની આગળ વિજ્ઞાનની શક્તિ, પ્રજ્ઞાનની શક્તિ અને સામ્રાજ્યની શક્તિ એકત્ર થાય તોયે તે ટકી નથી શકવાની.

* * *

દેવતા ઉપર દૂધ મૂકવાથી તે ગરમ થાય છે અને એમાં ઉભરો પણ આવે છે. આપણે ગરમી માગીએ છીએ, ઉભરો નથી માગતા. ઉભરાથી તો દૂધની હાનિજ થાય છે. આપણી હિલચાલમાં તેજ, દૃઢ નિશ્ચય, અને ઉદ્યોગ જરૂરનાં છે, નાહકનો ઉભરો, ઉત્સાહ, વાતો અને અસ્વસ્થતા કામનાં નથી.

* * *

ગઇ કાલની સ્ત્રી અને આજની સ્ત્રી એ એક નથી. સ્ત્રી સહજ કોમલતા, સંસ્કારિતા, ઉદારતા, સૌમ્યતા ઇત્યાદિ સર્વ ગુણો સાચવતાં છતાં આજની સ્ત્રી પોતાની શક્તિ અને સ્વતંત્રતાનો બરાબર પરિચય આપતી થઇ છે. અને એ બધું એટલી સ્વાભાવિકતાથી થયું છે કે સ્ત્રીઓની આ નવીન પદવી પ્રત્યે વિરોધ કે અણગમો કોઇનો જ નથી. ગાંધીજીએ માત્ર કહ્યું 'તું અબલા નથી. તું શક્તિરૂપિણી છે. તારે લાયક જે કામ છે તે કરતી થા' અને તરતજ ભારતી સ્ત્રીએ પોતાનું કામ હાથમાં લઇ લીધું.

* * *

સંયમ એટલે મન પર કાબુ. સંયમ એ સંસ્કૃતિનું મૂળ છે. નબળાઇ, વિલાસિતા અથવા અનુકરણના વાતાવરણમાં કોઇ કાળે સંસ્કૃતિનો ઉદ્ભવ થતો નથી અને વિકાસ પણ થતો નથી. પચ્ચીશ વર્ષ સુધી બ્રહ્મચર્ય રાખનારની પ્રજા જેમ સુદૃઢ હોય છે તેમ સંયમને અંગે નિર્માણ થએલી સંસ્કૃતિ પ્રભાવશાળી અને દીર્ઘજીવી હોય છે. સાહિત્ય, સંગીત, સ્થાપત્યકળા અને વિવિધ ધર્મવિધિઓ સંયમની પાછળ પાછળ આવે છે. સંયમ પ્રથમ તો કર્કશ અને નીરસ લાગે છે. પણ તેમાંથી જ સંસ્કૃતિનાં મધુર ફળો આપણને મળે છે.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર.

(પ્રસ્થાન પુ ૨૦ અંક ૨ માંથી.)

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૭-૩૫ સોમવાર.

આજકાલના મેળાવડાઓ.

સોસાયટીના કાર્યકર્તાઓએ હવે બહુરૂપ ધારણ કરવા માંડયા છે. જનતાને ભ્રમમાં નાંખવા સોસાયટી સંમેલન ઉપરાંત જૈનોની મહાસભા એવું નવું નામ ધારણ કર્યું છે. ને એમ લખવા માત્રથી મહાસભા થઇ શકતી હોય તો ભાગ્યેજ કોઇ બંધારણ અને પ્રતિનિધિ આદિની જંજાળમાં પડવાનું પસંદ કરે! ચાર આના ભરવા માત્રથી ડેલીગેટ જ્યાં બની જવાય ત્યાંના બંધારણ પરત્વે બીજું શું કહેવાપણું હોય? જેમાં પ્રતિનિધિત્વ જેવી વસ્તુજ નથી, જ્યાં જુદા જુદા પ્રાંતોનું પ્રમાણસર પ્રતિનિધિત્વ હોવા નિયમો નથી, પંજાબ, મારવાડ કે મહારાષ્ટ્ર અને બંગાળ આદિમાંથી જવલેજ એકાદ રડયાખડયાની હાજરી હોય! એ શું બતાવે છે કે માત્ર આ અધિવેશન, એ અમુક જાતના વિચારવાળાની મંડળીના જલસા સિવાય અન્ય કંઇજ નથી. એને મહાસભાનું નામ આપવામાં મૂર્ખામીના પ્રદર્શન સિવાય કે ખોટા અંડંબર વિના બીજું છે શું? એ તો નામ પાડે સુરજી જસુ ને તે આંખે નહિં દેખે કશું જેવું હાસ્યજનક! એની સરખામણી કોન્ફરન્સની સહ સંભવી શકેજ નહિં. કોન્ફરન્સ એ તો જૈન સમાજના જુદા જુદા પ્રાંતમાં વસનાર બંધુઓનું યોગ્ય પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા છે. એના આંગણામાં પંજાબી, મારવાડી કે મહારાષ્ટ્રિય વા ગુજરાતી પોતે શ્વે. મૂ. જૈન છે એટલા હક્ક માત્રથી વિના રોકટોક પ્રવેશ કરી શકે છે—આમ છતાં ડેલીગેટ થવા સારૂ કયાં તો સંઘ કે સંસ્થાનું પીઠબળ જોઇએ. જે આવ્યા તે ડેલીગેટ જેવી પોલંપોલ નજ નભી શકે. આ પ્રકારનું વિશિષ્ટ અને કોઇપણ સમજ ધરાવનાર વ્યકિત પ્રમાણિકપણે ભૂલ ન કહાડી શકે તેવું બંધારણજ એ મહાન સંસ્થાની મહત્તા-પ્રતિભા પુરવાર કરવા બસ છે. એના વિશાળ અંકમાં સોસાયટી, યુવકસંઘ, દેશવિરતિ, અવિરતિ કે સામાન્ય જૈન સ્થાન પ્રાપ્ત કરી શકે છે. સોસાયટીનું સંમેલન કે યુવક પરિષદનું અધિવેશન એ તો એક મહોટા પ્રાસાદના જેમ જુદા જુદા હોય ખંડ અથવા તો એકાદા વડવૃક્ષની જેમ જુદી જુદી શાખાઓ હોય એમ અમુક જાતનું માનસ ધરાવનાર મનુષ્યોના સંમેલનરૂપ છે. તેથીજ પુનઃ એક વાર કહેવું પડે છે કે એ ઉભયની સરખામણી કરનારા અંધારે અથડાય છે. એવા જાતની સરખામણીમા ઉતરવાનું કાર્ય બાપ સાથે દિકરાનો તુલના કરવા જેવું બેહુદું છે. જ્યાં ઉભયના ક્ષેત્ર અને ઉદ્દેશ જ જુદા ત્યાં તુલના ઘડી જ કેમ શકે? સિંહનું ચામડું ચોદવા માત્રથી જો શિયાળ સિંહ બની જતો હોય તો, ભાગ્યેજ શિયાળવાની વસ્તી નજરે ચઢત! એતો સિંહ તે સિંહ અને શિયાળ તે શિયાળ. જૈન સમાજ આજે નામ માત્રથી ભુલાવામાં પડી જાય એ અશકય છે અને એ વાતની પ્રતિતી સોસાયટીના બંધુઓને ગત અધિવેશનથી થઇ ચુકી હશે. ભળે તેઓ બળ અને હાજરી માટે પ્રગતિના બણગા ફૂંકે પણ ઉઘાડી આંખે જોનાર તો જોઇ શકે છે કે અસ્તના ચોઘડીયા વાગી રહ્યાં છે! સુરતી પાઘડીઓ એમાંથી મોટા પ્રમાણમાં ખસી ગઇ છે! સાગર-વિજયના મતભેદ વિસ્તાર પામતા જાય છે!

ફર જવાની શું જરૂર છે! કાર્યવાહીનો હેવાળજ પુરવાર કરે છે કે વડોદરાના ઠરાવ પ્રત્યે રોદના રડવા સિવાય એક પણ સંગીન કાર્ય કરી શકાયું નથી. આમ છતાં મહાસભાનો સ્વાંગ સજવાની લાલસા છોડી શકાતી નથી એજ આશ્ચર્ય!!

આ તે શાસન રસિકતા?

શાસનપ્રેમી બંધુઓએ ત્રીજું અધિવેશન ભરી ધર્મની કે સમાજની કેટલી સેવા બજાવી એ તો કોઇ તટસ્થ અવલોકનકાર કહી શકે છતાં કોન્ફરન્સ પર ઉભરો કહાડવામાં કચાશ નથી રાખી એતો છાપાનો વાંચનાર જાણેજ છે. એથી કોન્ફરન્સની મહત્તા ને ગૌરવ વધુ તેજોમય બન્યા છે. એક વેળા એ સંસ્થાનું તેરમુ કરનાર વર્ગ જ્યારે આજે એને સંભારે, પ્રમુખથી માંડી વિવેચન કરનારા સર્વે વિષયની બહાર જઇને પણ એને યાદ કરવાનુ ન ચૂકે ત્યારે ખસુસ એમ કહેવુંજ પડે કે એ સંસ્થા જીવંત છે એટલુંજ નહિં પણ એની છાપ સમાજના મોટા ભાગ પર હજુ પણ છે, અને એને ભૂસી નાંખવા સારૂં આ ધર્મના કહેવાતા ફિરસ્તાઓને પણ ઘણુ યત્નો કરવા પડે છે. ગજરાજને શ્વાનના ભસવાની કેટલી ચિંતા હોય? કોન્ફરન્સને પોતા પ્રત્યે ફેંકાતા, અધર્મી, નાસ્તિક, ધર્મદ્રોહી આદિ શબ્દો કે જે ધર્મના ઇજારદારોની આ યુદ્ધશાળામાંથી બહાર આવે છે અને જે ફેંકવાનું કાર્ય એક ધંધારૂપ બની ગયું છે! તેની વધુ ફિકર ન હોય. પોતાના જ બાંધવોનું વારેવારે ધર્મનો સ્વાંગ સજી આવા પ્રકારનું તાંડવ નૃત્ય નિહાળી. હાસ્ય ઉદ્ભવે છે, કેમકે કેવળ એ કરણીમાં અજ્ઞાનતા અને બાલિશતાનાંજ દર્શન થાય છે! એ વેળા આનંદઘનજી મહારાજનુ વચન સ્મૃતિપટમાં તાજુ થાય છે કે—

ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ, જિનેશ્વર.

શાસન રસિકતા જરૂર પ્રશંસનીય છે પણ તે વીર પરમાત્માના શાસનની હોય તોજ. માધવબાગના પ્રેમી

(અનુસંધાન પા. ૭)

નિવેદન.

['જૈન યુગ'ના તા. ૧૫-૧-૩૫ ના અંકમાં 'જૈન ચર્ચાના લેખકની પ્રતારણા' તથા 'તરૂણ જૈન'ના તંત્રી શું કહે છે?' એ મથાળાંવાળા લેખો સબંધે શ્રી. સાકરચંદ માણેકચંદ ઘડીયાળીએ પોતાના વકીલ મારફત અમોને એટલે આ પત્રના તંત્રી તથા પ્રકાશકને આપેલ નોટીસપરથી તેમની સાથે કેટલીક વાટાઘાટ થતાં જે ખુલાસો આ પત્રના અંકમાં પ્રકટ કરવાનો નિર્ણય થયો હતો તે આ નીચે અક્ષરશઃ પ્રકટ કરીએ છીએ.]

ખુલાસો.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અને તેની પ્રવૃત્તિઓ પરત્વે કોઇપણ જાતની ગેરસમજુતી થવા ન પામે એજ ઇરાદાથી 'જૈન ચર્ચાના લેખકની પ્રતારણા' તેમજ 'તરૂણ જૈનના તંત્રી શું કહે છે?' એ મથાળાંવાળા લેખો જૈન યુગના તા. ૧૫-૧-૩૫ ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા હતા.

આ લેખોની પાછળ કોઇની પણ બદનક્ષી કરવાનો ઇરાદો રાખવામાં આવ્યો નહોતો; છતાં પણ 'મુંબઈ સમાચાર'માં પ્રકટ થતી 'જૈન ચર્ચા'ના લેખક શ્રી. સાકરચંદ માણેકચંદ ઘડીયાલીને પોતાની બદનક્ષી થતી હોવાનું જણાતું હોય તો અમો તે બદલ અંતઃકરણપૂર્વક દિલગીર છીએ અને તેમાં જો કોઇ ટીકાવાળું લખાણ હોય તો તે ખેંચી લઇએ છીએ.
તા. ૨૬ માર્ચ ૧૯૩૫.

[ઉપરના ખુલાસાથી રા. ઘડીયાલીએ પોતાની બદનક્ષી થતા હોવા સબંધી અમોને આપેલ સદરહુ નોટીસ પોતાના તા. ૨૬-૩-૩૫ ના પત્રથી પાછી ખેંચી છે. **તંત્રી.**]

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

તરફથી

શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશિપ (પ્રાઇઝ)

દરેક રૂા. ૪૦)નું.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કોન્ફરન્સ ઓફિસ તરફથી એક સ્કો. પ્રાઇઝ છેલ્લી મેટ્રિકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને તેમજ બીજી સ્કોલરશિપ સુરતના રહેવાસી અને કુલે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. આ સ્કોલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ માર્કસ વગેરેની સર્વ જરૂરી વિગતો સાથે નીચેના સ્થળે તા. ૨૫-૭-૩૫ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ,
૧૪૯, ઝવેરી બજાર,
મુંબઈ નં. ૨.

રણછોડભાઇ રાયચંદ ઝવેરી
અમરતલાલ કાલીદાસ
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

નોંધ

એક અનુકરણી પગલું

આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલા પત્ર ઉપરથી નાની યોજનાની માહિતી જૈન-યુગના વાંચકો મેળવી શકશે. મતભેદોને અંગે હિંદે ઘણું ગુમાવ્યું છે તે વાત ઇતિહાસના અભ્યાસીઓથી અજાણી નથી. સમગ્ર પ્રજામાં એકતા આદરવાનો પ્રયાસ આપણા રાષ્ટ્રીય નેતાઓ ઘણા સમયથી કરતા આવ્યા છે જો કે હિંદને કમનસીબે જોઇએ તેવી સફળતા હજુ મળી નથી. પણ એવા એકતાના પ્રયાસ નુકશાન કારક છે ને તેવા પ્રયાસો ન કરવા જોઇયે તેમ કોઇ કહેતું નથી. તેવી રીતે કોમે કોમના પેટા વિભાગોમાં એકતા થાય તેવા પ્રયાસો ચાલુ છે. બૌધ્ધોને હિંદુઓ સાથે મળી પરિષદોમાં કામ કરે છે ને ઉન્નતિ માટે પ્રયાસો કરે છે. ત્રણે ફીરકાની એકતા વિષે આપણી કોન્ફરન્સની છેલ્લી બે બેઠકોમાં ઠરાવો કરવામાં આવ્યા હતા. તેવી રીતે કેટલેક સ્થળે ત્રણે ફીરકાની યુવક પરિષદો તથા પ્રાંતિક કોન્ફરન્સો મળી છે. ધર્મના ચોક્કસ મતભેદોને દુર રાખી સામાજીક, કેળવણી સંબંધી, ધર્મને લગતા સામાન્ય પ્રશ્નો સાથે બેસી ચર્ચ્યા છે. કોન્ફરન્સની છેલ્લી બેઠક મળ્યા પછી સ્થાનકવાસી કોન્ફરન્સના પ્રમુખ રા. હેમચંદભાઇની સુચનાથી ત્રણે ફીરકાના પાંચ પાંચ પ્રતિનિધિઓ ચુંટી એક બોર્ડ બનાવવામાં આવી હતી. બોર્ડની પહેલી મીટીંગ મળી પણ સંજોગવશાત કાંઇપણ કાર્ય થઈ શકયું નહિ. કાર્યની સફલતા માટે યુવાન વર્ગના—સામાન્ય જનસમાજના પ્રબળ આંદોલનોની જરૂર છે. પણ એક કોકાણે આવી એકતાની ચળવળ નુકશાનકારક હોવાનો ઠરાવ થયો છે. તે બંધુઓ એકતા એટલે શું તે સમજતા હોય તેમ જણાતું નથી તેઓ કદાચ એમ માનતા હોય કે શ્વેતાંબર મૂર્તિપૂજક મૂર્તિ પૂજતો બંધ થાય તોજ સ્થાનકવાસી સાથે એકત્ર થઇ શકે. એક સમય વચ્ચે એવો હતો કે કોઇ કોઇ ગામમાં સ્થાનકવાસી ને મૂર્તિપૂજક એક કોમના હોવા છતાં સાથે બેસી નાસ્તો કરી શકતા નહિ. તે સમયના રહી સહી ગયેલા અંશો જાણે એકત્ર ન થયા હોય તેમ તે બંધુઓના આ ઠરાવથી અને ઠરાવને અંગે થયેલા ભાષણો ઉપરથી જણાય છે. તેમના વાડા સિવાય આવી વાત નાપસંદ કરનારા ભાગ્યે રડ્યાખડ્યા નીકળશે. ઉછરતી પ્રજા મતભેદના મુદ્દા પુરતો પોતાનો વ્યવહાર પોતે સાચવી ઘણા કામો સાથે મળીને કરે છે ને કરશે. ઉછરતી પ્રજામાં એકતાના આદર્શને ઉતેજન મળે એટલા ખાતર આ યોજના કરવામાં આવી છે (જેની વિગત આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે). પૈસા ખર્ચનાર શ્વેતાંબર ગૃહસ્થ—યાદગીરી રાખવાની દીગંબર ગૃહસ્થનીને યોજનાનો અમલ કરવાનું કાર્ય સ્થાનકવાસી કોન્ફરન્સના કાર્યવાહકોને સોંપવામાં આવ્યું છે. ત્રણે ફીરકાના જૈન વિદ્યાર્થી યોજનાનો લાભ મેળવી શકશે. સમાજ યોજનાના ઉત્પાદક તરીકે અમદાવાદના શ્રીમાન્ ગૃહસ્થની આભારી છે. આ વખતે મેટ્રીકની પરિક્ષામાં જૈન વિદ્યાર્થીઓમાં પહેલા આવનાર અને આ ચંદ્રકને પહેલી વખત મેળવવા ભાગ્યશાળી થનાર ભાઇ નરેશચંદ્રને પણ અમો અભિનંદન આપીયે છીયે.

प्रांतिक जैन श्वेतांबर कॉन्फरन्स अधिवेशन, वीसलपूर

अपूर्व उत्साहः बाललग्न-कन्याविक्रय त्याग के सोगनः अधिवेशन द्वारा अद्भुत जागृति

[खास प्रतिनिधि द्वारा प्राप्त]

कॉन्फरन्सके एक जनरल सेक्रेटरी श्रीमान् गुलाबचंदजी ढड्ढा, एम. ए. के अत्यंत प्रयासके परिणाम स्वरूप वीसलपूर (मारवाड) में योगेन्द्र चूडामणी युग प्रधान श्री १००८ श्री विजय शांति सूरीश्वरजी महाराज के पवित्र कर कमलोंसे श्री धर्मनाथ प्रभुकी प्रतिष्ठा और अनेक प्रतिमाओंकी अंजन शलाका होने के शुभ प्रसंग पर श्री प्रांतिक जैन श्वेताम्बर कॉन्फरन्स का अधिदेशन ता० १०-११-१२ मई सन् १९३५ को मुर्शिदाबाद निवासी जैन समाजके स्वीकृत अग्रगण्य नेता श्रीमान् जगतशेठ फतहचंदजी साहब घेलडाकी अध्यक्षतामें हो गया।

इन शुभ प्रसंगो पर मारवाड, मेवाड, राजपुताना, मालवा, यु. पी. बेंगाल, सी. पी. गुजरात, काठीयावाड, आदि प्रांतो के करीब बीस हजार नर-नारी सम्मिलित हुए थे। अधिवेशन में योगेन्द्रचूडामणी युगप्रधान श्री विजयशांति सूरीश्वरजी महाराज, उपाध्यायजी श्री ललित विजयजी महाराज, पन्यासजी म. श्री हिम्मतविजयजी महाराज आदि मुनि मण्डल एवम् करीब ४५ साध्वीजी अनेक यतीजी के उपरांत श्रीमान् किशोर सिंहजी साहब-ठाकुर ऑफ वीसलपूर; कुंवर सा. श्री फतहसिंहजी सा. वीसलपूर; वरकाना के ठाकुर श्री भैरवसिंहजी साहब; गुंदोज के ठाकुर सा. श्री हरिसिंहजी साहब, वीजापूर के ठाकुर सा. आदि अनेक सरदार, जागीरदार, तथा हाकीम साहबने भी पधारने की कृपा की थी।

अधिवेशन के पेंडालमें जमीन पर बिछायत कर बेठनेका प्रबन्ध रखा गया था। बम्बई कॉन्फरन्स द्वारा चिकागो रेडीयो कंपनी के रेडीयो अधिवेशन पेंडालमे फिक्स करवा देने के उपरांत धूपसे बचनेके लिए उपर कपडा बंधवा दिया गया था। लगभग २५ ग्रामोंके जैन स्वयंसेवक मंडलोंने (करीब ३५० स्वयंसेवक) उपस्थित रह कर अपनी सेवा अर्पण की थी। बामणवाडजी गुरुकुल, श्री पार्श्वनाथ जैन विद्यालय वरकाणा, श्री उम्मेद पार्श्व बालाश्रम उम्मेदपूर, ओसीया बोर्डिंग आदि संस्थाओं के कार्यकर्ता एवम् विद्यार्थीओंने भी इस प्रसंग पर अच्छी सेवा की। अधिवेशन के कार्यकी व्यवस्था के लिए कॉन्फरन्सके बम्बई हेड ऑफिससे श्री माणेकलाल डी. मोदी भेजे गए थे।

स्वागताध्यक्ष श्री भभूतमलजी देवीचदजी शाहने अपने भाषणमें उपस्थित महानुभावोंका स्वागत कर भारत के इतिहासके साथ जैन समाज और मारवाडका घनिष्ट संबन्ध बतलाकर अहिंसाके विश्वव्यापी विशाल धर्म के प्रचारार्थ मतभेद छोडकर संगठनकी आवश्यक्ता बताई। विद्या प्रचार के लिए जोर देकर समाजमें बाल विवाह, वृद्ध विवाह, अनमेल विवाह, कन्या विक्रय, आदि जिन कुप्रथाओंने घर कर रखा है उन्हें शिघ्र ही नाबूद करने की अपील की।

अधिवेशन के प्रमुख जगतशेठ फत्तेहचंदजी सा. घेलडाने अपने विद्वतापूर्ण भाषण में 'कॉन्फरन्सको उत्पत्तिसे अब तकका संक्षिप्त विवरण' देकर जैन समाज और खासकर मारवाड आदि प्रांतो से संबन्ध रखनेवाले अनेक महत्वपूर्ण प्रश्नोंका उल्लेख कर उनके लिए योग्य उपाय सूचित किये थे। बाललग्न-वृद्धलग्न, कन्या विक्रयादि की उत्पत्तिके कारण बतलाकर आजकलके समयमें यह कुरीतियां हमारे जैन समाजको किस प्रकार नष्ट कर रही है इसका विवरण अति बोधप्रद रीतिसे देते हुए इन्होंने फरमाया की "बाललग्न और वृद्ध विवाह कायम रहने से कन्या विक्रयका बजार गर्म होता जाता है। यहां तककी इस प्रांतमें कन्या की किंमत कन्या के शरीरके वजनसे भी ज्यादा रुपै ४५०००) तक पहुच चुकी है कि जिस हिसाब से कन्याका मांस करीब १०) रूप्या प्रति तोला बेंचा जाना मालूम होता है। कसाई निर्दयतासे पशुओंका वध कर उनका मांस बेंचता है जिसको जनता घृणा की नजर से देखती है। कसाई तो सिर्फ १ मिनिट में ही जानवर की जान लेकर कठोर कर्म बांधता है और कन्याका बेंचनेवाला जिन्दा मांसको आ जन्म हलाल कर कैसे निकाचित कर्म बांधता है सो ज्ञानी जाने ऐसे दुष्ट आत्माके साथ रहने वाले और खाने पीने वालोंको भी सहायक अपराधी के तोर पर.....भवांतर में सजा मिलती है।" तदुपरांत अशुभ गानतान, एक स्त्री के जीते दूसरी से शादी करना, मृत्युके बाद जीमन-नूकता आदि, जीवदया, फेशन, शिक्षा, तीर्थ और मंदिरोंका निर्णोद्धार, ऐक्यता, जैनत्योहार, दीक्षा, श्री केशरीयाजी, श्री सुकृत भण्डार फंड, आदि पर खूब विवेचन किया था, जिसको असर उपस्थित जनता पर अच्छी पडी।

अधिवेशन प्रायः प्रातःकाल ८ से ११ बजे तक होता और रात्रीको ८ बजे सबजेक्टस् कमिटी की सभा एकत्र होती थी। सबजेक्टस् कमिटी में पूर्ण विचारकर जो प्रस्ताव पास होते वह अधिवेशनके समक्ष पेश किये जाते थे। अधिवेशन में निम्नलिखित आशय के ठहराव पास हुए।

(१) सम्राटकी जुबोली के समय सांडका मांस भूनकर बांटनेकी जो मनाई की गई उसके लिए बधाई (२) योगीराज श्री विजयशांति सूरि वेटरनरी हॉस्पिटल, आबू के स्थापनार्थ गवर्मेन्टने जो मददकी व कर रही है उसके लिए ऑनरेबल ए. जी. जी. और गवर्मेन्टको मुबारकवादी (३) श्री केशरीयाजी तीर्थ संरक्षण के लिए सूरि सम्राट श्री विजयशांति सूरिश्वरजी महाराजने जो आत्मयज्ञ करके जैन समाजका गौरव बढाया है उसके लिए गुरुदेवको धन्यवाद समर्पित और आपकी दिर्घायु के लिए शासन देवको प्रार्थना (४) अयोग्य फरजियात खर्चे न कर विद्यालय, अनाथालाय, विधवाश्रम आदि उपयोगी

संस्थाओं में द्रव्य व्यय करना। प्रस्तावका अमल करने-कराने के लिए २१ बंधुओंकी कमिटी नियत की गई (५) तीर्थ और मंदिरोंका जिर्णोद्धार (६) बाललग्न निषेध कर बालक १८ और बालिका १४ वर्ष की उम्र न हांसिल करले तब तक शादी की रूकावट की जाय इस सम्बन्धमें जोधपूर, शिरोही, आदि राजपूताने के राज्यों में कानून बनाने के लिए योग्य कार्यवाही करने की अ. भा. जैन श्वे. कॉन्फरन्स को विनंति (७) जगत-शेठ जैन समाज के स्वीकृत अग्रगण्य नेता हैं और इनका गवर्मेन्ट के साथका सम्बन्ध इतिहास परसे स्पष्ट है। इस संबन्धको कायम रखने के लिए जगतशेठ की गवर्मेन्ट से जो उचित मांगणीयें हैं उस पर गवर्मेन्ट गौर कर परापूर्वसे चले आते संबन्धको विशेष सुदृढ करे इस के वास्ते यह कॉन्फरन्स भारत सरकार से नम्र विनंति करती है (८) ऐक्यता-तडं धोल के कारण धार्मिक कार्योंमें बाधा आती है। एक संस्था दूसरी संस्थाको प्रति स्पर्द्धा करती है इससे संस्थाओंकी प्रगतिमें बाधा आती है। अतः ऐक्यताका पाया मजबूत बनानेके लिए अनुरोध कर २१ बन्धुओंकी कमिटीको प्रस्तावका परिपालन कराने के लिए सत्ता दी गई (९) शिक्षा प्रचारके लिए बाला-श्रम, विद्यालय, पाठशाला खास स्कॉलरशिप के साधन करना-मारवाडमें श्रीमद्विजयशांति सूरिजी के प्रयाससे बामणवाडा गुरुकुल; श्रीमद्विजयवल्लभ सूरिजी और श्री उ. ललित विजयजी म. के प्रयत्नसे वरकाणा पार्श्वनाथ विद्यालय पार्श्वनाथ उम्मेद जैन बालाश्रम उम्मेदपूर आदिकी स्थापना के लिए उन महा-त्माओंको अभिनंदन दे समाजका दान प्रवाह शिक्षा संस्थाओं की ओर बहानेकी विनंति। (१) जीवदया। (११) कन्या विक्रय और वर विक्रय बंध करनेका अनुरोध, २१ सज्जनोंकी कमिटीको सत्ता, यदि आवश्यक्ता हो जोधपूर और राजपुताना के देशी राज्योंमें इसके प्रतिबन्ध के लिए कानून बन नेका अ. भा. जैन श्वे. कॉन्फरन्स द्वारा प्रयत्न किया जाय। (१२) हानिकारक रिवाज वध (१३-१४) मृत्यु भोजन फेशन त्याग (१५) जैन त्योहार गवर्मेंट और देशी राज्योंमें पलाने के लिए अनुरोध (१६) मारवाडमें वरकाणा पार्श्वनाथ जैन विद्या-लय को हाईस्कूल बनाने के लिए जोधपूर गवर्मेन्टको अनुरोध (१७) आत्मानन्द जन्म शताब्दि के संबन्ध में "श्री आत्मानंद जन्म शताब्दि समिति" की बम्बई में जैनाचार्य श्रीमद्विजय-वल्लभसूरिजी के उपदेश से स्थापना की गई है उसे पुष्टि (१८) मारवाड प्रांतिक स्थाई समितिकी स्थापना के संबन्ध में (१९) जैन श्वे. तीर्थ देलवाडा पर पेढी की तरफ से द्विभाषीया (Guide) रखनेके लिए (२०) वामणवाडजी में जैन म्युझियम रखा गया है उसमें मूर्तियां भिजाने के लिए (२१) श्री महा-वीर प्रभु का जीवन चरित्र (२२) प्रचारकार्य और धन्यवाद के प्रस्ताव।

उपस्थित जनता ने कॉन्फरन्स के अधिवेशन कार्य में खूब उत्साह के साथ भाग लिया था। ता० ११ मे ३५ को 'कन्याविक्रय' के प्रस्ताव पर श्री. गुलाबचंदजी ढड्ढा, श्री. समरथमलजी सिंधी आदि के जोरदार भाषणों के पश्चात योगेन्द्रचूडामणी युगप्रधान श्री विजयशांतिसूरिजी म. ने

सेंकडो भाई-बहेनो को सोगन

दिलाए आपश्रीने लगभग एक घण्टे तक हृदयद्रावक भाषामें कन्या विक्रय त्यागका उपदेश दिया। जनता मुग्ध हो गई। इस पापी पृथाको त्याग करने के लिए सेंकडो बंधुओं और बहेनोंने सोगन लिए। उसी प्रकार 'बाललग्न' निषेध के लिए आपका तथा उपाध्यायजी म. श्री ललित विजयजी म. सदुपदेशसें सेंकडो स्त्री-पुरुषोंको सोगन लेनेके लिए प्रेरित किया और उन्होंने लिए। यह उपकार कम नहीं हुआ।

कॉन्फरन्सकी सफलता के लिए ऑनरेबल एजन्ट टू धी गवर्नर जनरल राजपूताना (माउंट आबू); श्रीमान् नैक नाम-दार ठाकुर साहब लिवडी; मिस एलिझाबेथ शार्प; अ. भा. जैन श्वे. कॉन्फरन्स, बम्बई शेठ शांतिदास आशकरण जे. पी; राव साहेब रवजी सोजपाल, श्री पूर्णचंद्रजी नहार, शेठ मोह-नलाल हेमचंद, रणछोडभाई रायचंद, लल्लुभाई दीपचंद झवेरी, अमरतलाल कालीदास आदि अनेक संदेशे तार और पत्र द्वारा मिले थे। पूज्य जैनाचार्य श्री विजयवल्लभ सूरीजीका बम्बई से आया हुआ तार और पत्र जब पढा गया तब जनता पर उसकी गहरी छाप पडी।

युवकों भी अपने उत्थानार्थ योग्य विचारणा करने के लिए सम्मिलित हो श्री जवाहरलालजी लोढा, अधिपति 'श्वेतांबर जैन' आगरा की अध्यक्षतामें योग्य आंदोलन किया।

प्रतिष्ठा महोत्सव, अंजनशलाका आदिका कार्य सानन्द समाप्त हुआ। इन दिनोंमें वैशाख सुद १० सं. १९९२ (मारवाडी) के रोज श्री संघने अत्यंत आदर के साथ आचार्य सम्राट श्री विजयशांति सूरीजी म. को "योगेन्द्र चूडामणी युग प्रधान" और पंन्यासजी म. श्री ललित विजयजी म. को "उपाध्याय" की पदवी से विभूषित किये। ता० २०-५-३५ को यु. श्री विजयशांति सूरीजी महाराज, ठाकुर साहब वीस-लपूर, जगत शेठ फतेहचंदजी सा. श्री गुलबचंदजी ढड्ढा, एम. ए; जनरल सेक्रेटरी; श्री भभूतमलजी देवीचंदजी स्वागताध्यक्ष; श्री निर्मल कुमारसिंहजी सा. नवलखा प्रमुख अ. भा. जैन कॉन्फरन्स; श्री ताजबहादुर सिंहजी श्रीपाल बहादुर सिंहजी, चेनकरणजी गोलेच्छा को मानपत्र अर्पण किये गये। वीसलपूर ठाकुर सा. को रू. ७०२) की पर्स नजर की गई।

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

પાઠશાળાઓને મદદ.

આ સંસ્થાને ચાલુ વર્ષમાં પાઠશાળાઓને મદદ આપવા માટે કેટલાક સદગૃહસ્થો તરફથી મળેલી રકમ તે કાર્યમાં વાપરવાની હોવાથી જે જૈન શ્વેતાંબર (મૂર્તિપૂજક) પાઠશાળાઓને મદદની જરૂર હોય તેઓએ બોર્ડના છાપેલા ફોર્મ પર તા. ૨૫-૬-૩૫ સુધીમાં અરજી કરવી. ફોર્મ માટે ૦-૦-૯ ની ટિકીટ મોકલવી.

શ્રી. જૈન શ્વે. એજ્યુ-કેશન બોર્ડ
૧૪૯, શરાફ બજાર,
મુંબઇ, ૨.

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી
બળવંતચંદ કેશવલાલ મોદી
ઓનરરી સેક્રેટરીઓ.

પ્રાણહીન સંસ્થાઓ.

આજે આપણી જૈન સમાજમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ જેવી વગદાર અને પ્રતિષ્ઠિત સંસ્થાઓથી માંડી નાના નાના મંડળો અને સંસ્થાઓની જો ગણત્રી કરવામાં આવે તો ગણત્રીને હિસાબે આપણને ખરેખર આત્મસંતોષ થશે કે આપણી કોમ ઘણી મોટી સંખ્યામાં મંડળો અને સંસ્થાઓ ધરાવે છે. બાહ્ય દૃષ્ટિએ જોતાં આ પરિસ્થિતિ આપણને સુંદર લાગે છે, પરંતુ જ્યારે કેટલીક સંસ્થાઓની આંતરિક વ્યવસ્થા યાતો સ્થિતિ તેના ભીતરમાં પેસી તપાસીએ તો આપણને ચોક્કસ લાગ્યા વિના નહિ રહે કે આપણી સંસ્થાઓનું સંખ્યાબળ મોટું હોવા છતાં કાર્ય પરત્વે ઘણીજ પછાત દશા આપણે ભોગવી રહ્યા છીએ.

આ વસ્તુસ્થિતિના કારણોની તપાસ કરતાં માલુમ પડશે કે કેટલીક સંસ્થાઓ સેવાભાવી કાર્યકર્તાઓના અભાવે નામનીજ ઉભી રહેલી દેખાય છે, તો કેટલીક સંસ્થાઓ આર્થિક સ્થિતિ તંગ હોવાના કારણે મોતને વાંકે જીવતી હોય એવી સ્થિતિમાં પડેલી દેખાય છે! જ્યારે વળી કોઈ કોઈ સંસ્થાઓમાં સ્વાર્થલોલુપ કાર્યકર્તાઓ પોતાના સ્વાર્થના પોષણ અર્થે પોતાની મનગમતી દિશામાં સસ્થાને હાંકી જતા નજરે પડે છે, તો કેટલીક સંસ્થાઓ માત્ર મોટા નામધારી વહીવટદારોના આળસુ અધિકાર નીચે દબાઈ સુસ્તપણે ટગુમગુ ચાલતી આપણે નિહાળીએ છીએ!

એકાદ બે કોઈ પ્રાણવાન સંસ્થાઓને બાજુએ મૂકી બીજી સંસ્થાઓ તરફ નજર દોડાવીએ છીએ તો ઉપર વર્ણવેલી કોઇને કોઇ દશા ભોગવતી હોય એમ જોવાય છે. આને પરિણામે આપણી શ્રીમંત મનાતી કોમ સંખ્યાબંધ સંસ્થાઓ અને વિશાળ કાર્યક્ષેત્ર હોવા છતાં કોઇ પણ મહત્વનાં કાર્યમાં આગળ પડતો ભાગ નથી લઇ શકતી એ દેખીતું છે.

બહુ દૂર નજર નહિ કરતાં તાજાજ બનેલા પ્રસંગ ઉપર વિચાર કરતાં જણાય છે કે કવેટામાં ભયંકર ધરતીકંપ થતાં અને હજારોની સંખ્યામાં કિંમતી જનોનો નાશ થતાં પારસી જેવી નાની કોમના એક જ ધર્માદા ખાતામાંથી લાખો રૂપીયાની ઉદાર રકમ ઘડીના પણ વિલંબ વિના આપોઆપ બહાર નીકળી પડે છે, જ્યારે આપણી જીવદયાવાદી કોમની એક પણ સંસ્થાનું રૂંવાડું પણ હલતું નથી એ કેટલું ખેદજનક છે. આ સ્થળે જણાવવું જરૂરી છે કે જે દિવસે ધરતીકંપના ખબરો વર્તમાનપત્રો દ્વારા જગત્માં જાહેર થયા તેજ દિવસે મુંબઇમાં કહેવાતી ધર્મરક્ષક સંસ્થા પોતાનું અધિવેશન ભરી લાંબાં લાંબાં ભાષણો કરી આનંદ અનુભવતી હતી! તે બીચારાઓને તેઓ પ્રત્યે દીલસોજી દેખાડવાની કે પોતાના માનવ બંધુઓ પ્રત્યે હમદર્દી બતાવવા એક શબ્દ પણ ઉચારવા ન મળ્યો કે હરસદ પણ ન મળી!

જે કોમમાં લાખો રૂપીયાના ટ્રસ્ટ ફંડો પડ્યાં છે, જે કોમમાં જીવદયા ખાતાંના લાખો રૂપીયા માત્ર વ્યાજ વધારતા તિજોરીઓમાં પડ્યા રહે છે, જે કોમ પોતાના માનવ બંધુઓના જનમાલના રક્ષણ કે ઉદ્ધાર અર્થે એક પાઇ પણ નથી વાપરી શકતી તે કોમ સેકડો સંસ્થાઓ ધરાવે તો પણ શું કામની?

આપણે આપણા મુંબઇ શહેરનો જ પ્રથમ દાખલો લઇએ તો આપણને માલુમ પડશે કે આપણે ત્યાંજ આ દશા હસ્તી ધરાવે છે. એક વખતની પ્રતિષ્ઠિત અને પ્રતિનિધિત્વ ધરાવતી જૈન એસોસીએશન ઑફ ઇન્ડીયા આજે કયાં છે? શું કરે છે? કોણ તેનો વહીવટ કરે છે? એ ભાગ્યેજ થોડાક માણસોજ જાણતા હશે. નથી સંભળાતી તેની કોઇ જનતની જાહેરાતો, કે નથી વંચાતા તેની મીટીંગોના સરકયુલરો. એવી જ રીતે સને ૧૯૩૨ માં શ્રી મણીલાલ કોઠારીના પ્રમુખપદે મળેલી જૈન યુવક પરિષદ્ કયાં છે? તેનો રીતસરનો વહીવટ કે કયાં છે તેનો કોઇ પણ પ્રકારનો કાર્યક્રમ? કયાં છે તેના પોતાની વ્યવસ્થા કે કયાં છે તેની પ્રગતિ?

આ ઉપરાંત જૈન ભોજનશાળા કે જેના વહીવટ માટે અત્યાર અગાઉ પણ ઘણો ઉહાપોહ થઇ ગયો છે, અને જેના વહીવટ માટે હજી પણ ઘણે સ્થળે ટીકાઓ સંભળાય છે; કયાં છે તેની કાયદાપૂર્વકની કાર્યવાહી કે કયાં છે તેનું રીતસરનું બંધારણ?

આ ઉપરાંત ખુદ મુંબઇ શહેરમાં એવી ઘણીએ નાની મોટી સંસ્થાઓ છે કે જેનો વહીવટ અંધારામાં હોય છે, યા તો કાર્ય કરનાઓની આળસને અંગે નામશેષ પડી રહી હોય છે!

આ વસ્તુસ્થિતિ બહુજ જલદીથી ચોખવટ માગે છે, અને જો આવા વિષય ઉપર પૂર્ણપણે લક્ષ આપી કોઇ વ્યવહારૂ માર્ગ યોજવામાં આવે તો તીજોરીઓના ભોંયરામાં અંધારામાં પડેલા લાખો રૂપીઆના ફંડો પ્રકાશમાં આવે, અને સમાજને ઉપયોગી થાય, અને બાહોશ કાર્ય કરનારાઓ જો નિખાલસ પણે કાર્ય કરવા ચાહે તો સમાજના ઘણાએ કાર્યો સહેલાઇથી ઉકેલી શકાય.

આજે વિષમ પરિસ્થિતિ એ છે કે જે સંસ્થાઓ પાસે લાખો રૂપીયાનાં ફંડ છે તે સંસ્થાઓ તેના કાર્યવાહકોની બેપરવાઇથી યા તો એક યા બીજા કારણે નિર્જીવ પણે વ્યાજ રોકાયેલા પડયા છે, તો જ્યાં કાર્ય કરનારો સેવાભાવી વર્ગ હસ્તી ધરાવે છે, તેઓ પાસે પૈસાની તંગી છે, તેઓને પૈસા માટે શ્રીમંતોના બાને ટ્રસ્ટ ફંડોના ટ્રસ્ટીઓના ઘર ઠોકતા જવું પડે છે. અને ત્યાંથી પણ જ્યારે તેઓને ગજવો સહકાર મળે છે ત્યારે તેઓને ઉત્સાહ ભાંગીને ભુકકા થઇ જાય છે.

છેવટમાં એટલું જ જણાવવું બસ થઇ પડશે કે જેઓને ખરેખર કાર્ય કરવાની ધગશ હોય, સમાજમાં કંઇક કરી બતાવવાની તમન્ના હોય, તેવાઓએ ભેગા મળી જે જે નિષ્પ્રાણ સંસ્થાઓ ખૂણે ખાંચરે નામશેષ પડી હોય, તેનું લીસ્ટ બનાવી તે સંસ્થાનો સંપૂર્ણ અભ્યાસ કરી જેની જે બાબતમાં ખામી જણાતી હોય તેને તે બતાવી તે સુધારવા યોગ્ય વ્યવસ્થા કરવી. જ્યાં આપબુદ્ધ સત્તાધારીઓ ફંડો દબાવી બેઠા હોય, તેના પાસેથી તે ફંડો સમાજના ઉપયોગ માટે બહાર લાવવા, અને જ્યાં જ્યાં કાર્ય કરનારાઓ નજરે આવે ત્યાં ત્યાંથી તેને વીણી વીણી બહાર લાવવા, અને જ્યાં જ્યાં વ્યવસ્થાની જરૂર જણાય ત્યાં ત્યાં વ્યવસ્થાઓ કરાવવી.

આ રીતિએ જો કાર્ય ઉપાડવામા આવે તો આપણી સમાજમાં ઘણા રચનાત્મક કાર્યો થઇ શકે અને નિશ્ચેતન સંસ્થાઓ જાગૃત થઇ કાર્ય કરતી થઇ જાય.

મ. હી. લાલન.

(આ તે શાસન રસિકતા? પા. ૨ થી)

બંધવો કહી શકશે કે તેઓ જેટલાં સોસાયટીના સૂત્રધારને વફાદાર છે તેટલા શ્રી મહાવીર દેવના શાસનને વફાદાર છે?

એક તરફથી મુનિ સંમેલનના ઠરાવોની ભારોભાર પ્રશંસા કરાય છે તો શા સારૂ એના ભંગ કરનાર પ્રત્યે આંગળી સરખી પણ ચિંધાતી નથી? લીંચ આદિની જે દીક્ષાઓને સંમેલનમાં ભાગ લેનાર આચાર્યોએ પણ વ્યાજબી નથી કહી તે માટે શું તેઓને કંઇ ખબરજ નથી? દૃષ્ટિરાગના પડળ ઉતાર્યા વગર સત્ય નજ સમજાય. પ્રમુખ આદિના ભાષણમાં ધર્મની વાતો છે પણ તે ઉછીની લીધેલી, ફોનોગ્રાફની રેકાર્ડ જેમ ગાઇ જવાની અને પઢાવેલો પોપટ જેમ બોલી બતાવે તેવા પ્રકારનીજને? જો સાચેજ એ હૃદયનું મંતવ્ય હોય તો ખંભાત જૈન શાળાનો વહીવટ જાહેરમાં મૂકે એટલે જણાઇ આવે કે દેવદ્રવ્યાદિની શી દશા પ્રમુખશ્રીના વહીવટ દરમીઆન થઇ છે? આબુપણે ન ચઢાવનાર અધર્મી છે છે એમ કહેવામાં આગમનો ટેકો છે કે? ધર્મની સાંબેલી પહોળી ફિલસુફી સમજાવનાર પ્રમુખ મહાશય કયા પ્રકારે જૈન શાળાનો સંઘ સ્થાપી શકે? અગર તો આયંબિલ ખાતામાં જુદા ચોકા જમાવી શકે? એ બધું આગમમાં કહેલું જ હશે? જૈન શાળાના સંઘની સ્થાપના પણ પ્રભુ શ્રી મહાવીરદેવના વચનને અનુસરીને કરાયેલી હશે? આંબિલ કરતી વેળા ઓશવાલ, પોરવાડ કે શ્રીમાળી જોડે બેસી ન શકે એ પણ પ્રભુની આજ્ઞાનું પાલન થતું હશે?

ધર્મની વાતો કરનારાઓએ પોતે કયાં ઉભા છે તે જોવાની જરૂર છે. ધર્મને નામે વાણી વિલાસ સ્વછંદતાથી કરવો કે પોતાની જાતમાં ધર્મનો ઇજારો લઇ લેવો અથવા તો છાપામાં મોટા મથાળા હેઠળ છપાવી નાંખવું અગર તો માત્ર પાણીને શ્રીફળની પ્રભાવનાના જોરે એકઠા થયેલાં ટોળામાં ધર્મ સમજાવવો એ કંઇ મોટી વાત છે?

ધર્મ એ તો જીવનમાં ઉતારવાની વસ્તુ છે. વર્તનમાં જેટલા અંશે ઉતારાય એટલા અંશે એની છાપ પડતીજ જાય. એ માટે 'અમેજ ધર્મી' અમેજ 'શાસનપ્રેમી' અને અમેજ 'સૌ કંઇ' બાકી બધા અધર્મી–નાસ્તિક અને હિસાબ વગરના એવા પ્રલાપ કરવાની જરૂર નજ રહે.

એક ભાઇએ તો આ અધિવેશનની વિશિષ્ટતા ગણાવતાં એટલે સુધી ભરડી નાંખેલું કે–'અત્યાર સુધી માધવબાગમાં જે અધિવેશનો થયા તેમાં માત્ર અર્થ–કામની વાતો થયેલી છે જ્યારે ભરાનાર અધિવેશનમાં તો કેવળ ધર્મની વાત જ થશે. અત્યાર સુધી જે પ્રમુખો આવ્યા હતા એ બધા જડવાદના પોષક હતા જ્યારે તેઓ જેમને લાવનાર છે એ અત્યાત્મવાદને પોષશે!! આવું તો બીજું ઘણુંયે એમ કહી વિશિષ્ટ પુરાણ સમાપ્ત કરેલું' આ વાત બની છે કે કેવળ ભેજા ગેપના તરંગ જેવી વા મસ્કાથી ભારોભાર ભરેલી છે એતો ઠરાવોને કાર્યવાહી ઉપરથી સૌ કોઇ જાણી શકયું છે. પણ એકજ પ્રશ્ન ઉદ્ભવે છે અને તે એ કે, શત્રુંજય માટે જે ખાસ અધિવેશન મળેલું તે પણ એજ માધવબાગમાં તો એ વેળા ધર્મની વાત થયેલી કે અર્થ કામની? બાકી શેઠ કસ્તુરભાઇ લાલભાઇ કે બાબુ સાહેબ બહાદુરસિંહજી સીંધી કરતાં

જૈનાચાર્ય શ્રી આત્માનંદ શતાબ્દિ.

વીસમી સદીના પરમોપકારી ન્યાયાંભોનિધિ આચાર્ય શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વરજીની શતાબ્દિનો દિવસ સંવત ૧૯૯૨ ના ચૈત્ર શુદ ૧, મંગલવાર તા. ૨૪–૩–૧૯૩૬ ના રોજ આવતો હોઇ તે પ્રસંગને અનુકૂલ અને કાયમી ગોઠવણ થઇ શકે તેવો પ્રબંધ કરવા માટે ગત ફાગણ સુદ ૧૪ ના રોજ મુંબઇમાં શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરિજી મહારાજના પ્રમુખસ્થાન હેઠળ એક સભા મળી હતી જે વખતે મુનિશ્રી ચરણ વિજયજી મહારાજના વિવેચન પછી આવા મહાપ્રતાપી મહુંમ આચાર્યશ્રીની શતાબ્દિનું સ્મરણ ચિરંજીવ રાખવા માટે એક ફંડ ઉભું કરવા સંબંધે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજી મહારાજ સમક્ષ પરસ્પર ચર્ચા થઇ હતી અને નિર્ણય કરવામાં આવ્યો હતો કે જૈનાચાર્યશ્રી આત્માનંદ શતાબ્દિ સ્મારક સમિતિની સ્થાપના કરવી. આ યોજનાનો લાભ મેળવી સર્વ કોઈ યથાશક્તિ સેવા બજાવી શકે એ હેતુથી ફંડમાં ભરવાની રકમ રૂપીઆ ૧૦૧) ની ઠરાવવામાં આવી.

આચાર્યશ્રી વિજયવલ્લભ સૂરિશ્વરજી મહારાજના ઉપદેશથી આ ફંડ સમસ્ત હિંદમાંથી ઉભું કરવાની ગોઠવણ થઇ ચૂકી છે અને તે માટે મેસર્સ રણછોડભાઈ રાયચંદ ઝવેરી, ડો૦ પૂનશીહી, મૈશેરી, નેમચંદ અમેચંદ ઝવેરી, મોહનલાલ દ. દેશાઈ, મોહનલાલ હેમચંદ ઝવેરી, ગુલાબચંદ નગીનચંદ કપુરચંદ, સકરચંદ મોતીલાલ મૂલજી, નવીનચંદ હેમચંદ, મેઘજી સોજપાલ, ભીમાજી મોતીજી, મોતીચંદ મિ. કાપડીઆ, દેવચંદ કલ્યાણચંદ, મુલચંદ સજમલજી, ડૉ. નાનચંદ કે. મોદી, ડાહ્યાભાઇ નગીનદાસની 'સ્મારક સમિતિ' નીમવામાં આવી છે. આ સમિતિના મંત્રી તરીકે શ્રી મગનલાલ મુલચંદ શાહની નિમણુંક થઇ છે.

ફંડનો ઉપયોગ સાહિત્ય પ્રકાશનમાંજ થશે અને તેમાં જૈન ધર્મને લગતી પ્રાચીન ઐતિહાસિક શોધખોળ અને પુરાતત્વનો સમાવેશ કરવામાં આવશે. એક શતાબ્દિ સ્મારક અંક પ્રસિદ્ધ કરવાની તૈયારી પણ ચાલુ થઇ છે. આ ફંડને એકત્રિત કરી કેન્દ્રસ્થ બનાવવામાં આવે ત્યાં સુધી મેસર્સ રણછોડભાઇ રાયચંદ મોતીચંદ અને સકરચંદ મોતીલાલ મુલજી–બજાનચી તરીકે કાર્ય કરશે.

સુધારો :

સમાચાર સાર પા. ૮ માં ૧૭ મી લાઇને પર 'ભીટીંગ્રા' ની જગ્યાએ "મિયાગામ" અને લાઇન ૨૮ માં "સારાભાઈ સારાભાઇ" ની જગ્યાએ "સારાભાઇ મગનભાઇ" વાંચશો.

અત્યારના પ્રમુખ અધ્યાત્મવાદી તો બરાજ! તે વિના ચૌદશ જેવી મહાતિથિએ રેલ્વેમાં બેસાય, ભરૂચ સ્ટેશનેથી રાંધેલી રસવતીના ઠાળો ટ્રનમાં હલવાય, વનસ્પતિકાય એવા ફુલના જીવોની દયા વિસારી મૂકાય, અને ટ્રેનના છતાં સાધને અંધેરીની બસો દોડાવાય! અફસોસ એટલોજ કે કલોટ ધરતીકંપ પરત્વે વધુ નહીં તો કરૂણાનો એક હરફ પણ ન ઉચરાય? આ ઉપરથી એમ નથી સમજાતું કે શાસન માટે કમર કસનાર આપણા આ ભાઇઓના અંતરમાં પ્રભુશ્રીના ધર્મની ધગશ કરતાં કોન્ફરન્સ માટેની ધર્માગ્નિ વધુ પ્રજ્વલિત છે?

અખિલ ભારતવર્ષીય શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ તરફથી મળેલો પત્ર.

સેક્રેટરી,
શ્રી જૈન કોન્ફરન્સ,
૧૪૯, ઝવેરી બજાર,
મુંબઈ નં. ૨.

ભાઇશ્રી,

સપ્રેમ જયજિનેન્દ્ર !

આપણા સમાજના ત્રણે ફીરકાઓમાં ઐક્ય વધારવાના શુભાશયથી એક શ્વેતાંબર મૂર્તિપૂજક સજ્જન, જેઓ પોતાનું નામ આપવા નથી માંગતા તેઓએ અમારી કોન્ફરન્સને એક શીલ્ડ આપ્યું છે અને તેની સાથે ૧૬ ચંદ્રકો (મેડલ) આપ્યા છે. જેની મુખ્ય શરતો નીચે મુજબ છે:—

(૧) આ શીલ્ડને 'ધી જૈન આંતરકોમીય મેટ્રીકયુલેશન એકઝામીનેશન (મું. યુ) કોમ્પીટીશન શીલ્ડ' નામ આપ્યું છે.

(૨) આ શીલ્ડ એક શ્વેતાંબર મૂર્તિપૂજક જૈને દિગંબર ફિરકાના નેતા શ્રી. શેઠ માણેકચંદ હિરાચંદના સ્મરણાર્થે સ્થાનકવાસી કોન્ફરન્સને અર્પણ કરેલ છે.

(૩) મુંબઇ ઇલાકાની દર વાર્ષિક મેટ્રીકની પરીક્ષામાં જેટલા જૈન વિદ્યાર્થીઓ બેસે તેમાં પહેલે નંબરે આવે. તેને તે વિદ્યાર્થીઓના ફીરકાની કોન્ફરન્સ મારફત એક ચંદ્રક આપવો તથા શીલ્ડ તે વિદ્યાર્થીના ગામના શ્રી સંઘને મોકલાવવી અને વર્ષની આખરીએ તે કોન્ફરન્સ મારફત અમારી કોન્ફરન્સે તે શીલ્ડ પાછી મેળવી બીજા વર્ષનાં પરિણામ પ્રમાણે મોકલાવવી.

(૪) આવી રીતે ચંદ્રક અને શીલ્ડ આપી અને શીલ્ડ પાછી મંગાવી આપવાની જવાબદારી જે કોન્ફરન્સ મારફત તે અપાય તેની રહે.

(૫) જો કોઈ ખાસ અનિવાર્ય કારણને લઇને શીલ્ડ વિદ્યાર્થીના ગામના સંઘને આપવી શક્ય ન હોય તો તેની કોન્ફરન્સ પાસે તે વર્ષ માટે રહે.

(૬) આવી રીતે ૧૬ વર્ષોમાં જે ફિરકાના વિદ્યાર્થીઓએ સૌથી વધારે ચંદ્રકો મેળવ્યા હોય તે ફિરકાની કોન્ફરન્સને છેવટ એ શિલ્ડ અર્પણ થશે.

(૭) દરેક ગામમાં આ શીલ્ડ અને ચંદ્રક અપાતી વખતે બને ત્યાં સુધી એક મેલાવડો કરીને આપવી જેથી તેને પૂરતી જાહેરાત મળે અને ઐક્યનો શુભ હેતુ વિશેષ પાર પાડી શકાય.

આ વર્ષે અમદાવાદના રહીશ ડો. કેશવલાલ મલુકચંદ પરિખના પુત્ર ભાઈ નરેશચંદ્ર સઘળા જૈન વિદ્યાર્થીઓમાં પહેલે નંબરે આવ્યા છે જેથી શીલ્ડ તથા ચંદ્રક આપની કોન્ફરન્સ મારફત અમદાવાદ મોકલાવવાના છે. અમદાવાદના શ્રી સંઘ મારફત આપ તેની ઘટતી તજવીજ કરી લેશો. અને મને જણાવશો એટલે તુરત શીલ્ડ તથા ચંદ્રક હું આપને મોકલાવી આપીશ.

આ હકીકતને આપના મુખપત્રમાં જાહેર કરશો.

લી. સેવક,
(સહી) **ચીમનલાલ ચકુભાઇ શાહ.**
સેક્રેટરી.

સમાચાર સાર.

મહાવીર જૈન વિદ્યાલય—કમીટીની મિટીંગ જુન માસમાં ૭ વાર મળી હતી. મુખ્ય કામ—નવા વિદ્યાર્થિની અરજીઓ ઉપર વિચાર ચલાવી નિર્ણય કરવામાં આવ્યો હતો. લગભગ નવા ૩૭ વિદ્યાર્થીઓ દાખલ કરવામાં આવ્યા હતા. જગ્યાને અભાવે ઘણી અરજી રદ કરવી પડી હતી. અભ્યાસીઓની સંખ્યાના પ્રમાણમાં આવી સંસ્થાઓની સ્થળે સ્થળે જરૂરીયાત પુરવાર થાય છે. તેમજ વિદ્યાલયના સંચાલકોએ સંસ્થાના વિકાસ માટે વિશેષ પ્રયાસ કરવાની જરૂર છે. બોર્ડીંગો, બાલાશ્રમો, ગુરૂકુલો દરેક સ્થળે વિદ્યાર્થીઓને જગ્યાને અભાવે નિરાશ થવું પડે છે.

શ્રી વિજયાનંદસૂરિજીની જયન્તિ—મુંબઇ, વીલાપાર્લા, વીણોજ, પાટણ વગેરે સ્થળે જેઠ સુદ ૮ ના રોજ ઉજવવામાં આવી હતી.

શ્રી બુધ્ધિસાગરસુરિશ્વરજીની જયન્તિ—વીજાપુર, પાલીતાણા, કોલ્હાપુર, પેથાપુર, મુંબઇ. આદિ સ્થળે ઉજવાઇ હતી.

મીટીંગો—ધાર્મિક ખાતાના હિસાબ પ્રગટ કરવા માટે ફરીયાદ થાય છે. વહિવટદારો ધ્યાન આપશે કે?

જૈન યુવક પરિષદ—જૈન યુવક પરિષદની આવતી બેઠક અમદાવાદ ખાતે ભરવા માટે અમદાવાદ જૈન યુવક સંઘના કાર્યકર્તાઓ વિચાર ચલાવે છે.

જૈન બાળ વિદ્યાર્થી ભુવન, ભાવનગર—વેકેશન પછી નિયમિત ચાલુ થઇ ગયું છે. હાલ બાવણીસ છોકરાઓ લાભ લે છે. વેકેશનમાં વિદ્યાર્થીઓને તળાજા લઇ જવામાં આવ્યા હતા.

સારાભાઇ સારાભાઇ મોદી લોન સ્કોલરશીપ ફંડ કમીટી અને ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ટ્રસ્ટ કમીટીની મીટીંગો પણ મળી ગઇ છે. લોન ફંડને અંગે આ વરસ લગભગ રૂા. ૩૦૦૦)ની લોન મંજુર કરવામાં આવી છે. ટ્રસ્ટ ફંડ માટે ફકત ચારજ વિદ્યાર્થીની અરજી મંજુર થઇ શકી છે. ટ્રસ્ટ ફંડની શરત મુજબ મેટ્રીકમાં જેમણે બીજી ભાષા તરીકે સંસ્કૃત લીધેલું હોય ને જેણે જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની પુરૂષ ધોરણ પહેલાની પરિક્ષા પસાર કરી હોય તેવાજ વિદ્યાર્થીને ફંડમાંથી મદદ આપી શકાય તેમ છે. વિદ્યાર્થીઓને આ હકીકતનો પ્રથમથી ખ્યાલ આપવામાં આવે તો બન્ને શરતનું પાલન થાય ને આવતા વરસે વધારે વિદ્યાર્થી આ ફંડનો લાભ લઇ શકે.

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૪૯, ઝવેરી બજાર, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનું સરનામું:—"હિંદસંઘ"—"HINDSANGHA"

REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.)

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જીનું ૯ મું / નવું ૪ થું | તારીખ ૧૬ જુલાઇ ૧૯૩૫. | અંક ૧૧.

અમર્યાદિત દૃષ્ટિકોણો.

સંસારમાંના સુખદુઃખ જો કશાનીયે ઉપર વિશેષ અવલંબી રહ્યાં હોય તો તે જુદી જુદી વ્યક્તિઓના પરસ્પર જોવાના દૃષ્ટિકોણ ઉપરજ. આ તત્ત્વ થોડી વધારે દૂર દૃષ્ટિથી વિચાર કરતાં કોઇનેયે સહજમાન્ય થાય તેવું છે. આપણો સ્વભાવ જે પ્રમાણે હોય તે પ્રમાણેજ આપણે બીજાની સાથે વર્તશું, આ જો કે ખરૂં હોય તો પણ આપણે બીજાની દૃષ્ટિએ જોવા હોઇએ તે દૃષ્ટિકોણ ઉપરજ આપણે બીજાઓની સાથેનો સંબંધ અવલંબી રહ્યો હોય છે. કોઇ પણ વિષયનો અભ્યાસ કરતી વખતે સૂઝ્યાં આ દૃષ્ટિકોણ આપણને ભેટે છે. ત્યાં સુધ્યાં નિરનિરાળા દૃષ્ટિકોણવડે તે તે વિષયનો અભ્યાસ કરી શકાય છે. સાહિત્યશાસ્ત્રનો કલાત્મકદૃષ્ટિએ, સૌન્દર્યોપાસક દૃષ્ટિએ ને શીલાત્મક દૃષ્ટિએ આવા. વિવિધ દૃષ્ટિકોણ વડે આપણે વિચાર કરીએજ છીએ. માણસની જેવા પ્રકારની વિચારસરણી હોય તેવે પ્ર ારે તે જુદા'જુદા વિષય તરફ જુવે છે—અર્થાત્ તેનો એક વિશિષ્ટ દૃષ્ટિકોણ હોય છે. આવી દૃષ્ટિએ વિચાર કરીએ તો આ દૃષ્ટિકોણોની સંખ્યા અમર્યાદ ઠરશે. પરંતુ એને સુધ્યાં મર્યાદા બાંધવામાં આવી છે. એકજ વિચારસરણીની વ્યક્તિઓને એક બાજુએ કાઢી તેમનો એક ગટ બનાવવામાં આવ્યો છે. ને એ ગટના દૃષ્ટિકોણમાંજ તેમાંની પ્રત્યેક વ્યક્તિના દૃષ્ટિકોણનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગટ ભાવના, વિચાર વગેરે માનસિક પ્રવૃત્તિ ઉપરજ બનાવવામાં આવે છે. આ પ્રમાણે પ્રત્યેક વૃત્તિને એકેક દૃષ્ટિકોણ છે એમ કહીએ તો પણ એ દૃષ્ટિકોણોની સંખ્યા કંઇ થોડી નથી. પણ એનો શો ઉપાય! એ બધા દૃષ્ટિકોણોના ચક્રવ્યૂહમાંથી આપણે સંસારમાં માર્ગ કાઢવાનો હોય છે ને આપણી નજર અવિચલજ રાખવાની હોય છે.

[દૃષ્ટિકોણના કેટલાક ચમત્કાર—ચિત્રમય જગત્ પૃષ્ઠ ૨૮૬. જન્યુ-૧૯૩૫]

પ્રત્યેક વ્યતિએ પોતાના સુખને માટે જેમ મથવું જોઇએ તેમ સામુદાયિક હિતને માટે પણ મથવું જોઇએ. મનુષ્ય માત્રના જીવનનો હેતુ સુખ છે; પણ એકજ વ્યકિત પોતે સુખી થાય એમ કહેવા લાગે તો તે શક્ય અને ઇષ્ટ પણ નથી. સર્વ જણ જો સુખી નહીં હોય તો એક વ્યકિત સુખી થવી અશક્ય છે. તો પ્રત્યેક જણે મનુષ્ય જાતિને સુખી, સમાધાની અને શાન્તતા પ્રધાન કરવા સારૂ મથવું જોઇએ. આવા પ્રકારનું સમાધાન સર્વત્ર વર્તવા લાગ્યા પછી વ્યકિતએ પોતાના સુખનો વિકાસ કરવાને હરકત નહીં. ત્યારપછી વ્યકિત વ્યકતિમાં જે સ્પર્ધા થશે તે મનુષ્ય માત્રને વધારે સુખી કોણ કરે છે એ સબંધે થશે. ભવિષ્ય કાળમાં સુખ નિર્માણ કરવું એજ મનુષ્યનો ધર્મ બનશે.

[ચિત્રમય જગત્—ફેબ્રુઆરી ૧૯૩૫ પૃ. ૩૧૭]

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

श्री सिद्धसेन दिवाकर.

જૈન યુગ.

તા. ૧૬-૭-૩૫ મંગળવાર.

કૉન્ફરન્સના અભંગ દ્વાર.

છાપામાં તેમજ વાતાવરણમાં એમ સંભળાય છે કે કૉન્ફરન્સ તેમજ સોસાયટીના હરાવોમાં ઝાઝો મતફેર નથી તો પછી શા સારૂ ઉભય સંસ્થાના કાર્યવાહકો એકઠા મળી, જમાલભાઇના જુદા ચોકા જેવી દશાનો અંત ન આણે?

ઉપરોક્ત આપયનુ વદનાર કયાં તો કૉન્ફરન્સના બંધારણથી અજ્ઞાત છે અથવા તો જુદા ચોકાની નીતિ અખત્યાર કરનાર વર્ગની મનોદશાનું એને ભાન નથી. શ્વે૦ મૂ૦ જૈન તરિકે ઓળખાતી પ્રત્યેક વ્યકતિને માટે કૉન્ફરન્સના દ્વાર સદા ઉઘાડાજ છે. કૉન્ફરન્સના બંધારણનો સામાન્ય ખ્યાલ ધરાવનાર સૌ કોઇ જાણી શકે છે કે જ્યારે અધિવેશન ભરાય છે ત્યારે આમંત્રણ પત્રિકા પ્રત્યેક શહેર અને ગામના સંઘ ઉપર મોકલવામાં આવે છે. દેરાસર પર પણ ચોટવામાં આવે છે અને જાહેર મંડળો કે જેમના નામ રજીસ્ટર થયેલા હોય છે તેમના પર રવાના થાય છે આ ઉપરથી જાણી શકાશે કે કોઇ પણ વ્યકિ તે અમુક જાતનું બંધન આગળ ધરી ભાગ લેતાં અટકાવવાને નથી તો ધરાદો કે નથી તો ઉઘાડો કોઇ માર્ગ. સંઘમાં શાસનપ્રેમી ગણાતો વર્ગ, તટસ્થ મનુષ્યો, યંગમેનો અને યુવકો સૌ કોઇ આવી જાય છે. અને એ હકકથી વિના મુશીબતે છુટથી કૉન્ફરન્સની પ્રવૃત્તિઓમાં ભાગ લઇ શકે છે.

આવી સ્પષ્ટ દીવા જેવી સ્થિતિ છતાં કોઈ વર્ગ ધરાદાપૂર્વક એની સામે રૂસણુ આદરે તો એમાં ભૂલ કોની કહેવાય? કાર્ય પ્રણાલી માટે જે પદ્ધતિ નિર્માણ કરવામાં આવી હોય એને દરેકે માન આપવું જોઇએ. અલબત એમાં સુધારા વધારાને સ્થાન છે પણ તે માટે ઉચિત પ્રથા અંગીકાર કરવી ઘટે. આથી ઉલટું જો દરેક શખ્સ પોતાના તરંગે ડોલવા માંડે તો કયાં તો પેલા ટકું ગુમાવનાર બાપ દીકરાના જેવી દશા થાય! બધાને રાજી રાખવા જતાં એવુંજ બનેને! અગર તો તંત્ર અટકી પડે. તેથીજ નિયત ધોરણને વળગી રહેવાની અગત્ય ગણાય. સૌ કોઇ સમજે છે કે પ્રમુખ તરીકે વરાયેલી વ્યકિતને પોતાના વકતવ્યમાં સમાજના બળતા પ્રશ્નો ચર્ચવાની તેમ એ ઉપર સ્વમત દર્શાવવાની છુટ હોય છે, તોજ એ ભાષણ ભાવી વિષય વિચારણી સમિતિને માર્ગદર્શક થઇ પડે. ભાષણ ઉપરાંતના અન્ય દરેક કાર્યમાં તો પ્રમુખની ફરજ સભાસદોની વલણ જોઇ, શાંતિસુલેહથી કામ લઇ છેવટના નિર્ણયપર આવવા રૂપજ હોય છે. એ વેળા પોતાની માન્યતા જાહેર કરી શકાય છતાં એ પર જોર નથી પકડી શકાતુ. જ્યાં આ ધોરણ પ્રવર્તે છે ત્યાં સ્વછંદી વિચારો બતાવી એ માટે અમુક પ્રકારના ફેરફારની બુદ્ધ પ્રમુખ પાસે માગણી કરવી તેમ ન બને તો તોડફોડની નીતિ ગ્રહણ કરવી એ વ્યાજબી શી રીતે ગણી શકાશે!

આમ છતાં વાદળા વીખરાયા છે અને અમદાવાદમાં મુનિ સંમેલને દિશા દોરી છે એ પરત્વેતો સૌ એક મત છે તો પછી ગઇ ગુજરી ભૂલી જઇ કયાં નવેસરથી હાથ ન મીલાવી શકાય? એક તરફથી કહેવામાં આવે છે કે મોટો ભાગ કૉન્ફરન્સથી અલગ પડયો છે અને હજુગે ગામોએ એનો બહિષ્કાર કર્યો છે. છતાં આ વાત સાચી નથી એમ કહેનારના અંતર પણ કબુલે છે એટલેજ એકાદ જુદી છાવણી ઉભી કરવી પડી છે! જો એમ ન હોય તો આ મોટો વર્ગ ધારે તે વખતે કૉન્ફરન્સને અનુસરનાર નાના વર્ગના હાથમાંથી વધુમતીના જોરે સત્તા લઇ શકે છે. બાકી કેટલોક માર્ગ તટસ્થ છે પણ નાનો વર્ગ હોવાથી તેવી હિંમત કરવાનું બનતું નથી. નજર સામે રાષ્ટ્રિય મહાસભાનો દાખલો છે. એક વેળા ત્યાં મોડરેટોની બહુમતી હતી ત્યારે લોકમાન્ય જેવાને બહુમતીમાં રહી પોતાનું બળ જમાવવા પ્રયાસ કરવા પડયા હતા. પાછળથી એ પક્ષની બહુમતી થતાં, લગામ હાથમાં આવી અને મોડરેટોને ખસવું પડયું. અહિં પણ આ નિયમ લાગુ પડે છે. જો શાસનપ્રેમી બંધવો પોતાની પીઠે બહુમતી હોવાનો દાવો કરતાં હોય તો ખુલ્લી બેઠકમાં એનો ઉપયોગ કરી તેમને આજના સત્તાધારીઓ પાસેથી તંત્ર પોતાના હસ્તક ખેંચી લેવું જોઇએ અને સ્વઅંતર કબુલતું હોય કે આપણી બહુમતી નથી પણ લઘુમતી છે તો, પોતાની બાજુ બહુમતી ખેંચવા યોગ્ય પ્રયાસો આદરવા જોઇએ. આજ વ્યાજબી રાહ છે. બાકી રૂકમણીના રૂસણા નારીગણને જ શોભે અથવા વખતો વખત બહુમતીના પોકાર કાંઠે ઉભા રહી પાડવા એતો સ્વહસ્તે સ્વસત્વની કિંમત અંકાવા જેવુંજ ગણાય! એ ત્રીજા મારગથી સંસ્થાની સંખ્યામાં ઉમેરો થાય છે પણ સમાજનું બળ ક્ષીણ થતું જાય છે, એની શકિતનો મોટો હ્રાસ થાય છે જે સાચો સમાજ હિતેચ્છુ ઘડીભર પણ પસંદ ન કરે. વળી એક સુચના વધુ. જેણે 'સવી જીવ કરૂં શાસન રસી' એ પ્રભુ વાકયનો મુદ્રાલેખ સમજ્યો છે તે ભાગલા પાડવામાં નજ રાચે. એ તો કટ્ટર વિદ્રોધીઓને પણ પ્રેમ ભાવે સમજાવી શાસનના રસીયા કરવા સારૂ સઘળા પ્રયાસો સેવે તોજ મુદ્રાલેખ ધારવાનું સાર્થકય ગણાય.

શ્રી સુકૃત ભંડાર ફંડ

નીચેની રકમો સાભાર સ્વીકારીએ છીએ.

શેઠ હીરાચંદ વસનજી પોરબંદર રૂા. ૪૫)
મેસર્સ ભાયચંદ અમોલખ કંપની મુંબઇ રૂા. ૧૩-૧૨-૦

નોંધ અને ચર્ચા.

ત્રણ ફિરકાનુ ઐકય–જ્યાં હજી આ પ્રકારનું ઐકય-સધાયુ નથી, માત્ર એ સંબંધમાં હજુ તો પ્રારંભિક પ્રયાસ થઇ રહ્યો છે ત્યાં તો આપણામાંનો પોતાની જાતને શાશન રસિક તરિકે ઓળખાવતો વર્ગ–એકદમ ફૂદડી ઉહયો છે, અને એ સબંધમાં હરાત કરીને જનતામાં પોતાને હાસ્યાસ્પદ પણ બનાવેલ છે! સામાન્ય સમજ ધરાવનાર વ્યકિત પણ એવા પ્રયાસમાં કોઇ જાતનું દૂષણ નથી એમ સહજ જોઇ શકે તેમ છે. દેશમાં જ્યારે પરસ્પર જુદા આચાર વિચાર ધરાવતી હિંદુ મુસ્લીમ કોમો આજે એવું ઐકય સાધવાના પ્રયાસો સેવી રહી છે ત્યારે આતો એકજ પિતાનાં સંતાન વચ્ચે ઐકય સાધવાની વાત છે. એમાં ભીતિ કે દોષ જોવા એ તો દુષ્ટ-માંથી પોરા કહાડવા જેવું છે! એકયની વાતમાં જે એક હાઉ ઉભો કરવામાં આવે છે તેથી તો એ વર્ગની બુધ્ધિમ-તા માટે અજાયેબી ઉપજે છે! કોણે એમ કહ્યું છે કે ઐકયની સાધના અર્થે મૂર્તિપૂજક વર્ગે મૂર્તિપૂજા ત્યજી દેવી અગર તો પોત પોતાની માન્યતાને વીસારી મૂકવી? દરેક સંપ્રદાય પોતાની માન્યતા મુજબ આચરણા ચાલુ રાખીને પણ ઐકય સાંધી શકે છે આ ઐકય સાધનાથી નજીવા કારણે દ્વેશ પેદા થાય છે, તે અટકાવવાનો અને તીર્થ સંબંધી કેસોમાં લાખોના આંધણ મૂકાય છે તે બંધ કરવાનો હેતુ રહેલો છે. એ ઉપરાંત જૈનેતર સમાજ તરફથી આપણા પર થતાં આક્રમણો સામે ખભામાં ખભો ભેરવી સાથે ઉભવાનો છે.

આ વાત જો સ્યાદ્વાવાદ દષ્ટિયે વિચારીએ અથવા તો નય માર્ગો પર વિચાર કરી એનો સમન્વય કરીએ તોપણ હૃદયમાં ઉતારી શકાય તેવી છે. એ અનેકાંત દષ્ટિના પ્રતાપે પૂર્વાચાર્યોએ એટલે સુધી કહ્યું છે કે ન તો શ્વેતાંબર કે ન તો દિગંબર અથવા તો ન તો બૌદ્ધ એકલો મુક્તિનો ઇજારદાર છે. જે આત્માને ઓલખશે અને એની સ્વાભાવિક દશા પ્રગટાવશે તે જરૂર મુક્તિની સાધના કરી શકશે. પછી તે ઉપરોક્ત કોઇ પણ વર્ગનો હોય. આવા ઐકય પરત્વે ધર્માંધતાથી પ્રેરાઇને બેસુરા અવાજ કહાડવાથી અંતરની કલુષિતતા સિવાય અન્ય કઇ ચીજનું પ્રદર્શન કરાવાય છે?

મુનિ ચમરેંદ્રજીમલજીનું અવસાન.

આ મુનિનું અવસાન રસ્તામાં વીહાર કરતા થયેલ છે. જે અંગે જુદા જુદા લેખકો તરફથી વર્તમાનપત્રોમાં સમાચાર પ્રસિદ્ધ થયા છે. મુનીવર્ગ ઉપર શ્રધ્ધા રાખનાર દરેક આવા આકસ્મિક મરણોથી અસંતોષ પામશે. જુદા જુદા પ્રકારના ખુલાસાઓ મુનિ તરફથી તથા અન્ય વ્યકિતઓ તરફથી પ્રગટ થયા છે.તે પરથી બેડા બાજુનો બનાવ યાદ આવે છે. ત્યાં પણ મુનિ પાછળ રહી જતા હતા એમ બચાવ હતો ને આમાં પણ મુનિ પાછળ રહી જતા હતા તેવોજ બચાવ મુકવામાં આવે છે. સાધુ મુનિરાજ બંને સાથે નીકળે અને એક વૃધ્ધ હોય તેને પાછળ મુકીને બીજા મુનિ આગળ ચાલ્યા જાય તે વાત શું સાધુધર્મને છાજતી છે? સાધારણ માણસો ઓળખીતાં ન હોય છતાં તેવા ટાઇમે 'એક કરતા બે ભલા' તેવી રીતે સાથે રહેવાનોજ વીચાર કરે. મુનિ વિહારનો ટાઇમ ને પ્રદેશ કેવો હતો?

રણનો પ્રદેશ તેમાં પણ રેતી ગરમ થઇ ગયેલી. સાથેના મુનીરાજ જાણે છે કે વૃદ્ધ મુનીરાજ પાસે પાણી થોડું છે છતાં એકલા મુકીને ચાલ્યા જાય તે મુનિ માટે શું સમજવું? આ હકીકત રા. મણીલાલ ખુશાલચંદના ખુલાસા માંથી લીધેલી છે. વીરશાસનમાં ખુલાસો કરતા સાથેના મુનિ શું કહે છે તે જોઇએ: 'મુનિશ્રી ચમરેન્દ્રજીમળજી વાના દર્દથી પીડાતા હતા" આવું હોવા છતાં સાથે રહેવાની જરૂર તેમને જણાઇ નથી. પોતાને સાંજનો વખત હતો એ ગાઉ જવાનું હતું વળી માણસ પાસે નહોતો એટલે પોતે વધારે ખોટી કેમ થઇ શકે એટલે પોતે ચાલ્યા. મુનિને આંખના આડ–બેતરો હતાં ત્યાં રક્ષા કરનાર માણસો હતા એટલે પોતે તેને ભરોસે મુનીને છોડીને એકલા ચાલ્યા ગયા. વળી આગળ ચાલતા લખે છે તે આગળની ગુંમટીએ તે રસ્તો નીકળે છે માટે ત્યાં મળી જશે. એવી આશા રાખી આગળ ચાલ્યા બેડાના બનાવમાં પણ બીજે રસ્તે આગળ ગયા હશે એમ માનવામાં આવ્યું હતું તેમ આ પ્રસંગમાં પણ એમ માન્યતા રાખી આગળ ચાલે છે. આવી સ્થીતીમાં એક મુની બીજા મુનીને છોડી ચાલ્યા જાય તેમાં કંઇ ભેદ જેવું લાગતું નથી; દુશ્મનો હોય તે સીવાય આવું વર્તન સાથે ચાલનારાઓ ન રાખે તેવું વર્તન અરસપરસ મુની રાખે તે હકીકત શું જૈન સમાજે ચલાવી લેવા જેવી છે? મણીભાઇ જેવા બંધુ આવી વાતો શાસનની હીલણાને બદલે જુદા રૂપમાં પ્રસિધ્ધ કર-વાનું સુચવે છે. તેઓ લખે છે મુનીનું શબ રખડે છે તે શબ્દો ભારે પડતા છે. શું શબ રખડતું નહોતું રહ્યું? જો મુની સાથે રહ્યા હોત ભલે મરણ રસ્તામાં થવાનું હોત તો થયું હોત પણ મુની સાથે હોવાથી તરતજ વ્યવસ્થા કરાવી શકત. ભાઇ મણીલાલ ખુશાલચંદ રોગનો નીકાલ સુચવવાને બદલે રોગની માહીતી પ્રગટ કરનારને ઠપકો દે છે. રા. મણીભાઇને હીસાબે 'સીધી અને સાદી વાતોમાં કંઇ કંઇ વાતો થવાનું અને ઢાંકપીછોડા કરવા કારણ નથી' આવા વર્તનને સીધું અને સાદું કેમ કહેવું તે અમને સમજાતું નથી પાલણપુરના સંઘે આ બાબતમાં ઘટતી તપાસ કરવી જોઇએ સાથેના મુનીની કાંઇ ગફલત હોય તો તેને ઘટતું થવું જોઇએ. મુની સંમેલનમાં મુકાનીઓએ આવા બનાવો ન બને તે માટે ઘટતા પ્રબંધો કરવા જોઇએ. કારણ કે શાસનની હીલણા આવા બનાવોથીજ થાય છે.

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	...	રૂા..	૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો	...	રૂા.	૮—૮—૦
,, ,, ભાગ ૧–૨ જો	...	રૂા.	૧—૪—૦
,, શ્વેતાંબર મંદિરાવળી	...	રૂા.	૦—૧૨—૦
,, ગ્રંથાવાલી	...	રૂા.	૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)		રૂા.	૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો		રૂા.	૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)		રૂા.	૬—૦—૦

લખો:–શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
૧૪૯, શરાફ બજાર, મુંબઇ, ૨.

જયંતિઓની મહત્તા.

ભૂતકાળમાં થઇ ગયેલા મહાપુરૂષોના ગુણોનું સ્મરણ કરવું એમાં જરાયે ખોટું નથી, અને એ ગુણોનું સ્મરણ કયારે થઇ શકે કે જ્યારે તે મહાપુરૂષના જન્મ યા તો મૃત્યુની તીથી આપણને સ્મૃતિમાં આવે ત્યારે. આ દિવસને આપણે જયંતિ તરીકે ઓળખાવીએ છીએ. અને આમ ઘણાએ મહાન પુરૂષોની જયંતિઓ દર વરસે ઘણા સ્થળોએ પોતપોતાના મત પ્રેમાણે તે તે મહાપુરૂષોના અનુયાયીઓ ઉજવે છે. પરંતુ આજે બીજી વસ્તુઓનો વિચાર કરતાં પહેલાં એક વસ્તુ પ્રથમથી નક્કી થવાની જરૂર છે. જયંતિનો દિવસ કોને કહેવો? તે મહાપુરૂષના જન્મદિવસને કે તે મહાપુરૂષના સ્વર્ગગમન દિવસને! આ વસ્તુસ્થિતિમાં હમણાં હમણાં ગોટાળો થઇ ગયેલો દેખાય છે. કારણ કે શ્રીવીર પરમાત્માનો જન્મદિવસ ચૈત્ર શુદ ૧૩ નો હોઇ તે દિવસે આપણે જયંતિ મહોત્સવ ઉજવીએ છીએ, નહિ કે દિવાળીના દિવસે કે જે દિવસે તેઓ મોક્ષ પામ્યા છે. આજ રીતિએ અન્ય મતાવલંબીઓ પણ શ્રી કૃષ્ણ જયંતિ, રામજયંતિ આદિ મહાપુરૂષોની જયંતિઓ તેમના જન્મદિવસોએ ઉજવે છે. ત્યારે હાલમાં આપણા ધર્મમાં કેટલાક આચાર્યોની જયંતિઓ તેમના સ્વર્ગારોહણ તિથિને અવલંબીને ઉજવવામાં આવે છે. આ બન્નેમાંથી જયંતિ ખરી કોને કહેવાય એ પ્રથમ નક્કી કરી લેવાની જરૂર છે.

પ્રસ્તુત દિવસને અંગે આટલું કહ્યા પછી હવે આપણે મૂળ વિષય ઉપર આવીએ. જયંતિઓ કોની ઉજવાવી જોઇએ? કેવા પ્રકારે ઉજવાવી જોઇએ? તેની કેટલી મહત્તા હોવી જોઇએ? અને તે ઉપરથી શું શીખવું જોઇએ? આ ચાર વસ્તુઓનો વિચાર કરવો ઘણોજ અગત્યનો છે. કારણ કે હમણાં હમણાં જયંતિ ઉજવવાની પ્રથા દિવસાનુદિવસ એટલી બધી વધતી ચાલી છે કે જો આ વિષયો ઉપર પૂરતું ધ્યાન આપી તેના ઉપર અંકુશ મૂકવામાં નહિ આવે તો એક વખત એવો આવશે કે જયંતિના દિવસનું મૂલ્ય બીલકુલ રહેશે નહિ અને સોનું અને હળદર એકજ કાંટે તોલાતા આપણે જોઇશું.

૧ જયંતિઓ કોની ઉજવાવી જોઇએ?

આ વિષયજ વધારે મહત્વનો છે. જગતના જીવો ઉપર જેમણે સ્વામિત્વ મેળવ્યું હોય, જેમણે જગતના જીવોનું ભલું કર્યું હોય, અને જેમણે પુરૂષાર્થ કરી પોતે સંસારસાગર તરી અન્ય જીવોને તે રસ્તે વાળવા મહાન પ્રયત્ન કર્યો હોય, અને જેમણે પોતાના પ્રભાવશાળી જીવન દરમ્યાન અનેક મહત્વના કાર્યો કર્યા હોય, એવા પ્રતિભાસંપન્ન મહાપુરૂષોનીજ જયંતિઓ ઉજવાવી જોઇએ. અને નહિ કે મારી મરજી આવે તેની જયંતિ હું ઉજવું અને અન્યની મરજી આવે તેની જયંતિ અન્ય ઉજવે. આપણે અન્ય ધર્મની વાત બાજુએ મુકી આપણે ત્યાં શું ચાલે છે તે બાબત વિચાર કરીએ. પ્રભુ શ્રી મહાવીરની જયંતિ ઉજવવાનું જ્યારથી આ ાણામાં શરૂ થયું ત્યારે એ ચીજની મહત્તા એટલી બધી લાગતી હતી કે એ મહોત્સવ આબાલવૃધ્ધ સર્વેએ વધાવી લીધો અને એક એવા પ્રકારનું શૌર્ય અને અભિમાન જનગૃત થયાં કે એવા મહાન આત્માના અનુયાયી હોવામાં ગર્વ માનવા લાગ્યા. પરંતુ વખત વીતતા તેમાં પલટો થવા લાગ્યો, અને ત્યાર પછી અનેક આચાર્યો અને મુનિરાજોની જયંતિઓ ઉજવવાનું શરૂ થયું અને આજે આપણે જોઇએ છીએ કે ઘણાખરા મુનિઓ પોતાના ગુરૂની જયંતિ ઉજવાવવા પ્રયત્નો કરે છે, અને એ રીતે એટલી બધી જયંતિઓ વર્ષ દિવસમાં ઉજવવાની આવે છે કે એ વસ્તુનું મહાત્મ્ય લોકદૃષ્ટિએ ઘટી જાય છે. વળી વિશેષ આશ્ચર્ય પામવા જેવું એ છે કે જ્યારે પોતપોતાના ગુરૂઓની સ્મૃતિઓ કાયમ રાખવા જયંતિઓ ઉજવવાના પ્રયત્નો કરવામાં આવે છે, ત્યારે તે સર્વથી શ્રેષ્ટ અનંત લબ્ધિનો ભંડાર પ્રભુ ગૌતમસ્વામીની જયંતિ ઉજવવાનું કોઇ મન ઉપર લેતું નથી. આ ઉપરથી કહેવાનું તાત્પર્ય એ છે કે જેઓ જગતમાં સર્વશ્રેષ્ટ આત્મા તરીકે ગણાયા હોય એવા મહાપુરૂષોનીજ જયંતિઓ જો ઉજવવામાં આવે તો તેનું મહાત્મ્ય વધારે રહે.

૨ જયંતિ કેવા પ્રકારે ઉજવાવી જોઇએ?

જયંતિ ઉજવવાનો મુખ્ય ઉદેશ તો એજ હોય છે કે તે મહાપુરૂષના ગુણોનું સ્મરણ કરી તેના ગુણો આપણામાં જેટલે અંશે ઉતારી શકાય તેટલે અંશે ઉતારવા પ્રયત્ન કરવો. આજે જે રીતિએ જયંતિઓ ઉજવાઈ રહી છે તેમાંથી ઉપર દર્શાવેલ તાત્પર્ય બહુજ અલ્પ અંશે પ્રાપ્ત કરી શકાય છે. કારણ કે એ પ્રસંગમાં જે આડંબર અને ધમાલ તેમના કાર્યકર્તાઓ તરફથી વધારી દેવામાં આવેલી દેખાય છે તે ધમાલમાં અને આડંબરમાં મૂળભૂત વસ્તુ ભુલી જવાય છે, અને લગભગ ઘણોખરો સમય આડંબર પાછળજ ચાલ્યો જાય છે. આથી આ બાબતમાં ખાસ કાર્ય કરનારાઓએ અને ઉપદેશક મુનિરાજોએ લક્ષ આપી એવા પ્રકારનો કાર્યક્રમ યોજવો જોઇએ કે એ જયંતિ મહોત્સવમાંથી દરેક મનુષ્ય તે મહાપુરૂષના ગુણોનું ચિંતવન શાંત ચિત્તે કરી તેમાંથી અલ્પાંશે પણ પોતે પોતાના જીવનમાં ઉતારી શકે. અને જ્યારે એ રીતિએ જયંતિ ઉજવાય ત્યારેજ તે કાર્યસાધક થઇ શકે.

૩ જયંતિની મહત્તા કેટલી?

આજે જયંતિ ઉજવવાની મહત્તા એટલી બધી વધારી દેવામાં આવી છે કે જેમાં અતિપણું થઇ ગયેલ માલુમ પડયા વિના રહેતું નથી અને તેમાં પણ જ્યારે એક આચાર્ય મહારાજની જયંતિને વીર ભગવાનની જયંતિ કરતાં પણ મહદ્ સ્વરૂપ આપવામાં આવે છે ત્યારે ખરેખર ક્ષોભ થયા વિના રહેતો નથી. આજે લગભગ એવી સ્થિતિ ઉભી કરવામાં આવે છે કે તીર્થંકર ભગવાન અને આચાર્ય મહારાજાઓમાં જાણે કશો ફરકજ હોય નહિ. તેમ આવી જયંતિ પ્રસંગે જ્યારે વરઘોડો કાઢવામાં આવે છે, ત્યારે મહારાજની છબીને મોટરમાં બેસાડવામાં આવે છે, અને પાછળ પ્રભુનો રથ ચલાવવામાં આવે છે, એ બધું અઘટતું અને આડંબરપૂર્ણ છે, એનાથી કંઇપણ અર્થ સરતો નથી, ઉલટું ઘણા લોકો હાંસીના સ્વરૂપથી તે જુએ છે અને વળી જ્યારે પ્રભુના

હિંદુ કોમોના ટ્રસ્ટોને રજીસ્ટર કરાવવવાનું મુંબઇની ધારાસભામાં બિલ.

તે પર થયેલા જાણવા યોગ્ય વિવેચનો.

[ધર્માદા ખાતાઓના વહિવટો અંગે આપણામાં જુદા જુદા પ્રકારની ફર્યાદો જુદા જુદા વહિવટને અંગે કરવામાં આવે છે તેવે પ્રસંગે આ બિલ આવકારદાયક ગણાશે. આ બિલ પસાર થશે તો વહિવટ ચોખ્ખા કરવામાં મદદગાર નિવડશે એવી આશા અસ્થાને નથી. **તંત્રી.**]

મુંબઇ ધારાસભાની તા. ૮ જુલાઇ ૩૫ ના રોજ પૂનામાં મળેલી બેઠક સમયે દિવાનબહાદુર કંબલીએ ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોના હિસાબ-કિતાબ તેમજ વ્યવસ્થા બરાબર રહે તે માટે ટ્રસ્ટોને રજીસ્ટર કરવા સંબંધી બિલ રજુ કરતાં જણાવ્યું હતું કે ટ્રસ્ટોના ગેરવહિવટ સંબંધે સરકાર પાસે પુષ્કળ ફર્યાદો આવી છે. અને તેમના ઉપર કાબૂ રાખવા માટે અત્યારે કોઇ કાયદેસરનું સાધન નથી. આ સંબંધીનો સન ૧૯૨૦ નો કાયદો પૂરતો નથી, તેથી બધા અગત્યના ટ્રસ્ટને રજીસ્ટર કરવા અને તેમના હિસાબોને વખતો વખત ઑડિટ કરાવવાની આ બિલમાં જોગવાઇ છે.

આ બિલ માત્ર હિંદુ કોમોનેજ લાગુ ન પાડતાં બધી કોમોને સરખી રીતે લાગુ પાડવા રાવ બ૦ કાસે એ જણાવ્યું હતું. મી. બાખલેએ જણાવ્યું કે આ બીલમાં–કોઇ મેનેજરનો ભારે આકરો પગાર હોય તો તે અટકાવવા આ બીલમાં શુ જોગવાઇ કરવામાં આવી છે? તેમજ તેના વહીવટ બાબત પણ શું જોગવાઇ છે? મેનેજરો જે કહે તે માની લેવામાં આવશે આદિ કેટલીક ખામીઓ જણાવી તેમાં રાખવામાં આવેલ અપવાદો ઘણાં વિશાળ છે અને તેનો અમળ ખૂબ કાળજીથી થવા સૂચવ્યું હતું. તેઓએ ૬૮ મી કલમમાં રાખાયેલ રૂા. ૫૦૦) ની દંડની રકમ વધારવા જણાવ્યું હતું. રાવ બહાદુર અસાવલેએ દંડની રકમ મેનેજરો પાસેથી ન લેવા સૂચના કરી હતી કારણ કે મેનેજરો બિનવેતને આ કામ કરતા હોય છે.

રા. બ: ચિતલેએ આ બિલના વહિવટ માટે રજીસ્ટ્રાર નિમવાની દરખાસ્તનો વિરોધ કરી જણાવ્યું હતું કે મદ્રાસના બીલમાં પણ વહિવટ લોકોના હાથમાંજ રાખવામાં આવેલ છે અને ટ્રસ્ટ ધાર્મિક છે કે જાહેર છે તેનો નિર્ણય કરવાની સત્તા રજીસ્ટ્રારના હાથમાં રાખવાથી દુરૂપયોગ થવાનો સંભવ છે. વકફ એકટમાં જોગવાઇ છે તેમ આ બિલમાં હકકોનું રક્ષણ નથી, આવો ભેદ શા માટે? સર રઝી અહમદે જણાવ્યું કે આ કોમી, મંદિર કે મસ્જીદનો પ્રશ્ન નથી–જે લોકો ગેરવહિવટ કરે છે તેમના સંબંધી આ પ્રશ્ન છે. બીજી કેટલીક ચર્ચા બાદ રેવેન્યુ સેક્રેટરી મી. માદને ટીકાઓનો જવાબ વાળતાં જણાવ્યું કે આ બીલ હીંદુ કોમો સિવાયની બીજી કોમો માંગશે અને સરકારને જરૂરી જણાશે તો સરકાર તેને પણ લાગુ પાડશે, અને રજીસ્ટ્રારની જગ્યાએ દીવાની–ન્યાયી હોદ્દાઓ ધરાવનાર અમલદારની સરકાર નિમણુંક કરશે. અને તેની સત્તા ડિસ્ટ્રિકટ કોર્ટ જેટલી રહેશે.

શ્રી કામટે વકફ એકટની માફક આ બીલમાં સલાહકારક સમિતિની જોગવાઇ રાખવામાં નથી આવી તે તરફ ધ્યાન ખેંચ્યું હતું જેનાં ખુલાસામાં દિ. બ. કંબલીએ જણાવ્યું કે એક વાર લોકો આટલાથી ટેવાય પછી આગળ વધવું ઠીક થઇ પડશે.

શેખ અબ્દુલ મજીદના પ્રશ્નનો જવાબ આપતાં પ્રધાને જણાવ્યું હતું કે જે દંડ આવશે તે જાહેર મહેસુલ ખાતે જશે. બિલ પહેલા વાંચનમાંથી પસાર થયેલ છે. આ રીતે કેટલીક સૂચનાઓ શિવાય આ બિલને ધારાસભામાં સારા ભાગની સંમતિ મળી હતી.

ગુણોનું તે આચાર્ય મહારાજોમાં આરોપણ કરી તેની પૂજાઓ ભણાવવામાં આવે છે ત્યારે તો હદ થઇ ગયેલી દેખાય છે. આ વસ્તુસ્થિતિ તરફ કાર્ય કરનારાઓ લક્ષ આપી સુધારો કરશે તો મૂળ ઉદ્દેશ સચવાઇ રહેશે અને જયંતિ ઉજવેલી સાર્થક ગણાશે,

૪ જયંતિ ઉજવવાથી શું શિખાય છે?

આ છેલ્લી બાબતનો નિર્દેશ લગભગ ઉપર દર્શાવેલા વિચારોમાંથી નીકળી આવે છે તો પણ ખાસ જણાવવું જોઇએ કે જયંતિ પ્રસંગોએ જે જે મહાપુરૂષોની જયંતિ ઉજવાતી હોય તેમની કોઇ કૃતિ હોય, અથવા તેમના આપેલા ઉપદેશોનો સંગ્રહ હોય તે જો બહાર પાડવામાં આવે તો કાયમી સ્મરણ રહી શકે, અને અનેક પ્રસંગોએ તેના વાંચનથી ઘણો જીવો લાભ મેળવી શકે. વળી જયંતિ ઉજવતી વખતે પણ એમના ગુણોને શાંત ચિ-તે સ્મરણ કરી શકાય એવી રીતનો કાર્યક્રમ યોજવામાં આવે તો આવા જયંતિ મહોત્સવોમાંથી પણ ઘણું શીખવાનું મળી શકે.

છેવટમાં એટલુંજ જણાવવાનું કે જયંતિની મહત્તા ટકાવી રાખવા માટે અને એને સાચા સ્વરૂપમાં જનતા સમક્ષ મુકવા માટે હાલની પ્રણાલિકા અને ધમાલ દૂર કરવાની પહેલી જરૂરીયાત છે એટલું થશે તોજ જયંતિનો ઉદ્દેશ ખરેખરો સચવાશે.

મ. હી. લાલન.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

પાઠશાળાઓને મદદ.

આ સંસ્થાને ચાલુ વર્ષમાં પાઠશાળાઓને મદદ આપવા માટે કેટલાક સદ્‌ગૃહસ્થો તરફથી મળેલી રકમ તે કાર્યમાં વાપરવાની હોવાથી જે જૈન શ્વેતાંબર (મૂર્તિપૂજક) પાઠશાળાઓને મદદની જરૂર હોય તેઓએ બોર્ડના છાપેલા ફોર્મ પર તા. ૨૫–૭–૩૫ સુધીમાં અરજી કરવી. ફોર્મ માટે ૦-૦-૯ ની ટિકીટ મોકલવી.

શ્રી. જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ
૧૪૯, શરાફ બજાર,
મુંબઇ, ૨.

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી
બબલચંદ કેશવલાલ મોદી
ઓનરરી સેક્રેટરીઓ.

સમાલોચના.

આર્હત જીવન જયોતિ–પહેલી અને બીજી કિરણાવલી, સચિત્ર. પ્રયોજક અને સંપાદકઃ પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, એમ. એ. પ્રકાશક શેઠ જીવનલાલ પનાલાલ કિંમત અનુક્રમે રૂા. ૦–૫–૦ અને રૂા. ૦–૬–૬.

" કોરી" વયના વિદ્યાર્થીઓ ઉન્માર્ગે ન જતાં ત્રિકાલ અબાધિતં વીતરાગ માર્ગે સંચરે એવા ઉદ્દેશથી શ્રેણિબદ્ધ પાઠય પુસ્તકો તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવાની શેઠ જીવનલાલ પનાલાલની લાંબા વખતની ઇચ્છાનું આ સુંદર અને મીઠું ફળ છે. પ્રયોજક અનુભવી વિદ્વાન હોઇ, આ શ્રેણીની સંકલના અત્યારસુધી તો સફળ થયેલી લાગે છે. ભાષા સરળ છે. ચિત્રો ભાવવાહી અને આકર્ષક છે. છપામણી અને બાંધણી ઉચિત છે. પરંતુ કદ અને કીમત કંઇક મોટાં ગણાય.

" પ્રકાશકની અનુકરણીય પિતૃસ્મૃતિએ જૈન હાઇસ્કુલ સ્થાપી તેની ઉત્તરોત્તર પ્રગતિ સાધી છે. તેજ પિતૃસ્મૃતિ અહીં ખાસ ધ્યાન ખેંચે છે. અને વિદ્યાર્થીઓ ઉપર તે ઉંડી છાપ પાડશે એ નિસંશય છે.

જૈન ધર્મ શિક્ષણ માટેના પાઠય પુસ્તકોની ઘણાં વખતની ખામી આ શ્રેણીથી જરૂર દૂર થશે એવી આશા હાલતો બંધાય છે.

ગુજરાતી અક્ષરજ્ઞાન ધરાવતા વિદ્યાર્થીઓથી શરૂ કરી ઉત્તરોત્તર ચઢિયાતી કક્ષાના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવી અગ્યાર કિરણાવલીઓની આ શ્રેણી બનશે. આ શ્રેણી તૈયાર કરવામાં જુદા જુદા સાક્ષરો સાંકય સહકાર આપે છે તે ખરેખર આનંદની વાત છે.

પ્રસિદ્ધ થયેલી બંને કિરણાવલી મુંબઇની પી. પી. જૈન હાઇસ્કુલમાં શિખવવાનું શરૂ થઇ ચુકયું છે. આ શિક્ષણ કાર્યને અંગે તેના શિક્ષકોને જે જે અનુભવો મળતા રહે તે તે તેઓ પોતાના અધિકારી વર્ગને વારંવાર જણાવતા રહેશે તો નવી આવૃત્તિઓ વધારે ને વધારે ઉપયોગી બનતી જશે એ નકકી છે. બીજી પાઠશાળાઓએ પણ આ શ્રેણીને પોતાના અભ્યાસ કમમાં દાખળ કરવી ઘટે છે અને તે પરત્વે જે જે ખામીઓ તેઓને જણાય તે તે પ્રકાશક અને પ્રયોજક મહાશયોને જણાવતા રહેશે તો ભવિષ્યમાં તેમાં સારા સુધારા વધારા થઇ છેવટે એક આધારભૂત શ્રેણી સમાજને અવશ્ય પ્રાપ્ત થશે અને વિદ્યાર્થીઓને આશિર્વાદરૂપ બનશે.

આવી શ્રેણી શરૂવાતથીજ સંપૂર્ણ બને એમ માની લેવાનું નથી. સાચી શિક્ષણ પદ્ધતિ અનેક અખતરાઓ માગે છે અને એવા અખતરાઓના પરિણામેજ તે સર્વ સ્વીકાર્ય બની શકે. ભૂતકાળમાં આવા થોડાક અખતરાઓ જૈન સમાજમાં થઇ ચુકયા છે અને આ દિશામાં આ એક વધુ પ્રયાસ છે. વિશેષતા એ છે કે આ પ્રયાસ વધુ સંગીન છે અને અમોને વિશ્વાસ છે કે તેનું ફળ પણ વધારે મધુર બનશે. આ શ્રેણીના મરાઠી અને હિંદીમાં અનુવાદ થાય અને બીજા પ્રાંતોમાં પણ તે શિખવાય અને એ રીતે એકજ જાતનું શિક્ષણ આખા સમાજમાં પ્રચલિત થાય એમ અમે ઇચ્છીએ છીએ.

પ્રકાશક તરફથી વિસ્તૃત પ્રસ્તાવના અને વકતવ્ય પ્રગટ થયા પછીજ ધર્મ શિક્ષણના સિદ્ધાંતોની ચર્ચા કરવી યોગ્ય થઇ પડશે. હાલ તો આ બે કિરણાવલીને અંગે થોડીક ચર્ચા કરીશું.

પહેલી કિરણાવલીનું બીજું કિરણ "ચરવળા" સંબંધી છે. એ ધાર્મિક ઉપકરણની ઓળખાણ અત્રે ઘણીજ વહેલી કરાવેલી અમને લાગે છે. ત્રીજું કિરણ 'હંસ' ઉપર છે "આવા હંસ ઉપર શારદા દેવી બેસે છે. હંસ એ શારદા દેવીનું વાહન છે." એ વાકયો બાળકો બરાબર સમજી શકશે કે કેમ તે શંકા ભર્યું જણાય છે. રથ, આગગાડી, હવાઇ વિમાન જેમ આપણાં વાહન છે તેમ "હંસ" વાહન ઉપર બેસી શારદાદેવી મુસાફરી કરે છે એમ સમજી લઇ, દેવીની પેઠે આપણે તેના ઉપર શા માટે બેસી ન શકીએ એવો પ્રશ્ન બાલ માનસમાં સહજ ઉભો થશે અને પરંપરાએ હાનિકર્તા નીવડશે એવું અમને લાગે છે. શારદાદેવીની ઓળખાણ આમાં કિરણમાં આવે છે.

શારદાદેવીનું બાહ્ય સ્વરૂપ વર્ણવી, તે પૂજવાથી આપણને જ્ઞાન મળે છે એમ કહેવું એ બાળબુદ્ધિને સમજવું અઘરું પડે તેમ લાગે છે. શારદાદેવીના પૂજનથી જ્ઞાન મળે છે એમ સમજી લઇ તેનું પૂજન કરવા માત્રથી પોતાનો પાઠ આવડી જશે એવો અખતરો કરવા પ્રાયઃ બાળક લલચાશે. પૂજન કરવા છતાં, પાઠ નહીં આવડે તો, દેવી પૂજન ઉપર તેને અશ્રદ્ધા ઉપજવાનો સંભવ છે. તેથી કોઇ પણ જાતની અશ્રદ્ધા ન ઉપજે તેવો પાઠ લખવા નમ્ર સૂચના છે. 'દેવોનો રાજા ઐરાવત ઉપર બેસે છે' તે પણ તેટલુંજ મુશ્કેલી ભર્યું વાકય છે. દેવ દેવીઓની વાતો આવી વાંચન માળામાં શરૂઆતમાં તો ન આપવી એજ વધારે ઉચિત લાગે છે. ૧૪ માં કિરણમાં ફેરીઆઓનો ચેવડો અપાવવાનું કહેવું પણ સમુચિત લાગતું નથી. તેથી તો બાળકોને ફેરીઆઓ પાસેથી ગમે તે ચીજ ખાવાની ટેવ પડે અને ટેવ પડી હોય તો તેને ઉત્તેજન મળે માટે તે બાબત કાઢી નાખવા ભલામણ છે.

બીજી કિરણાવલીનું પહેલું કિરણ નવકાર મંત્ર સંબંધી છે. તે મોઢે કરી દરરોજ ગણવોજ જોઇએ એવું દૃઢ સૂચન છે. મંત્ર સમજાવ્યા વગરજ વગર સમજયે મોઢે કરી તે ગણવો એવું સુચન કરવા કરતાં તેને સાદી ભાષામાં સરળ રીતે સમજાવી, પછી મોઢે કરી ગણવા કહેવું એ વધારે ઉચિત થઇ પડત. કારણ કે સૂત્ર સમજયા પછી મોઢે કરવું સહેલું થઇ પડે છે અને પછી ગણવું રસમય બને છે. નવકારમંત્રના બે ભાગ છે. પ્રથમ ભાગ ગણવા કરતાં તેને ક્રિયામાં મુકવા તરફ એટલે નમસ્કાર કરવા તરફ વિદ્યાર્થીઓને દોરવા શું વધારે સલાહકારક નથી? નવકારવાળી વિષેના ૨૩ મા કિરણમાં પંચ પરમેષ્ઠી વિષે કંઇક ખુલાસો કરવામાં આવ્યો છે તો પણ નમસ્કાર એટલે નમસ્કારવંદન એ સમજાવવાની સૌથી પહેલી અગત્ય છે. વિદ્યાર્થીઓમાં વિનયભાવ પ્રેરવા આ મંત્રનું શિક્ષણ ઉત્તમોત્તમ સાધન છે. માટેજ આ પવિત્ર મંત્રની વધુ સ્પષ્ટ સમજણ આપવા અમારી સૂચના છે. નવકાર મંત્રનો બીજો ભાગ અલબત્ત ગણવા જેવો—મનન કરવા જેવો છે. પણ સમજ્યા વગર તે પણ કેવી રીતે ગણી શકાય તેજ અમને એક કોયડો જણાય છે. બીજા સૂત્રો વિષેના પાઠ ત્રીજી આદિ કિરણાવલીમાં કેવી રીતે લખાય છે તે જોવાની હાલ તો રાહ જોઇશું. પ્રાકૃત-સૂત્રોને વાંચનમાળામાં દાખલ કરવા કે નહીં, દાખલ કરવા તો કેવી રીતે એ અતિ ચર્ચાસ્પદ વિષયમાં હાલ નહીં ઉતરતાં, આવી વાંચનમાળામાંથી તે અલગ રાખી શકાય કે નહીં તે અતિ મહત્વના પ્રશ્ન ઉપર વધારે ઉદાર અને વિશાળ ભાવનાથી વિચાર કરી જોવા પ્રયોજક મહાશયને અમારી ખાસ વિનંતિ છે.

૩૨ મા કિરણમાં, પાલખીમાં પધરાવેલી પ્રભુની પ્રતિમાને પગે લગાડવાનું ભુલી જવાયું છે, તે સુધારવાની જરૂર જણાય છે.

બંને કિરણાવલીના બાકીના કિરણો અમોને પ્રાયઃ રસપ્રદ અને બોધક જણાયા છે. અમો આ અતિ ઉપયોગી પ્રવૃત્તિને સર્વ પ્રકારે કુતેહ ઇચ્છીએ છીએ.

કૉન્ફરન્સ-મુખ્ય કાર્યાલય પ્રવૃત્તિ.

શેઠ આણંદજી કલ્યાણજીનું બંધારણ: કૉન્ફરન્સનાં ચૌદમાં અધિવેશનમાં પસાર થયેલ ઠરાવો નંબર ૩ અને ૧૫ શેઠ આણંદજી કલ્યાણજી અમદાવાદને પત્રદ્વારા મોકલી આપવામાં આવ્યા હતા. જેના જવાબમાં તેમનાં તરફથી મળેળ તા. ૧૨ ૧૨-૩૪ નો પત્ર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની તા. ૨૬ ૩-૩૫ ની સભા સમક્ષ રજુ થતાં ઠરાવવામાં આવ્યું કે:— શ્રી આણંદજી કલ્યાણજીના બંધારણમાં શું સુધારા વધારા કરવા યોગ્ય છે તે સંબંધે વિચાર કરી રિપોર્ટ કરવા નીચેના સભ્યોની એક પેટા-સમિતિ નીમવામાં આવે છે. આ કમિટીએ બંધારણનો સુધારા વધારાની સૂચનાવાળો યોગ્ય ખરડો વિચારી-તૈયાર કરી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિ સમક્ષ રજુ કરવો.—

સભ્યો: શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, સોલિસિટર, શેઠ મોહનલાલ બી. ઝવેરી, સોલિસિટર, શેઠ રમણિકલાલ કેશવલાલ ઝવેરી સોલિસિટર, શેઠ ચંદુભાઈ લાલભાઇ, સોલિસિટર, શેઠ જમનાદાસ ચતુરદાસ શાહ, શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી, શેઠ મણીલાલ મોકમચંદ શાહ અને રે. જ. સેક્રેટરીઓ.'

આ પેટા-કમીટીની એક બેઠકમાં કેટલીક વિચારણાઓ થઇ છે.

કૉન્ફરન્સના ઉપદેશક.

કૉન્ફરન્સના ઠરાવો અંગે જાહેર ભાષણોદ્વારા પ્રચાર કરી બંધારણાનુસાર પ્રાંતિક-સ્થાનિક સમિતિઓ નિમાવવા ઇત્યાદિ કાર્યો માટે સંસ્થા તરફથી મી. બાલચંદ મણીલાલ જૈની નડીયાદવાળાની ઉપદેશક તરીકે નિમણુંક કરવામાં આવી છે. હાલમાં તેઓ ગુજરાત પ્રાંતમાં પ્રવાસ કરશે. સમાજના આગેવાન બંધુઓ તેમજ પુજ્ય મુનિવર્યોને કાર્યમાં સંપૂર્ણ સહકાર આપવા વિનંતી કરવામા આવે છે.

તદુપરાંત રજપુતાના પ્રાંતમાં પણ પલ્લીવાલ જૈન બંધુઓની માંગણી થી એક ઉપદેશક મી. ઇશ્વરચંદ્ર જૈન રાખવામાં આવેલ છે. તેમના પ્રચાર કાર્યના રિપોર્ટો આ પત્રમાં વખતો વખત પ્રકટ થતા રહ્યા છે.

બનારસ હિંદુ યુનિવર્સીટીમાં સ્કૉલરશિપ:

કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ બનારસ હિંદુ યુનિવર્સીટીમાં જૈન સાહિત્ય-ન્યાય-તત્વજ્ઞાન આદિ વિષયો લઇ અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને રૂા. ૧૦૦૦) સુધીની સ્કૉલરશિપો આપવા ઠરાવ કરેલ છે જેની જાહેરાત હિંદના જુદા જુદા વર્તમાન પત્રોમાં અત્યાર અગાઉ કરવામાં આવેલી છે.

આ સ્કોલરશિપો માટે મળેલી અરજીઓ સંબંધે પંડિત સુખલાલજી પ્રોફેસર જૈન ચેર બનારસ હિં. યુ. પાસેથી અભિપ્રાય મેળવી પેટા-સમિતિએ સંપૂર્ણ વિચાર કરી નીચેના વિદ્યાર્થીઓને સ્કોલરશિપો મંજુર કરી છે.

મી. દરબારીલાલ જૈન—જૈન દર્શન શાસ્ત્રિ તૃતિય વર્ષમાં અભ્યાસ કરે છે. તેમને માસિક રૂા. ૫૫ પાંચની સ્કૉલરશિપ જાન્યુઆરી ૧૯૩૫ થી અપાય છે.

મી. મહેન્દ્રકુમાર જૈન. માસિક રૂા. ૧૦) ની સ્કૉલરશિપ એપ્રિલ ૧૯૩૫ થી અપાય છે.

વડોદરા કોલેજમાં અર્દ્ધમાગધીની ચેર.

મુંબઇ યુનિવર્સીટીએ પ્રાકૃતભાષાને સેકન્ડ લેંગ્વેજ (બીજી ભાષા) તરીકે પોતાના અભ્યાસક્રમમાં દાખલ કર્યા બાદ મુંબઇ પ્રાંતના કેટલાયે કોલેજોમાં અર્દ્ધમાગધી શિખવવા માટે સગવડ થયેલી છે. વડોદરાના આર્ટસ કોલેજમાં પ્રાકૃત અને અર્દ્ધમાગધી શિખવવા માટે કાયમી ગોઠવણ નથી. આ પ્રકારના અભ્યાસાર્થે વડોદરા જેવા સ્થળે કાયમી ગોઠવણની જરૂર જણાતાં કૉન્ફરન્સ ઑફિસ તરફથી શ્રીમંત મહારાજા સાહેબ સયાજીરાવ ગાયકવાડને તા. ૨૮ માર્ચ ૧૯૩૫ ના રોજ પેરીસ મુકામે વિનંતિ પત્ર પાઠવવામાં આવેલ છે. આ પત્રની નકલ વડોદરા રાજ્યના ના. દિવાન સાહેબ તથા વિદ્યાધિકા ને પણ મોકલવામાં આવી છે.

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ

અભ્યાસક્રમ ફેરફાર કરવા અંગે પત્રો લખી તથા જાહેર વર્તમાન પત્રો દ્વારા અભિપ્રાયો માંગવામાં આવ્યા છે પરંતુ પૂરતી સંખ્યામાં તે મળ્યા નથી. મેનેજીંગ કમિટિ સમક્ષ રજુ કર્યા બાદ સન ૧૯૩૬ ની પરિક્ષાઓના અભ્યાસક્રમ માટે નિર્ણય થશે. આગામી પરીક્ષા ડિસેમ્બર ૧૯૩૫ માં તો ગત વર્ષના અભ્યાસક્રમ પ્રમાણેજ લેવાશે.

પાઠશાળા મદદ માટે બોર્ડને નીચેના સદ્‌ગૃહસ્થો તરફથી મદદ મલી છે.

રૂા. ૧૦૦) શેઠ ધરમચંદ રૂઘનાથદાસ, મુંબઇ.
રૂા. ૨૫) શેઠ મોહનલાલ સાકલચંદ, અમદાવાદ
રૂા. ૨૫) શેઠ ખેમચંદ પ્રેમચંદ મોદી, અમદાવાદ.
રૂા. ૨૫) શેઠ કેશવલાલ પ્રેમચંદ નાયક, અમદાવાદ.

અન્ય બંધુઓ પણ આ કાર્ય માટે યોગ્ય મદદ જરૂર મોકલાવે એમ ઇચ્છીએ છીએ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ
તરફથી
શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશિપ (પાઠ્ઝ)
દરેક રૂા. ૪૦) નું.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કૉન્ફરન્સ ઓફિસ તરફથી એક રકમ પ્રાઇઝ છેલ્લી મેટ્રિકયુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને તેમજ બીજી સ્કોલરશિપ સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. આ સ્કોલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ માર્કસ વગેરેની સર્વ જરૂરી વિગતો સાથે નીચેના સ્થળે તા. ૨૫-૭-૩૫ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વે. કૉ-ફરન્સ, ૧૪૯, શરાફ બજાર, મુંબઈ નં. ૨.

રણછોડભાઇ રાયચંદ ઝવેરી
અમરતલાલ કાલીદાસ
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

સમાચાર સાર.

શ્રી ખંભાત જૈન મિત્ર મંડળ–મુંબઇ–છેલ્લી જનરલ સભામાં ઉપયોગી કાર્યો આદરવાનો આરંભ કર્યો છે. ફરતા પુસ્તકાલયોનો લાભ સભ્યોને મળે તેવી ગોઠવણ કરી છે. ખંભાતમાંથી આવનાર જૈન બંધુઓને (જ્ઞાતિના ભેદભાવ સિવાય) રહેવા ખાવાની અગવડ હોય તો સેક્રેટરીને જણાવવાથી યોગ્ય ગોઠવણ કરી આપવા ઠરાવ કર્યો હતો. કવેટા ધરતી કંપને અંગે યોગ્ય ફાળો કરવામાં આવ્યો હતો. બીજા મંડળો પણ પોત પોતાના સ્થાન પુરતું આવું કાર્ય ઉપાડે તોપણ સામાન્ય જૈન સમાજની સ્થિતિમાં સુધારો થાય.

બંધારણની યોજના–મુંબાઇના ભાયખલા, લાલબાગ, ગોડીજી દેરાસરના વહીવટ અંગે–બંધારણીય યોજનાઓ થઇ છે. લાલ શ્રી નમિનાથજીના દેરાસરના વહીવટને અંગે તપાસ ચાલે છે. કામ ચલાઉ નવા ટ્રસ્ટીઓ નીમવામાં આવેલ છે. નવી યોજના તૈયાર થાય છે. મુંબાઇના યુવાનો ધારે તો મુંબાઇના બીજા ધાર્મિક બાનાઓને અંગે પણ બંધારણ ઘડાવી શકે.

ચંપાલાલજીની ધર્મશાળા–' એક યુવાન યાત્રિક-બાઇને ચીસો પાડીને રક્ષણ માંગવું પડ્યું હતું, આવા સમાચાર વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ થયા છે. તે બનાવથી તે બાઇનું કુટુંબ પાલીતાણા છોડીને ચાલ્યું ગયેલ છે. પાલીતાણા સેવા સમાજ સ્થાન ઉપર હોવાને લીધે આ બનાવ ઉપર પ્રકાશ પાડી શકે.

વિદ્યાર્થીઓને અભિનંદન–પાદરાના સંઘ તરફથી રા. લાલચંદ ભાઇલાલશાહને તા. ૧૪–૭–૩૫ ને રોજ બનારસ યુનીવરસીટીની મીકેનીકલ અને ઇલેકટ્રીકલ એન્જીનીયરીંગની બી. એસ. સી. ની પરિક્ષામાં પહેલા વર્ગમાં પહેલે નંબરે પાસ થવાથી અભિનંદન આપવામાં આવ્યું હતું.

જૈન બ્હેન કેળવણીની ઉચ્ચ પરિક્ષામાં પસાર ભાવનગરના રા. વૃજલાલ દીપચંદ વકીલના પુત્રી બેન ચંપા લક્ષ્મીએ આ વર્ષ શ્રી કર્વે યુનીવરસીટીની બી. એ. ની પરિક્ષા પસાર કરી છે. અમે એ બહેનને અભિનંદન આપીયે છીએ.

શ્રી કેશરીયાજી ધ્વજાદંડ–કમીશને પોતાનો રિપોર્ટ રાજ્યને કરેલ હોવાનું સંભળાય છે.

પાવાપૂરી કેસ અપીલ–પ્રીવી કાઉંસિલ સમક્ષ આવતા ઑકટોબર માસમાં નિકલવાના સમાચારો મળ્યા છે.

શ્રી આત્મારામજી જન્મ શતાબ્દિ સમિતિના વ્યવસ્થાપક સમિતિમાં બંધારણાદિ પાસ થયા બાદ પ્રચારકાર્ય, સ્મારક ગ્રંથ પ્રકાશન કાર્ય આદિ અંગે યોગ્ય ગોઠવણો થઇ છે. આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરિશ્વરજી મહારાજ મુંબઇ આસપાસના પરાઓમાં પધારેલા ત્યારે જૈન જનતામાં ખૂબ ઉત્સાહ જણાયું, શતાબ્દિ ફંડમાં સારી સંખ્યામાં લગભગ ૯ હજારની રકમો ભરાઇ છે. ફંડ ભરાવવાનું કાર્ય ચાલુ છે. સ્મારક ગ્રથના સંપાદનનું કાર્ય શ્રી મોહનલાલ દ. દેશાઇ કરશે.

મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય હેઠળ તા. ૧૩ ૭–૩૫ ના રોજ રા. પરમાણંદ કુંવરજી કાપડીઆ, બી. એ. એલ. એલ. બી. એ. શ્રી શાંતિલાલ હરજીવનદાસ–સોલિસિટરના પ્રમુખપણા નીચે 'જૈન સમાજની પુનર્ઘટના' એ વિષય ઉપર જાહેર ભાષણ આપ્યું હતું.

ઉત્તીર્ણ થયા બદલ અભિનંદન ગોયારી વીશા ઓસવાળ જ્ઞાતિમાં શ્રી રતીલાલ સુંદરજી શાહ પ્રથમવાર બી. એ. એલએલ. બી ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા બદલ જ્ઞાતિએ તેમને અભિનંદન પાઠવેલ છે.

કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના 'પ્રકાશ' પત્રના તંત્રી શ્રી હંસરાજ વેળજી મોમાયાને બી. કોમમાં પાસ થવા બદલ ઈ. સોરાબ આર. ડોવર; બાર-એટ લૉ નાં પ્રમુખ પદે અભિનંદન આપવા માટે મેળાવડો તા. ૧૨–૭–૩૫ ના રોજ બાબર પાઠશાળા હૉલમાં કરવામાં આવ્યો હતો.

બ્રાહ્મણ જૈનો?—છાવની, નીમચ, નસીરાબાદ અને મહુ આદિ ગામોના બ્રાહ્મણ મારવાડીઓ વણિક–જૈનો સાથે ભોજન વ્યવહાર રાખે છે.

સ્કોલરશિપ: જૈન શ્વે. મૂર્તિ. વિદ્યાર્થીઓ કે જેઓએ પ્રીવિઅસની પરિક્ષામાં પાસ કરી હોય અને કમર્શિયલ કોલેજમાં અભ્યાસ કરવા માંગતા હોય તેઓમાં સર્વથી ઉંચે નંબરે પાસ થનાર વિદ્યાર્થીને રૂા. એંસીની શેઠ ભગુભાઇ કેતેચંદ કારભારી સ્કોલરશિપ આપવાની છે તે માટે મુંબઇ અને માંગરોલ જૈન સભાના મંત્રીઓ–દામોલકરની વાડી, કાલબાદેવી રોડ, મુંબઇ નં. ૨ ના સિરનામે અરજીઓ મોકલવી.

દાદાજી ની જયંતિ: મુંબઇમાં શ્રી મહાવીર સ્વામીના દેરાસરે શ્રી જિનદત્ત સૂરીજીની જયતિ શુક્રવાર અષાડ શુદ ૧૧ ના રોજ સમારોહ પૂર્વક ઉજવાઇ હતી.

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડની ધાર્મિક પરીક્ષાઓ

સ્વ. શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષ વર્ગ અને બ. સૌ. હીમઇબાઇ મેઘજી સોજપાળ સ્ત્રી વર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ આગામી **ડિસેમ્બર** માસમાં ચાલુ અભ્યાસક્રમ પ્રમાણેજ લેવામાં આવશે. વિદ્યાર્થીઓએ પરીક્ષા માટેની તૈયારી અત્યારથીજ કરવી ઘટે. જે પોતાના ગામોમાં સેન્ટર ઉઘાડવા ઉત્સુક હોય તેઓએ આગેવાન કાર્યકર્તાઓની સહી સાથે અરજી કરવી જેથી યોગ્ય થઇ શકે. અભ્યાસક્રમ આદિની વિગતો માટે જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ; ૧૪૯, શરાફ બજાર મુંબઇ ૨ ના શિરનામે પત્ર વ્યવહાર કરવો.

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૪૯, શરાફ બજાર, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનું સરનામું —'હિંદસંઘ'–'HINDSANGHA' REGD. NO. B. 1996.

॥ नमः तित्थस्स ॥

જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.)

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આના.

વર્ષ: જુનું ૯ મું / નવું ૪ થું | તારીખ ૧ ઑગષ્ટ ૧૯૩૫. | અંક ૧૨.

રૂશીયામાં જ્ઞાન પ્રકાશ.

થોડાં વર્ષ પહેલાં રૂશીયાની કેળવણી વિષયક પરીસ્થિતિ હિંદુસ્તાનનાં કરતાં પણ ખરાબ હતી. કુલ વસ્તીમાંથી લગભગ ૯૦ ટકા ઉપરાંત તદ્દન અજ્ઞાન, અભણ, વહેમી, સંકુચિત વિચારના તથા જુના ધર્મને વળગી રહેનારા હતા. ત્યાંના ઝાર તથા ઉમરાવોના ઉડાઉપણાથી તેમજ મોજ શોખથી રાજ્યની તીજોરીમાં દેશની ઉન્નતી, તેમજ પ્રગતિ માટે ખર્ચ કરવા કાંઇ રહ્યું નહોતું. આ પ્રમાણે ન્યુનત ગોવીએટ રૂશીયાની શરૂઆતમાં ત્યાંની પરીસ્થિતિ તદ્દન અસાધ્ય અને પરાધીન હતી. તે સમયે દેશને સૌથી અગત્યનો પ્રશ્ન એજ હતો કે તે વિશાળ દેશમાંથી અજ્ઞાનતા કેમ દુર કરવી. ત્યાના યુવાનો સોના રૂપાની ખાણોની રાહ જોતા હાથ જોડી બેઠા ન રહ્યા પરંતુ દેશમાંથી અજ્ઞાનતા દુર કરવા તે લોકોએ એક સહકારી યોજના શોધી કાઢી. દેશના તમામ યુવકો તથા યુવતીઓને એકઠા કરી દરેકને અમુક સોંપાએલા ભાગમાંથી અજ્ઞાનતાનો જડમુળમાંથી નાશ કરવાનું કામ સોંપાયું. તેઓને પગાર કે બીજી કાંઇ લાલચ હતીજ નહિ. તે લોકોનો ઉદેશ તો દેશના અન્ય અન્ય બંધુઓની આર્થિક સહાયથી દેશના ખુણે ખુણેથી અજ્ઞાન પ્રજાને શોધી કાઢી તેઓને માટે શાળાઓ તેમજ બીજી બધી સગવડો પુરી પાડવાનો અને પાંચ કે દશ વર્ષ દરમ્યાન ઇચ્છીત ફળ પ્રાપ્ત કરવાનોજ હતો. રૂશીયાના શીક્ષિત યુવાન વર્ગને માટે કંઇ પણ પગાર કે લાલચ વિના શીક્ષક થઇ દેશની અજ્ઞાનતા દુર કરવી, એ તો એક સામાન્ય ફરજ થઇ રહી હતી. રૂશીયાના યુવાનવર્ગે સ્વદેશ હિતના અર્થે થયેલ આમંત્રણને રાજી ખુશીથી વધાવી લીધું અને તેને એક ફરજ સમજી સોંપાએલું કામ એટલી ત્વરાથી તેમજ અસરકારક રીતે કરવા માંડ્યું કે ૧૦ થી ૧૫ વર્ષમાં દેશ ભરમાંથી અજ્ઞાનતાનો સમુળગો નાશ કરવામાં આવ્યો. આ અજાયબી ફતેહ દેશ ઉપર બીલકુલ વધારાના કરવેરા કે બોજો કર્યા શિવાય મેળવી હતી.

—મુંબઇના મેયર શ્રી. કે. નરીમાનના' લેખમાંથી.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારું દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૮-૩૫ ગુરૂવાર.

સુકૃત ભંડાર ફંડ.

આ ફંડની સ્થાપના માટે મુંબઇની બીજી કૉન્ફરન્સના પ્રમુખપદેથી પ્રેરણા કરનાર બંગાળાના સુપ્રસિધ્ધ આગેવાન અને જૈન સમાજમાં જેમનું સ્થાન મોખરે હતું એવા બાબુ સાહેબ બદ્રીદાસજી હતા. પ્રત્યેક વ્યક્તિને માત્ર ચાર આના જેવી નજીવી રકમ આપવાની આ વાત પ્રથમ દૃષ્ટિયે જોતાં મહત્વ-ભરી નહિં લાગે પણ જો એનો રીતસર હિસાબ કહાડવામાં આવે અને જૈન સમાજનો એ પાછળ પૂર્ણ સહકાર હોય તો આ નાની સરખી વસ્તુ મોટા મહાભારત જેવી બની જાય છે! 'ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય' એ ઉક્તિને સત્ય ઠરાવે છે! જોતજોતામાં એ દ્વારા એક નાદર રકમ ફંડમાં એકઠી કરી શકાય છે.

આ તો આંકડા શાસ્ત્રીના દૃષ્ટિબિન્દુથે વાત વિચારી પણ એ પાછળ જે એક બીજો ઉમદા ભાવ સમાયેલો છે તે ભૂલી જવા જેવો નથી. દરેકના ચાર આના એટલે શ્રીમંત કે ગરીબ, વૃદ્ધ કે બાળક, મરદ કિંવા ઓરત આદિ કોઇ પણ પ્રકારના ભેદભાવની ગેરહાજરી! કેવળ સર્વત્ર સમાન ભાવનાના દર્શન. એ ઉપરાંત એ પાછળ સારાયે આમવર્ગનો, અરે આખીયે સમાજનો ટેકો. સમાજના એકાદ મોટા આગેવાનથી માંડી નાનામાં નાનો એકાદો બાળક પણ એ ફંડ માટે 'મ્હારા પણ'નો દાવ કરી શકે. આ પ્રકારનું 'મ્હારાપણું' નિરસકરણીય નથીજ. પણ 'મ્હારો દેશ' કહેવામાં જેમ રાષ્ટ્રગૌરવ છે તેમ 'મ્હારો સમાજ' કિંવા 'મ્હારું ફંડ' કહેવામાં સમાજ ગૌરવનાં મૂળ છુપાયેલાં છે અને તેથી એ પ્રશંસનીય છે. પ્રત્યેકના આ જાતના ઉમદા ભાવમાંથી 'મ્હારાપણું' 'અમારાપણામાં' બદલાઇ જાય છે; અને એ રીતે એક સંગઠિત સમાજના દર્શન થાય છે. કેટલીયેવાર મહાત્મા ગાંધીજીને એમ કહેતાં સાંભળ્યા છે કે એકાદા ધનિકના ખીસામાંથી હજાર કે લાખ મળે તે કરતાં હજાર કે લાખ મનુષ્યના ઘરમાંથી એકેક રૂપીયો મળતાં જે રકમ થાય એને હું વધારે મહત્વ આપું છું કેમકે પહેલામાં માત્ર એકજ વ્યક્તિનો સહકાર છે જ્યારે પાછળમાં રૂપીયો આપનાર દરેક વ્યક્તિનો અર્થાત્ સમષ્ટિનો સહકાર છે અને એજ ધ્યેય છે કારણ કે સંહતિ કાર્ય સાધિકા અર્થાત્ સંપનું બળ મોટું છે.

જગતમાં આજે 'Union is strength' નાં યશોગાન ગવાય છે. વિચાર કરતાં ઉપરોક્ત વાત સોટચના સુવર્ણ સદૃશ નિર્મળ અને કિંમતી જણાશે. આ ફંડની સ્થાપનામાં કરનારાઓએ પણ દીર્ઘદૃષ્ટિ વાપરી ઉપરોક્ત પ્રકારનો શુભ ઉદ્દેશ રાખેલો. પૈસા તો આવી મળે છે પણ જ્યાં સુંવી સહકારનું બળ વિશાળ પ્રમાણમાં પ્રાપ્ત નથી થતું ત્યાં સુંવી સમાજના કામ પાંગળા રહે છે. પૈસાના અભાવે કામ અટકયા રહ્યા નથી સાંભળ્યા પણ ઉત્સાહી કાર્યકરોના અભાવે અને સમાજના ટેકા વગર પૈસા છતાં કામ અધુરા રહ્યાના કે ટોચે ચઢયાના દૃષ્ટાન્ત શોધવા જવા પડે તેમ નથી.

આટલું લંબાણ કરી જે કહેવાનો મુદ્દો છે તે એજ કે આ ફંડ ઉભુ કરવામાં કેવળ પૈસા એકઠા કરવાનો સવાલ માત્ર નથી સમાયો પણ એ નિમિતે સમાજના આમવર્ગના હૃદયમાં પહોંચી જવાનો અને તેમનામાં સમાજ માટે આત્મભાન પેદા કરવાનો—અને એ રીતે સંસ્થા પ્રત્યે આકર્ષણ જન્યું રાખવાનો રહસ્યયુક્ત ભાવ છુપાયેલો છે.

જ્યે કોઇ વ્યકિત ખોટી ભ્રમણામાં પડી આપરથી સંખ્યાના માપ કલ્પવા મંડી જાય અથવા તો એવો હિસાબ કહાડે કે જેટલા ચાર આના એટલા માનવીઓનો કૉન્ફરન્સને ટેકો! બાકી બધા એના વિરોધી! એમાં તો કેવળ અસૂયા કે મૂર્ખતાના દર્શનજ થાય છે! આ ફંડ કે ફાળા પાછળ આવો ભાવ હતો પણ નહિં, અને છે પણ નહિં. આ યોજના પાછળ એકજ ઉમદા ભાવ રખાયેલો છે અને તે એકે એ મારફતે કાર્યકરો એ સારાયે સમાજમાં ભળી જવું, પ્રેમભાવે એ ફાળો ઉઘરાવવો અને આપણે સૌ એકજ નાવના મુસાફરો છીએ અર્થાત્ સમાજના ઉત્થાન કે પતનમાં આપણે સૌ સરખા ભાગીદાર છીએ તેથી આપણ સૌની ફરજ સાથે ઉભા રહી એક અડગ ને અતૂટ સમાજ નિર્માણ કરવાની છે. સંસ્થા અને ફાળો એ—તો સાધન માત્ર છે.

સુકૃત ભંડાર ફંડમાંથી અર્ધી રકમ ધાર્મિક પરીક્ષા લેનાર ખાતા (Education Board) માં જાય છે જ્યારે બાકીની અર્ધી કૉન્ફરન્સના નિભાવ અર્થે રખાય છે આ ગોઠવણમાં પણ અવશ્ય ફંડના સ્થાપકોની બુદ્ધિમત્તાનાં દર્શન થાય છે. ધાર્મિક પરિક્ષાના અભ્યાસક્રમ પરત્વે આજે પણ એમત જેવું નથીજ. એ દ્વારા જૈન સમાજમાં ધાર્મિક જ્ઞાનનો પ્રચાર કરવામાં આવે છે એટલુંજ નહિ પણ ધાર્મિક પાઠશાળાઓને ચાલુ રાખવામાં પણ સહાય અપાય છે. તેવીજ રીતે કૉન્ફરન્સ માટેના નિભાવ ફંડમાં આપવું એ એક રીતે પોતાના સંરક્ષણાર્થે વ્યય કરવા તુલ્ય છે; કારણ કે કૉન્ફરન્સ એ આપણા સર્વના સહકારથી બનેલી સંસ્થા માત્ર છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો **કૉન્ફરન્સ એટલે આપણે અને આપણે એટલે કૉન્ફરન્સ.** આ સંસ્થાદ્વારાજ ભૂતકાળમાં આપણે સંખ્યાબંધ કેળવણીનાં ખાતાં ઉભાં કર્યા છે. આ સંસ્થાના અસ્તિત્વ બાદ આપણો અવાજ રાજ દરબારમાં સંભળાયો છે. તીર્થોના રક્ષણ માટે, કે સમાજના સંગઠન અર્થે કૉન્ફરન્સે યથાશકય કર્યું છે અને હજુ કર્યે જાય છે. સાહિત્ય પ્રકાશનમાં

ધાર્મિકખાતાંઓના હિસાબ.

છાપાના વાંચનારથી ભાગ્યેજ એ વાત અજાણી છે કે આજકાલ ધાર્મિક ખાતાંના હિસાબોમાં બહુ લોચા થવા માંડયા છે. કેટલાક સમય થયા અમદાવાદના શ્રીયુત બાલાભાઇ આ સંબંધમાં જાહેર જૈન સમાજ રસ લેતો થાય એ ખાતર પ્રયાસ પણ કરી રહ્યા છે. છેલ્લા એક પ્રસંગે તો તેમણે શ્રીમતી કોન્ફરન્સને આ સંબંધમાં કામ કરવાની અપીલ પણ કરી છે.

પણ તેનું સ્થાન આગળ પડતું છે. આવી વિવિધ પ્રવૃત્તિઓ ધરાવનાર મહાસભા માટે સુકૃત ભંડાર ફંડનો અર્ધો ભાગ એ તો મામુલી ચીજ ગણાય. જરા ભાર મૂકીને કહીયે તો આટલી પ્રવૃત્તિઓ ન હોય અને માત્ર જૈન સમાજનો અવાજ રજુ કરવાનું એકલુંજ કાર્ય કોન્ફરન્સના શીરે હોય તો પણ એને નભાવવી એ દરેક જૈનની ફરજ ગણાય. આ એકજ સંસ્થા છે કે જ્યાં પંજાબ કે મદ્રાસ, કાઠીયાવાડ કે બંગાળ જેવા દૂરવર્તી ભાગોના જનો અરસપરસ છુટથી મળી વિચાર વિનિમય કરી શકે છે. આ એકજ કારણ પુરવાર કરે છે કે પ્રત્યેકે આ મહાસભાના ટકાવ નિમિત્ત કંઇ ને કંઇ ફાળો આપવો જોઇએ.

જેની સ્થાપના અને વપરાશ સંબંધે ઉપર સ્પષ્ટતા કરવામાં આવેલી છે એ ફાળો ઉઘરાવવા સારૂ કોન્ફરન્સના સુકાનીઓએ યોગ્ય પ્રબંધ કરવાની જરૂર છે, આજે તેજ સંસ્થા ગૌરવવંતી ગણાય છે કે જેના કાર્યકરોમાં સેવાભાવનું પ્રમાણ સવિશેષ રમતું હોય છે! દૃષ્ટિ સન્મુખ રાષ્ટ્રીય મહાસભાનું ઉદાહરણ જાગૃતિ છે. એમાંથી ઉચિત પ્રેરણા મેળવી કોન્ફરન્સનાં કાર્યકર એવા આપણે સુકૃત ભંડાર ફાળો એકઠો કરવાના માર્ગો નિયત કરવાના છે. પર્યુષણ પર્વના દિવસો આવે છે. એ પ્રસંગે જૈન સમાજનાં પ્રત્યેક નર નારી કંઇને કંઇ દ્રવ્ય સુમાર્ગે--ધર્મમાર્ગે અવશ્ય ખર્ચશે. તેમની સન્મુખ સમયોપયોગી આ સુકૃત ધરવાની જરૂર છે, એ પરત્વે વિશેષ પ્રકાશ પાથરવાની પણ તેટલીજ અગત્ય છે. એ સારૂં વ્યાખ્યાન હોલ વટાવી મકાનોના પગથીયા ચઢવા પડે તો પણ એ કાર્ય આદરણીય છે. ગમે તેવી સારી પ્રથાનો પ્રારંભિક કાળ પરિશ્રમ ભર્યોજ હોય છે. એ ધરગથ્થુ થઇ ગયા પછી ઝાઝી જહેમત ઉઠાવવાની જરૂર નથી રહેતી. તેથીજ સત્વર કટિબધ્ધ થવાની જરૂર છે. શરૂઆત તો ગત વર્ષની થઇ ચુકી છે, પણ આ વર્ષે એમાં નવો ઉમંગ અને નવો જોમ આમેજ કરવાનો છે. એ સાથે રેટન્ડીંગ કમિટિના પ્રત્યેક સભ્યે કમર કસવાની છે, પ્રાંતોમાં, શહેરોમાં અને ગામોમાં એ સંબંધીનો સન્દેશ, જલ્દી પહોંચાડવો એ જેટલો આવશ્યક છે તેટલોજ પ્રત્યેક સ્થાને સેવા ભાવી કાર્યકરોએ અને સ્ટેન્ડીંગ કમિટિના સભ્યોએ બહાર પડવાની અગત્ય છે. આશા છે કે રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ તાકીદે વર્કિંગ કમિટીની મિટીંગ બોલાવી મુંબઇમાં યોગ્ય ફાળો ઉઘરાવવા સંબંધી ઘટતી ગોઠવણ કરશે. જ્યાં એટલી જાગૃતિ છે ત્યાં જયશ્રી સામેજ ઉભેલી હોય છે.

આ વેળા આ સંબંધમાં આપણી મહાસભાએ ભૂતકાળમાં જે પ્રયત્નો કર્યા હતા તે સ્મૃતિપટમાં તાજા કરવાની જરૂર છે. એ કાળે કોન્ફરન્સ હસ્તક ધાર્મિક સંસ્થાઓના ખાસ કરીને દેરાસર તેમજ ઉપાશ્રય આદિના હિસાબો તપાસનારૂં એક ખાતું હતું, જે મારફતે શહેર તેમજ ગામડાંમાં માણસો મોકલી જુદા જુદા હિસાબોની તપાસ લેવામાં આવતી. વળી દાગીના તેમજ ઇસ્કામતની નોંધ લેવાતી જે નોંધ ઘણી વાર ઉપયોગી થઇ પડતી. એ ખાતું ચેકસ સંજોગો વચ્ચે બંધ કરવામાં આવ્યું અને તેથી જૈન સમાજને એક ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. એવું ખાતુ એ તો આશીર્વાદરૂપ ગણાય. એના અભાવે આજે કેવી વિષમ દશા વર્તી રહી છે તે આલેખવાની જરૂર છે ખરી? સમાજમાં પક્ષાપક્ષીનુ વિષ એવું તો વ્યાપી રહ્યું છે કે જેથી આજે કોઇ કોઇને પૂછી શકતું નથી. ન્યાય પણ મોંઘો બની ગયો છે એટલે પૂરાવા હોવા છતાં કોઇ વાતનો તાત્કાલિક તોડ આણી શકાતો નથી. હિસાબી વહીવટ ઘણું ખરૂં શ્રીમંતોના હસ્તક હોવાથી ધન કે સત્તાના બળે સામાન્ય જનતાને તે વર્ગ ગણકારતો પણ નથી. આ ઉપરાંત વેપારાદિના ખરાબ કારણોથી શ્રીમંત વર્ગની સ્થિતિ પણ બગડતી ચાલી છે. વળી સમાજમાં આજે એવા એક વર્ગનું અસ્તિત્વ પણ દૃષ્ટિગોચર થાય છે કે જે ઝટ અભિપ્રાય ઉચ્ચારે છે કે—'જવા દોને, ચાલ એના કરમ એને નડશે. કરશે તેવું પામશે. આપણે શું?' થોડાક તો એવા પણ માખણદાસ મળવાના છે કે ઝટપટ કહી દેવાના કે—'તમને કહેવાનો શું અધિકાર છે? એમના વડવાઓએ ધન વાપર્યું છે એટલે વહીવટ કરવાના હકદાર તો તેજ ગણાય. કદાચ એમના હાથે થોડું ખવાઇ પણ જાય?'

જ્યાં આટલી બધી દુર્લક્ષ્યતા અને આંધળી માન્યતા પ્રવર્તતી હોય ત્યાં હિસાબી અવ્યવસ્થા વધી જાય એમાં શી નવાઇ? આ વેળા શાસ્ત્રકારનાં કિંમતી વચનો કેમ યાદ કરવામાં નથી આવતાં? આગમ ગ્રંથોમાં દર્શાવેલી પદ્ધતિનું અનુકરણ કેમ અમલમાં નથી મૂકાતું? પણ જ્યાં અજ્ઞાનતા આકંઠ ભરેલી હોય અને શાસ્ત્ર શું કહે છે એ જાણવા જોવાની પુરસદ સરખીપણ ન હોય ત્યાં મનમાની રીતે ગાડું ગબડે જાયજ ને!

હવે આ સ્થિતિ સુધારણા માંગે છે. સમાજ નહિં જાગ્રત થાય તો યાદ રાખવું કે એને ફરજીયાત જગવું પડે તેવાં સાધનો ઉભા થવાની આગાહી થઇ રહી છે, સરકારની ધારાપોથી પર એને લગતું બીલ આવવાનું છે. આમ ત્રીજી સત્તા હાથ નાંખશે ત્યારે એની આગળ નીચા માથે નમવું પડે તે પહેલાં દરેક ધર્માદાખાતાના હિસાબોની ચોખવટ થાય તો કેવું સારૂં? એમાંજ વણિક કોમની બુધ્ધિમત્તાનુ સત્વ સમાયેલું છે. ભુલ્યા ત્યાંથી ફરીથી ગણવું એ તો સમજુપણાનું લક્ષણ છે. સુજ્ઞેષુ કિં બહુના!

લે.

ચોકસી.

મહાવીરના પુત્રો જૈનો જાગ્રત થાઓ

કુસંપને દૂર કરી કામ કરો.

આજે આપણી જૈન કોમમાં ઝગડાએ ઉગ્ર સ્વરૂપ પકડેલું છે તેનો લાભ લઇ અન્ય કોમવાળાઓ આપણા ધર્મ ઉપર તેમજ આપણા પુન્ય મુનીવરો ઉપર ટીકાઓ કરે છે તે ટીકાઓને તેમજ આક્ષેપોને પહોંચી વળવા સારૂ આપણે દરેકે કુસંપને દૂર કરીને કટીબદ્ધ થવું જોઇએ.

૧ હાલમાં "આપણા દેશના મહાન સ્ત્રી પુરૂષોની ઐતીહાસીક વાર્તા" નામનો ઇતિહાસ બહાર પડેલો છે જેના લેખીકા. દીવાળીબાઇ રાડોડ છે. તે ઇતીહાસ સ્કુલોમાં ચાલુ છે. તેના પાઠ ૧૩ માં "રાણી રૂપસુંદરી અને કુંવર વનરાજના" પાઠમાં પાના ૪૫ માં લખે છે કે, એક દિવસે શીલગુણસુરી **નામનો** જૈન સાધુ ત્યાંથી **જતો હતો** તેને એક ઝાડની ડાણીએ ઝોણીની અંદર એક બાળક જોયો ને બાળકના મુખ ઉપર બહુજ તેજ દીઠું અને જાણે રાજકુંવર હોય તેમ લાગ્યો, **તે વીચાર કરવા લાગ્યો** કે ભીલ જેવા ગરીબ માણસનો આ બાળક ન હોય. રૂપસુંદરી રાણીનો આ કુંવર હશે તેજ બન્યુ.....રાણીને અને રાજકુંવરને **તે પોતાના અપાસરે તેડી ગયો.** હવે આ બાબતમાં, "**નામનો**" "**જતો હતો**" "**વીચાર કરવા લાગ્યો**" "**પોતાના અપાસરે તેડી ગયો**" આવા, આવા ટુંકા શબ્દો એક મહાન વિદ્વાન જૈન આચાર્ય માટે લખાય અને તેજ શબ્દો અત્યારે સ્કુલમાં ભણતાં વિદ્યાર્થીભાઇઓ વાંચે, ભણે, તેથી ભવિષ્યમાં તે બાળક ને બોલવાનું ભાન રહે નહીં. તો આવા શબ્દોનો ફેરફાર થવાની જરૂર છે તો ઇતીહાસ કર્તાને વિનંતી કરૂં છું કે આ શબ્દો સુધારો. "**નામના**" "**જતા હતા**" "**વીચાર કરવા લાગ્યા**" પોતાના અપાસરે તેડી ગયા" આવા શબ્દો ગોઠવો આવી ભાષા વાપરવાથી ઇતીહાસ સુંદર અને સારો લાગશે (ભાષા સુંદર લાગશે) તો આ બાબત સુધારો જરૂર થવો જોઇએ.

હવે બીજી બીનામાં હાલમાં પુજ્ય મુનીરાજો ઉપર **પોલ પત્રિકા**માં નીચ ગલીચ હુમલા થાય છે તેને માટે તેમજ પહેલાં "ગુજરાતનો નાથ" અને "રાજાધિરાજ" નામનું પુસ્તક જે શ્રીયુત કનૈયાલાલ માણેકલાલ મુનશીએ બહાર પાડયું છે તેમાં પુજ્યપાદ કલીકાળ સર્વજ્ઞ, શ્રી હેમચંદ્રાચાર્યજી માટે ઘણાજ ખરાબ શબ્દો વપરાયેલા છે તેને માટે વીગેરે, વીગેરે જેમાં જૈનોના (આપણા) પુજ્ય મુનીવરો ઉપર તેમજ ધર્મ ઉપર જે હુમલા થાય છે તેને અટકાવો વીરના પુત્રો જાગો.

શ્રી મુની સંમેલનની આવી બાબત માટે જવાબો આપવા માટે નીમાયેલી કમીટી તેમજ કોન્ફરન્સની કમીટી તેમજ યંગમેન્સ સોસાયટી તેમજ શેઠ આણંદજી કલ્યાણજી આવી આવી મહાન સંસ્થાઓ એકત્ર થઇ આવી બાબતોના જલદી જવાબ આપો.

થોડા ટાઇમ ઉપર મુબઇમાં ઉજવાએલ શ્રીજીનદત્તસુરીજીની જયંતી પ્રસંગે શ્રીબાલચંદ્રજીએ જણાવ્યું હતું કે આપણા ધર્મને લગતા શાસ્ત્રોના ઇંગ્લીશ ભાષાંતરમાં અમેરીકનોએ તે શાસ્ત્રનાં ઇંગ્લીશ ભાષાંતરમાં ઘણાજ ખરાબ અર્થો કર્યા છે તેને માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને મેં પત્રો લખ્યા પણ તેનો જવાબ પેઢી તરફથી મળતો નથી તો આમ બનવું નહીં જોઇએ. આવી બાબતોમાં જે કામ કરતું હોય તેને જરૂર મદદ કરવી જોઇએ. તો વહાલા જૈનો જરૂર આ બાબતોની પુરતી તપાસ કરો અને જવાબ આપો.

લી૦

વાડીલાલ જેઠાલાલ.

[અનુસંધાન પેજ ૫ મું]

આવતાં ઘણા થોડા વખતમાં ફેંસલાઓ થઇ જાય છે. ત્રયસ્થના જવાથી ગામના લોકોના આપસના વેર ઝેર તરતજ ભેળા પડી જાય છે. અને કાર્ય સફળ થાય છે. માટે આગેવાનોએ આ વિષયપરત્વે લક્ષ આપવા અમારી વિનંતી છે.

લોકસત્તાનું યુગ.

લોકસત્તાનું યુગ શરૂ થઇ ચુકેલું છે. એવે વખતે જુની પદ્ધતીથી બધુંજ કામ ધકેલે જવાથી ખોટા પરિણામો નીપજે છે. માટે ભલે કોઇને તેના વંશ માટે કે પરંપરા માટે માન અપાતું હોય તો તે અપાય પણ હીસાબોની બાબતમાં તો સરલતા અને ચોખવટ રાખેજ છુટકો. અમુક શેઠ પાસે શી રીતે માગણી કરી શકાય એવી શરમાશરમીમાં વિના કારણે સાર્વજનિક દ્રવ્યને નુકશાન કરવામાં આપણે મદદગાર થવું તે ઘણુંજ ખોટું છે. આપણે જાણીએ છીએ કે કર્યું કરાવ્યું અને અનુમોદ્યું એમાં બધાઓનો દોષ સરખોજ છે. છતી શકતીએ સંભાળ ન કીધી અને દોષ થતા હોય તેની ઉપેક્ષા કીધી તેને માટે અતિચારથી કોઇનો પણ છુટકારો નહીંજ થાય એ ધ્યાનમાં રાખી હીસાબની ચોખવટ માટે દરેક બંધુએ યથાશક્તિ પ્રયત્નશીલ થવું ઘટે છે.

કાયદો થાય છે તે માટે અભિપ્રાય.

હાલમાં કાયદો થાય છે એ આપણા જાણવામાં આવેલું છે. ત્યારે તેના ગુણદોષો તરફ આપણે લક્ષ આપવું જોઇએ. અને આપણે આવા કાયદામાં કેવી જાતની સરકારની મદદ માગીએ છીએ તે ચોખ્ખું કરી નાંખવું જોઇએ. કારણ કે કાયદો અમલમાં આવતાં આપણે અગવડોમાં ન મુકાઇએ એ માટે કાળજી રાખવી જોઇએ. મતલબ કે આ વિષય એવો અગત્યનો છે કે, તે સામે આંખમિચામણા કરવા પરવડી શકે તેમ નથી. માટે બંધુઓ જાગો અને દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યના રક્ષણ માટે પ્રયત્નશીલ થાઓ.

મહારાષ્ટ્રીય જૈન.

સાર્વજનિક ખાતાના હીસાબો ચોખાવટ.

અન્ય ધર્મિઓની અપેક્ષાએ જૈનોમાં મંદીર ઉપાશ્રય કે બીજા ધાર્મિક ખાતાઓના હિસાબો વધુ સારી સ્થિતિમાં જોવામાં આવે છે એ વાત જોકે ખરી હોય છતાં તેમાં ઘણા દોષો છે અને તે સુધારો માગે છે એમાં પણ નવાઇ નથી. વંશપરંપરાની પદ્ધતીથી અમુક શેઠીઓના ત્યાં હિસાબો હોય અને દરેક સાર્વજનિક કાર્યમાં તે માનપાનનો ધણી થઇ બેસે એવી રૂઢી ચાલતી આવેલી હોય છે, પણ તે શેહની સ્થિતિ નબળી થતાં હિસાબની ચોખવટ રેહેતી નથી અને માનનો લોભ તેને મુકાતો નથી. આવી સ્થિતિમાં કેટલાએક મળતીઆ તે શેહની ખોટી બાજુ ઉંચકી સમાજમાં વિગ્રહ પેદા કરે છે અને કેટલાએક દોઢ ચતુર લોકો તટસ્થપણાનો વેશ ભજવી આવા કાર્યની ઉપેક્ષા કરે છે એ ખરેખર ઘણું શોચનીય છે. આવી પરિસ્થિતીમાં પોતાની માથે કડવાશ વોહોરી લઇ આવા હીસાબોની ચોખવટ માટે કોઇ કમર કસી બહાર પડે એ ખરેખર પ્રશંસનીય છે. પણ આવા હિસાબો માગતા કોર્ટના માર્ગે કેટલી મુશીબતો વેઠવી પડે છે, કેટલા ફેરા ખાવા પડે છે અને કેટલા ખરચમાં ઉતરવું પડે છે એનો અનુભવ મહારાષ્ટ્રમાં એવલા ગામમાં સારી પેઠે મળી ચુકયો છે. હાલમાં એવલાના શેઠીઆ વિરૂદ્ધ મંડાએલ કેસ છેવટના ચુકાદા નજીક આવી પોહોંચ્યો છે. અને થોડા દિવસમાં તેનો ચુકાદો આવી જતાં આખી જૈન કોમને તે એક બોધપાઠ પુરો પાડશે એમાં શંકા નથી. આ સ્થિતિ જોતાં હાલમાં ધારાસભામાં સાર્વજનિક ખાતાના હીસાબો માટે જે કાયદો ઘડાવવા માટે પ્રયત્નો ચાલે છે તે આવકારદાયક છે એમાં શંકા નથી. જુના વિચારના અને ચાલ્યું છે તેમ ચલાવી લેવાના વિચારવાળા બંધુઓ જોકે કેટલાક બડબડાટ કરશે પણ છેવટે તેમને તે સ્વીકાર્યા વગર છુટકો નથી. એવા તો કેટલાએ સુધારાઓ જુના વિચારવાળાઓએ મને કે કમને પચાવી દિધેલાજ છે. અને આ કાયદો થતાં છેવટનો તે આશીર્વાદ સમાનજ નિવડશે એમાં શંકા નથી.

પોતપોતાનાં ગામોમાં ચોખવટ કરી નાંખો.

અત્યારથીજ અમારા બંધુઓએ પોતપોતાના ગામમાં આ બાબત ચર્ચા ચલાવી ચોખવટ કરી નાંખવી ઘટે છે. અને જ્યારે કાયદો થાય ત્યારે લગાર પણ આનાકાનીએ હીસાબ રજુ કરવામાં અસમાધાન કે કડવાશ જેવું ન થાય તે માટે સાવચેતી રાખવી ઘટે છે.

હાલમાં કેટલાએક શેઠીઆઓને હીસાબ બતાવવા એ ઘણું અપમાન જેવું લાગે છે. હીસાબ બતાવીશું તો આપણી આબરૂ જશે એવી ખોટી કલ્પના કેટલાએક બંધુઓના માથામાં ઘર કરી બેઠલી હોય છે. વાસ્તવિક જોતાં જે કોઇ હીસાબ જોવા માટે ખુલ્લો મુકે છે તેના માટે લોકોમાં આદર બુધ્ધિ પેદા થાય છે. અને આવા ગૃહસ્થ માટે ઉલટું માન વધતું જાય છે એવી રીતે વિચાર કરનારા ઘણા જણાય છે.

દર વરસે સરવૈયું બહાર પાડો.

દર વરસે સરવૈયું બહાર પાડી દેવાથી સમાજમાં સમાધાન પેદા થાય છે. કલહનાં બીજો નાબુદ થાય છે અને નવાં નવાં શુભ કાર્યો હાથ ધરવા ઉત્સાહ વધે છે. અને સંપ રહી સમાજોન્નતિ સુલભ થાય છે. એ દેખીતી વાત છે. એ એક સુધારો થઇ જાય તો સમાજના હજારો પ્રશ્નોનો ઉકેલ સહેજે થઇ જાય તેમ છે.

ધાર્મિક દ્રષ્ટિ.

ધાર્મિક દ્રષ્ટિએ આવું દ્રવ્ય રાખનારાને–તેની અવ્યવસ્થા કરનાર મહા પાપી ગણાય છે એ સહુ કોઈ જાણે છે. પણ હાલમાં જમાનો એવો આવ્યો છે કે, આવા પાપો ઘોળીને પી જાય તેવા લોકો પાકી રહ્યા છે. પોતાની એક પાઇ પણ ન જાય તે માટે આકાશ પાતાળ એક કરનારા ગૃહસ્થો આવા હજારોના ઘોટાળા તરફ આંખમીંચામણા કરતા જણાય છે. માટેજ અમારા બધા બંધુઓને વિનંતી છે કે, તેઓએ આ બાબત હાથ ધરી તેનું સંતોષકારક પરીણામ લાવવું જોઇએ.

કોન્ફરન્સનું કર્તવ્ય.

કોન્ફરન્સ ઓફીસે કેટલાએક વરસો પેહેલા એક ઓડીટર નીમી આ કાર્યને ચાલના આપેલી હતી, પણ આ કાર્ય સતત ચાલુ રાખવું જોઇએ એવું છે અને તેમ કરવા માટે પૈસાની ખાસ જરૂર છે. માટે અમારી એવી સૂચના છે કે, ઓફીસ તરફથી એક પ્રશ્નાવળી તૈયાર કરવામાં આવે અને તે ગામેગામ મોકલી તેના જવાબો મંગાવવામાં આવે અને જેમના તરફથી સંતોષકારક જવાબો મળે તેવા ગામોના નામો પ્રગટ કરી તેને અભિનંદન આપવા જોઇએ. જે ગામમાં ખાસ ઘોટાળા જોવું જોવામાં આવે ત્યાં લાગવગ પહોંચાડી સમાધાનકારક છેવટ લાવવા માટે પ્રયત્ન થવા જોઇએ. અને એટલા ઉપરાંત પણ કાંઇ ન વળે તો કાયદાનો આસરો લેઇ આવા ગામોના ઘોટાળાઓ જગ જાહેર કરવા જોઇએ કે જેથી બીજાઓ તેનો દાખલો લઇ સાવચેત થાય. દર માસે બે પાંચ ગામોના હિસાબો પણ ચોખા છે એવું પ્રગટ થશે તો પોતાનું નામ પ્રગટ કરવાની બીજાઓને પણ ઇચ્છા થશે અને પરંપરાએ આપણે સારૂં કામ કરી શકીશું.

પ્રત્યક્ષ અનુભવ.

મહારાષ્ટ્રમાં પ્રચાર કાર્ય કરતાં એવા પ્રકારનો અનુભવ કાર્ય કર્તાઓને આવેલો છે. અને થોડા વખતનો ભોગ આપવાથી ઘણું મહત્વનું કાર્ય થઇ શકે છે એવો પ્રત્યક્ષ પુરાવો છે. જે જે ગામના લોકોની જેવી ભાવના હોય તેને અનુસરી યુક્તીથી હિસાબોની ચોખવટ કરવામાં કોઇ પણ જાતની અડચણ જેવું નથી. પ્રત્યક્ષ વિરોધ કરી ખોટી દાનતથી હિસાબની વાત ન કરવા દે એવા લોકો ઘણા ઓછા છે એમાં શંકા નથી, પણ લોકોને હીસાબ બતાવવાની ઉપયુકતતા સમજાવવાની જરૂર છે અને એની ઉપયુકતતા જણાવામાં

[અનુસંધાન પેજ ૪ સાથે]

મેવાડ પ્રાંતના જૈન મંદિરોની સ્થિતિ.

મુનિરાજોએ એ તરફ વિહાર કરવાની જરૂર.

પ્રાંતિક મહાસભાની સ્થાપના.

'સર્વત્ર સંગઠનનો નાદ વાગી રહ્યા છે. જે સમાજ સંગઠન શક્તિથી પ્રગતિના પંથે આગળ ધપી રહેશે, તેજ સમાજ પોતાને કોઇ સમયે ઉન્નતિના શિખરે પહોંચેલી જોશે' એ સંદેશ મેવાડના પાટનગર ઉદયપૂરમાં પ્રવેશ કરતા મુનિશ્રી વિદ્યાવિજયજી મહારાજે શ્રીસંઘને સંભળાવ્યો હતો. મેવાડ એ પ્રાચીન અને પવિત્ર ભૂમિ છે. મેવાડ ભારતના ઇતિહાસની વિભુતિ છે અને તેમાં પણ મેવાડના જૈનો, મેવાડના મંદિરો, મેવાડનું શિલ્પ, મેવાડના મંદિરોના શિલાલેખો, તામ્રપત્રો, પ્રશસ્તીઓ એ અમૂલ્ય વસ્તુઓમાંજ એ ઇતિહાસ વસેલો છે. એનો ઉદ્ધાર, એનું સંરક્ષણ, એનો પ્રકાશ, એમાંજ સાચા ઇતિહાસનું પ્રકાશન છે. મેવાડ એટલો વિશાળ દેશ છે, જ્યાં એક સમયે એક સમયેજ નહિં—થોડા વર્ષો ઉપર પચાશ હજાર શ્વેતાંબર મૂર્તિપૂજકોના ઘર હતાં અને એનુંજ એ કારણ છે કે આજે આખા મેવાડમાં લગભગ ત્રણ હજાર મંદિરો વિદ્યમાન છે—જ્યારે આખા મેવાડમાં લગભગ મૂર્તિ-પૂજક જૈનોનાં ઘર મુશ્કેલીથી પાંચશો મેળવી શકાશે. કેવળ ગુજરાત અને કાઠિયાવાડમાંજ ફરનારા અને પોતપોતાના માની લીધેલા ક્ષેત્રોમાં વિચરનારા, માની લીધેલાં શ્રાવકોની વચમાં મ્હાલનારા મુનિરાજો કદી આવા ક્ષેત્રો તરફ વિચરવાનો વિચાર સરખો પણ કરે છે? મુનિરાજોના વિચરવાના અભાવનુંજ આ પરિણામ કહી શકાય? મેવાડની દશા વિચારવા યોગ્ય છે. હજારો જૈનો અન્ય સંપ્રદાયી આર્ય સમાજી આદિ થયા હોવાના લીધે મેવાડના આલીશાન મંદિરો આજે વેરાન બની રહ્યાં છે. એ ભવ્ય દર્શનીય પરમાત્માની ચમત્કારિક મૂર્તિઓ મલીન—કુડા કચરાઓના થરોથી ઢંકાઇ રહી છે અને એના ઉપર ઘાસ ઉગી રહ્યાં છે. જીન મૂર્તિના દ્વેષી લોકો, પોતાના દ્વેષ મૂર્તિને માટે ઇરાદા પૂર્વક મંદિરોમાં ઉતરે છે અને ભગવાનની આ-શાતનાઓ કરે છે. મંદિરોએ કાંટા લાગ્યા છે—અપૂજ્ય—વેરાન સ્થાનો બની રહ્યાં છે. એમાં આલેખાયેલો ઇતિહાસ ઢંકાઇ રહ્યો છે. શિલ્પ નષ્ટ થઇ રહ્યું છે. આ બધી સ્થિતિની સુધારણાઅર્થે પ્રભાવશાળી વિદ્વાન મુનિરાજોએ કષ્ટો સહન કરીને પણ મેવાડમાં ગામોગામ અને હામોહામ વિચરવાની જરૂર છે.

ઉપર્યુક્ત સ્થિતિની વિચારણા માટે તા. ૨૪-૬-૩૫ ના રોજ મુનિશ્રી વિદ્યાવિજયજી સમક્ષ ઉદયપુર શ્રીસંઘના આગેવાનો અને જુદા જુદા મંદિરો તેમજ સંસ્થાઓના કાર્યકર્તાઓની એક સભા મળી હતી તેમાં કેટલીક વાટાઘાટ પછી સર્વ સમ્મતિથી ઉદયપૂરમાં "મેવાડ પ્રાંતિય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મહાસભા" સ્થાપવા નિર્ણય કરવામાં આવ્યો. તેના નિયમોને તા ૧-૭-૩૫ ના રોજ શ્રીસંઘની સભામાં બહાલી અપાઇ જેની સંક્ષેપમાં નોંધ નિચે પ્રમાણે છે:—

૧ સંસ્થાનું નામ "શ્રી મેવાડ પ્રાંતિય જૈન શ્વે. મહાસભા" રાખવામાં આવ્યું.

૨ ઉદ્દેશો:—(ક) મેવાડના ધાર્મિક સ્થાનો (મંદિરો વિ.) અને સંસ્થાઓનું સંગઠન કરીને તેની શુદ્ધ વ્યવસ્થા કરવી. (ખ) ધાર્મિક અને નૈતિક શિક્ષાનો પ્રચાર કરવો (ગ) પ્રાચીન અને અર્વાચીન જૈન સાહિત્યનું પ્રકાશન અને પ્રચાર કરવો.

૩ પ્રત્યેક શ્વે. મૂ. સ્ત્રી કે પુરૂષ જેની ઉંમર ૧૮ વર્ષની હશે તે સભ્ય થઇ શકશે.

૪ લવાજમ વાર્ષિક આઠ આના. ૫. જનરલ સભામાં ચુંટાયેલા ૧૬ સભ્યોની એક કાર્યકારિણી સમિતી રહેશે. ૬ મહાસભા અંતર્ગત ચાર પેટા સમિતિઓ—ધાર્મિક, શિક્ષા પ્રચારણી, શારિરિક શિક્ષા, અને સર્વ સાધારણ પેટા સમિતિઓ રહેશે.

ધાર્મિક પે. સ. હસ્તક મંદિરો ઉપાશ્રયો વિગેરેના કાર્યો રહેશે. શિક્ષા પ્રચારિણી પે. સ. હસ્તક શિક્ષા સંબંધી સંસ્થાઓને લગતા કાર્યો રહેશે જેમાં શિક્ષા સંબંધી બધી સંસ્થાઓના સંચાલકો સભ્યો રહેશે, શારિરિક શિક્ષા સં. સ્વાસ્થ્ય રક્ષાર્થે જીમનેસ્ટિક, અખાડા, સ્વયંસેવક મંડળ, કલબ, આદિ સ્થાપિત કરવા વિગેરે ઉપાયો યોજવા. સર્વ સાધારણ સમિતિ, જૈન ધર્મશાળા—સાધુ મુનિરાજોના ચાર્તુમાસની વ્યવસ્થાદિ વિવિધ કાર્યો કરશે.

મેવાડના તમામ મંદિરોની વ્યવસ્થાની દેખરેખ અને તેની ડિરેક્ટરી તૈયાર કરવા માટે કાયમને માટે એક પગારદાર ઇન્સપેકટર રાખવામાં આવશે. આ સંસ્થાની હેડ ઑફીસ ઉદયપૂરમાં રહેશે. સંઘના આગેવાનો તથા યુવકોમાં ઉત્સાહ ઠીક જણાય છે.

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	રા.	૧—૮—૦
જૈન ડીરેક્ટરી ભાગ ૧ લો ...	રા	૦—૮—૦
,, ,, ભાગ ૧-૨ જો ...	રા.	૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી ...	રા.	૦-૧૨—૦
,, ગ્રંથાવાલી	રા	૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)	રા.	૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો	રા.	૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)	રા.	૬—૦—૦

લખો:—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
૧૪૯, શરાફ બજાર, મુંબઇ, ૨.

ઐક્યની આરાધના.

ઐક્યતા વિના કોઇપણ રાષ્ટ્રે, ધર્મે, કે જાતિએ કંઇપણ પ્રગતિ કરી હોય તે કેવળ અસંભવિતજ છે. ઐક્યતાના બળથીજ રાષ્ટ્રથી માંડીને વ્યક્તિ સુધીની ઉન્નતિ થયેલી છે એ ભૂતકાલીન ઇતિહાસના પાનાઓ જોવાથી જણાઇ આવશે.

તૃણાંકુરને બાળક પણ છેદી શકે છે પરંતુ તેજ તૃણના સમુહથી જ્યારે રસ્સી બનાવવામાં આવે છે ત્યારે તે મહાન્ દોરડાથી મદોન્મત એવા હસ્તિઓને પણ બાંધીને કબજે રાખી શકાય છે. આ પ્રતાપ તૃણ સમુહની ઐક્યતાનો છે.

સાંકળની કડીઓ વીખરાયેલી પડી હોય તો તેનો શું ઉપયોગ હોઇ શકે? કશોજ નહીં, પરંતુ તેજ કડીઓનું જ્યારે ઐક્ય સાધવામાં આવે અર્થાત્ કે પરસ્પર કડીઓનું અનુસંધાન કરવામાં આવે ત્યારે તે સાંકળવતી ગમે તેવા બળવાન જનાવરને પણ બાંધીને વશ રાખી શકાય છે.

એક તાંતણો નિર્બળ અને નિરૂપયોગી હોય છે. પરંતુ જ્યારે અનેક તાંતણાઓના સમુહથી વસ્ત્ર વણવામાં આવે છે ત્યારે તે વસ્ત્ર મજબુત અને ઉપયોગી બને છે.

જળનાં એક બિન્દુને વિનાશ પામતાં વાર નથી લાગતી પરંતુ તે બિન્દુ જ્યારે સમુદ્રની સાથે ઐક્ય સાધે છે ત્યારે તે અમર બની જાય છે.

માનવ સમુહની ઐક્યતાથી રશીયાની જુલ્મી ઝારશાહીને નષ્ટ બનવું પડ્યું છે.

છોટી ગણાની કીડીઓની ઐક્યતાપૂર્વકની ચડાઇથી મહાન વિષધર સર્પને પણ ચાલણી જેવું બનવું પડે છે.

સેનાપતિ કદાચિત બળવાન અને શૌર્યશાળી હોય તો પણ તે એકલો શત્રુ સૈન્ય સામે શું કરી શકે? તેની સાથે જો સૈન્યનો સહકાર હોય—ઐક્યતા હોય તોજ તેનો જય છે. અન્યથા પરાભવજ સર્જાયો હોય છે.

સર્વેના વિચારની ઐક્યતા થવાથી ભિન્ન ભિન્ન સ્વભાવની વ્યક્તિઓનું એક મંડળ અથવા સંસ્થા સ્થપાય છે. અને તે દ્વારા જે મહાન અને ઉત્તમ કાર્યો થાય છે તેનો શતાંશ ભાગ પણ એક વ્યક્તિદ્વારા નથી બની શકતો.

એક ઘરમાં પણ જો ઐક્યતા ન હોય અને પ્રત્યેક વ્યક્તિના અલગ અલગ આલાપ નીકળતા હોય તો તે એક ઘરનું તંત્ર પણ સુવ્યવસ્થિતરીતે ચાલવું કઠીન બને છે. ભાવાર્થ કે કુસંપથી કે વૈમનસ્યથી પ્રત્યેક કાર્ય બગડેજ છે. જ્યારે ઐક્યતાના જાદુથી જો સર્વને વશિભૂત કરવામાં આવે તો ગૃહતંત્ર, સમાજતંત્ર, રાજ્યતંત્ર કે રાષ્ટ્રતંત્ર સુંદરરીતે ચાલી શકે છે. અને ઐક્યતાના પ્રતાપથી તે આદર્શની ઉપમાને પામે છે.

આપણા સમાજની સ્થિતિ અત્યારે તો ઐક્યતા વિહોણીજ છે. અથવા પ્રસિદ્ધ ઉક્તિ મુજબ—"બાર ભૈયા અને તેર ચૌકા" ના જેવી સ્થિતિ વર્તમાનમાં જૈન સમાજમાં ચાલી રહી છે, જેનું સવિસ્તર પ્રથક્કરણ "સમાજ શરીર" નામક અલગ લેખદ્વારા કરાશે અત્રે તો એટલું જણાવવું પર્યાપ્ત છે કે ઐક્યતા વિના સમાજની કે ધર્મની ઉન્નતિ થવી એ આકાશ કુસુમની આશા રાખવા જેવી વાત છે. દીવા જેવી આ સ્પષ્ટ વાતને સૌ કોઇ સમજે અને ઐક્યતાના મધુર મંત્રનાદોથી સર્વે વીરપુત્રો વશિભૂત થઇ વીર શાસનને અજવાળે એવી સદ્ભાવના રાખીએ. અસ્તુ! ૐ શાન્તિઃ

—રાજપાળ મગનલાલ વ્હોરા.

શ્રીજૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ

રૂા. ૫૯૨-૮-૦ ના ઇનામો.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ હસ્તકના જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડે દ્વારા ગત તા. ૩૦-૧૨-૩૪ ના રોજ લેવાયેલી સ્વ. શેઠ **સારાભાઇ મગનભાઇ મોદી** પુરૂષવર્ગ અને અ. સૌ. **હીમકબાઇ મેઘજી સોજપાળ** સ્ત્રીવર્ગ ધાર્મિક તથા પ્રાકૃત હરીફાઇની ઇનામી પરીક્ષાનું પરિણામ એપ્રિલ માસમાં બહાર પાડવામાં આવેલ છે. તે પરીક્ષાઓના ધોરણ અને સેન્ટરવાર ઇનામો નીચે પ્રમાણે છેઃ—

પુરૂષ ધોરણ ૫ વિ. ૭ કઃ ભાવનગર રૂા. ૪૭ પાલીતાણા રૂા. ૧૭
" " ૫ વિ. ૩ઃ છોટી સાદડી રૂા ૨૭ ધિણોજ રૂા. ૧૭
" " ૫ વિ. ૧ કઃ છોટી સાદડી રૂા. ૩૭
" " ૫ વિ. ૧ ખઃ છોટી સાદડી રૂા. ૩૭
" " ૪ કઃ છોટી સાદડી રૂા. ૨૭ બિકાનેર રૂા. ૧૨ ગુજરાનવાલા રૂા. ૬
" " ૩ : અમદાવાદ રૂા. ૧૬
" " ૨: પાલીતાણા રૂા. ૧૫ ઉંઝા રૂા. ૧૫ મુ.બઇ રૂા. ૧૨
" " ૧: ભાવનગર રૂા. ૬ પાલીતાણા રૂા. ૬ મુંબઇ રૂા. ૫ થરાદ રૂા. ૧૫ શાંતિનિકેતન રૂા. ૧૭
બાળ ધોરણ ૨: ભાવનગર રૂા. ૬ વઢવાણ કેમ્પ રૂા. ૬ પાલીતાણા રૂા. ૭ અમદાવાદ રૂા. ૧૬ જુનેર રૂા ૧૬
બાળ ધોરણ ૧: વઢવાણ કેમ્પ રૂા. ૨ પાલીતાણા રૂા. ૩ બારશિ રૂા. ૪ જુનાગઢ રૂા. ૬ પાલેજ રૂા. ૬ અમદાવાદ રૂા. ૧૬ આમોદ રૂા. ૬ પેથાપુર રૂા. ૬ મુંબઇ રૂા. ૧૭
સ્ત્રી ધોરણ ૫ વિ: ૫ સંસ્કૃતઃ સમોઉ રૂા. ૨૭
" " ૪: રાંદેર રૂા. ૩૨
" " ૩: અમદાવાદ રૂા. ૧૬
" " ૨: રાંદેર રૂા. ૧૨ અમદાવાદ રૂા. ૬ બારશિ રૂા. ૧૫
" " ૧: રાંદેર ૩૬
કન્યા ધોરણ ૨: અમદાવાદ રૂા. ૨૪ બારશિ રૂા ૬ સુરત રૂા. ૬ ભાવનગર રૂા. ૨૫ જુનેર રૂા. ૩ ધિણોજ રૂા.૬
" " ૧: રાંદેર રૂા. ૬ અમદાવાદ રૂા. ૨૨ સુરત રૂા. ૪ ધિણોજ રૂા. ૬ વઢવાણ કેમ્પ રૂા. ૧૬
" અમદાવાદ રૂા. ૧૧૬ છોટી સાદડી રૂા. ૧૦૬ રાંદેર રૂા. ૮૬ ભાવનગર રૂા. ૫૨૫ પાલીતાણા રૂા. ૪૬ મુંબઇ રૂા. ૨૭ સમોઉ રૂા. ૨૭ બારશી રૂા. ૨૭ જુનેર રૂા. ૧૬ સુરત રૂા. ૧૭ ઉંઝા રૂા. ૧૫ થરાદ રૂા. ૧૫ વઢવાણ કેમ્પ રૂા. ૧૪ ધિણોજ રૂા. ૧૨ બિકાનેર રૂા. ૧૨ શાંતિનિકેતન રૂા. ૧૭ ગુજરાનવાલા રૂા. ૬ જુનાગઢ રૂા. ૬ પાલેજ રૂા. ૬ આમોદ રૂા. ૬ પેથાપુર રૂા. ૬ કુલ રૂપીઆ ૫૯૨-૮-૦

વીસમીસદ્દીમાં ભુશ્રી મહાવીર ભગવાનના

— શુદ્ધ ધર્મને પ્રવર્તાવનાર —

અમર-આત્મા શ્રી આત્મારામજી મહારાજ.

પંજાબ દેશોદ્ધારક વિશ્વવિખ્યાત ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય **શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી** પ્રસિદ્ધ ન મ શ્રી આત્મારામજી મહારાજને જન્મથી લગાવીને આવતા ચૈત્ર સુદિ ૧ ને સૌ વર્ષ પૂરા થાય છે. તેથી વર્તમાન પરિસ્થિતિ લક્ષ્યમાં લઇ, પંજાબના શ્રીસંઘની ભાવના ધ્યાનમાં લઇ એઓશ્રીના પટ્ટધર **આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજ** પ્રવર્તક ૧૦૦૮ **શ્રીકાંતિવિજયજી** મહારાજ વિગેરેની સાથે યોગ્ય વિચારણા કરી શતાબ્દિ ઉજવવાનું નક્કી કરી જૈન જનતાની સમક્ષ તેની જાહેર ઘોષણા કરી દીધી છે. અને એ શુભ પ્રસંગ નિમિતે એક વિશિષ્ટ કાર્ય કરવા માટે દીર્ઘ વિચાર કરી એક **શતાબ્દિ ફંડ** ઉભું કરવામાં આવ્યું છે. એ ફંડની પ્રથમ શરૂઆત પાલણપુરથી કરવામાં આવી છે. પાલણપુરના આગેવાન ગૃહસ્થોએ અને ખાસ કરીને બહેનોએ એ ફંડને પોતાના આંગણે વધાવી લઇ પોતાની ભક્તિ અને શક્તિ અનુસાર ફાળો આપી કાર્યને ઉત્તજીત કરી યશસ્વી બનાવ્યું છે

પાલણપુરથી વિહાર કરી અમદાવાદ, કપડવંજ, વડોદરા, સુરત, વાપી અને રસ્તાઓના ગામોમાં શ્રીવિજયવલ્લભસૂરિજી મહારાજ પોતાના પ્રભાવિક ઉપદેશદ્વારા શતાબ્દિનો પ્રચાર કરી બહોળા પ્રમાણમાં ફંડ ચાલુ કરી અત્રે મુંબઇમાં આવી એક સમિતિ સ્થાપન કરી છે તેમાં શહેરના અગ્રગણ્ય આગેવાનો ખૂબ ઉત્સાહથી કામ કરી રહ્યાં છે. શતાબ્દિ ફંડમાં અનેક રકમો ભરાતી જાય છે.

જૈન સમાજના આંગણે આવેલી આ સોનેરી તકને દરેકરીતે સફળ કરવા કટીબધ્ધ થશો. પોતાનું શુભ નામ શતાબ્દિ ફંડમાં યથાશક્તિ ભક્તિ અનુસાર અ ર્થ લખાવવા ધ્યાન આપવું. આપણા ભાગ્યોદયે આ સુઅવસર સાંપડયો છે, તેથી આપણી ફરજ સમજીને અવશ્ય મદદ કરવા પોતાનો ઉદાર હાથ લંબાવશો એવી આશા રાખવામાં આવે છે.

શ્રી આત્મારામજી મહારાજ માટે એમત દુનિયામાં છેજ નહી એ મહાપુરૂષે વીસમીસદીમાં જે જહેમત ઉઠાવી શાસનનું કાર્ય કર્યું છે, તે કોઇથી અજાણ્યું નથી. ખરેખર આ સદીમાં–વર્ત્તમાન સમયમાં જે આપુઓની વિશાળ સંખ્યા નજરે આવે છે તે આ પ્રતાપી, અખંડ ત્યાગીનેજ આભારી છે. પંજાબ જેવા વિકટ પ્રદેશમાં શુદ્ધ સનાતન ધર્મ પ્રભુશ્રી મહાવીર ભગવાનનો પ્રરૂપેલો શુધ્ધ માર્ગ આ ભડવીરેજ અનેક કષ્ટો સહન કરી ઉપસર્ગો સહીને પ્રવર્તાવ્યો છે. આજે પંજાબમાં ગગનચુંબી શિખરોથી અલંકૃત વિશાળ મંદિરો જ્યાં ત્યાં નજરે આવે છે તે આજ ગુરૂદેવના ઉગ્ર તપોબળનો પ્રભાવ છે. આર્ય સમાજીઓનો સામનો આ અખંડ ત્યાગીએજ કર્યો છે. અનેક વિદ્વદમાન્ય પુસ્તકો લખી ધર્મ ઉપર થતા ખોટા આક્ષેપોનો સચોટ રદીઓ આ આત્માએ આપ્યો છે. અમેરીકા જેવા ધર્મ વિમુખ દેશમાં ધર્મની ઘોષણા કરનાર આજ વીર સુભટ છે. શાંતિસાગરજી અને હુકમીમુનિજી જેવાઓની સાથે આ વીરેજ બાથ ભીડી નિસ્તેજ કર્યા છે. જોધપુર શહેરમાં ધર્મથી પરાંગમુખ બનતા આત્માઓને ધર્મમાં સ્થિર સ્થાપન કરી શુધ્ધ માર્ગ પર ચડાવ્યા છે. ડૉકટર હૉર્નલ જેવા જૈન ધર્મના અભ્યાસીને પડેલી શંકાઓના સચોટ ઉત્તરો શાંતિથી આ સમર્થ આત્માએજ આપ્યા છે. દરેક રીતે શ્રીઆત્મારામજી મહારાજે સમાજ ઉપર અનેક ઉપકારો કરી પોતાનું નામ અમર બનાવ્યું છે. એ અમર આત્માની સૌ વર્ષની જન્મ શતાબ્દિ ઉજવવી એ આપણી પ્રથમ ફરજ વિચારી દરેક પ્રકારે વફાદાર રહી કાર્યને પોષણ આપવું એ આપણું મુખ્ય કર્ત્તવ્ય છે.

ગુરૂભક્તિનો લાભ સ્ત્રી હો કે પુરૂષ હો દરેક લઇ શકે છે. દરેકનો સરખો હક્ક છે. ઘર આંગણે આવેલી ગુરૂશતાબ્દિરૂપ ગંગાને જરૂર વધાવી લઇ પોતાનું નામ અમર કરવા સદા તૈયાર રહેશો. શાસનદેવ સહુને સદ્બુધ્ધિ આપી શતાબ્દિના કાર્યને યશસ્વી બનાવે એજ ભાવના.

ચરણવિજય.

સમાચાર સાર

સેનેટના સભ્ય તરીકે–મુંબઇ યુનીવરસીટીની સેનેટમાં પ્રો. સાંકળચંદ મફતલાલ શાહ ચુંટાયા છે.

જ્ઞાતિસુધારણા માટે મળનારી સભા–સુરત જીલ્લાના ગામોના તથા પીંડવાડા વગેરે અગ્યાર ગામોના પંચોના અગ્રગણ્ય ગૃહસ્થોની એક મીટીંગ જ્ઞાતિના ધારાધોરણ માટે યોગ્ય સુધારા વધારા કરવા તથા પંચ એકત્ર કરવાનો વિચાર ચલાવવા માટે શ્રાવણ સુદ ૪–૫ ના રોજ સુરત મુકામે શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી ત્યાં મળનાર છે.

ઉપાશ્રયમાં લાઉડસ્પીકર–ઘાટકોપરમાં સ્થાનકવાસી મુનિશ્રી નાનચંદ્રજી ચાર્તુમાસ રહેલા છે. વ્યાખ્યાનમાં જૈન તથા જૈનેતર પ્રજા સારો લાભ લ્યે છે. ઘાટકોપરના સ્થાનકવાસી સંઘની મળેલી મીટીંગમાં સર્વાનુમતે વ્યાખ્યાન હોલમાં લાઉડ સ્પીકર ગોઠવવાનો ઠરાવ પસાર થયો છે.

બહુવાના સંઘ પાસે જાહેરાત–આચાર્યશ્રી વિજયનેમી સૂરિજીએ ખુલ્લે ખુલ્લા શબ્દોમાં સંઘને જાહેર કરી દીધું હતું કે હું તેમ મારા સંઘાડાનો સાધુ યા સાધ્વી બાપને બાપના ધણીની સંમતિ સિવાય દિક્ષા નહિ આપે.

(જૈન જ્યોતિ પરથી)

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૪૯, શરાફ બજાર, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનું સરનામું—'હિંદસંઘ'–'HINDSANGHA'

REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥



જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.)



તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જીનું ૯મું / નવું ૪થું | તારીખ ૧૬ ઑગષ્ટ ૧૯૩૫. | અંક ૧૩.

હિંદની જરૂરિયાતો.

આપણાં હિંદને હમણાં ત્રણ વસ્તુઓની ભારે જરૂરિયાત છે: (૧) શિક્ષણ; (૨) ઔદ્યોગિક વિકાસ; અને આત્મરક્ષણ. આ ત્રણેમાં શિક્ષણ આખા હિંદમાં દરેક હિંદીને મળે તોજ પાર્મિક અંધશ્રદ્ધા, વહેમો અને શારિરિક તેમજ આર્થિક અવનતિનો ઉદ્ધાર કરવાનું બની શકશે. હમણાં જે ધોરણે અને જેટલાં સાધનોથી હિંદીઓને શિક્ષણ મેળવવા સગવડો અસ્તિત્વમાં છે, તે પ્રમાણમાં દોઢસો વરસ આખા હિંદને અક્ષરજ્ઞાન મેળવતાં લાગશે. હાલનું શિક્ષણ એક હિંદીને સમર્થ દેશસેવક બનાવતું નથી. શિક્ષણ વગરના લોકોમાં સંપત્તિ અને રિદ્ધિ સિધ્ધિ વધારવાની શક્તિ હોતી નથી. ઉચ્ચ શિક્ષણ આપતાં વિશ્વ વિદ્યાલયો પણ વિમાનોને લગતું, વિજલીને લગતું, રેડિયોને લગતું, રસાયણ વિદ્યાને લગતું. સ્વરક્ષણને લગતું ઉચ્ચ જ્ઞાન આપવાની સગવડ કરશે ત્યારેજ હિંદની પ્રજ્ઞની સંસ્કૃતિ બીજી પ્રજ્ઞની હરોળમાં આવી શકશે. હવે માત્ર ડોકટરો, વકીલો કે સાહિત્યકારો પેદા કરવાનો જમાનો નથી. એઓની સાથે ઉચ્ચ કારીગરોની પણ જરૂર છે.

* * * *

આપણે ઉદ્યોગોમાં પછાત છીએ. આપણે ઉદ્યોગોમાંથી જે કમાણી કરીએ છીએ તે એક વ્યક્તિની ગણતરીના પ્રમાણમાં બ્રિટન કરતાં ચાલીસગણું ઓછું છે અને અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસ કરતાં સાડગણું ઓછું છે. આપણી વ્યક્તિગત કમાઇ ઓછી છે. બીજા દેશો વિકાસ તરફ દોડે છે, ત્યારે આપણે દરિદ્રતા તરફ ગમન કરીએ છીએ.

* * * *

પરાધીનતાથી કેટલા દોષો જન્મે છે? સાંસારિક બદીઓ, ખોટા રીતરીવાજો, ખોટાં વહેમનાં બંધનો, અવળી ધાર્મિક અંધશ્રદ્ધાઓ, નિરાધારતા, દુર્બળ અને રોગગ્રસ્ત શરીરો એ સર્વે પરતંત્રતાનાં બાળકો છે. આપણે જ્યારથી સ્વતંત્રતા ગુમાવી છે ત્યારથી સંપ, સંગઠન અને એકતા પણ ગુમાવ્યાં છે. ત્યારથી નાતો, સંપ્રદાયના સડા, અસ્પૃશ્યતા, અને આળસ મેળવ્યાં છે. આપણી અધોગતિનાં મૂળ ત્યાંથીજ જમીનમાં પેદા થયાં છે. ભારતભૂમિના પુત્રો દેવ મટી ભીખારીઓનાં ટોળાં બન્યાં છે. સ્વદેશી અને સ્વદેશની ભાવના ભૂલ્યાં છે. આપણી સ્ત્રીઓ પ્રગતિની વિરોધી બની છે. આપણા રાજાઓ મોજશોખ અને પરદેશોના વિલાસોના ભ્રમરો બન્યા છે. આપણા જમીનદારો ખેડુતોને નીચોવનાર, ગરીબોના પરસેવામાંથી મોજશોખ પૂરા પાડનાર થયા છે. ××××××× આપણાં શાહુકારો વ્યાજખાઉ, લોભી અને ખેડૂતોને ચૂસનાર બન્યા છે. આપણા અધિકારીઓ ગરીબો, દીનો અને હૃદયની નિર્બળ પ્રજ્ઞ ઉપર પોતાના અધિકારના ચાબૂકો ચલાવી રહ્યા છે.

[શ્રી કુંવરશી ધરમશી સંપટના 'હિંદની આર્થિક ઉન્નતિની યોજના'–નામક લેખમાંથી–પ્રસ્થાન: આષાઢ ૧૯૯૧]

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૬-૮-૩૫ શુક્રવાર.

પર્યુષણ પર્વ અને આપણું કર્તવ્ય.

આપણાં પવિત્ર પર્યુષણ પર્વના દિવસો નજીક આવતા જાય છે અને તે પ્રસંગે જૈન કોમ પોતાનો દાન પ્રવાહ ધાર્મિક ફરજ તરિકે વહેતો કરે છે એ સામાન્ય જ્ઞાનનો વિષય છે. સાંસારિક પ્રવૃત્તિઓમાં રચ્યા પચ્યા રહેતો મનુષ્ય અર્થે સંસારથી પર એવા આધ્યાત્મિક અને આત્મતત્વને ઉન્નત બનાવનાર અને ધર્મ ભાવના પ્રેરક સંયોગો આપણા પૂર્વ કાલીને આચાર્યો અને દીર્ઘદૃષ્ટા જ્ઞાપૂર્વજોએ યોજેલા છે. આવા દિવસોમાં ધર્મભાવનાને જે પ્રોત્સાહન મળે છે તે મનુષ્ય જીવનની વિષમતાઓ સહન કરવાની તાકાત બક્ષે છે અને આત્માને ઉન્નત સ્થાને પહોંચવાના એક મહત્વનાં સાધનરૂપ બને છે. તેથીજ આવા પવિત્ર દિવસોમાં દાન, ધર્મ, વ્રત, તપશ્ચર્યાઓ યથાશક્ય આદરવામાં આવે છે, સૌ પોતપોતાની શક્તિઅનુસાર દાનાદિ પણ કરે છે; અને સૌની રૂચિઅનુસાર સર્વકોઇ પોતાનાં દ્રવ્યનો સન્માર્ગે વ્યય કરે છે.

આવતાં પવિત્ર પર્યુષણ પર્વના પ્રસંગે જૈનસમાજની એકની એક પ્રતિનિધિત્વ ધરાવનારી મહાસંસ્થા—કોન્ફરન્સને પણ સુકૃતભંડાર ફંડની યોજનાની ઝોળી ભરી દેવાય એ હેતુથી અમો ગતાંકમાં સૂચન કરી ગયા છીએ. આ યોજના વિષે અત્યાર અગાઉ જૈનસમાજ સંપૂર્ણ રીતે વાકેફ છે એટલે તેની વિગતો અને ઉપયોગિતા વિષે વિશેષ પિષ્ટપેષણની જરૂર અમો માનતા નથી.

ચાર આના સુકૃતભંડાર ફંડમાં આપવા એટલે કોન્ફરન્સના સભ્ય થવું અને એ સભાસદ તરીકેની ફી—લવાજમ છે એમ કેટલાકનું મન્તવ્ય છે; અને તે સંબંધે વિશેષ સ્ફોટ કરીએ તો કહેવું પડે કે આવી માન્યતા એ ભ્રમ છે. કોન્ફરન્સનાં બંધારણ અનુસાર ૧૮ વર્ષ કે તેથી વધુ ઉમરનો પુરૂષ કે સ્ત્રી વિના લવાજમ આપ્યે તેના સભાસદ છેજ અને તેને પ્રતિનિધિ થવાનો હક્ક છે. કેટલીક ચાર આનાની મેંબરશિપવાળી સભાઓની માફક કોન્ફરન્સના સભ્ય થવા માટેજ ચાર આનાની 'ફી' આપવી પડતી નથી. માત્ર કોન્ફરન્સ સાથેનું પોતાનું 'ગૌરવ' તોલવા બેસે તો ચાર આના લવાજમવાળી સંસ્થાઓ કહે કે 'કોન્ફરન્સની ચાર આના 'ફી' અને અમારી પણ ચાર આના ફી'. ચાર આનાની ફી વાળી સભાઓ કે સંસ્થાઓને તેવો ફાળો ન મળે ત્યારે તેમાં બોલવાનો, અવાજ રજુ કરવાનો કે તેઓ સાથે બેસવા અધિકાર રહેતો નથી; જ્યારે સુકૃત ભંડાર ફંડની યોજના અનુસાર દરેક બંધુ અને બ્હેન પર કેવળ નૈતિક ફરજ છે કે જૈનસમાજની એક સર્વમાન્ય, મોભાવાળી સંસ્થા કોન્ફરન્સ ને તેની આ યોજનામાં સંપૂર્ણ ટેકો આપવો અને તેનું મૂર્તસ્વરૂપ તે આ યોજના—એટલે કે પ્રત્યેક વ્યક્તિએ દર વર્ષે ઓછામાં ઓછા ચાર આના કોન્ફરન્સ કાર્યાલયને આપી અને પોતાની સહાનુભૂતિનું સ્વરૂપ વ્યક્ત કરવું જોઇએ. આટલીજ નૈતિક ફરજનું પાલન જો સંપૂર્ણ રીતે હિંદભરના જૈન બંધુઓ કરે તો એ સંસ્થાદ્વારા સમાજ ઘણો મ્હોટો લાભ ઉઠાવી શકે એ નિઃસંદેહ છે.

સમાજની ધાર્મિક અને વ્યવહારિક કેળવણી, ધાર્મિક હરિફાઇની ઇનામી પરીક્ષાઓ અને તત્સબંધી આખી યોજના અને સમાજોપયોગી, તીર્થ, સાહિત્યોધ્ધાર આદિ અનેક મહત્વનાં કાર્યોને હાથ ધરવા અને વેગવાન બનાવવા માટે આ સંસ્થા માટે આ એકજ યોજના છે અને આ યોજના અપનાવી તેનો અમલ કરવામાં જેટલી ઉદારતા તેટલોજ કાર્યરૂપે જવાબ મળી શકે એ સ્પષ્ટ વાત છે.

અમો વાંચકવર્ગને અને દરેક સ્થળના જૈન સંઘોને આથી વિજ્ઞપ્તિ કરીએ છીએ કે આપણી કોન્ફરન્સ—જૈનસમાજની મહાસભાના રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓએ બહાર પાડેલ નિવેદન—અપીલ આ અંકમાં અન્યત્ર પ્રકટ થએલ છે તે તરફ પૂરૂં લક્ષ આપે અને દરેક સ્થળના શ્રીસંઘ તેમજ સેવાભાવી ઉત્સાહી બંધુઓ આ યોજના અમલમાં મૂકવા—મૂકાવવા સંપૂર્ણ પ્રયાસ કરે. એ તેની આવતા પવિત્ર દિવસોમાં ખાસ અનિવાર્ય ફરજ છે એટલુંજ નહિં પણ દરેક કોન્ફરન્સપ્રેમીનું પવિત્ર કર્તવ્ય છે 'એમ અમો ભારપૂરવક કહીએ છીએ.

રેટીંગ કમિટીના સભાસદો જે જે ગામોમાં પોતે વસતા હોય, યા જે ગામ—શહેરના પોતે વતની હોય ત્યાં તો ખાસ કરી તેમણે અગત શ્રમ લઇને યોગ્ય પ્રયાસ સેવવો જોઇએ. દરેક સ્થળે આ પ્રસંગે એક કે એથી વધારે સભાઓ બોલાવી, પત્રિકાઓ, સાહિત્યદ્વારા આ યોજનાનો પ્રચાર કરી તેનો અમલ કરવો, કરાવવો એ કમિટીના સભ્ય તરિકે તેની ખાસ ફરજ છે એમ ભાગ્યેજ અમારે કહેવાની જરૂર હોય. દરેક સ્થળે કોન્ફરન્સપ્રેમીઓ મ્હોટી સંખ્યામાં છે અને તેઓમાંના જેઓ ભોગ આપવા તૈયાર હોય તેમણે પોતાની મહાસભા પ્રત્યેની આટલી ફરજ સ્વતઃ ઉપાડી લેવી જોઇએ. એમ થશે ત્યારેજ આપણે સમાજોપયોગી કાર્યોમાં વિશેષ જોશ લાવી શકશું.

મુંબઇ શહેરમાં ગત વર્ષની માફક આ યોજના અમલમાં મૂકવામા માટે ચોકસ વ્યવસ્થા થઇ ચુકી છે એમ અમો સમજીએ છીએ અને વિશેષતયા આ વર્ષે મુંબઇમાં વસતા કાર્યવાહી સમિતિના સભ્યો તથા રેટીંગ કમિટીના જે સભ્યો પણ વસતા હોય તેઓને પરિષદ કાર્યાલયમાંથી સુકૃત ભંડાર ફંડની છાપેલ રીસીટોની ચોપડીઓ મોકલવામાં આવે અને તે

નોંધ અને ચર્ચા.

પાંચમની નવકારશી: મુંબઇમાં ભાદરવા સુદ પાંચમને દિને મારવાડીભાઇઓ તરફથી જે નવકારશી યાને સ્વામીવાત્સલ્ય કરવામાં આવે છે તે આજે કેટલાક વર્ષોથી જગબત્રીસીયે ચઢેલ છે. આજ વર્ષો થયાં મારવાડીભાઇઓના બે ભાગો ઓશવાળ અને પોરવાડ એ પર્વ જમાડવાના પોતાના હક માટે સાહમારી કરી રહ્યાં છે! આ જાતની ધેલછાભરી સ્પર્ધા મારવાડીબંધુઓ સિવાય ભાગ્યેજ બીજે નજરે ચઢે છે! એની સમજાવટ કરવાના પ્રયાસો ઘણીવાર થયા એમાં પૂજ્ય સાધુવર્ગે પણ મહેનત કરી છતાં અદ્યાપિ સુધી કંઇપણ સુંદર પરિણામ આવ્યું નથી. હકના ઓઠાતળે કે માનીલીધેલા કદાગ્રહથી એક પણ પક્ષે નમતું આપ્યું નથી ઉભય પક્ષના ઠેકેદારો મુકાદમો એટલી હદે આગ્રહી બનીબેઠા છે કે કેટલાક સમજુ ભાઇઓ આ જાતના કલેશથી આજે વિમુખ બની ચુકયા છે, છતાં તેમનો અવાજ નથી તો સાંભળતાં કે નથી તો પકડેલું ગદ્ધા પૂંછ છોડતા!

અઠ્ઠમીઆતોને સંવત્સરીના દિને વ્રત કરનાર વ્રત ધારીઓને અથવા તો સ્વામીભાઇઓને કે નવકારનું સ્મરણ કરનાર વ્યક્તિઓને પારણું કરાવવામાં-જમાડવામાં અવશ્ય પુન્ય રહેલું છે પણ તે ત્યારેજ પ્રાપ્ત થાય કે જ્યારે એ પાછળ શુધ્ધ ભાવ રહે ા હોય. જ્યાં હક્ક કે ટેકની વાતો જોર પકડતી હોય, પરસ્પર કલેશ વૃધ્ધિ પામતો હોય ત્યાં પુણ્ય શોધ્યુ પણ ન જડે. ત્યાં તો કર્મ બંધના દર્શન સંભવે.

જૈન ધર્મના અભ્યાસથી એ વાત અજાણી નથી કે દ્રવ્ય સાથે ભાવની મીલાવટ હોય તોજ ફળ પ્રાપ્તિ સુંદર પ્રકારની થાય છે. વળી જેમ ભાવના નિર્મળ તેમ લાભનો યોગ વધારે. એ સંબંધમાં કુમારપાળરાજા બળદેવ મુનિને આહાર માટે લઇ જનાર મૃગ આદિના કેટલાયે દ્રષ્ટાન્તો છે. મારવાડી બંધુઓ આ મહત્વની વાત ભુલી જઇ શા શારૂ ખોટી ભાંજગડમાં પડે છે? પૂજ્ય ગણાતા સાધુ મહારાજના વચનો કેમ ઠોકરે મારે છે? પરસ્પર સમજુતીથી કેમ સંપનો માર્ગ નથી લેતા? ઉભય સાથે મળી એક નોકારશી કરે તો એમાં તેમને શું વાંધો નડે છે? અગરતો પ્રતિવર્ષ વારા ફરતી જમાડે તો તોડ નીકળે કે નહીં? અથવા તો એક પક્ષ નોકારશીમાં ખરચાની રકમ કોઇ બીજા ધર્મના કાર્યમાં ખરચવાનો નિશ્ચય કરે તો?

આ તો પ્રશ્નો ઉદ્ભવ્યા એટલે લખ્યા. બાકી એનો કોઇપ્રકારે તોડ આણવો હવે તો જરૂરનો છે 'થેં છોડું પણ મેં ન છોડું' જેવી વૃત્તિ હવે ઘડીભર પણ ચલાવી લેવી નથી ઘટતી. જૈનોને લાંછનરૂપ છે

સાંભળવા મુજબ ઉભય પક્ષનું સમાધાન થાય તેવો પ્રયત્ન આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી. વિજયવલ્લભ સૂરિજી કરી રહ્યા છે. તેઓએ અત્યાર પૂર્વે આવા કેટલાયે સંઘ કલેશો પતાવી પક્ષોના સંધાન કર્યા છે. અહીં પણ તેઓશ્રીનો પ્રયાસ સફળ નિવડો એ માટે મારવાડી બંધુઓના ઉભય પક્ષના મુખીઆઓને અમારી એટલીજ પ્રાર્થના છે કે તેઓ આચાર્ય શ્રીના વિચારો સમજી લે અને ચુકાદાને માન્ય રાખી એકતા સાંધે. ચીરકાળના કદાગ્રહનો આ ટાંણે સંપ ત્યાં જપ એ સુત્રનો અમલ કરે.

બાકી યાદ રાખવું કે જે વાર્યુ નથી કરતો તે હાર્યું જરૂર કરે છેજ. કદાચ હજી પણ કદાગ્રહની મોરલી પર નાચવાનુ ચાલુ રાખવા જેવા ચેનચાળા દૃષ્ટિગોચર થશે તો પછી જમાડનાર વર્ગ સામે જમનાર જૈન સમાજે બેડો બળવો કરવો પડશે. સદંતર પાંચમના જમણનો બહિષ્કાર કરી ભાન ભુલેલાની સાન ઠેકાણે આણવી પડશે. જ્યારથી ઉભય પક્ષ કલેશ કષાયમાં પડયા ત્યારથી એક વર્ગ એવો થયો છે કે ઉભયમાંથી એકનાં પણજમણમાં ભાગ લેતો નથી. એ વર્ગની સંખ્યા વિશાળ થતાં મ્હારા તહ્હારાની લડાઇમાં પડેલા કોને જમાડશે? કેવી રીતે પુણ્ય હાંસલ કરશે?

આવું બને તે પૂર્વે ચેતી જઇ ઐકયની સાધના કરવાની અગત્ય છે. સુજ્ઞેષુ કાં બહુના! લી.

ચોકસી.

ચોપડીઓની ચોકસ સંખ્યાની ટીકીટોનું વેચાણ તેમણે કરવું જ પડે એવી વ્યવસ્થા થઇ ચુકી છે. આ ઉપરાંત શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ જેના સભ્યો અત્યારસુધી આ કાર્યમાં સક્રિય ભાગ લઇ રહ્યા છે તેઓ નિત્યના ધોરણ મુજબ બહાર પડશે. છેવટે અમો જૈન સમાજનો હિંદના દરેક સ્થળના જૈન બંધુઓ સક્રીય ભાગ લેવા ભારપૂર્વક અપીલ કરીએ છીએ કે સુકૃત ભંડાર ફંડની યોજના તમો અત્યાર અગાઉ સંપૂર્ણરીતે સમજી ચુકયા છો એટલે તેની વિગતોમાં અત્રે પુનઃ ઉતરવું અમો ઇષ્ટ ધારતા નથી પણ અમારી આ અપીલને ધ્યાનમાં લઇ કોન્ફરંસ પ્રત્યેની તમારી ફરજ તમારી જવાબદારી સ્વીકારી લઇ આવતા પવિત્ર દિવસોમાં ખાસ કરીને તમારાથી બનતી ફાળાની મોટામાં મોટી રકમ કોન્ફરન્સ કાર્યાલયને પહોંચતી કરશો.

કોન્ફરન્સની કાર્યવાહી સમિતિ.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની બેઠક તા૦ ૧૩-૮-૩૫ ના રોજ શેઠ જમનાદાસ અમરચંદ ગાંધીના પ્રમુખપણાં હેઠળ મલી હતી જે સમયે સભ્યો સારી સંખ્યામાં હાજર હતા.

ગત બેઠકની મિનીટસ બહાલ રાખવામાં આવ્યા બાદ શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ પ્રમુખની પરવાનગીથી જણાવ્યું કે મુંબઇની ધારાસભામાં 'હિંદુ ચેરીટીઝ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન બીલ રજુ થયેલ છે તે અંગે આપણે વિચાર કરવાની ઘણીજ જરૂર છે. કોન્ફરન્સે ટ્રસ્ટો અને હિસાબોની ચોખવટ અંગે ઠરાવો કર્યા છે અને તેથી એ બીલ જૈન સમાજના ટ્રસ્ટોને લાગુ પડે છે કે કેમ તત્સબંધેનું કાર્ય એક પેટા સમિતિને સોંપાય એ ઇચ્છનીય છે. કમીટીની સેન્સ જાણ્યા પછી કેટલીક ચર્ચા બાદ શ્રી. મોતીચંદ ગિ. કાપડી-આએ-

(અનુસંધાન પા. ૭ મું જુઓ)

જૈન સમાજ ઐકયતાના માર્ગે—

અમદાવાદમાં નગરશેઠના પ્રમુખપદે થયેલ ભવ્ય સમારંભ.

ધી જૈન આંતરકોમીય મેટ્રીકયુલેશન એકઝામીનેશન કોમ્પીટીશન શીલ્ડ તથા ચંદ્રક અર્પણ કરવા માટે તથા શ્રી જૈન શ્વેતાંબર કો-ફરન્સનાં એજ્યુકેશન બોર્ડની ધાર્મિક ઇનામી હરીફાઇની પરીક્ષામાં અમદાવાદમાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ, કન્યાઓ અને સ્ત્રીઓને ઇનામો તથા પ્રમાણપત્રો આપવાનો એક મેળાવડો રવિવાર તા૦ ૪-૮-૩૫ ના સવારે નવ વાગે ઘીકાંટે ભારતભુવન થીયેટર અમદાવાદમાં નગરશેઠ વિમળભાઇ મયાભાઇના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને ચંદ્રક તથા પ્રમાણપત્રો નગરશેઠ વિમળભાઇએ અર્પણ કર્યાં હતાં જ્યારે કન્યાઓ અને સ્ત્રીઓને પ્રમાણપત્રો શ્રી. ડાહીબ્હેન પુરૂષોત્તમ મગનભાઇ શેઠે અર્પણ કર્યાં હતાં.

ધાર્મિક કેળવણી

મંગલાચરણનું સંગીત થયા બાદ પ્રમુખસ્થાનેથી શેઠ વિમળભાઇએ બોલતાં જણાવ્યું હતું કે આ વિશાળ દેશમાં જ્ઞાનનાં અનેક ક્ષેત્રો અણખેડાએલાં પડયાં છે. એક નાનો સરખો દીપક આખાએ ઓરડાનો અંધકાર દૂર કરે છે, તેમ ગામની નાની પાઠશાળા અગર નિશાળ અનેક બાળકોના અંતરના અંધકારને દૂર કરે છે અને આખા ગામને જ્ઞાનના પ્રકાશથી પ્રકાશિત કરે છે. જ્ઞાનની પરબોની કિંમત અણમોલ હોય છે. જ્યારે હું જૈન કોમની કેળવણી સંબંધીની સ્થિતિ તરફ નજર નાંખું છું ત્યારે મને ગમગીની ઉપજે છે. સને ૧૯૩૧ ના વસ્તીપત્રકમાંની ગણત્રી મુજબ જૈન કોમમાં અભ્યાસ કરવા યોગ્ય ૨,૩૫,૨૮૫ બાળકોમાંથી આજે ૫૧૦૪૭ નિશાળે જાય છે. એટલે ૧૦૦ બાળકે ૨૧ બાળકો નિશાળે જાય છે. ૨,૨૩,૯૮૩ બાળાઓમાંથી ફક્ત ૧૫૭૭૯ નિશાળે જાય છે, સાધનના અભાવે ૧૦૦ બાળામાંથી ૯૩ બાળા અભણ રહે છે. આ અજ્ઞાનના ઘોર અંધકારને દૂર કરવા શ્રી જૈન એજ્યુકેશન બોર્ડ પ્રયત્ન કરી રહ્યું છે. આ બોર્ડ આજે ૨૫ વરસથી કામ કરે છે અને બોર્ડે જ્ઞાનપ્રવૃત્તિને આગળ ધપાવવા સાધન અને શક્તિ અનુસાર પોતાથી બનતું આજ સુધી કર્યું છે.

ફીરકાઓનું વૈમનસ્ય ઘટાડવાનો હેતુ

અત્યારે જૈન કોમ શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એવા ત્રણ વિભાગમાં વહેંચાયલી છે. આ ત્રણે ફીરકામાંથી એક બીજા પ્રત્યેનું વૈમનસ્ય કેમ ઓછું થાય અને ભાવિ જૈન વિદ્યાર્થીઓ એક બીજાની નજીક આવતા જાય તેવા હેતુથી આ શીલ્ડ અને ચંદ્રકની યોજના થઇ હોય એમ માનવાનું કારણ છે.

પ્રાંતિક મંત્રીનું નિવેદન

શ્રી. જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ગુજરાત પ્રાંતના ઉત્તર વિભાગના પ્રાંતિક સેક્રેટરી શ્રી. મુળચંદ આશારામ વૈરાટીએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રજાના ધાર્મિક સંસ્કારોનું રક્ષણ કરવું એ અગત્યનો પ્રશ્ન છે. આ પ્રશ્નનો વિચાર કરી જૈન કોન્ફરન્સે પુના બાદ ૧૯૦૯ માં જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની સ્થાપના કરી હતી અને ત્યારથી આ બોર્ડ પોતાની શક્તિ અનુસાર નિયમિત રીતે એકધારૂં કામ કરે જાય છે. બાદ શ્રી. મુળચંદભાઇએ બોર્ડના ધારાધોરણ સમજાવ્યાં હતાં, અને ગયા વરસે અમદાવાદમાં ભરાએલા ઇનામના મેળાવડા પ્રસંગે બનેલા સભ્યોની નામાવલી અને બોર્ડે પરિક્ષાનાં નક્કી કરેલા સ્થળો કહી સંભળાવ્યાં હતાં.

સને ૧૯૨૯ માં ૫૧૩ પુરૂષ ૪૧૫ સ્ત્રીઓ, સને ૧૯૩૦ માં ૬૩૩ પુરૂષ ૪૩૭ સ્ત્રીઓ, સને ૧૯૩૧ માં ૫૦૮ પુરૂષ, ૩૨૬ સ્ત્રીઓ, સને ૧૯૩૨ માં ૪૬૨ પુરૂષ, ૩૦૩ સ્ત્રીઓ, આ બોર્ડની પરીક્ષામાં બેઠાં હતાં, સને ૧૯૩૩ માં અમદાવાદના ૧૬૬ વિદ્યાર્થીઆમાંથી ૧૪૧ પાસ થયા હતા. સને ૧૯૩૪ માં પુરૂષ ૫૩૯ અને સ્ત્રીઓ ૨૭૧ આ પરીક્ષામાં બેઠાં હતાં તેમાં અમદાવાદના ૧૪૧ માંથી ૧૨૪ પાસ થયા હતા. બાદ તેમણે છેલ્લાં ચાર વરસમાં આ બોર્ડ ધાર્મિક પરીક્ષાનાં ઇનામો, સ્કોલરશીપો અને પાઠશાળાને આપેલી મદદના આંકડા વાંચી સંભળાવ્યા હતા.

ચંદ્રક અને શીલ્ડનો ઇતિહાસ

આ ચંદ્રક અને શીલ્ડનો ટુંક ઇતિહાસ એવો છે કે જૈન કોમના ત્રણ ફીરકાઓમાં ઐકય વધારવાના શુભ ઉદ્દેશથી એક શ્વેતાંબર મૂર્તિપૂજક સજ્જન તરફથી તે આપવામાં આવ્યાં છે. આ શીલ્ડમાં ૧૬ ચંદ્રકો છે. આ શીલ્ડ માટે નિયમો એવા છે કે તેને ધી જૈન આંતરકોમીય મેટ્રીકયુલેશન કોમ્પીટીશન શીલ્ડ નામ આપવુ, અને તે દિગંબર જૈન શેઠ માણેકચંદ હીરાચંદના સ્મરણાર્થે સ્થાનકવાસી કોન્ફરન્સને અર્પણ થયું છે. મુંબઇ ઇલાકાની મેટ્રીકની પરીક્ષામાં જે જૈન વિદ્યાર્થીઓ બેઠા હોય તેમાં સૌથી વધારે માર્ક મેળવનાર વિદ્યાર્થીને તે ફીરકાની કોન્ફરન્સ મારફતે જે ગામનો તે હોય તે ગામમાં મેળાવડો કરી ચંદ્રક આપવો, અને શીલ્ડ તે ગામના સંઘને એક વરસ માટે આપવું, અને પ્રત્યેક વરસે તે ફરતું રહે. આવી રીતે ૧૬ વરસોમાં જે ફીરકાના વિદ્યાર્થીઓએ સૌથી વધારે ચંદ્રકો મેળવ્યા હોય તે ફીરકાની કોન્ફરન્સને છે ટે તે શીલ્ડ અર્પણ કરવું.

ચંદ્રક તથા ઇનામો

બાદ આ વરસે જૈન કોમના મેટ્રીકની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓમાં ડો. કેશવ લા મલુકચંદના પુત્ર શ્રી. નરેશચંદ્ર પ્રથમ નંબરે આવેલા હોવાથી નગરશેઠ વિમળભાઇએ તેમને ચંદ્રક અર્પણ કર્યો હતો અને જૈન કોમની મેટ્રીકમાં બેઠેલી બાળાઓમાંથી પ્રથમ નંબરે આવનાર બહેન ચંદ્રાવતી ચીમનલાલ દોશીને અ. સૌ ચંચળગૌરી મણીલાલ ટ્રસ્ટ ફંડ જે ગુજરાત વર્નાકયુલર સાસાયટીને સોંપાયેલું છે તેના વ્યાજમાંથી રૂ. ૨૦ નું ઇનામ શ્રી. ડાહી બહેનને હસ્તે અર્પણ થયું હતું. કેટલાક વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો તેમજ ઇનામો અપાયા બાદ પ્રમુખનો અને થીયેટર વાપરવા આપનાર શ્રી. નકુભાઇનો આભાર માનવામાં આવ્યો હતો અને મેળાવડો વિસર્જન થયો હતો.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

TELEGRAMS:-
"HINDSANGHA"
"हिंदसंघ"

[સ્થાપિત સંવત્ ૧૯૫૮]

૧૪૯, શરાફ બજાર: મુંબઇ, ૨.
પર્યુષણ પર્વ ૧૯૯૧.
વીર સં. ૨૪૬૧.

સુજ્ઞ શેઠશ્રી તથા શ્રી જૈન સંઘ સમસ્ત યોગ્ય.

સવિનય નિવેદન કરવાનું કે સમસ્ત હિંદના જૈનોનું પ્રતિનિધિત્વ ધરાવનારી આપણી આ જૈન મહાસભા જૈન કૉન્ફરન્સ આજે વર્ષો થયાં જૈન કોમની સામાજીક, વ્યવહારિક અને ધાર્મિક પ્રગતિ સાધવાના ધ્યેયથી કાર્ય કરી રહી છે. આ સંસ્થાના અસ્તિત્વમાં આવ્યા બાદ આપણાં તીર્થો, આપણું સાહિત્ય, જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર તથા નિરાશ્રિતોને મદદ આપવા અંગે ઘણું કાર્ય કરીચુકી છે અને કરી રહી છે. આજે સમાજમાં જે જાગૃતિ અને વધતી જતી કેળવણી અને કેળવણી આપવામાં સહાયક નિવડનાર સંસ્થાઓનું વધતું જતું પ્રમાણ આપણે જોઇએ છીએ તે સંસ્થાના અનેક પ્રયાસો અને પ્રચારનું પરિણામ છે અને તેણે જૈનસમાજનાં માનસમાં અનેખું પરિવર્તન કેળવણીના વિષયમાં કર્યું છે. સંસ્થા હસ્તક વિદ્યાર્થીઓને સ્કોલરશિપો અપાય છે એટલુંજ નહિં પણ ધાર્મિક પરિક્ષાઓની ઇનામી પરીક્ષાઓ લેવાય છે અને પાઠશાલાઓને માસિક મદદો આપવામાં આવે છે. આ સંસ્થાદ્વારા બનારસ હિંદૂ યુનીવરસીટીમાં જૈન ન્યાય અને તત્વજ્ઞાનની જ્ઞાનપીઠ (જૈન ચેર) રૂા૦ ચાળીસ હજાર આપી સ્થાપવામાં આવી છે જેથી તે વિષયમાં અભ્યાસીને યોગ્ય શિક્ષણ મળી શકે. તદુપરાંત તે જ્ઞાનપીઠનો લાભ લેનાર વિદ્યાર્થીને રૂા૦ ૧૦૦૦) સુધીની વાર્ષિક સ્કોલરશિપો આપવા માટે પણ યોજના કરવામાં આવી છે.

કૉન્ફરન્સના ઉપરોક્ત ઉદ્દેશો પાર પાડવા માટે **શ્રી સુકૃત ભંડાર** ફંડની યોજના થયેલી છે. તદનુસાર દરેક **જૈન બંધુએ અને બહેને ઓછામાં ઓછા ચાર આનાનો ફાળો દર વર્ષે આ સંસ્થાના ઓફીસમાં મોકલી આપવાનો** છે. આ ફંડની આ વકમાંથી ખર્ચ બાદ જતાં બાકી રહેતી રકમનો અર્ધો ભાગ એજ્યુકેશન બોર્ડદ્વારા કેળવણીનાં કાર્યોમાં વપરાય છે અને અને બીજો અર્ધો ભાગ સમાજોન્નતિનાં કાર્યો અને નિભાવમાં વપરાય છે. જ્યાં સુધી દરેક ગામના સંઘ તરફથી સારી મદદ નિયમિત મલતી ન રહે ત્યાં સુધી સંગીન કામ થઇ શકે નહિં એ સ્વાભાવિક છે, તેમજ સંસ્થાની આર્થિક હાલત સંગીન ન હોય ત્યાં સુધી જરૂરી કાર્યો પણ હાથ ન ધરી શકાય એ પણ સ્વાભાવિક છે.

તેથી ઉપરોક્ત કાર્યને પહોંચી વળવા માટે આપની આ એકની એક મહા સંસ્થાને આર્થિક પોષણ આપવું એ આપની અને સંઘ સમસ્તની પવિત્ર ફરજ સમજી **આવતા પર્યુષણના પવિત્ર દિવસોમાં આપનો સુકૃત ભંડાર ફંડનો ફાળો અવશ્ય મોકલી આપી** યથાશકય મદદ જરૂર કરશો.

આ સુકૃત ભંડાર ફંડની યોજના આજ ઘણા વર્ષ થયા જૈન સમાજમાં જાણીતી છે. એટલે વિશેષ માહિતીની જરૂર નથી. પ્રતિવર્ષ સ્ત્રી પુરૂષ ઓછામાં ઓછા ચાર આના સંસ્થાને મોકલી આપવા દૃઢ આગ્રહ રાખે તો આ સંસ્થા મારફતે ઘણું કાર્ય થઇ શકે તેવું છે અને એથી અમે શ્રી સંઘને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે વધારેમાં વધારે જે ફાળો આપ **સુકૃત ભંડાર ફંડમાં** મોકલી શકો તે જરૂર આવતા પવિત્ર દિવસોમાં એકત્ર કરી અમને મોકલી આપવા કૃપા કરશો.

લી૦ શ્રી સંઘ સેવકો,

મૂલચંદ હીરાચંદ વકીલ

Amratlal Kalidas

રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

કાર્યસાધક શું ?

વાણીવિલાસ કે મુંગું કાર્ય !

અત્યારે જૈન સમાજની સ્થિતિ તરફ નજર નાંખતા રહેજે માલુમ પડશે કે ત્રણ પ્રકારની મનોદશામાં સમાજ અટવાયા કરે છે અને એક રીતે કહીએ તો સમાજ લગભગ ત્રણ વિભાગમાં વહેંચાઇ ગયો છે. એક વર્ગ એવો છે કે જેને રૂઢિચુસ્ત નામે ઓળખી શકાય, કારણકે તેઓ એમ માને છે કે પૂર્વથી ચાલી આવતી રૂઢિઓ રીતિઓમાં આપણે ફેરફાર કરવો નહિ (જો કે વસ્તુતઃ તેઓ પણ ફેરફાર તો અહોનિશ કર્યાજ કરે છે) અને તેમાંનો મોટો વર્ગ શાસ્ત્રને નામે કેટલીએ અવળી વાતો કરી જનતાને પ્રણાલિકાવાદમાં ગોંધી રાખે છે. આ વર્ગ રૂઢિચુસ્ત તરીકે જનતામાં ઓળખાય છે, જ્યારે બીજો વર્ગ તેથી ઉલટી દિશાએજ જનારો છે જેને જનતા ઉદ્દામમતવાદી તરીકે પીછાને છે. તેઓ હાળની કેળવણી લીધી હોવાથી અનેક સુધારાઓ અને ક્રાંતિઓ કરવા મથન કરે છે; તેઓ સમાજમાં જાગૃતિ લાવી નવીન પંથે વાળવા યત્ન કરે છે, અને એ ભાવનાની કોઇ કોઇ વખતે અતિશયતા વધી જતાં જન સમાજની નાડ જોયા વિના આગળ વધવાનાં કોડમાં વિચિત્ર માર્ગ તરફ પણ વળી જાય છે. આ બીજો વર્ગ જેને લોકો ઉદ્દામમતવાદી કહે છે. હવે ત્રીજો વર્ગ એવો છે કે જેને આપણે બે વિભાગમાં વહેંચી નાંખવો પડશે. એ ત્રીજો વર્ગ છે બન્ને પરત્વે માધ્યસ્થ દૃષ્ટિવાળો, પરંતુ એ માધ્યસ્થ દૃષ્ટિવાળાઓમાં પણ કેટલાક તદ્દન સુસ્ત અને ઉદાસીન ભાવનાવાળા હોય છે, કે જેમને પોતાના સ્વાર્થ સિવાય જગતની કે સમાજની પડિજ નથી. જ્યારે માધ્યસ્થ દૃષ્ટિવાળાઓમાં બીજો એક એવો વર્ગ છે કે જે ઉપર દર્શાવેલા બન્ને વર્ગ પાસેથી સારૂ સાર વસ્તુ મેળવી મક્કમ પણે સિદ્ધાંતને આંચ આપ્યા વિના આગળ વધવા ચાહે છે. એટલે કે મૂળભૂત સિદ્ધાંતો તરફ દૃષ્ટિ રાખી પ્રગતિના માર્ગે પોતે વધી સમાજને તે તરફ વાળવાની ઇચ્છાવાળા હોય છે.

ઉપર દર્શાવ્યા પ્રમાણે ત્રણે વર્ગ જનતાને પોતાના પાસામાં લેવા ઘણા પ્રયત્નો કરતા રહે છે. આજના જમાનામાં સમાજમાં રૂઢિ યા તો પ્રગતિનું પ્રચાર કાર્ય કરવા માટે પત્રો અને સભાસ્થાનો વધારે લોકપ્રિય અને કાર્ય સાધક નિવડતા આપણી દૃષ્ટિએ પડે છે અને દરેક વર્ગ એ બન્ને વસ્તુના આશ્રયેજ પોતાનું નામ ચલાવ્યે જાય છે. દરેક વર્ગ પોતાનું મુખપત્ર રાખે છે, અને દરેક પોતાનું એકાદ મંડળ કે સંસ્થા ધરાવી તે દ્વારા પોતાના વિચારો અને મંતવ્યો જાહેરમાં મૂકે છે. પરંતુ આજે આપણે જોઇએ છીએ કે એ પત્રો કે એ પત્રકારો ખરા પત્રકારીત્વથી દૂર જઇ પોતપોતાના મતના પ્રતિપાદન અર્થે વગર વિચાર્યું પણ લખી નાંખતાં અચકાતા નથી.

હવે આપણે પ્રથમ વર્ગ જે રૂઢિચુસ્ત જણાવ્યો, તેના મુખપત્રો ઉપર નજર ફેરવતાં આપણને ખરેખર ખેદ સાથે ઘૃણા ઉત્પન્ન થયા વિના રહેશે નહિ, કારણકે એ પત્રોમાં મોટે ભાગે સામા પક્ષને ગાળો યા તો હલકી ભાષા દ્વારા, ભાષાનું બીલકુલ સૌષ્ટવ સાચવ્યા શિવાય યદ્વા તદ્વા બકી નાંખે છે, અને તેમાં તેઓ આનંદ માની પોતાનો પક્ષ મજબુત કરે છે એવી મિથ્યા ભ્રમણા સેવે છે.

જ્યારે બીજો ઉદ્દામમતવાદી પક્ષ પણ પોતાના વિચારો અને મંતવ્યોને પ્રતિપાદન કરવા મુખપત્ર રાખે છે, અને સભાઓ પણ ભરે છે, અને એ દ્વારા જન સમાજને પોતાના પક્ષમાં લાવવા મથે છે, પરંતુ એઓ પણ ઘણી વખત આવેશના ઓસામાં લપટાઇ યા તો જન સમાજની નાડની પરવા કર્યા વિના એવી શૈલીથી લખાણો લખે છે યા તો ભાષણો કરે છે કે જેમાં તેમને પણ ભાષા સૌષ્ટવનું ભાન રહેતું નથી અને તેથી તેઓ પણ ધારેલું પરિણામ નીપજાવી શકતા નથી. આ રીતે માત્ર વાણીના વિલાસથી કે વાણીના વ્યભિચારથી કોઇ પણ પક્ષ ધારેલું પરિણામ નીપજાવી શકતું નથી.

જ્યારે ત્રીજો વર્ગ આ બન્ને પાસેથી ચોક્કસ વસ્તુઓ મેળવી મુંગા કાર્યમાં માનનારો છે, અલબત તેઓ પણ પ્રચાર કાર્યને જરૂર અપનાવે છે, પરંતુ તે પ્રચાર કાર્ય સીધું જન હિતાર્થી અને હૃદયસ્પર્શી હોવું જોઇએ. પરંતુ આજે સેવાભાવી કાર્ય કરનારાઓની ખામીને લઇ એ પક્ષ પોતે પણ ધારેલું કાર્ય કરી શકતો નથી એ ખેદની વાત છે. ટુંકામાં અમારૂં ચોક્કસ મંતવ્ય છે કે અમુક માણસોને રાજી રાખવા યા તો અમુક માણસોના લેખ લખવાના કોડને પૂરા કરવા કે બે ચાર કે પચાસ માણસોને સભામાં હસાવવાથી કે કોઇને ગાળો દેવાથી કે મૂળભૂત સિદ્ધાંત ઉપર પ્રહાર કરી સમાજથી અલગ પડવાથી કોઇ પણ કાર્ય સિદ્ધ થવું અસંભવિત છે.

જ્યારે સાચા પ્રચારકો જન સમાજની ભાવના નિહાળી પ્રચાર કરશે, અને મુંગું પણ મક્કમ કાર્ય કરનારાઓનો તેને સાથ મળશે ત્યારેજ સાચા પરિણામ નિપજાવી શકાશે.

મ. હી. લાલન.

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	રા.	૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો ...	રા	૦—૮—૦
,, ,, ભાગ ૧-૨ જો ...	રા.	૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી ...	રા.	૦-૧૨—૦
,, ગ્રંથાવાલી	રા	૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)	રા.	૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો	રા.	૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)	રા.	૬—૦—૦

લખો:—શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
૧૪૯, શરાફ બજાર, મુંબઇ, ૨.

નાસિક જિલ્લાના જૈનોની પરિસ્થિતિ

(લેખક:-**માણેકલાલ એ. ભટેવરા, બી. એ.**)

છેલ્લામાં છેલ્લી વસ્તી ગણુત્રી મુજબ નાસિક જિલ્લામાં જૈનોની વસ્તી ૮૦૨૫ ની છે. ઉપર જણાવેલ કુલ વસ્તીમાંથી ૪૩૮૫ પુરૂષો છે અને બાકીની ૩૬૩૦ સ્ત્રીઓ છે. કુલ પુરૂષોમાંથી ૧૭૬૯ એટલે લગભગ ૪૦ ટકા અને કુલ સ્ત્રીઓમાંથી ૧૫૭૬ એટલે ૪૦ ટકા ઉપરાંત વિવાહિત છે. બાકીના ૨૧૯૬ પુરૂષો અને ૧૨૮૪ સ્ત્રીઓ અવિવાહિત છે. વિવાહિત સ્ત્રીઓમાંથી અર્ધોઅર્ધ એટલે ૭૮૦ બિચારી અબળાઓ તો વિધવા જીવન વિતાવી રહી છે. ઉપર આપેલ આંકડા તપાસતા જણાશે કે વિધવાઓનું પ્રમાણ કેટલું મોટું છે! વિધવાઓનું પ્રમાણ વધવાના કારણોમાં બાળવિવાહ એ એક મોટામાં મોટું અને સંગીન કારણ છે.

બાળલગ્ન.

નાસિક જિલ્લામાં એક વર્ષની અંદરના હજુ પારણામાં રમતા બે બાળકો અને બે બાળાઓ વિવાહીત છે. પાંચ વર્ષની અંદરના સાત બાળકો અને ૬ બાલીકાઓ વિવાહિત છે. પાંચથી દશ વર્ષની અંદરના બાર છોકરા અને ૨૮ છોકરીઓ, દશથી પંદર વર્ષના ૨૨ છોકરા અને ૧૦૬ છોકરીઓ, ૧૫ થી ૨૦ વર્ષની અંદરના ૧૨૯ છોકરાઓ વિવાહિત છે. ઉપર જણાવ્યા મુજબ કુલ ૩૧૪ બાળલગ્ન થઇ ગયાં છે. બાળલગ્નથી વિધવાઓનું પ્રમાણ વધે છે એ એક તદન સ્પષ્ટ બાબત છે. બાળલગ્નથી શારિરીક તંદુરસ્તી પણ બગડે છે. માટે બાળલગ્ન થતાં અટકાવવાની ખાસ જરૂર છે અને તે માટે નાસિક જિલ્લાના યુવાનોએ પુરતો શ્રમ ઉઠાવી બાળલગ્ન થતાં અટકાવવા જોઇએ. જો બાળલગ્ન થતાં અટકે તો વિધવાઓનું પ્રમાણ પણ ઓછું થાય તેથી સમાજની પરિસ્થિતીમાં કાંઇક સુધારો થશે.

૧૫ થી ૨૦ વર્ષની ઉમરના ૭૮૨ યુવાનોમાંથી ૩૯૭ અશિક્ષીત છે. ખરેખર યુવાનોમાં જો આટલા મોટા પ્રમાણમાં અશિક્ષીત રહે તો સમાજનો ઉદ્ધાર કોઇ દિવસે થશે નહી. ૧૫ થી ૨૦ વર્ષની ઉમરના નવયુવાનો ૫૦ ટકા ઉપરાંત અશિક્ષીત રહે! ખરેખર! અસહ્ય પરીસ્થિતિ! ૨૦ વર્ષની ઉપરની ઉમરના ૪૪૧૦ માંથી ૨૧૨૮ એટલે લગભગ ૫૦ ટકા અશિક્ષીત છે. આ બધા આંકડા તપાસતાં એમ માલુમ પડે છે કે જિલ્લાના યુવાનો જાગૃત થઇ શિક્ષણનો યોગ્ય પ્રચાર કરી પાંચથી દશ વર્ષની ઉમરના તમામ બાળકોને નિશાળે જતા કરે તો ઘણુંજ સારૂં, નહિ તો સમાજનો ઉદ્ધાર કરવામાં અજ્ઞાનતા આડે આવશે.

શિક્ષીતોમાં પણ અંગ્રેજી જાણનારનું પ્રમાણ ગણ્યું ગાંઠ્યુંજ છે. આખા જીલ્લામાંથી ૨૨૧ પુરૂષો એટલે લગભગ ૨૫ ટકા અંગ્રેજી જાણે છે અને સ્ત્રીઓમાંથી ફકત એકજ અંગ્રેજી જાણે છે. આ ઉપરથી એમ જણાય છે કે અંગ્રેજી શિક્ષણનો પ્રચાર બીલકુલ નથી માટે ત્યાંના યુવકોએ, બાળકો, યુવકો તેમજ સ્ત્રીઓ યોગ્ય અંગ્રેજી શિક્ષણ લે તેવો પ્રચાર કરવો જોઇએ.

(પા. ૩ નુ ચાલુ)

નીચેનો ઠરાવ રજુ કર્યો હતો જેને શ્રી મોહનલાલ પાનાચંદનો ટેકો મળતાં સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો હતો.

"હિંદુ ચેરિટીઝને લગતું જે બિલ ધારાસભામાં રજુ થયું છે તેમાં જૈનોનો સમાવેશ થાય છે કે કેમ? તેમજ જૈન ચેરિટીઝને મજકુર બિલ લાગુ પડતું ન હોય તો જૈન ચેરિટીઝ માટે તેવું અગર ઘટતા ફેરફારવાળું તેના જેવું જ બીજું બિલ સ્વતંત્ર રીતે ધારાસભામાં લાવવા જરૂર છે કે કેમ? તે તથા રજુ થએલ બિલની વિગતો અને ગુણ-દોષો વિચારી તે સંબંધે એક માસમાં રિપોર્ટ કરવા નીચેના સભ્યોની એક સબ-કમિટી નિમવામાં આવે છે.

(૧) શ્રી. મોતીચંદ ગિ. કાપડીઆ, (૨) શ્રી. મકનજી જે. મ્હેતા, (૩) શ્રી. જમનાદાસ ચતુરદાસ શાહ.

(૨) કાર્યવાહી સમિતિના પ્રમુખ શેઠ નાનજી લધાભાઈ અને સંસ્થાના એક જનરલ સેક્રેટરી શેઠ મકનજી જે. મ્હેતાનાં તેમના એધ્ધાનાં રાજીનામા સંબંધેના પત્રો વિચારતાં તે દિલગિરી સાથે સ્વિકારી તેઓએ બજાવેલી સેવાની નોંધ લેવામાં આવી.

(૩) શ્રી. કેશરીઆજી બાબતમાં બાબુ બહાદુરસિંહજી સિંધીનો તા૦ ૨૪-૭-૩૫ નો પત્ર રજુ થયો.

(૪) એજ્યુકેશન બોર્ડના મંત્રીઓનો પત્ર તેઓની હાજરીમાં વિચારવા માટે મુલતવી. (૫) પલ્લીવાલ કોન્ફરન્સ માટે પ્રચારક ૭ માસ ચાલુ રાખવો તથા રિપોર્ટ મેળવવો. (૬) ધી જૈન આંતર-કોમીય મેટ્રિકયુલેશન એકઝામીનેશન કોમ્પીટેશન શીલ્ડ અંગેની હકીકતોની નોંધ લીધી. (૭) શ્રી. પર્યુષણ પર્વમાં મુંબઇમાં સુકૃત ભંડાર ફંડની સ્કીમ અમલમાં મુકવા જાહેર સભાઓ ગોઠવવી, સ્વયંસેવક મંડળદ્વારા તે બ્સૂલ લેવા તથા સ્ટેન્ડિંગ કમીટીના સ્થાનિક સભ્યોને ઓછામાં ઓછા રૂા. ૧૦૦ ની સુ. ભં. ફંડની રસીદો ખપાવી આપવા મોકલવી તથા બહારગામના સભ્યોને અને સંઘોને વિનંતિપત્ર મોકલવા ઠરાવવામાં આવ્યું. (૮) શ્રી. નાથાલાલ છ. શાહ પાલણપુરવાળાદ્વારા છપાવવામાં આવનાર જૈન તીર્થોના સચિત્ર ઇતિહાસ' નામક પુસ્તકના ગ્રાહકોને ડિપોઝિટની રકમ પાછી આપવા ઠરાવ્યું. બાદ પ્રમુખનો આભારમાની સભા બરખાસ્ત કરવામાં આવી.

શ્રીમતી દીવાળીબાઈ રાહોડકૃત ઇતીહાસ સંબંધી ખુલાસો.

દીવાળીબાઇ રાહોડે 'ગુજરાતનો ઇતિહાસ' નામનું પુસ્તક લખ્યું છે. અને જે મુંબઇ ઇલાકાની ઘણીખરી શાળાઓમાં પાઠયપુસ્તક તરીકે ચાલે છે તેમાં શ્રી શીળગુણસુરીની બાબતમાં જૈનત્વને હિણપ લગાડનારા ફકરાઓ આવવાથી તે સંબંધમાં જૈનોનું ધ્યાન ખેંચનારો એક લેખ મેં તા૦ ૧-૮-૩૫ ના જૈન યુગના અંકમાં લખ્યો હતો. ત્યારપછી એ લેખીકાબાઇ ને મળવાનો પ્રસંગ એક મારા સ્નેહી મારફત મને મળ્યો. એ બાઇની સાથે ઘણાજ મિષ્ટ ભાષામાં વાતચીત થતાં એવણે પોતાની ભુલ શરત ચૂકથી થઇ છે તેમ ખુલ્લા દીલે મારા પાસે કબુલ કર્યું અને વધુમાં જણાવ્યુ કે હું એક નાના બચ્ચાને પણ અવિનયભરી ભાષાથી સંબોધતી નથી તો પછી એક આચાર્યનું અપમાન તો કેમજ કરૂં? પરંતુ આ બધું મારી નજર બહાર ગયું છે તેથી આવતી છ ઠ્ઠી આવૃતીમાં જરૂર સુધારો કરીશ.

ઉપર પ્રમાણે એ બાઇને મળવાથી ખુલાસો થયો છે. અને મારા ધારવા પ્રમાણે જો આવીજ રીતે દરેક બાબતમાં ઘટતા ઉપયો લેવામાં આવે તો આપણે ચોક્કસ ન્યાય મેળવી શકીએ.

લી૦, **વાડીલાલ જેઠાલાલ.**

તા. ૧૩-૮-૩૫

રાંદેરમાં વાર્ષીક મેળાવડો.

સુરતના આગેવાન દાનવીર જૈન શહેરી તથા શ્વેતાંબર કોન્ફરન્સના જનરલ સેક્રેટરી શ્રીયુત રણછોડભાઇ રાયચંદ ઝવેરીના પ્રમુખપદે રાંદેરમાં તા૦ ૫-૮-૩૫ ને સોમવારે શ્રી વિજયસિધ્ધિ સુરીશ્વરજી જૈન પાઠશાળા તથા મુનિશ્રી હીરસાગરજી જૈન લાયબ્રેરીનો મેળાવડો કરવામાં આવ્યો હતો. પ્રારંભમાં મંગળાચરણ, ગરબા વિ. ના કાર્યક્રમ બાદ લાયબ્રેરીના ટ્રેઝરર શા. મગનલાલ વીરચંદે લાયબ્રેરીની પહેલા વર્ષની પગતીનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ શ્રી જૈન વિદ્યાર્થિ આશ્રમના ગૃહપતિ ભેતા તલકચંદ માવજીએ ધાર્મીક કેળવણીની અગત્યતા ઉપર ટુંક વિવેચન કર્યું હતું. ત્યારબાદ રા. રા. સૂરચંદભાઇ પુરૂષોતમદાસ બદામી રીટાયર્ડ સબજજ સાહેબે ચાલુ જમાનાના મોહમય વાતાવરણમાં ધાર્મીક સંસ્કાર નાનપણથી અને વધુ પ્રબળ કેમ પડે તથા ધાર્મીક કેળવણીનો હેતુ માબાપની તે પરત્વે કાળજી તથા ગ્રહ સંસ્કારની શું અસર છે તે વિષે વિદ્વતાભર્યું ભાષણ આપ્યું હતું. સાથે સાથે લાયબ્રેરીમાં કેવા પુસ્તકો હોવા જોઇએ અને કેવું વાંચન જરૂરનું છે તે સમજાવ્યું હતું. ત્યારબાદ ગરબાનો કાર્યક્રમ થયા પછી પ્રમુખશ્રીના શુભ હસ્તે શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડના આવેલા રૂ. ૯૪ ના ઇનામો તથા શા૦ નાથુભાઇ સોમચંદ તથા કીકાભાઇ સોમચંદ તરફથી આવેલા ઇનામો અપાયા હતા તથા સર્ટીફીકેટો વહેંચાયા હતા. ત્યારબાદ શ્રી ભીખાભાઇ ધરમચંદ શાહે ઉકત પાઠશાળાની શરૂઆત કેવી રીતે થઇ વિગેરે બાબતો જણાવી શિક્ષક શ્રીયુત પ્રભુદાસને પ્રમુખશ્રી હસ્તે કદર બદલ એક શાલ આપી હતી. ત્યારબાદ અન્ય વકતાઓ શ્રીયુત માણેકચંદ ડાહ્યાભાઇ શ્રી. ચંદુભાઇ તથા છગનલાલ જીવણજી વિ. સમયોચિત બોલ્યા હતા. વચ્ચે વચ્ચે ગરબાનો કાર્યક્રમ પણ ઘણો સુંદર હતો. છેવટે પ્રમુખશ્રીએ એ ઉપસંહારમાં જણાવ્યું હતું કે રાંદેર સેન્ટરના આ વખતના પરીણામથી મને ઘણો હર્ષ થાય છે. હજુ પણ વધુ પ્રગતી થાય એમ ઇચ્છું છું. આવા પ્રસંગોમાં મને આવવાની નિમંતી ન હોય પણ મારી ફરજ હોવાથી ભવિષ્યમાં પણ આવા પ્રસંગોમાં હું ફરી આવીશ. લાયબ્રેરીની પ્રગતી પણ ઘણી પ્રશંસનીય છે. ત્યારબાદ મુનીશ્રી હીરસાગરજી જૈન લાયબ્રેરીમાં શ્રી હીરસાગરજી મહારાજના ફોટાની ઉદ્‌ઘાટન ક્રિયા શ્રીયુત રણછોડભાઇએ સ્વહસ્તે કરી હતી. ત્યારબાદ લાયબ્રેરીની મેનેજીંગ કમીટી તરફથી શા૦ ચુનીલાલ વીરચંદના મકાનમાં આપવામાં આવેલ રીફ્રેશમેન્ટમાં સૌએ ભાગ લીધા બાદ મેળાવડાનું કાર્ય સંપૂર્ણ થયું હતું. આ પ્રસંગે રાંદેરની પાઠશાળા તથા લાયબ્રેરીને પ્રમુખશેઠ રણછોડભાઇ રાયચંદ તરફથી રૂ. ૧૫૨) તથા બીજાઓ તરફથી પણ રોકડ તથા પુસ્તકોની મદદ મલી હતી.

સમાચાર સાર.

શ્રી મહાવીર જૈન સ્ટુડેન્ટસ યુનીયન મુંબઇના આશ્રય હેઠળ તા૦ ૮-૮-૩૫ ગુરૂવારના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં શ્રીયુત અમરતલાલ હક્કરે હરીજન સેવા વિષે ભાષણ આપ્યું હતું.

શ્રી જૈન યુવક મહામંડળની વર્કિંગ કમિટી તા૦ ૫-૮-૩૫ ના રોજ ડો૦ અમીચંદ છગનલાલ શાહના પ્રમુખપણાં હેઠળ મુંબઇમાં મળી હતી. સુરત, અમદાવાદ, પાટણ, મહારાષ્ટ્ર, ભાવનગર તરફના સભ્યો ઉપસ્થિત હતા. શ્રી સ્તંભન તીર્થ મંડળ અને શ્રી જૈન સ્વયંસેવક મંડળના રાજીનામાં સ્વીકારાયાબાદ કન્યા લેવડદેવડ ક્ષેત્ર વિશાળ કમીટીનો રિપોર્ટ અને યોજના રજુ થતાં તે મંજુર રાખી મજકુર યોજનામાં સુચવેલ ઉદેશાનુસાર ઓછામાં ઓછા ૧૦૦ સભ્યો થતાં "મહાવીર જૈન સમાજ" નામની સંસ્થા ઉભી કરવા એક કમીટી નીમવામાં આવી. મહાવીર જૈન સમાજ સંસ્થા ઉભી ન થાય ત્યાં સુધી કમિટિએ તેના કામકાજનો ત્રણ ત્રણ માસનો અહેવાલ મહામંડળના મંત્રીઓને મોકલી આપવો. મજકુર કમીટીના પ્રાથમીક ખર્ચ માટે રૂા. ૧૦૦) મંજુર કર્યા તથા મહામંડળમાં જોડાયેલ સંસ્થાઓના વધુ પરિચયમાં આપવા તેમ તેમનાં કાર્ય ક્ષેત્રથી વાકેફ થવા વર્કિંગ કમિટીએ મુસાફરી કરવા અને સગવડતા જણાય તો નવાં સંઘો સ્થાપવા ઠરાવ્યું.

અમરેલી જૈન સંઘનો વહિવટ છેલ્લા સાતેક વર્ષથી રિસીવરોને સોંપાયો હતો, જેનું સમાધાન આચાર્ય વિજયનેમી સૂરિજી મહારાજે કર્યું અને વાદી તેમજ પ્રતિવાદીનું પંચનામું અમદાવાદના બે પ્રતિષ્ઠિત ગૃહસ્થોને લખી આપવામાં આવેલ. પંચનામાનો હરાવ આવે તે દરમ્યાન રિસીવરો પાસેથી તમામ મિલ્કત ટ્રસ્ટ મોહનલાલ ખીમચંદ અને રતીલાલ સુંદરજીને સંભાલી લેવા અને દાવાનું રાજીનામું આપી દેવા હરાવેલ જે કોર્ટે પણ મંજુર રાખેલ પણ સદરહુ બંધુઓએ તા. ૩૧-૭-૩૫ સુધીમાં કબ્જો લીધો નથી તેથી ના. જજે એ બંને ગૃહસ્થો ઉપર કબ્જો સંભાલી લેવા નોટીસ કાઢી છે.

વધુ અભ્યાસાર્થે શ્રી રતિલાલ ઉજમશી B.Sc. ટેકની કલનો વધુ અભ્યાસ કરવા માનચેસ્ટર જવાના હોઇ તેમની સફળ સફર ઇચ્છવા માટે ભાવનગરમાં શ્રી હેમચંદ રામજી મહેતા L. C. E; M. I. E ના પ્રમુખપણા હેઠળ જાહેર મેળાવડો થયેલ જેમાં નામદાર ભાવનગર મહારાજા સાહેબે તેમને આપેલ પૈાડ ૬૫૦ ની ઉદાર મદદ તથા સેકન્ડ કલાસ પાસપોર્ટ આપવા માટે ઉપકાર માનવામાં આવ્યો હતો. પ્રમુખે કેળવણી વિકાસ તરફ ધ્યાન ખેંચી કોમીય ભેદભાવ ભૂલી જવા માટે ભાર મૂકયો હતો. આ પ્રસંગ અંગે જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પણ એક મેળાવડો યોજાયેલ છે.

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૪૯, ગરાફ બન્દર, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનું સરનામું:—'હિંદસંઘ'–'HINDSANGHA' REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રીજૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.)

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીય. બે. છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જીનું ૯ મું / નવું ૪ થું | તારીખ ૧ સેપ્ટેમ્બર ૧૯૩૫. | અંક ૧૪.

દાનવીર મિ. કાર્નેગીના મનોરથો.

મારી ઉંમર તેત્રીસ વર્ષની થઇ છે અને મારી વાર્ષિક આવક પચાસ હજાર ડૉલરની થઇ છે! આજથી બે વર્ષની મુદત દરમિયાન હું મારા રોજગારનો એવી ગોઠવણ કરી સકીશ કે જેથી મારા ચોક્કસ વાર્ષિક આવક ઓછા માં ઓછી ૫૦,૦૦૦ ડૉલરની થશે આથી વધારે કમાવું નથી—મૂંપત્તિમાં વધારો કરવાનો પ્રયાસ કરવાનો નથી: પણ વધારાની આવક પરોપકારનાં કર્યોમાં ખર્ચવો છે. ધંધાને છેવટના નમસ્કાર કરવા—અને કમાવું તો બીજાઓને માટેજ. ઑકસફર્ડમાં સ્થાયી રહેવું અને સંપૂર્ણ કેળવણી લેવી—સાક્ષરોનાં ઓળખાણ કરવા અને જાહેરમાં ભાષણો કરવાની શક્તિ ખીલવવા ઉપર ખાસ ધ્યાન આપવું–આ માટે ત્રણ વર્ષ પ્રયાસ કરવો પડશે. પછી લંડનમાં જઇને રહેવું અને કોઇ ન્યુસપેપર કે રિવ્યુ (વિવેચક) હાથ ધરવું અને તેના સામાન્ય વહીવટ ઉપર લક્ષ આપવું. જાહેર કામકાજમાં અને આસ કરીને કેળવણીને લગતાં અને ગરીબવર્ગની સ્થિતિ સુધારવાનાં કાર્યોમાં ભાગ લેવો.

માણસ માત્રને મૂર્તિપૂજા આવશ્યક છે; પણ લક્ષ્મીદેવીની ઉપાસના કરવી એ સૌથી અધમ પ્રકારની મૂર્તિપૂજા છે. પૈસા। પરમેશ્વર માનવો એના જેવું માણસને અધમ બનાવનારૂં બીજું કામ નથી. હું જે કાર્યમાં પ્રવૃત થઉં; તેમાં અડગપણે આગળ વધ્યાં જવું જોઇએ; અને તેથી કરીને જે પ્રવૃતિ મારા જીવનને ઉન્નત કરી શકે તેવી પ્રવૃતિજ પસંદ કરવાની મારે કાળજી રાખવી જોઇએ. ધંધાની જંજાળમાં હવે વધુ વખત ગુંચાયલા રહેવાથી અને થોડી મુદતમાં ઘણું દ્રવ્ય કઇ રીતે ઉપાર્જન કરવું, એનીજ ઝંખના કર્યા કરવાથી આત્માની એટલી બધી અધોગતિ થશે કે તેના ઉદ્ધારની આશાજ નહિં રહે. પાંત્રીસ વર્ષની ઉમરે હું ધંધામાંથી નિવૃત થઇશ, પણ આવતાં બે વર્ષ દરમ્યાન અપોર પઢીનો વખત શિક્ષણ લેવામાં અને નિયમિત વાંચનમાં ગાળવાનો મારો ઇરાદો છે.

—સેન્ટ નિકોલાસ હૉટેલ ન્યુયાર્ક ડિસેમ્બર ૧૮૬૮.

વિદ્યાર્થીઓને સંદેશ.

વિદ્યાર્થીઓ ઉપર ભારે જવાબદારી અને દેશની આશા રહેલી છે. દેશમાં જુદી જુદી કોમો એક સંપીથી રહી શકે તેવું દેશનું ભાવી ઘડવાનું કામ વિદ્યાર્થીઓના હાથમાં છે.

વિદ્યાર્થીઓના જીવનનું ધ્યેય શું છે! ને તમારે જીવનનું ધ્યેય સિધ્ધ કરવું હોય તો તમારા સ્વાર્થી વિચારોથી તમારી દૃષ્ટિ વધુ વ્યાપક થવી જોઇએ કે જે દૃષ્ટિ માત્ર તમારી જાતને મધ્યબિંદુ ન રાખતાં દેશને અને સમાજને તમારા દૃષ્ટિ વિરૂમાં સમાવે.

સાચી કેળવણી બુધ્ધિના તેજમાં કે અગાધ જ્ઞાનમાં કે વાકચાતુરીમાં નહિં પણ સ્વમાન કેળવવામાં સાચા સ્વાતંત્ર્યની તડપ લાગે તેવી મનોદશા કેળવવામાં રહેલી છે.

ગુલામીમાં જન્મેલાને ગુલામીમાંજ જીવવાનું શીખવે એવી કેળવણી પામેલા શ્રીમંતને સંસ્કારી ગુલામ કરતાં બારડોલીનો બહાદુર પણ અભણ ખેડુત ઘણે દરજ્જે ચઢીયાતો છે કેમકે તે પોતાના હક્ક માટે દેશના સ્વાતંત્ર્ય માટે લડી જાણે છે.

—શ્રી કે. નરીમાનનાં મહાવીર જૈન વિદ્યાલયમાં

અપાયેલા ભાષણમાંથી–મુંબઇ સમાચાર પરથી

જૈન યુગના ગ્રાહકોને વિનંતિ.

આ વર્ષનાં ૧૪ અંકો આપને મોકલાઇ ચુકયા છે. આગામી અંક આપને વી. પી. દ્વારા મોકલાશે તે આપ સ્વીકારી ગ્રાહક તરીકે ચાલુ રહેશો એવી આશા છે.

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૯-૩૫ રવિવાર.

મિચ્છામિ દુક્કડમ્

વાંચકના કર કમળમાં આ અંક આવશે ત્યારે પર્યુષણ પર્વ સમાપ્ત થઈ ગયા હશે અને જૈન દર્શનના અણમૂળા વાક્યનો પ્રત્યેક વ્યક્તિએ એક કરતાં વધુ વખત ઉપયોગ પણ કરી લીધો હશે. પરસ્પર ભૂલ કે અપરાધની આ રીતે ક્ષમા યાચવાની–માફી મેળવવાની પ્રથા જૈન સમાજ સિવાય અન્યત્ર જવલ્લેજ દૃષ્ટિ–ગોચર થાય છે. આમ છતાં દરેક દર્શનનુ એતો મંતવ્ય છેજ કે વૈરનો પ્રતિશોધ વૈરથી નહિંપણ ક્ષમાથીજ કરી શકાય છે તેથીજ 'क्षमा वीरस्य भूषणम्' અર્થાત્ ક્ષમા એ વીરનું ભૂષણ છે એ ઉક્તિ પ્રચલિત છે. આ ઉપરથી સહજ સમજાશે કે જ્ઞાની પુરૂષોએ પરસ્પર ખમાવવાની જે પ્રથા યોજી છે અને જેના પર ખાસ ભાર મૂકી પર્યુષણ અંગેના ખાસ આવશ્યક કાર્યોમાંના એક તરિકે જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે યથાર્થ છે.

'મિચ્છામિ દુક્કડમ્' અર્થાત્ 'મારૂં પાપ મિથ્યા થાવ' એ વાક્યમાં ઉંડા ઉતરીને વિચારીશું તો એકાદ મહાન્ સત્યના દર્શન થશે. તેથીજ ઉપાધ્યાય મહારાજ શ્રી વિનય વિજયજી કહી ગયા છે કે '**ખમીએ અને ખમાવીએ** એહજ ધર્મનો સારતો.'

શ્રાવકના આવશ્યક સુત્ર વંદિત્તામાં આપણે અહર્નિશ બોલીએ પણ છીએ કે—

खामेमि सव्व जीवे, सव्वे जीवा खमन्तु मे।
मित्तिमे सव्व भूएसु, वेरं मज्झं न केणई॥

હું સર્વ જીવોને ખમાવું છું. સર્વે જીવો મને ખમાવો અર્થાત મારો જે કંઇ અપરાધ તેમના પ્રતિ થયો હોય તે માફ કરો. સર્વ ભૂતમાત્ર સહ મારો મૈત્રીભાવ હો. મને કોઇપણ સાથે વૈર—વિરોધ ન હો. આ કેવી સુંદર ભાવના અહર્નિશ સ્મૃતિપટમાં રમતી રાખવા માટે નિર્માણ થયેલી છે. સંકુચિત દશાને—સાંકડી મનોવૃત્તિને લઇ દઇ એનો વિસ્તાર જગત્પ્રતિ લંબાવવાનો એ દ્વારા સારૂંયે વિશ્વ એક કુટુંબરૂપ ગણવાનો ઉમદા અને ઉદાર ભાવ—ઉચ્ચ કોટિનો પ્રેમ એમાં સમાયેલો છે.

એમાંજ ધર્મનુ નવનીત તરવાયેલું છે. જૈનો માટે એ જાતનુ આચરણ દરરોજનુ હોવું ઘટે. એવો પ્રેમભર્યો વર્તાવ એ દૈનિક જીવનના આવશ્યક અંગ તરિકે હોવો જોઇએ. કદાચ સંસારના વિચિત્ર સંયોગોથી–કષાયની પ્રબળતાથી કે માનવી જીવનના પલટાતા રંગોથી ભૂલની ક્ષમા પ્રાર્થતાં વિલંબ કિંવા પ્રમાદ થયો હોય તો વધુમાં વધુ એની મર્યાદા સંવત્સરી દિન સુધીનીજ હોઇ શકે. એ દિને તો જરૂર અપરાધની ક્ષમાપના થવીજ જોઇએ. પ્રવર્તી રહેલ વૈમનસ્યની દોરી તૂટવીજ જોઇએ. એ પર છેવટનો પદડો પડવોજ જોઇએ. એથી આગળ એ જાતના વિરોધનુ આયુષ્ય નજ લંબાવી શકાય. એમાં જે પહેલ કરી માફી યાચે તે આરાધક–જ્ઞાની મહાત્માઓને ત્યાં એ વ્યક્તિની હુંડી સ્વીકારાય. અભિમાન ધરી કે ગર્વે ભરાઇને મૂછનો આંકડો ઉંચો રાખવા જાય તો અવશ્ય વિરાધક ગણાય. જેના કષાય પાતળા પડયા હોય અથવા તો નિર્મૂળ બનવા માંડયા હોય એ જરૂર આ વચનો પ્રમાણી વૈરનો પ્રતિશોધ પ્રેમભાવે કરેજ. એણે પ્રથમ પગ ઉપાડવામાં કે સામે જઇ ખમાવવામાં અપમાનના જેવું નજ હોય. આમ કષાય પર જય એજ મુક્તિના મંગળાચરણ–કહ્યું છે કે–'कषाय मुक्ति किल एव मुक्ति' આ સુંદર વચનો અને એ પરના ટંકશાળી ઉદાહરણો આપણે હજુ તાજાજ શ્રવણ કરી ચુકયા છીએ. તો શું એમ નથી જણાતું કે એ સંબંધમાં આપણે માત્ર મૌખિક નહિં પણ ખરેખર અમલી કાર્ય કરવુ જોઇએ? જગત આજે સિધ્ધાંત કરતાં ઉદાહરણનું વધુ ભૂખ્યું છે. જૈન સમાજની જે વર્તમાન સ્થિતિ નયન પથમાં આવે છે તે જોતાં એ ઉદાર વચનો અંતરના ઉડાણમાંથી બહિરગત્ થાય એ વધુ જરૂરનું છે. શત્રુંજય યાત્રા ત્યાગવેળા સમાજની એકતા અત્રૂટ હતી એ વેળાનું સંગઠન પ્રશંસનીય હતુ પણ આજે ત્યાં કેટલા ભાગલાને બાકોરા પડયા છે? આજે એ મતકેરોને લઇ કેટલી ખરાબી થઇ રહી છે! કેટલાયે જરૂરી ખાતાઓ આપસમાં વર્તતા મનોભેદથી ચીમલાવા માંડયા છે! કેટલાયે જરૂરી કાર્યો એક બીજાની પક્ષાપક્ષીથી અધવચ્ચ લટકી પડયાં છે! એકજ પ્રભુના સંતાનો—જેમણે વારસામાં 'ક્ષમાપના' જેવી અદભૂત પ્રથા ની પ્રાપ્તિ થઇ છે તેઓ શા સારૂં આટલી હદે જુદા તંબુમાં વહેંચાઇ જાય અને માની લીધેલી ધર્મરક્ષાના નામે કે કલ્પી લીધેલી શાસન સેવાના ઓઠા તળે કેવળ જે વૃક્ષ પર વિસામો લીધો છે એનોજ મૂળથી ઘાત કરે! અર્થાત્ પરસ્પરના એ મંતવ્યોમાં રાચીમાચી મૂળ ધર્મરૂપી જે વૃક્ષ એનોજ વિનાશ કરવા તત્પર બને! જેઓ અરસપરસ ખમાવતા નથી તેઓ જગત સન્મુખ પ્રભુશ્રી મહાવીર દેવના નામે કયો બોધપાઠ રજુ કરવાના હતા? તેથી સમાજના ધુરિણોને, અનુભવી વૃધ્ધોને અને નવજોડીઆ જુવાનોને નમ્રપણે પ્રાર્થના છે કે તેઓ ભૂતકાળના વૈર વિરોધોને વીસરી જઇ—એ જાતના સંમોહને બારા દરિયે રગોંટી દઇ પુનઃ એકવાર પરસ્પર હાથ મિલાવે. હું યુવક સંઘનો અનુયાયી છું કે હું યંગમેન સોસાયટીનો સભ્ય છું અથવા તો સમયજોદી છું કે શાસન રસિક પક્ષનો છું એ ભાવ ભુલી જઇ, પ્રભુશ્રી મહાવીર દેવના શાસનમાં માનનાર એક અદનો જૈન છું એ

પર્યુષણપર્વ આવ્યાં અને ગયાં.

વર્ષને ત્રણ વિભાગમાં વહેંચી નાખતાં એક વિભાગ એવો આવે છે કે જેને આપણે ચાતુર્માસ તરીકે ઓળખીએ છીએ. અને એ ચાર માસ ચોમાસાના હોઇ મુખ્યત્વે કરી સાધુ સાધ્વીઓ આદિને સ્થિર નિવાસ કરવાના દિવસો હોય છે, અને આ વસ્તુસ્થિતિને લીધે ઘણુંખરા પર્વો જૈનોના કે અન્ય ધર્મીઓનાં પણ આ ચાર માસની મુદતમાંજ આવી જાય છે.

જૈનોનું મહાનપર્વ પર્યુષણ પણ આ દિવસોમાજ આવી જાય છે. દર વર્ષે શ્રાવણ વદ ૧૨ થી ભાદરવા શુદ ૪ સુધીના દિવસો પર્યુષણપર્વ તરીકે ઉજવવામાં આવે છે, અને જૈન સિદ્ધાંતોની માન્યતા અનુસાર એ દિવસો દરમ્યાન તપ-ધ્યાન-પ્રભાવના-સ્વામિવાત્સલ્ય આદિ ધાર્મિક વિધાનો કરવામાં આવે છે. આવાંજ પર્યુષણનાં દિવસો જેમ હમેશ આવે છે અને જાય છે તેમ હમણાંજ આવ્યાં અને ગયાં. કાળચક્રના અનેક મણકાઓમાંનો એક મણકો ક્રમશઃ હાથમાં આવ્યો અને સર્યો, એમાં કોઇ નવીનતા નથી, પરંતુ એ મણકો જેટલો સમય આપણા હાથમાં રહ્યો અર્થાત્ કે એ દિવસો જેટલો સમય રહ્યાં એ દરમ્યાન શું કરવું જોઇએ, અને શું બન્યું, એ વિચાર કરવો વધારે મહત્વનો છે.

ગયા પર્યુષણોના દિવસોમાં જે અનુભવવામાં આવ્યું છે અને જે જોવામાં આવ્યું છે એ ઉપરથી સ્પષ્ટ જોવામાં આવે છે કે જૈન સમાજ મૂળવસ્તુ પ્રાપ્ત કરવાને બદલે બાયાના બાચકા ભરવા તરફ દિવસાનુદિવસ ધસડાતો જાય છે. જ્યાં શાંતિ જોઇએ ત્યાં ધમાધમ અને દોડા દોડી, દેવાલયોમાં દર્શન કરવાની ધમાચકડી, અને ધમાલ જોતાં એક ઘડી પણ તેમાંથી શાંતિ મેળવી શકાય એ અસંભવિત લાગ્યું. પ્રતિક્રમણ કે જે જૈનોનું અતિ-ઉત્તમ ક્રિયા વિધાન છે, અનેકમાંનું કરી દરેક જૈન પોતાને ઉત્તમ જૈન ગણાવી શકે એવી સ્થિતિ છે, ત્યાં શુદ્ધ પ્રતિક્રમણને બદલે જગ્યાને માટે મારામારીઓ. દ્વેષ ક્રોધમાં ભભુકતું માનસ અને સંયમને સ્થાને વાતવાતમાં લડી પડવાની મનોદશા, અરે એટલું જ નહિ પણ પ્રતિક્રમણ દરમ્યાન પણ શુદ્ધ શાંતિને બદલે મસ્કરીઓ. અને સુસ્તપણું એટલી હદ સુધી વધી ગયેલાં દેખાય છે કે શુદ્ધ ક્રિયા કરનારને પણ ઘણી ઘૃણા ઉત્પન્ન થાય છે અને ન તો એવા દંભીઓ પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે કે ન અન્યને કરવા દીયે છે.

વળી આ દિવસોમાંજ દેરાસરો આદિમાં મુખ્યત્વે કરી ઉપજ વધુ થાય છે, તેથી તેનાં કાર્યવાહકો અને ટ્રસ્ટીઓ બહુજ સાવધાન થઇ ઉપજ મેળવવાના અનેક સાધનો રચે છે, વીતરાગની શાંત મૂર્તિ ઉપર અનેક પ્રકારની આંગીઓના ભાર ભરવામાં આવે છે. હીરા માણેક અને મોતીઓના હાર રચી ભોળી જનતાને પ્રભુ દર્શન કરવાનું આમંત્રણ કરવાને બદલે આંગી અને હારનું દર્શન કરવા લલચાવવાના હેન્ડબીલો અને આમંત્રણ પત્રિકાઓ વહેંચે છે, અનેક પ્રકારની બોલીઓ અને ચઢાવાઓ બોલી દ્રવ્ય એકઠું કરવાની દુકાનદારી કરી હોય તેવું લાગે છે, અને તેની સાથે પાછી ઉપકરણો, અગરબત્તીઓ આદિ વેચવામાં પણ નફો કરવાનું ધ્યેય રાખવામાં આવે છે ત્યારે તો તે દુકાનદારીની હદ આવી ગઇ સમજાય છે.

આ ઉપરાંત આ ગયા પજુસણમાં વરઘોડાઓ ઉપર નજર ફેરવતાં પણ દેખાઇ આવે છે કે દિવસે દિવસે વરઘોડાઓ વધતા જાય છે, દરેક મંદિરવાળા પોતા તરફથી વરઘોડો કાઢી તે વરઘોડાને ઉપજનું સાધન બનાવી મુકે છે ત્યારે તે વરઘોડાની કિંમત જન સમાજની દૃષ્ટિએ ઘટી જાય છે. જાણવા પ્રમાણે ૫-૭ વર્ષો પહેલાં મુંબઇ શહેરમાં પજુસણ નિમિત્તે માત્ર એકજ વરઘોડો ચઢતો હતો, જ્યારે આ વર્ષ લગભગ ૭ વરઘોડો આઠ દિવસમાં કાઢવામાં આવ્યા, અને તેમાં પણ કોટવાળા જેવા દૂરના લત્તામાં જ્યાં જૈનોની વસ્તી બહુજ જુજ છે ત્યાંથી પણ વરઘોડા કાઢવામાં આવે ત્યારે ભાવના કરતાં સ્વાર્થી દૃષ્ટિ ચોકખી તરવાઇ રહે છે. વળી પોતાને શાસન રસિકો કહેવડાવતો ફેશનેબલ વર્ગ પણ જ્યારે યુવાન કન્યાઓને રસ્તા વચ્ચે રાસદાંડીયા લેવડાવતો જોઇએ ત્યારે એક બાજુથી તેઓ પણ જમાના પ્રમાણે આગળ વધે છે એ જાણી હર્ષ થાય છે, ત્યારે બીજી બાજુથી ખેદ પણ એથી વિશેષ ઉપજે છે. કારણ કે એ ખરી ભક્તિ નથી પરંતુ ભક્તિને મિષે આડંબર અને ઘેલછા છે, મોટા મોટા બરાડા પાડી ઉંચા ઉંચા હાથો કરી જન સમાજનું ધ્યાન ખેંચવાના જે પ્રયત્નો આવા રાસદાંડીઓ અને બરાડાઓથી કરવામાં આવે છે એમાં નર્યો ખોટી ભક્તિનો સન્નેપાત દેખાય છે, બીજું કંઇ દેખાતું નથી.

વળી આપણા સ્વામિવાત્સલ્યો. સંઘ જમણો ઉપર પણ ઘણું લખવા જેવું છે. કારણ કે આપણી ઉદારતાનો એમાં ઘણો મોટો ગેરલાભ લેવાય છે, જૈનોની હારમાં હજારો વિધર્મીઓ આવીને ખાઇ જાય છે, અને માહોમાંહેના ઝગડાને અંગે એકેજ જાતની નવકારસીઓ ભિન્ન ભિન્ન સ્થળોએ કરવામાં આવે છે તેમાં થતો બગાડ, એક નાખવાની તિરસ્કારણીય વૃદ્ધિ, અને જમવાની અવ્યવસ્થા, આ બધું એટલું બધું દુઃખ ઉત્પન્ન કરે છે કે આપણે ધર્મને નામે કયાં ઘસડાતા જઇએ છીએ તેની સમજ પડતી નથી.

આ ઉપરાંત ઘણાખરા ભાઇઓને આ દિવસો દરમ્યાન મોટે ભાગે પુરસદ મળતી હોવાથી, જમણોના ઝગડા, નાતોના ઝગડા વહીવટના ઝગડા અને ટ્રસ્ટીઓના ઝગડા આદિ બધું આ દિવસોમાંજ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. જ્યાં જુઓ ત્યાં ઝગડાઓનો નિકાલ કરવા સંઘો ભેગા મળે છે અને નકામી માથાકુટો કરે છે. એટલે શાંતિ અને સુખ પામવાને બદલે કલેશ અને ઝગડાના વાતાવરણમાં દિવસો પસાર કરે છે.

આ રીતે આપણા હાલના પર્યુષણોમાં જૈન સમાજ પ્રથમ જણાવ્યું તેમ મુખ્ય વસ્તુને છોડી છાયા તરફ ધસડાય છે. એ નિર્વિવાદ છે. જૈનો આમાંથી મુક્ત થવાનું કયારે ઉચિત ધારશે?

અ. હી. લાલન.

ભાવ કેળવે. જૈનધર્મ પ્રત્યે અને જૈન સમાજ માટે મારે ઋણ અદા કરવાનું છે એમ માની, નમ્રતા સ્વીકારી, યથાશક્તિ પ્રયાસ આદરે એટલું જરૂર યાદ રાખે કે નડા પાડી કે વાડામાં વહેંચાઇ જવાયા નથી તો શાસન સેવા થતી કે નથી તો આત્મ કલ્યાણ સધાતુ. સમાન ધર્મી એક બીજાની સાથે મળીને—પરસ્પર એક બીજાને ખભો દઇનેજ શાસનની આછી પાતળી પ્રભાવના કરી શકવાના. કદાચ કારણવશાત્ એ વાત પ્રતિ દુર્લક્ષ થયું હોય તો ભૂલ્યા ત્યાંથી સવાર ગણી પુનઃ એકવાર સાચા 'મિચ્છામિ દુક્કડમ્' દઇ, સંગઠ્ઠન સાધવાર્થે કુચ કદમ કરવાની અગત્ય છે. એ માટે આ સુવર્ણ ઘડી પ્રાપ્ત થઇ છે.

વલોવાતું વાતાવરણ.

છેલ્લા ૩-૪ માસ થયા એક લેખ પ્રસિદ્ધિથી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમાજનું આંતરીક વાતાવરણ ખૂબજ વલોવાઇ રહ્યું છે, અને તેના બાહ્ય પ્રતિકાર તરીકે તે પ્રશ્ન પરત્વે જાહેર પત્રોમાં અત્યારે ખૂબજ ઉહાપોહ ચાલી રહ્યો છે, આ વરતુ સ્થિતિથી ભાગ્યેજ કોઇ જૈન અજ્ઞાત હશે.

જે લેખ વિષે ઉપર નિર્દેષ કરેલો છે તે લેખનું નામ છે "ધર્મ પ્રાણ લોંકાશાહ." તે લેખના લેખકનું નામ છે, "સ્થાનકવાસી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી ઉર્ફે સંતબાલ" અને તે લેખ પ્રસિદ્ધ થાય છે "સ્થાનકવાસી કોન્ફરન્સના વાજંત્ર" "જૈન પ્રકાશ નામના પત્રમાં" તે લેખમાળાને શાંતીપૂર્વક અને મધ્યસ્થ દૃષ્ટિએ વાંચ્યા વિચાર્યા પછી નીચેના અભિપ્રાય ઉપર આવી શકાય છે.

તે લેખમાળા મુખ્યત્વે ત્રણ કારણોસર લખાયેલી જણાય છે. (૧) જિન પ્રતિમાના ખંડનના આશયથી. (૨) પૂર્વ મહાપુરૂષોમાં શક્તિની ન્યુનતા હતી તે બતાવવાના આશયથી (૩) શ્રી લોંકાશાહ, ભગવાન મહાવીર પછી પ્રથમજ્ઞ મહાપુરૂષ પ્રાકટ્યા તે બતાવવાના આશયથી.

"ધ૦ લોં૦" ના લેખાંકોમાં ઉપરોક્ત બતાવેલ ત્રણે પ્રકારના ભાવાર્થવાલું લખાણ સારા પ્રમાણમાં સ્થળે સ્થળે દૃષ્ટિગોચર થાય છે. તેની વિસ્તૃત સમાલોચના મુનિરાજશ્રી ન્યાયવિજયજી અને શ્રી જ્ઞાનવિજયજી મહારાજ અનુક્રમે જૈન જ્યોતિમાં અને જૈન પત્રમાં લખી રહ્યા છે તેમજ સમયધર્મમાં શ્રી ચારિત્ર વિજયજી મહારાજ અને મુંબઇ સમાચારના જૈન ચર્ચાના કોલમમાં ભાઇશ્રી જૈન ઉર્ફે શ્રી ઘડીયાલીજી પણ તે લેખોને અંગે ઠીક પ્રમાણમા લખી રહ્યા છે. આ પ્રશ્ને એટલી તો સનસનાટી ફેલાવી છે કે કદાચ આ સ્થાને જો અન્ય દર્શન હોત તો કંઇ નવિનતા જન્મી હોત, આઘાતથી પ્રત્યાઘાત, બળવાન હોવજ. અત્રે જણાવી દેવું ઉચિત છે કે શ્રીમાન સંતબાલજીનો મને ઠીક પ્રમાણમાં પરિચય છે અને તેથી તેમના પ્રતિ અંગત રીતે મને માન છે પરંતુ તે વાત વ્યક્તિગત થઇ, જ્યારે અત્રે તો મહત્વનો એવો સિદ્ધાંતિક પ્રશ્ન છે એટલે નિરૂપાયે તેમના લેખમાંગાતે અંગે કલમ ઉઠાવવી પડી છે.

તેમણે શું લખ્યું છે? તે શબ્દશઃ બતાવવાની જરૂર નથી કેમકે તે પ્રશ્નની છણાવટ ખૂબ થઇ ગયેલ છે. અને તેથી તે બિના લગભગ જાણીતી છે એટલે તે વિષે વધુ પિષ્ટપેષણ કરવું ઠીક જણાતું નથી. અત્રે તો તેમના લેખોની દીવાલ જે આશયરૂપ પાયા પર ચણાયેલી છે તે પાયો ફેરવીનેજ છે અને તે દીવાલ તદ્દન કાચી છે એજ બતાવવાનો હેતુ આ લેખનો છે.

જિન પ્રતિમા પૂજન વંદનનું વિધાન આજકાલનું નથી. પરાપૂર્વથી ચાલી આવેલ ભક્તિનુ તે આવશ્યક અંગ છે. આગમોમાં તેનું વિધાન સ્થળે સ્થળે વેરાયેલું છે. ૪૫ ની અંતર્ગતના ૩૨ સૂત્રો કે જે સૂત્રો સ્થાનકવાસી સિદ્ધાંતોને માન્ય છે તેમાંપણ ખૂબ પ્રમાણમાં-સ્થળે સ્થળે જિન પ્રતિમા પૂજન વંદન વિષેના ઉલ્લેખો ઉપલબ્ધ થાય છે જે આ સૂત્રો અનેક વખત ઘણા વિદ્વાનોએ રજુ કરેલા છે અને વર્તમાનમાં જૈન જ્યોતિમાં શ્રીમાન્ ન્યાયવિજયજી મહારાજ સ્થાનક માન્ય ૩૨ સૂત્રોના તે વિષેના સ્પષ્ટ કથનોને ઉધ્ધૃત કરીને જગતના ચોકમાં ડિંડિમ નાદે જાહેર કરી રહ્યા છે કે "જિનાગમોને મૂર્તિપૂજા સ્વિકાર્ય છે. આથી તે વિષે અત્રે વિશેષ ન જણાવતાં એટલુંજ લખવું પર્યાપ્ત થશે કે "પ્રતિમા ખંડનમાં આત્મહિત નથી પણ આત્મવંચના અને ભાવથી આત્મઘાત છે. શાસ્ત્ર કથનોથી, ઇતિહાસ પ્રમાણોથી, બુદ્ધિમતાથી, ભક્તિના ઉલ્લાસથી, આત્મ વિર્યોલ્લાસના નિમિત્તરૂપ હોવાથી આ બધા કારણોસર મૂર્તિપૂજા પૂર્વે ભારતવર્ષના જૈનોમાં હતી, વર્તમાનમાં જયવંત વર્તે છે અને ભવિષ્યમાં પ્રભુનું શાસન છે ત્યાંસુધી રહેશેજ. શત્રુંજય, ગિરનાર, આબુજી, રાણકપુર અને શંખેશ્વર આદિના ભવ્ય દૈવવિમાન જેવા મંદિરો અને જિનેંદ્રવરની શાંત-રસ-પ્રધાન અપૂર્વ પ્રતિમાઓ અત્યારે પણ અનેકને સમ્યકત્વને લાભ આપી રહેલ છે, તે તે સ્થળોના દર્શન એક વખત, સાંપ્રદાયીકતાની અસરથી પર રહીને કરવાની શ્રીમાન સંતબાલજીને નમ્ર ભાવે વિનંતી છે.

મહાત્મા હરિભદ્ર સૂરિશ્વરજીના કાર્યો અને તેમનાં સાહિત્ય માટે જૈનેત્તર વિદ્વાનોના મસ્તકો પણ ઝુકે છે. એવા મહાન્ ધર્મપ્રાણ શ્રી હરિભદ્ર સૂરિશ્વરજી શક્તિની ન્યુનતા જેવી, પદવી આવી જવાનો ભય હતો એમ વદવું અને તેમણે સ્વીકારણ આંખ મીંચામણા કર્યા એમ કહેવું એ કેટલું અયુકત છે?

સાડાત્રણ ક્રોડ શ્લોકના રચયીતા, જિન શાસનના મહાન પ્રભાવક અને જેમના સદ્બોધથી પ્રેરાઇ મહારાજા કુમારપાલે, તે કાળે અમારીની ઉદ્ઘોષણા એવી તો વર્તાવી છે કે જેવી ઉદ્ઘોષણા ચતુર્થ કાળમાં પણ કોઇએ વર્તાવી હોય તેમ જણાતું નથી એ કોને આભારી છે? કહેવુંજ જોઇએ કે ભગવાન શ્રી હેમચંદ્ર સૂરિશ્વરજી મહારાજના પ્રભાવથીજ જિન શાસનની કીર્તિનો ઝંડો ઉન્નત-અતિ ઉન્નત-દિગંત પર્યંત પહોંચ્યો હતો. તેવા મહાપુરૂષને માટે "રાજ્યાશ્રય લઇને ચૈત્યવાદની વિકૃતિને વધારી" એમ લખવુ એ કેટલું બધું અન્યાયકારક અને કલુષિત માનસદર્શક છે?

શ્રી લોંકાશાહ તે વખતના એક લહીયા હતા. કે જે કામ આ કાળમાં છાપખાનાઓમાં, કંપોઝીટરોની મદદથી જડ એવા રોટરી આદી મશીનો કરે છે. તેમણે નવું કાંઇ પણ કર્યું જ નથી જિનાજ્ઞાની વિરૂદ્ધ જઇને તેમણે ઉપકારી એવા જિનેંદ્રવરોની પ્રતિમાનું ખંડન કર્યું છે અને તેમ કરીને તેમણે અનેકોને ઉન્માર્ગે દોર્યા છે. કાળના પ્રબળ પ્રવાહમાંથી ઘટતા ઘટના જે આગમો પ્રાંતે રહ્યા હતા તે ૪૫ છે. તેમાંથી પ્રચ્છા મુજબના ૩૨ સૂત્રોને તેમણે માન્ય કર્યા અને તેમાં પણ મૂર્તિનું વિધાન આવતું હોઇ તેને યથાર્થરૂપમાં ન સમજવા માટે સાધુઓએ વ્યાકરણ ન શીખવું એમ ઠરાવ્યું. તે સિવાય ક્રિયા આદિમાં કેટલોક ફેરફાર કર્યો. શ્રી લોંકાશાહે ઉપર દર્શાવ્યા પ્રમાણે કરેલ છે તેને આપણે ચાહે તો ક્રાંતિ કહીયે, ચાહે તો પરિવર્તન કહીયે અથવા ચાહે તો જિનાજ્ઞા ખંડન કહીયે. જે કહીયે તે આ છે. પરંતુ આ સિવાય તેમણે

શ્રી આત્માનંદ શતાબ્દિ મહોત્સવ

આચાર્ય મહારાજશ્રી વિજયાનંદ સૂરિ (શ્રી આત્મારામજી મ.) નો જન્મ વિક્રમ સંવત ૧૮૯૨ના ચૈત્ર શુદ પ્રતિપદાને રોજ થયો હતો. આગામી સં. ૧૯૯૨ ના ચૈત્ર શુદ ૧ દિવસે એમનાં ઉપકારક જીવનનાં સો વરસ પૂરા થતાં હોવાથી, તે દિવસે શતાબ્દિનો મહોત્સવ ઉજવવાનું ઠરાવવામાં આવ્યું છે.

શ્રી આત્મારામજી મહારાજ, ખરેખર જૈન શાસનના એક સમર્થ જ્યોતિર્ધર હતા. સમસ્ત જૈન સંઘ ઉપર એમનો અસાધારણ ઉપકાર છે. જે વખત અજ્ઞાનતા, વ્હેમ, ગતાનુગતિકતા અને સંકુચિતતા પોતપોતાના આસન જમાવીને બેઠા હતા તે વખતે આ આ આચાર્ય મહારાજે શાસ્ત્ર અને ઇતિહાસના સિદ્ધાંતો સંભળાવી જૈન સંઘને સચેત કર્યો. શિથિળતા, જડતા અને પાખંડ જેવા યુગવ્યાપી અંધકારને એમણે એકલા હાથે વિદાર્યો.

જૈન શાસન અને જૈન સમાજને માટે એમણે શું શું કર્યું છે તેનો કિંચિત ખ્યાલ શ્રીયુત ભાઇ સુશીલે લખેલા રસમય જીવન ચરિત્રના વાંચનથી આવી શકશે. આવા મહોપકારી શાસન પ્રભાવક પુરૂષોના સ્મરણમાત્રથી કોઇ પણ શાસન રસિકનું હૃદય ભક્તિ ભાવથી દ્રવિત થયા વિના ન રહે. એ મહાઉપકારી પુરૂષની શતાબ્દિ પણ એટલાજ ઉલ્લાસ અને અવિભક્તભાવથી ઉજવાવી જોઇએ. અને અમને એમ જણાવતાં આનંદ થાય છે કે શ્રી આત્મારામજી મહારાજની શતાબ્દિની યોજના સાંભળતાજ શ્રદ્ધાળુ ધર્મ પ્રેમીઓએ એને વધાવી લીધી છે. સ્વ. આત્મારામજી મહારાજના સ્મરણાર્થે એમના ઉજ્વલ જીવન જેવીજ સ્મારકો યોજાવાં જોઇએ એમ સૌ કોઇ સ્વીકારે છે.

આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજીના પાલણપુરથી અમદાવાદ તરફના વિહાર દરમ્યાન, તેમજ તે પછી વડોદરાથી મુંબઇ સુધીના વિહાર દરમ્યાન જ્યાં જ્યાં આ શતાબ્દિ સબંધી ઉલ્લેખ થયો છે, ત્યાંથી સારી જેવી સલાયતા પ્રાપ્ત થઇ છે મુંબઇમાં એ શતાબ્દિ અંગે ખાસ સમિતિ નીમાઇ છે. એ સમિતિએ પોતાનું બંધારણ છપાવીને બહાર પાડયું છે. આ બધું જોતાં આગામી શતાબ્દિ ઘણી ધામધુમથી ઉજવાય અને સ્વ. આચાર્ય મહારાજના સ્થાયી સ્મારક માટે કંઇક પ્રબંધ થાય એવી સંપૂર્ણ આશા રહે છે.

શતાબ્દિ સમિતિએ કોઇ એક ગૃહસ્થ પાસેથી શતાબ્દિ ફંડમાં રૂ. ૧૦૦) થી વધુ રકમ નહિ લેવાનો નિર્ણય કર્યો છે. ઓછામાં ઓછી જે કંઇ સહાય મળે તે ખુશીથી સ્વીકારી લેવી. એની મતલબ એ છે કે દરેક ધર્મોનુરાગી આ ફંડમાં ફૂલ નહિ તો ફૂલની પાંખડી પણ આપી પોતાને કૃતકૃત્ય માને.

આ આત્મારામજી મહારાજના ઉપકારનું જેમને થોડું પણ સ્મરણ છે, જે જે શહેર અથવા ગામમાં એ સ્વર્ગસ્થ પુરૂષના એકવાર પણ પગલાં પગલાં થયાં છે અને જે કોઇ એમ જાણતું હોય કે શ્રી આત્મારામજી મહારાજના પ્રતાપેજ જૈન સંઘની આજની આટલી સુદૃઢતા જળવાઇ રહેવા પામી છે તેમનું કર્તવ્ય છે કે આ શતાબ્દિ મહોત્સવને બની શકે એટલો યશસ્વી ફતેહમંદ અને ચીરસ્મરણીય બનાવવો.

જૈન સંઘના હિત કાર્યમાં શ્રી આત્મારામજી મહારાજે કેટલી તલ્લીનતા સાધી હતી તે આ એકજ વાકય ઉપરથી જણાશે. "No man has so peculiarly identified himself with the interests of Jain community as Muni Atmaramji." અમેરિકાની એક પ્રસિદ્ધ ધર્મ પરિષદે પોતાના ઠરાવપુસ્તકમાં એ શબ્દો શ્રી આત્મારામજી મહારાજના સંબંધમાં ઉચ્ચાર્યા છે.

જેમણે સંઘ સમસ્તના હિતાર્થે રાત દિવસ ચિંતવન કર્યું, જેમણે શાસન પ્રભાવનાના વિસ્તારાર્થે અનેકાનેક પરિષહો વેઠયા, જેમણે જ્ઞાન તથા વિધિનો પુનરૂદ્ધાર અર્થે માનાપમાનની પણ પરવા ન કરી, જેમનું સમસ્ત જીવન પ્રકાશરૂપે બીજું કાંઇ "ધર્મપ્રાણ" ટાઇટલને શોભે તેવું કામ કર્યું હોય તેમ જણાતું નથી. કોઇ સ્થળે આથી વધારે ઇતિહાસ (શ્રી લોંકાશાહના કાર્યનો) છુપાયેલો હોય તો પ્રકાશના આ કાળમાં તે બીનાને પ્રસિદ્ધિ આપવી યોગ્ય છે.

પ્રગતિના આ યુગમાં નવિન ભાવનાને અપનાવનાર અસાંપ્રદાયિકતા, ઉદારતા, વિશાળ દૃષ્ટિ, વિશ્વ બંધુત્વ આદિની વાતો કરનાર પંચ મહાવ્રતધારી "ઋતંભરા" નામ ધરાવનાર મુનિશ્રીના લેખો ઉપર આક્ષેપો કરે અને આગમોમાં રહેલ સૂત્રોને સમજવા છતાં આત્મ વંચના કે સ્વમત આગ્રહ રાખી જિન પ્રતિમાનું ખંડન કરે અને જેણે જિનાજ્ઞા ઉપર પગ મૂકયો છે તેવા, ગૃહસ્થને ઉંચે લાં અતિ ઉંચે ચઢાવે એ બધુએ કેટલું અસંગત (જીવન અને કથનની સાથે) જણાય છે?

જ્યારે અમારાજ મહાત્માઓ શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય જેવા મહાપુરૂષને ઉતારી પાડવાનું ગંદુ કૃત્ય કરે તો પછી શ્રી મુનશીએ તેમની નવલકથાઓમાં શ્રી હેમચંદ્રાચાર્યને તેમના કલ્પનાના આનંદની ખાતર ઉતારી પાડયા હોય અથવા હલકા ચીતર્યા હોય તો તે ક્ષંતવ્યજ ગણાવું જોઇએ ને? બુદ્ધના અનુકરણથી જૈનોમાં મૂર્તિપૂજા આવી છે. એમ અમારાજ મુનિશ્રી કહે તો પછી ઘણાં સમયપૂર્વ વાસ્તવિક ઇતિહાસથી અનભિજ્ઞ એવા કોઇ ઇતર વિદ્વાને જો એમ કર્યું હોય (કર્યું છે) કે જૈન ધર્મ એ બૌધ ધર્મની શાખા છે! તો તેં બિનાને પણ ક્ષંતવ્યની કોટીમાંજ ગણવી જોઇએ ને? ખેદની વાત છે કે શ્રીમાન સંદરલાલજી જેવા સુજ્ઞ વિદ્વાનને માટે આવું એકાંતીક, સાંપ્રદાયીકતા ભરેલું, પૂર્વ મહર્ષિઓની અવજ્ઞાવાળું, જિનેંદ્રવરની આશાતના કરતું અને સામાન્ય માણસને મહદ્ પદ અર્પતું એવું લખાણ લખવું શું ઉચિત હતું? વ્યકિત સ્વાતંત્ર્યના અને લેખન સ્વાતંત્ર્યના આ યુગમાં આ વિષેનો ફેંસલો આપણે નહીં દેતાં તે વાતને તેઓશ્રીના ઉપર છોડીને છેવટે નમ્રતા પૂર્વક કહીએ કે "મહાત્મન્! કૃપા કરીને સાંપ્રદાયિકતાના ચશ્મા ઉતારીને મધ્યસ્થ ભાવે, શાસ્ત્રદૃષ્ટિને ખ્યાલમાં રાખીને (જમાલી અને મરીચીના દૃષ્ટાંતે એક પણ શાસ્ત્ર વાકયને ઉત્થાપનાર બહુ સંસાર ભ્રમણ કરનાર થાય તે દૃષ્ટિ લક્ષમાં રાખીને) જો આપ આ વિષય પરત્વે વિચારી જોશો તો હજુ પણ સુધારણા શકય બનશે અસ્તુ! ૐ શાંતિ:

શુભાભિલાષક

—રાજપાલ મ. વહોરા.

શાસનના કહેવાતા ઇજારદારોનું અયોગ્ય પગલું.

જૈન સમાજનો એક વર્ગ પોતાને શાસન પ્રેમી તરીકે ઓળખાવે છે અને પોતેજ એકલા ધર્મને માર્ગે ચાલે છે અને પોતા સિવાયના બીજા બધા અધર્મમાં પ્રવર્તી રહેલાં છે એવી ભ્રમજાળ સેવે છે! આ વર્ગ તરફથી પોતાની દરેક કરણીમાં આગમને આગળ ધરવામાં આવે છે. કેમ જાણે તેઓ જે કંઇ કરે છે એ બધું આગમને અનુસરીનેજ નહોય! તેઓ ભાગ્યેજ આગમમાં શું કહ્યું છે અને શું નથી કહ્યું એ જાણવા સમજવા તસ્દી લે છે! માત્ર અમુક સાધુઓ પ્રતિના એકાંત રાગથી દોરવાઇ પોતાની પ્રજ્ઞાનો સહેજ પણ ઉપયોગ કર્યા વગર તેમની 'હા'માં 'હા' ભણી દરેક કરણી કર્યા જાય છે અને તેઓ તરફથી અર્પવામાં આવેલ 'શાસનરસિક'નું બિરૂદ ધારણ કરી પોતની જાતને ધર્મના રથંભરૂપ માને છે. એ સબંધમાં એટલી હદે ગર્વ ધરે છે કે જાણે તેમના માનેલા સાધુઓ અને તેઓ જો આજે જૈન ધર્મ માટે આટલી હદે કમર ન કસતે તો પ્રભુશ્રી મહાવીર દેવનો જૈન ધર્મ કયારનોયે રસાતલ ગયો હોત! તેઓ એટલી પણ તસ્દી સમજવા સારૂ લેતા નથી કે આજ પચ્ચીસો વર્ષ થયાં જે પરમાત્મા શ્રી મહાવીર દેવનો માર્ગ પ્રવર્તે છે અને જેના પર ભૂતકાળમાં અત્યારના કરતાં કેટલાયે ભયંકર આક્રમણો આવ્યાં છે છતાં એ સામે અડગતા ધરી આજ પર્યંત અવિચ્છિન્ન ચાલ્યો આવ્યો છે એનું કારણ એકજ છે કે એ સર્વજ્ઞ દેવના સિદ્ધાંતોમાં સત્ય અને ઉદારતાનો અમાપ મસાલો ભર્યો છે. એવા ઉમદા તત્વોના બળે હજુ તે હજારો વર્ષો પર્યન્ત ટકવાનો છે. એ તત્વોના રહસ્યમાં ઉંડા ઉતરાય તોજ સાચી પ્રભાવના કરી શકાય પણ આજે તો એને સ્થાને સંકુચિતના અને ભેદાભેદીનું શરણ ગ્રહવામાં આવે છે. વાત વાતમાં અધર્મનો હાકોટ ઉભો કરવામાં આવે છે અને ધર્મનો ઇજારો લઇ બેઠેલા આ વર્ગ તરફથી કેટલાક એવા કાર્યો હાથ ધરવામા આવે છે કે જેથી પરસ્પર સમાજમાં કલેશ જન્મે છે અને જેમાં ધર્મનો અંશ શોધ્યો પણ જડતો નથી જ્યારે એનાથી આવેલ માઠા પરિણામ એક કરતાં વધુ સંખ્યામાં દેખાડી શકાય તેમ છે.

મુંબઇમાં વર્ષો પૂર્વેથી પર્યુષણનો એક વરઘોડો ચઢતો હતો એના બે બનાવ્યા. આમ જે જૈન સમાજમાં એકતાનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું તેમાં કદાગ્રહ ઉપસ્થિત કર્યો. આજે જુદા જુદા ઉપાશ્રયે વિરાજતાં સાધુઓ પાંચમની રથયાત્રામાં એક સાથે ભાગ લઇ શકે છે. માત્ર વાંધો એકલા લાલબાગના સાધુઓનેજ આવે છે! મુનિ સંમેલનની લાંબી પહોળી વાતો કરનારા એ સંમેલનના ભાવને કેટલા પ્રમાણમાં અનુસરે છે એ ઉપરના દાખલા પરથી સહજ જોઇ શકાય તેમ છે. આવું તો બીજું કેટલુંયે ઉલ્લેખી શકાય પણ એ બેસ આગળ ભાગવત જેવું છે.

અહીંતો એકજ વાત જનતા સામે રજુ કરવાની છે કે જે દ્વારા જૈન સમાજ નિંદાનુ પાત્ર બનેલ છે. છેલ્લા વરઘોડામાં આ ધર્મી! વર્ગ તરફથી સ્ત્રીઓને અને બાળાઓને ઘડા અને દાંડીયા આપી નાચવાનો કાર્યક્રમ ગોઠવાયો હતો. આ પ્રથા કયા કુળકુપભેજ્જમાંથી ઉદ્ભવી હશે તે તો જ્ઞાની જાણે! પણ એનાથી શાસનની પ્રભાવના થવાને સ્થાને અપ-ભ્રાજના થવા પામી છે. જાહેર રસ્તા પર જૈનોના વરઘોડામાં (સ્ત્રીઓના) નાચ થાય છે એવી જનતામાં જે વાતો ચાલી રહી છે અને એ કાર્યના દર્શનથી લોકસમૂહમાં જે જાતની વાતો પ્રવર્તી રહી છે એ જોતાં વિના સંકોચે કહેવું પડશે કે એવો કાર્યક્રમ રાખવામાં ગંભીર ભૂલ થઇ છે! જાહેર જનતા આ કાર્યને માત્ર પ્રભુ ભક્તિના માપે માપી શકે તેટલી તૈયાર નથીજ. રસ્તા પર નૃત્ય કરતી નારીજાતિ એને મન 'રંડીયોના નાચ' કરતાં વધુ ન હોય એ પણ સમજાય તેવું છે. એ નાચ આગળ જે જાતનુ ટોળું ભરાતું હતુ. અને વિચિત્ર ઉદ્ગાર કહાડતું હતું એ ઉપરથીજ એનુ તોલ થઇ શકે તેમ છે. એમાં જનતાનો દોષ જોવા કરતાં ધર્મના કેટલાકોએ નારીજાતિના નૈતિક ધોરણને એકદમ ઉતારી પાડે તેવા આ પ્રથા કેમ શરૂ કરી હશે એજ મુંઝવણનો પ્રશ્ન છે. દોષ ભાગી જો કોઇપણ હોય તો આ થઇ પડેલ ધર્મના ઇજારદારો છે.

આવી જાતની પ્રભુ ભક્તિ જાહેર રીતે કર્યાનો એક પણ દાખલો હજુ સુધી નોંધાયો નથી જડતો. જાહેર રીતે નારીજાતિ છોડવોક દાંડીયા રમે અને ગાગર સાથે કૂદકી ફરે એ પહેલોજ પ્રસંગ છે. પ્રભુનો રથ તો કયાંય આવો હશે કદાચ સામે કે નજીક હોય તો પણ આ જાતની કરણીને કરવાની કહી નથી. એ ભક્તિ નથી પણ ઘેલછા છે. શાસ્ત્રકારોએ જે નારી જાતના નૈતિક ધોરણને સાચવવા સારૂ પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયા ટાણે મુહપત્તિના પચ્ચાસ બોલમાંથી, અમૂક બોલ કે જે દ્વારા સ્ત્રી જાતના અંગોપાંગ યથા રીતે ન ઢંકાયલા રહે એટલા ખાતર તે બોલને પડતા મૂકે છે. તે જાહેર રસ્તે આમ નૃત્ય કરવામાં ભક્તિ દર્શાવે એ ન ભૂતો ન ભવિષ્યતિ જેવુજ છે. અરે આવો નાચ જાહેર રીતે તો શું પણ પોતાના સમુદાયમાં પણ નારી જાતને કરવો એ મોહ ઉત્પાદક કહ્યો છે એનાથી રાગ વૃધ્ધિ દાખવી છે અને નહિ કે ધર્મ વૃધ્ધિ.

કદાચ આ સામે પ્રભાવતી રાણીનો નાચ આગળ ધરવામાં આવશે પણ ત્યાં ભુલવું જોઇતું નથી કે એ નાચ પ્રભાવતી રાણીએ પોતાના ગૃહમંદિરમાં પ્રભુ મૂર્તિ સમક્ષ જરૂર કર્યો છે અને તે પણ માત્ર પોતાના સ્વામીની હાજરીમાંજ-જાહેર રીતે નહીંજ

નૃત્ય અને સંગીત કળા એ સ્ત્રી જાતની ચોસઠ કળાઓમાં આવી જાય છે અને દરેકે જાણવાની જરૂર પણ છે છતાં એનો ઉપયોગ કુળવંતીઓ માટે. કયાં તો દેવસન્નિધ એકાંતે કિંવા સ્વપતિ સન્મુખ કરવમાં રહ્યો છે. એ સબંધમાં રાવણ મંદોદરી આદિનાં કેટલાક ઉદાહરણો ધરી શકાય તેમ છે.

છેલ્લા વરઘોડામાં કહેવાતા શાસન પ્રેમી બંધુઓ તરફથી કરવામાં આવેલ પ્રદર્શન તો પહેલા વહેલું જ છે. ભલે તેઓ એને ભક્તિના નામે ચઢાવે. જેની સમજ કેવાણે છે એ તો એમાં કુલીનતાનો હ્રાસ અને સ્ત્રી જાતિના ગૌરવનું પતનજ જુવે છે. અર્હન્ત દેવના શાસન પ્રભાવનાના વરઘોડામાં આ પ્રથા બિલકુલ અનુચિત છે. ધર્મના કહેવાતા ઇજારદારો એ સમજે તો સારૂં. સુજ્ઞેષુ કિં બહુના?

ચોકસી.

છે, જેમના જીવનના એક એક પ્રસંગ આપણને અ સદીની તાની પ્રેરણા આપે છે એવા એક શાસન ધુરંધર પુરૂષના શતાબ્દિ સ્મારકને અર્થે દરેકે કંઇક કરી છૂટવું જોઇએ.

વધુ વિગત માટે જૈનાચાર્ય શ્રી આત્મારામજી મહારાજ શતાબ્દિ સ્મારક સમિતિનું હમણાંજ બહાર પડેલ નિવેદન મંગાવો અને વાંચો

ચરણ વિજય

શ્રી ગોડીજી ઉપાશ્રય પાયધુની મુંબઇ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

કંચનબાઇ-શૈતાનમલ લગ્ન:—

કંચનબાઇ-શૈતાનમલ લગ્ન અંગે રતલામ (માલવા) માં ઉપસ્થિત થયેલ પ્રકરણના સમાચારો મળતાં તે અંગે યોગ્ય તપાસ કર્યા પછી કૉન્ફરન્સ તરફથી રતલામના નામદાર મહારાજા સાહેબ તથા દિવાન સાહેબને નીચે મુજબ તાર કરવામાં આવ્યો હતો.

Surprised to hear reports of State interference in marriage affair of a Jain Girl of major age Kanchanbai with Shaitanmal properly solemnized as reported stop Under Circumstances enter strong protest with humble request to Safeguard their interests and grant legitimate protection to Shaitanmal which act of Kindness will highly oblige Jains all over India.

—Resident General Secretaries All India Jain Swetamber Conference.

અમોને જણાવેલ છે કે શ્રી શૈતાનમલને મુકત કરવામાં આવેલ છે અને તેઓ બંન્ને જાણુઆ તરફ ગયા છે.

શ્રી સુકૃત ભંડાર ફંડ:—

કાર્યવાહી સમિતિના ઠરાવાનુસાર કમિટીના સર્વે સ્થાનિક સભ્યોને સુકૃત ભંડાર ફંડની રસીદ બુકો પર્યુષણપર્વ પહેલાં મોકલી આપવામાં આવી હતી અને અમોને જણાવતાં આનંદ થાય છે કે નીચેના મહાનુભાવોએ ઠરાવને માન આપી સુકૃત ભંડાર ફંડમાં વસૂલ લીધેલી રકમો અમોને મોકલી આપી છે. અન્ય બંધુઓ પણ તેમ કરશે એવી આશા રાખવામાં આવે છે.

ડૉ. પુનશી હીરજી મેશેરી. જે.પી. દ્વારા રૂા. ૩૦)
શેઠ સકરચંદ મોતીલાલ મૂલજી દ્વારા રૂા ૨૮૫)
શેઠ જીવરાજ જગજીવન-રાણપૂર દ્વારા રાણપૂર સંઘના રૂા. ૧૦)
શેઠ પુરશોત્તમ સૂરચંદ, મુંબઇના રૂા. ૧૦)
શેઠ નરોત્તમદાસ ભગવાનદાસ શાહ દ્વારા રૂા. ૬)

અન્ય બંધુઓ તરફથી જે રકમો મળશે તે હવે પછી સ્વીકારાશે.

ધાર્મિક અને સાર્વજનિક ખાતાંઓના હિસાબ તપાસ અંગે.

(લી. પારી. મણીલાલ ખુસાલચંદ પાલણપુર.)

આગળ અમદાવાદ નિવાસી બાલાભાઇ અમરતલાલ ભાઇએ, કૉન્ફરન્સને તે કામ કરવા સુચના કરી હતી. અને તે ઉપરથી મેં પણ તેવી સુચના કરી હતી. છતાં અત્યારસુધી તે તરફ ધ્યાન અપાયું નથી. તો કૉન્ફરન્સના કાર્યવાહી સમિતિએ, સદરે બાલાભાઇ તથા તેમની સાથે બીજા અમુક માંણસોની એક તેવી સમિતિ નીમવી. તે સમિતિ તે કામ કરે.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

ધાર્મિક પાઠશાળાઓને મદદ.

ઉપરોકત સંસ્થાની વ્યવસ્થાપક સમિતિની એક સભા તા. ૧૪-૮-૩૫ બુધવારના રોજ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડીઆનાં પ્રમુખપણું હેઠળ મળી હતી, જે સમયે નીચે મુજબ નિર્ણયો થયા હતા.

૧. ધાર્મિક પરીક્ષાઓનાં અભ્યાસક્રમમાં ફેરફાર કરવા, તથા પરીક્ષામાં પાસ થનારાઓને ડિગ્રીઓ આપવા સબંધે વિચાર કરી મેનેજીંગ કમીટીને રિપોર્ટ કરવા (૧) શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ (૨) શ્રી મોહનલાલ બી. ઝવેરી (૩) શ્રી મોહનલાલ દલીચંદ દેશાઇ અને માનદ મંત્રીઓની એક પેટા-સમિતિ નીમવામાં આવી.

૨. પાઠશાળા મદદ માટે આવેલી અરજીઓ વિચારી નીચેની પાઠશાળાઓને જુલાઇ ૧૯૩૫ થી જુન ૧૯૩૬ સુધીના ૧ વર્ષ માટે મદદો મંજુર કરવામાં આવી.

—શ્રી હંસવિજયજી જૈન પાઠશાળા, **ધંધુકા** રૂા. ૨૫) —શ્રી કર્પૂરવિજયજી જૈન પાઠશાળા, **સમોઇ** રૂા. ૨૫) —શ્રી આત્મારામજી જૈન પાઠશાળા, **દરાપુરા** રૂા. ૨૫) —શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન પાઠશાળા, **આજોલ** રૂા. ૨૫) —શ્રી જૈન શ્વેતાંબર પાઠશાળા, **બડલૂ** રૂા. ૨૫) —શ્રી જૈન શ્વે. પાઠશાળા, **આમોદ** રૂા. ૨૫) —શ્રી જૈન ધર્મોત્તેજક પાઠશાળા, **ઝિંઝુવાડા** રૂા. ૨૫) —શ્રી મહુધા જૈન પાઠશાળા, **મહુધા** રૂા. ૨૫)—તથા વડીયાના સંઘ સમસ્તની અરજી વિચારી ત્યાં જે પાઠશાળા ઉઘાડવામાં આવે ત્યારે સર્વ વિગતો મળેથી રૂા. ૫૦) ની મદદ આપવા ઠરાવ્યું.

૩. ઇનામી મેળાવડો કરવા અંગેની વ્યવસ્થા કરવા મંત્રીઓને સત્તા આપી.

૪. શેઠ લલ્લુભાઇ ક. દલાલનું મેનેજીંગ કમિટીના સભ્ય તરીકેનું રાજીનામું વિચારતાં તે સ્વીકારી શકાય એમ નથી તેથી તેમને સભ્ય તરીકે ચાલુ રહેવા આગ્રહપૂર્વક વિનંતિ કરવા ઠરાવવામાં આવ્યું.

બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા વિસર્જન થઇ હતી.

આ કામ પ્રશ્નાવલિઓ મોકલી વિગેરે રીતે નહીં થાય. સમિતિના સભ્યો પ્રથમ કાગળ પત્ર દ્વારા કામ લે. અને જરૂર પડે રૂબરૂ જઇ તપાસ કરે. અને ગેરવાજબી હોય તો સુધારવા સમજાવે. અથવા કાંઇ તકરાર હોય તો તેનું સમાધાન કરાવે. તેમ છતાં તેવું ન બને ને કોર્ટનો આસરો લેવો વ્યાજબી લાગે તો, ન છુટકે લે જે કે આ પદ્ધતિ યોગ્ય નથી. આપણાં આવાં ખાનગી ખાતામાં રાજ્યની દરમ્યાનગીરી થાય તે ઠીક નથી. પણ જ્યારે આપણે પોતે સમજીએ નહીં તો, તે સિવાય બીજો માર્ગ નથી. ખર્ચને માટે તો જરૂર એ અડચણ નહીં આવે, સારાં કામ થશે તો પૈસા જરૂર સમાજ આપશે. આપે જોય પણ છે. વળી બાલાભાઇ કેટલાક વખતથી વ્યકિતગત તે કામ કરે છે તેથી તેમને અનુભવ છે. પણ વ્યક્તિગત કામનો બોજો ન પડે, તેથી કામ બરોબર થાય નહીં. જ્યારે સમુહગત હોય તો વજન પડી, કામ સારૂં અને સફળતાથી થાય. માટે તે કામ જરૂર કરવા વિનંતી છે.

સમાચાર સાર.

આ વરસે મુંબઇમાં ગોડીજીને ઉપાશ્રયે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ ચોમાસું કરેલ છે. પન્યાસજી ક્ષમા વિજયજીએ લાલબાગમાં ચોમાસું કરેલ છે. તથા પન્યાસજી ઋષિમુનિએશ્રી મહાવીર સ્વામીજીને દેરે ચોમાસુ કરેલ છે. પર્યુષણમાં ગોડીજીને ઉપાશ્રયેથી મુનિરાજશ્રી ચરણવિજયજી કોટને ઉપાશ્રયે વ્યાખ્યાન વાંચવા ગયા હતા–મુનિરાજશ્રી ઉત્તમવિજયજી સેન્ડહર્સ્ટરોડને ઉપાશ્રયે ગયા હતા–મુનિરાજશ્રી સમુદ્રવિજયજી ગુલાલવાડીમાં ઓશવાળ (મારવાડી) ભાઇઓને વ્યાખ્યાન આપવા તેઓની જગ્યામાં ગયા હતા—મુનિરાજશ્રી ગુલાબમુનિજી બંદરને ઉપાશ્રયે ગયા હતા–આ પ્રમાણે મુંબઇમાં મુનિરાજોએ જૈન ભાઇઓને પર્યુષણ દરમ્યાન ધર્મક્રિયા કરવામાં ઘણી સારી સગવડ કરી આપી હતી.

શ્રી ગોડીજી દેરાસરનાં નવા ટ્રસ્ટી–અત્રે પાયધુની પર આવેલા ગોડીજીના દેરાસરમાં ટ્રસ્ટી તરીકે ગોધારી સાથમાંથી શા. નાનાલાલ હરિચંદને દેરાસરના ટ્રસ્ટીઓએ ચૂંટી કાઢયા છે.

અભિનંદન આપવાનો મેળાવડો–કચ્છી દશા ઓ. મિત્રમંડળ મુંબઇ ના આશ્રય હેઠળ તે જ્ઞાતિના મેટ્રિક અને તે પછીની પરીક્ષામાં પસાર થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપવાનો એક મેળાવડો તા. ૨૧–૮–૩૫ ના રોજ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆના પ્રમુખપદે કરવામાં આવેલ છે.

જુનાગઢની મુળાકાતે–શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહિવટદારો પ્રતિનિધિઓ પૈકી શેઠો કસ્તુરભાઇ લાલભાઇ અને સારાભાઇ ડાહ્યાભાઇ વિ. એ જુનાગઢ જઇ કેટલીક ધાર્મિક તકરારી જગ્યાઓ દિવાન શ્રી મોટીયને બતાવી ચર્ચા કરેલી છે.

જૈન તહેવારો પાળવા ઠરાવ–ભરૂચ જીલ્લા રકુલ બોર્ડના જંબુસરના જૈન સભ્ય ડોકટર જગમોહનદાસ મંગલદાસની દરખાસ્તથી. સદર બોર્ડે પોતાની તા ૧૭–૮–૩૫ ની સભામાં નીચે મુજબ જૈન તહેવારો આમોદ, જંબુસર અને અંકલેશ્વરની ગુજરાતી શાળાઓમાં પાળવા ઠરાવ કર્યો છે (૧) ચૈત્ર શુદી ૧૩ (મહાવીર જયંતિ) (૨) શ્રાવણ વદી ૧૨ (પર્યુષણ) (૩) શ્રાવણ વદી ૦)) (પર્યુષણ) (૪) ભાદરવા શુદી ૪ (પર્યુષણ).

પલ્લીવાલ જૈન કૉન્ફરન્સનું કાર્ય.

[વાંચકોને વિદિત હશે કે અખિલ હિંદ જૈન શ્વે. કોન્ફરન્સ મુંબઇ તરફથી એક ખાસ ઉપદેશક પલ્લીવાલ બંધુઓ માટે રાખવામાં આવેલ છે. એ પ્રાંતમાં થયેલ પ્રચાર કાર્યની હકીકતો આ પત્રના જુદા જુદા અંકોમાં પ્રકટ થયેલી છે. વિશેષ જે પ્રાપ્ત થયેલ છે તે આ નીચે આપવામાં આવે છે]

ગત વર્ષ હિન્ડૌન (જૈપુર પ્રાન્ત મેં) જૈન શ્વેતામ્બર બોર્ડિંગ ખોલા થા જિસમેં ૧૫ વિદ્યાર્થી થે ઉસમેં ૧૩ પાસ હુએ થે ઉસકે કારણ ઇસ વર્ષ વર્ષ પ્રારંભ હોતેહી ૨૧ વિદ્યાર્થી આગયે હૈં ઔર વિશેષ આને કી આશા હૈ। ખુરાક ભી બહુત સાદા હૈ। સુપરિન્ડેન્ટ તરીકે માસ્ટર કસ્તૂરચંદ અવૈતનિક કામ કરતે હૈ જો કિ સરકારી સ્કૂલ મેં માસ્ટર હૈં। પલ્લીવાલ હોને કે કારણ અપની સંસ્થાકો સંભાલતે હૈં ઔર વડી પલ્લીવાલ કાનફરેન્સ કે પ્રધાન મંત્રી હૈં। બોરડિંગકો બિલ્ડિગ ભી ઇસી વર્ષ મેં તૈયાર હોગઈ। હૈં બડેબડે મહલાત નહી હૈ કિન્તુ યહ મેહ ઔર ધૂપ સે બચનેકે લિયે હવાદાર સ્થાન તૈયાર હોગયા હૈ ઉસકે હિસાબ સે ઇસ વર્ષ છાત્ર વિશેષ આએ હૈં ઔર કમરોં કી જરૂરત હૈં સો સેઠ ઈન્દરચંદજી આગરેવાલે ઉદઘાટન કી કૃપા વાસ્તે પધારે થે તબ દો કમરોં વાસ્તે ૨૦૦) કહ ગયે હૈં સો બનને વાલે હૈં।

દૂસરે ભરતપુર પ્રાન્ત મેં બોર્ડિંગ કી સ્થાપના હુઇ। ભરતપુર રાજ્યમેં એક વૈર નામકી તહસીલ હૈ ઇસમેં પલ્લીવાલ ભાઈયોં કે દસ પન્દ્રહ ઘર હૈ, મન્દિર હૈ, ઉપાશ્રય હૈ। આસપાસ મેં દો ૨ વાર કોસ પર ભી ઐસે ગ્રામ હૈ જહાં પલ્લીવાલ રહતે હૈં ઔર વૈર મેં પઢને આતે હૈ ઉસ વાસ્તે ઇસી પર્યુષણપર્વ કે લગતે હી ભાદવા સુદી ૧૩ કો દૂસરે જૈન શ્વેતામ્બર બોર્ડિંગ હાઉસ કી ભી સ્થાપના હો ગઈ હૈ। પ્રારંભ મેં ૧૧ વિદ્યાર્થી આ ગયે હૈં ઔર બઢનેકી પૂરી આશા હૈં।

યહાં પર ભી માસ્ટર ભોરીલાલજી પલ્લીવાલ સુપરિન્ડેન્ટ તરીકે ઑનરેરી કામ કરેંગે વો યહાં કે સરકારી સ્કૂલમેં માસ્ટર હૈ। અલવર પ્રાંતમેં તીસરા બોર્ડિંગ ખોલને કી ભી તૈયારી કી જા રહી હૈ।

ધાર્મિક માસ્ટર ચાહીયે

દોનો બોર્ડિંગો મેં ધાર્મિક માસ્ટરકી બહુત જરૂર હૈ। કોઈ દાની મહાષય અપની તર્ફસે સામાયક, પ્રતિક્રમણ, નવતત્વ, જીવ વિચાર, કર્મ ગ્રન્થ, દંડક આદિકી અભ્યાસ કરાને કા પુન્ય ઉપાર્જન કરને કા સાહસ કરેંતો બહુત ઉત્તમ હો ક્યોંકિ ઉધર કે લોગ એકદમ નયે હૈ। જિતના બનતા હૈ કરતે હૈ કોઈ બતાનેવાલા પહુંચ જાવેગા તો બહુત ઉપકાર હોગા। આશા હૈ કોઈ ભાગ્યવાન ઇસ ખામી કો પૂરી કરેંગા।

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	રૂા.	૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો ...	રૂા	૦—૮—૦
,, ,, ભાગ ૧-૨ જો ...	રૂા.	૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી ...	રૂા.	૦-૧૨—૦
,, પ્રથાવાલી	રૂા	૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)	રૂા.	૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો	રૂા.	૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)	રૂા.	૬—૦—૦

લખો:–શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.
૧૪૯, શરાફ બજાર, મુંબઇ, ૨.

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૪૯, શરાફ બજાર, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનુ સરનામું:—'હિંદસંઘ'–'HINDSANGHA' REGD. NO. B. 1996.

॥ नमो तित्थस्स ॥




જૈન યુગ.

卐

THE JAIN YUGA.

(શ્રીજૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.)



તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો

વર્ષ: જીનું ૯મું / નવું ૪થું | તારીખ ૧ નવેમ્બર ૧૯૩૫. | અંક ૬૫.

પ્રકીર્ણ વિચારો

જેમ રાજકારણમાં તેમજ કેળવણીમાં પણ આત્મ-નિર્ણય અથવા સ્વયંવિકાસનો આદર્શ દાખલ થવો ઘટે. આજે દુનિયામાં બે આદર્શ વચ્ચે ઝગડો ચાલે છે. એક આદર્શ સામ્રાજ્યનો અને બીજો સ્વરાજ્યનો. સામ્રાજ્યનો આદર્શ બધું તન્ત્ર એકનાજ હાથમાં લાવવા માગે છે. એક હુકમ કરે અને બધા તે ઉઠાવે, એકનો દોર બધે ચાલે, એ સામ્રાજ્યનો આદર્શ છે. રાવણે તેજ આદર્શનો અખતરો કરી જોયો હતો. કેળવણીમાં પણ એક વિશ્વવ્યાપી કેળવણી ખાતું ઉભું કરી સર્વત્ર એકજ છાપના શિક્ષિત લોક પેદા કરવા એ આદર્શને સામ્રાજ્યનો આદર્શ કહી શકાય. સ્વરાજ્યનો આદર્શ આથી જુદો છે. આત્મા એકજ છે અને તે પરમાત્માનો અંશ છે માટે કેળવણીનું રહસ્ય સર્વત્ર એકજ હોય, પણ તે આત્મા દરેકમાં સ્ફુરતો હોવાથી દરેકને સ્વતન્ત્ર રીતે પોતાનો વિકાસ સાધી લેવાની છૂટ રાખવી એ સ્વરાજ્યનો આદર્શ છે.

* * *

આપણે ભવિષ્યના શિક્ષકોને હજી બરાબર સમજ્યા નથી. ભવિષ્યનો શિક્ષક એ જૂનો મહેતો નથી. તે પ્રજાનો ગુરુ છે. આજનું રાજ્યપ્રકરણ અને સમાજનું નેતૃત્વ ભલે ગમે તે વર્ગના હાથમાં હો, પણ ભવિષ્યમાં બાળકોની મનોરચના ઘડનાર અધ્યાપકજ સમાજનો નેતા અને રાજદ્વારી આગેવાન થશે, કેમકે ભવિષ્યનો અધ્યાપક જેમ માનસશાસ્ત્રી તેમજ સમાજશાસ્ત્રી પણ હશે. સમાજના દરેક અંગ અને પ્રત્યંગ પ્રત્યે તેની જ્ઞાનપૂર્ણ સહાનુભૂતિ હશે અને પ્રાચીન કાળના દીર્ઘદ્રષ્ટા બ્રાહ્મણો જે સ્થાન સમાજમાં ભોગવતા તેજ સ્થાન ભવિષ્યના અધ્યાપકો અને તેમની શિક્ષણ-સંસ્થાઓ ભોગવશે. સાચો બ્રાહ્મણ રાજાના શાસનથી પણ પર રહે છે તેજ પ્રમાણે શિક્ષણસંસ્થાઓ પણ સ્વતન્ત્ર રહેવી જોઇયે. બ્રાહ્મણને દાન કરી નમસ્કાર કરવાની પ્રથા છે, તેમજ આજે પણ ધનવાન લોકોએ શિક્ષણસંસ્થાઓને શ્રદ્ધાભક્તિ-પૂર્વક મદદ કરવી જોઇયે. અને ધનનો સદ્વ્યય કરવાની પોતાને તક આપવા માટે હમેશાં અધ્યાપકવર્ગના ઋણી રહેવું જોઇયે. અધ્યાપકો જેટલે દરજ્જે સમાજનો વિશ્વાસ ભોગવશે અને સમાજ તેમને જેટલી સ્વતન્ત્રતા આપશે તેટલે દરજ્જે જ તેઓ અને તેમની કેળવણી પ્રાણવાન થશે. અશ્રદ્ધાથી અધ્યાપકો ઉપર દોર ચલાવવા જશો તો તેમની કેળવણી નિષ્પ્રાણ થશે.

* * *

કોઇ પણ સંસ્થા ગમે તેવા સારા માણસોના હાથમાં હોય તો પણ ઉત્સાહથી અને ઝપાટાબેર કામ કરતાં તેમાં એકાંગીપણું આવે એ અપરિહાર્ય છે. પૂર્ણત્વના આગ્રહમાંજ અપૂર્ણતા પેસી જાય છે. 'તમારા છોકરાઓ તમારું શિક્ષણ લઇને શું કરશે? એ વિષે તમારું શું ધારવું છે?' એવા પ્રશ્નોને ઉત્તર આપવો સામાન્ય શિક્ષણ આપતી સંસ્થાઓના ચાલકોને બધે ભારે પડે છે. વર્ણવ્યવસ્થા જીવન્ત હતી ત્યારે આવો પ્રશ્ન ઉદ્ભવતો ન હતો આજીવિકા, સમાજસેવા અને આત્મસાધનના માર્ગ પરંપરાગત અને નિશ્ચિત હતા. આજે બધે અનવસ્થા છે, એનું સહેજ પ્રતિબિંબ આપણા વિચારોમાં અને આપણાં કાર્યોમાં પડે તો નવાઇ નથી. પણ કામમાં યશ મેળવવા માટે દરેક સંસ્થાનાં જીવનસૂત્ર અને જીવનસ્મૃતિ નક્કી થવાંજ જોઇએ.

(કાકા કાલેલકર)

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧-૧૧-૩૫ મંગલવાર.

સમાજને કોણ દોરી શકે?

આજે ચો તરફ દૃષ્ટિ ફેંકતા સહજ સમજાશે કે સંગઠન—સંપ—સહકાર આદિની વાતો જેટલેર ચાલી રહી છે. કમભાગ્ય છે માત્ર એક જૈન સમાજનાં કે જ્યાં હજી સંગઠનનું રહસ્ય યથાર્થરૂપ કયાંતો સમજાયું નથી અને ધારી લઇએ કે સમજાયું છે તો એના અમલમાં વિઘ્ન સંતોષી વર્ગ યેન કેન પ્રકારેણ મુશ્કેલીના પહાણા આડા ખડકી રહ્યો છે!

આશ્ચર્યની અવધિ તો ત્યારે થાય છે કે જ્યારે સમાજના આગેવાનો, વિચારક સૃષ્ટિમાં જેમનું સ્થાન અગ્રપદે આવે છે એવા વિચારકો અને વિશાળ બુદ્ધિમત્તા ધારણ કરનાર પ્રૌઢ અનુભવીઓ પણ કેટલીક વેળા ભાષણ કે લખાણમાં સંગઠન જેવી અણમોલી વસ્તુને પણ કોઇ જુદાજ સ્વરૂપે ચિતરી બતાવે છે! એતો સહજ અનુમાની શકાય છે કે કોઇપણ સમાજ સંપૂર્ણપણે દેશ કાળને અનુરૂપ જીવન જીવે કિવા આચરણ દાખવે એ અસંભવિત છે. કદાચ અસંભવિત શબ્દ અરૂચીકર લાગે તો કહીએ કે અતિ મુશ્કેલ છે, કેમ કે જ્યાંસુધી સમાજના એકેએક ઘર કે ખૂણામાં અથવા તો સમાજની નાની કે મોટી, દરેક વ્યક્તિ સુધી જ્ઞાન કિરણો પ્રસર્યા નથી ત્યાસુધી એવીજ દશા વર્તે એ અનુભવ સિદ્ધ વાત છે. આ જાતના પ્રચલીત નિયમમાંથી જૈન સમાજ પણ બકાત નજ રહી શકે. તેથી ઘણીવાર આપણે સાંભળીએ છીએ અને જોઇએ પણ છીએ કે એકાદી સામાન્ય બાબતથી સમાજનો અમુક ભાગ એના ગુણ દોષમાં ઉતર્યા વગર અથવા તો એ બાબતથી ભવિષ્યમાં થનારા લાભ કે ગેર લાભના આંકડા મૂક્યા વગર એકાદો ફટાકો ફુટે ને આસપાસની જનતા જેમ સફાળી ઝબકી જાય તેવી રીતે ઝબૂકી ઉઠે છે. જ્યાં પ્રાકૃત જન સમૂહની કક્ષાનું માપ આ રીતનું હોય ત્યાં સંસ્કૃત માનવીઓએ, વિચારવંત વ્યક્તિઓએ, સેવાભિલાષી પુરૂષોએ, એ સમાજ સામે રજુ કરવાના સવાલો પરત્વે પુષ્કળ વિચારણા કરી, ચારે તરફની દરકાર રાખીને એની ચર્ચા આદરવી જોઇએ કિંવા છણાવટ કરવી જોઇએ. આમ કરવામાં જેટલો પ્રમાદ સેવાય અને ઉતાવળ કરવામાં આવે એટલું કામ બગેડ્યામાય છે અને ધાર્યા કરતાં કોઇ જુદીજ સ્થિતિ ઉપસ્થિત થાય છે.

કદાચ આ વાત પહેલી તકે નગ્ન સત્યના હિમાયતીઓને અને વાણી સ્વાતંત્ર્યના ઉપાસકોને નહીં રુચે. નગ્ન સત્ય સાચેજ સુંદર છે પણ એનું ક્ષેત્ર વ્યકિત પુરતું જ. સમષ્ટિના વિશાળ પ્રવાહમાં કયાં તો એ સુંદરતા મારી જાય અગર તો વિરુપતામાં પરિણમે. તેથીજ 'પ્રિય-પચે તેવું અને હિતકારી એવું સાચું' કહેવાની સંતો ભલામણ કરે છે.

હવે સમાજ પ્રતિ આંખ ફેરવીએ. એક વિચારક ત્રણે ફિરકાના સંગઠનની વાત ઉચરે છે. ભાષાની મિષ્ટતાને વાણીની મધુરતા કર્ણને આહ્લાદકારી છે પણ એ જ્યારે એમ વદે છે કે 'આ તીર્થો કલેશો, આ શ્વેતાંબર દિગંબરોના ભેદો, અમૂક કહે મૂર્તિ પૂજવી જ્યારે બીજા કહે મૂર્તિપૂજા સામે અમારો પ્રખર વિરોધ છે' ઇત્યાદિ કલહોએ આપણને છિન્ન ભિન્ન કરી નાંખ્યા છે. એ કંઇ મહત્વના અંગો નથી. એ તો આપણને સાધુઓ તરફથી ઝનુન ચઢાવવા સારૂ ફેંકાયલા દાવો છે. એ બધાથી આપણે હાથ ખંખેરી નાંખી સંગઠન કરવું જોઇએ'. આતો માત્ર વાનકી રૂપ ભાવ તારવ્યો છે; બાકી વિચારક વદે ત્યારે સમજવું કે એમાં આવા તો બીજા કેટલાયે ઇશારા હોય.

વિચારક પછી એકાદા પત્રકારનાં અગ્રલેખમાં આંખ ધરીશું તો એની એ વાત પણ જુદીજ રીતે જુસ્સાદાર ભાષામાં આછા પાતળા મરી મશાલા સાથે પીરસવામાં આવી હશે. એ વેળા તીખાતમતમતા શબ્દોનો સંભાર ભરવામાં મણા નહિંજ રાખેલી હોય! સાથેાસાથ મૂર્તિપૂજાને સાધુ સંસ્થા સામે એવી રીતે શબ્દ રચના કરી હશે કે એ પરથી સાર તારવવામાં આવે તો સ્પષ્ટ માલમ પડે કે તંત્રીશ્રી મૂર્તિપૂજાને સાધુ સંસ્થાના વિરોધી છે. પણ આ બધાની પાછળ જે આશયને કાંટે ચઢાવીએ તો જણાશે કે એ પણ સમાજનો અભ્યુદયજ વાંછે છે. કોઇ વ્યક્તિ જૈન સમાજના સર્જન ઇચ્છે છે? આવું તો કેટલુયે રજુ કરી શકાય. એનો પ્રવાહ એકાદિ મહા નદી સરખો વહ્યો જાય છે. પણ જ્યારે શાંતચિત્તે આ બધી પ્રવૃત્તિઓનુ તોલન કરીએ છીએ ત્યારે મન વિષાદ પામે છે. પ્રયત્નોનાં પ્રમાણમાં ફળ નથી બેસતાં. ઘણુંખરૂં તો ઉખર ભૂમિપર થતી વર્ષા જેવું નિષ્ફળ ગયું જણાય છે! કેટલીક વારતો જે વર્ષાથી જીવન નિર્વાહમાં કામ લાગે એવા ધાન્ય પકવવાના કોડ હોય છે એને સ્થાને પશુ-પંખી અને માનવ ગણને હાનિ પહોંચાડે તેવા કંટકાદિ કે ઝાળા જાંખરાના ઝુંડ ઉગ્યા હોય છે! એવીજ રીતે સેવાધારીઓના પ્રયાસ પણ નિરર્થક ગયા હોય છે કયાં તો શ્રોતા વૃંદ સાંભળનાર નથી હોતો, કયાં તો થોડા મૂઠીભર હોય છે તેઓની અર્થ તારવણીમાં પણ ફેર હોય છે અને કોઇક એનો દુરૂપયોગ પણ કરે છે. જેવી ભાષણની દશા તેવીજ ઘણીવાર લખાણની થાય છે. કચરાની ટોપલી કે ખાદ્ય પદાર્થોના પડીકામાં એનો વાસ થઇ રહે છે. સહજ પ્રશ્ન થશે કે આમ કેમ થાય છે? ત્યારે શું સાંભળનારને પસંદ પડે તેવુંજ બધું કહેવું જોઇએ અથવા તો કોઇ

(અનુસંધાન પા. ૭ જુઓ.)

નોંધ.

અમરેલીનો જૈન ઝઘડો !

શ્રી અમરેલી તપગચ્છ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘમાં કેટલોક સમય થયાં દેહરાસર, ધર્મશાળા, ઉપાશ્રય વિગેરે મિલકતો અને તેનો વહીવટ એક તકરારી પ્રશ્ન બન્યો હતો અને તેણે કેટલોક સમય થયાં અંદર અંદર બેદિલી પેદા કરી હતી ! સત્તા અને ધન આ બન્ને વસ્તુ અનર્થકારી છે છતાં વ્યવહારમાં આ માયાવી આકર્ષણો અનેકને ઝઘડાવે છે અને તેના અનેક દૃષ્ટાન્તો અને ચાલુ ઝઘડાઓ જૈન સમાજનાં દરેક સ્થળે નાના યા મોટા સ્વરૂપે જોવામાં આવે છે આનાં અનેક કારણો મળી આવે પરંતુ તેનાં ઉંડાણમાં અત્રે ન ઉતરતાં અમરેલી પ્રકરણ અંગે વર્તમાનપત્રોમાં જે અહેવાલો પ્રકટ થયા છે તે જોતાં ત્યાંના સ્થાનિક જૈનો અને ખાસ કરી પક્ષકારોએ પોતાના મનોભેદ અને મતભેદનો જે રીતે નિકાલ આણ્યો છે તે ખરેખર બીજાઓને ધડો લેવા લાયક છે. આવા વહીવટી ઝઘડાઓ અનેક સ્થળે અત્યારે પણ ચાલુ છે અને આવા કલેશોને લંબાવવા અને ઉગ્ર બનાવવા પાછળ કેટલીએ શક્તિઓ વેડફાતી હોવા ઉપરાંત જૈન સમાજનું અનર્ગળ દ્રવ્ય આવા ઝઘડાઓને પોષવા યા મિટાવવા પાછળ ખર્ચાય છે. આનો અર્થ એ નથી કે વહીવટી દંભો-પ્રપંચો કે અનીતિઓ ચાલતી હોય તે ચાલવા દેવી ! પરંતુ આવશ્યક છે કે એવા ચાલુ મેલને ધોવા માટે અને ભૂમિકા સ્વચ્છ કરવા માટે કોર્ટ-દરબારના આશ્રય વિના અને હજારોનાં આંધણ વિના આવી કોઇ રીતે નિકાલ લાવી શકાય તેવા સંજોગો ઉભા કરવા અને તેને તાબે થવું એમ પક્ષ પ્રતિપક્ષો સમજે તો સમાજનું ઘણું દ્રવ્ય બચે એ વાત નિઃસંદેહ છે. પરંતુ કમભાગ્યે કેટલીક વખત બને છે એવું કે આવા ઝઘડાઓની પાછળ કેટલીક ઝઘડાખોરી મનોવૃત્તિ યા અંગત રાગદ્વેષનું પીઠબળ પણ હોય છે ! એવું હોય ત્યારે સમાજના સામુદાયિક હિતને લક્ષમાં રાખી પક્ષકારો અને સમાજના હિતેચ્છુ વિચારકો એકમત થાય તો ઘણો લાભ થાય. ચાલુ પ્રકરણમાંના લાગતા વળગતાઓ થયેલ નિર્ણયને માન આપી ભૂતકાળ વિસરી જઈ એકમતે અને એકમને સંઘની સેવા કરે એમ ઇચ્છીએ છીએ.

સભાસદો પ્રત્યે:-કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર ગત પર્યુષણ પર્વના દિવસો પૂર્વે સભાસદોને સુકૃતભંડાર ફંડની ટીકીટની કુપન બુકો પહોંચાડવામાં આવી છે તે તરફ લક્ષ ખેંચતા વિજ્ઞપ્તિ કરવાની કે આ ટીકીટોના નાણાં કેટલાક સભાસદો તરફથી ઓફીસને પહોંચાડવામાં આવ્યાં છે તેનો સ્વીકાર આવતા અંકમાં પ્રકટ થશે એટલે જે સભાસદો તરફથી તેવી ટીકીટ બુકો તેમજ ઉઘરાણીની રકમ કાર્યાલયમાં પહોંચાડવામાં આવી ન હોય તેમને યાદ આપવાનું કે આવતો અંક પ્રકટ થાય તે પહેલાં ઉઘરાણીની રકમ તથા ટીકીટોના અડધીયાં સત્વરે કૉન્ફરન્સ કાર્યાલયમાં પહોંચતાં કરવાં એ જરૂરી છે.

પુસ્તકોનો પરિગ્રહ-હાલ પુસ્તક પ્રસિદ્ધિ કરનારી સંસ્થાઓની વૃદ્ધિ થતી આવી તેમ મુનિરાજો ભકત શ્રાવકો પ્રાકૃત પુસ્તકો જરૂર પડે તેમ અભ્યાસ કરવાના હેતુથી લેવા લાગ્યા. હળવે હળવે તે તે પુસ્તકનો જથ્થો વધતો ગયો. વિહારના પ્રસંગે તે પુસ્તકો જુદે જુદે સ્થળે એકઠા થઈને પડયાં રહેવા લાગ્યાં અથવા તો વિહાર પ્રસંગે પુસ્તકો ઉપાડવા મજુરો રાખવા પડે. કેટલાંક પુસ્તકો ગુમ થઇ જાય એટલે તે સંબંધીનો દ્રવ્યવ્યય જેટલો જોઇયે તેટલો કાર્ય-સાધક નીવડતો નથી. જુદા જુદા મુખ્ય શહેરોમાં જાહેર લાયબ્રેરીઓ ઉઘાડવામાં આવે તો ઓછા ખર્ચે ઘણા મુનિરાજો તેનો લાભ મેળવી શકે ને જૈનબંધુઓ પણ લાભ લઇ શકે તેવા હેતુથી કૉન્ફરન્સની છેલ્લી બેઠકમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તેમાં એક ભાગ નાચે મુજબ હતો. આ ઠરાવનો વ્યવહારમાં અમલ કરવા માટે હજી સુધી પ્રયાસો થયા નથી. જુદા જુદા સ્થળના પ્રાંતિક સેક્રેટરીઓ અગર યુવક વર્ગ આ બાબતમાં સતત પ્રયાસ ચાલુ રાખે તોજ ધીરે ધીરે આ દ્રવ્યવ્યય વધારે ઉપકારક નીવડે. જુદા જુદા સંઘોના કામકાજમાં યુવકો સીધો રસ ન લે ત્યાં સુધી આ પ્રકારના દ્રવ્યવ્યયમાંથી કેવી કેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે તેનો ખ્યાલ આવી શકે તેમ નથી. આ સવાલને અંગે રચનાત્મક કામ પણ સાથેસાથ કરવાની જરૂર છે. સાધનો આપવાનું બંધ કરવાનું સુચવવા સાથે જ્ઞાનવૃદ્ધિ અર્થે તેવું આપણે કરવા માગતા નહોઇયે તો વ્યવહારૂ સગવડો ઉત્પન્ન કરવી જોઇયે. ધાર્મિક પુસ્તકોની લાયબ્રેરીઓ મુખ્ય મુખ્ય સ્થળે હોવી જોઇયે. તેમજ બહારગામ પણ પુસ્તકો આપી શકાય તેવી ગોઠવણ કરવી જોઇયે. હાલ ભાવનગરના સંઘની એક મીટીંગ નવા વરસના બન્નેનો વિચાર કરવા મળી હતી તે વખતે જ્ઞાન ખાતાને અંગે રકમ મંજુર કરવાની હતી તેમાં બીજી ખર્ચની રકમો સાથે રૂ. ૩૦૦ મુનિરાજશ્રીને પુસ્તકોની ભેટ માટેના હતા તે વખતે પુસ્તકો ભેટ આપવાના મુદ્દા ઉપર ચર્ચા થઇ છતાં તેટલી રકમ તો મંજુર કરવામાં આવી હતી.

જ્ઞાનખાતાંની કમીટી ભેટ આપવાને બદલે અભ્યાસ પુરતા પુસ્તકો આપે ને પુસ્તકોની માલીકી શ્રી સંઘની રહે જેથી બીજા મુનીરાજોને પણ તે પુસ્તકોનો લાભ મળી શકે એ પ્રકારે ચર્ચા થઇ હતી. થોડા દિવસ પછી એક મીટીંગ નવપદ આરાધક સમાજના આશ્રય નીચે મળી હતી તે વખતે રા. જીવરાજભાઇ ઓધવજી દોશી જેઓ ગોહિલવાડના પ્રાંતિક સેક્રેટરી છે તેઓએ ફરીયાદ કરી કે ભાવનગર સંઘમાં જ્ઞાનની પિપાસા ઓછી છે. જવાબદાર વ્યક્તિએ પુરેપુરી તપાસ કર્યા વગર ફરીયાદ કરવી તે વ્યાજબી નથી. આ રકમનો વધારે વિશાળ ઉપયોગ થાય)ને વધારે મુનિરાજો લાભ લઇ શકે તેવી સુચના એ જ્ઞાનની પિપાસા ઓછી કેમ મનાય ? દરેક સ્થળે આવા ખર્ચોની બિમતમાં ઉંડા ઉતરવાથી ઘણું અજવાળું પડશે ને સાથેસાથ જ્ઞાનની વૃદ્ધિ ઓછે ખર્ચે પણ બહોળા પ્રમાણમાં થવાના માર્ગો જડી આવશે.

રથયાત્રાનો વરઘોડો.

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી નો ખુલાસો.

"મુંબઇ સમાચાર"ના તા. ૧૬-૯-૩૫ ના અંકમાં ભાઇ ભગવાનજી કપાસીએ મારા લેખની સામે બચાવ રૂપે જે કંઇ લખ્યું છે તે જોતાં જણાય છે કે મુદ્દાની વાત બાજુપર રાખી ભળતે ભળતી વાતોપર હવાઈ કીલ્લા ચણ્યા છે! તે ભાઇના કહેવાનો સાર કહાડીએ તો એટલોજ કે:—

૧ બાળાઓ નિર્દોષ હતી.

૨ તેઓએ માત્ર દાંડીયા લીધા હતા. અને તે પણ રથ સમીપે.

૩ આ જાતની ભક્તિને નાચ લખવામાં મેં ભુલ કરી છે.

૪ મારે આગેવાનોને વાત કરવી જોઇતી હતી.

૫ મેં શાસનપ્રેમી બંધુઓ તરફ ભક્તિને ઉતારી પાડવા રોષ દાખવ્યો છે.

પ્રત્યુતરમાં મારે કહેવું જોઇએ કે—બાળાઓ આજે પણ નિર્દોષ છે. એ બહેનોને મેં દોષીત ઠરાવી નથી કેમકે તેમનો હેતુ શુદ્ધજ હતો. જે કંઇ દોષ જોયો છે એ પ્રથા પાડનાર બંધુઓનોજ જોયો છે. બાકી બધી બાળાઓ નહોતી. તેમ ભાઇશ્રી જણાવે છે તેમ આઠથી બાર વર્ષની વયની પણ નહોતી. મારે વીના સંકોચે કહેવું જોઇએ કે એમાં ભાગ્યેજ દશ વર્ષની નીચેની કોઇ બાળા હશે! એમાં ઘણીખરી ચૌદ વર્ષની બહેનો હતી. જેમ કુમારીકાઓ હતી તેમ પરણેલી પણ હતી. પછી તે એક હોય કે વધુ એ જુદી વાત છે! વળી ભાર મુકીને જણાંવવાનું કે કેવળ દાંડીયા નહોતા રમાયા, સાથે માથાપર ગાગર લઇ ગોળ વર્તુલમાં અંગના તાલબંધ મરોડ સાથે ફરવામાં પણ આવેલું જ. ભાઇ કપાસીને આ જાતની ક્રીયાને 'નાચ' કહેવામાં હીણપત લાગે છે પણ મારે કહેવું જોઇએ કે એ જાતની કરણી એ નૃત્યનો એક પ્રકારજ છે. વળી નૃત્ય એ નારી જાતી માટેની એક કળા હોવાથી નાચ કરે એ ખોટું કાર્ય નથીજ. મારો વિરોધ નાચ સામે નથી પણ 'જાહેર રસ્તાપર આવું કાર્ય થાય તે સામે છે.' ભક્તિના ઘણા પ્રકારો છે જેમાં નૃત્યનો સમાવેશ થઇ શકે છે પણ તેથી ભક્તિના નામે ભાઇશ્રી કપાસીએ કર્યો છે તેવો ખોટો બચાવ નજ થાય. પ્રભુશ્રી અર્હન્દેવના શાસનમાં ભક્તિને જરૂર મહત્વનું સ્થાન છે છતાં એ ભક્તિ સમજ વિવેકને જ્ઞાનપૂર્વક હોય તોજ. નીતિના ધોરણે એનું મહત્વ સચવાતું હોય ત્યારેજ ભક્તિનું નામ શોભે છે તે સિવાયની કરણીને ભક્તિ કહેવામાં જોખમ છે. એકજ દાખલો લઇએ. આપણે તેમજ ઇતર ધર્મવાળા દેવમુર્તી પ્રતિ બહુમાન ધરાવીએ છીએ છતાં ઇતર ધર્મવાળાની માફક ચર્ણોદકને નથી તો પીતા કે નૈવદ્યને પ્રસાદ ગણી નથી આરોગતા એથી સહજ સમજાશે કે ભક્તિ તથા મહત્વ સરખી રીતે માન્યા છતાં બીજો વિચાર પણ જરૂરી છે. આ બહેનોની ભક્તિ (નૃત્ય) એ ત્રાંબાકાંટા આગળ એવી સ્થિતિ ઉત્પન્ન કરી કે તેમની ચારે બાજુ પ્રેક્ષકોની સખત ભીંડ જામી અને આગળ ચાલવા માર્ગ પોલીસનીમદદ મળી ત્યારે થયો. શું આ જાતની ભક્તિ કુલીન બહેનો માટે ઇષ્ટ છે? અહીં બહેનોની ભાવનાનો પ્રશ્નજ નથી. તેમની ભુલ પણ નથી. પણ જેમણે આ જાતની રીતિ યોજી તેઓ શું ભુલ્યા નથી?

ભાઇ કપાસી વારંવાર આ બધું રથ આગળ બન્યાનું લખે છે ને તેથી એમ ઠસાવવા માગે છે કે પ્રભુની મુર્તી સામે બન્યુ પણ એમાં તેમનો ગંભીર પ્રમાદ થાય છે. બહેનો પછી રથ કેટલોયે પાછળ હતો. વચમાં તો કાંસી વગાડનાર વર્ગ પાલખી આદી બીજા કેટલાયે બંધુઓનો સમાવેશ થતો. ચંપાગલી આગળ બહેનો આગળ ગયા બાદ એવું અંતર પડેલું કે એક દીશામાંથી બીજી દીશામાં વાહન જતાં. સ્થિતિ તો આ પ્રમાણે હતી છતાં માની લઇએ કે રથ સમીપ દાંડીયા લેવાતા હતા તેથી મી૦ કપાસી શું કહેવા માંગે છે? મુદ્દાનો પ્રશ્ન હવેજ આવે છે જેનો તેમણે કંઇ ખુલાસો કર્યોજ નથી. પ્રભુ મુર્તિ સામે જાહેર રસ્તે આ જાતની ભક્તિ યોગ્ય છે? ઉપરોકત બહેનોએ જે જાતની ભક્તિ દાખવી છે એ રીત આપણા માટે ઉચીત છે? એને શાસ્ત્રના કોઇ પાઠનો આધાર છે? શું એમાંજ ભક્તિનું સર્વસ્વ સમાય છે? મારા લેખનો મુખ્ય આશય એ પ્રશ્નોના જવાબમાં સમાયો છે. મારા લેખનું મથાળું બાંધતા નાચ શબ્દનો પ્રયોગ થયેલ છે તેથી તમો હડ હડતું અપમાન માની બેઠા હો તો મારે કહેવું ઘટે કે તેવું કંઇજ નથી. બનાવ બની ચુકયો હતો. મારા જેવા કે તમોએ માનેલા સામા પક્ષના અથવા તો જાહેર જનતાજ માત્ર નહીં પણ ખુદ શાસનપ્રેમી બંધુઓમાંના કેટલાક આ રીતી વ્યાજબી નથી. એમ માનતા હતા. અહીં હું જેને નૃત્ય કહું છું ને તમો જેને ભક્તિ માનો છો તેને ઉતારી પાડવાનો સવાલજ નથી. આ જાતની નવી પ્રથા યોગ્ય નથીજ જે વાત મારા લેખથી પુરવાર થઇ છે. ભાઇ કપાસી હાજર રહેલા આગેવાનોને વાત કરવાનું લખે છે અને એ વાત જરૂર આદરણીય છે પણ આગાઉ એ જાતનું અવલંબન લેનાર પંડીત લાલન અને શ્રીયુત્ અમરચંદ ભાઇને જે જાતના કડવા અનુભવ થયેલા એ વિચારતાં મારા જેવો એવું પગલું ન ભરે તો એમાં અજાયબ થવા જેવું નથી. આગેવાનો ધારતે તો ચાલુ વરઘોડે પ્રથા અટકાવી શકતે પણ ભાઇ કપાસી લખે છે તે મુજબ તેમને વસ્તુસ્થિતિ યોગ્ય લાગી હશે! બાકી મારા શાસનપ્રેમી સ્નેહીઓ તરફથી મેં સાભળ્યું છે કે એક બે આગેવાનોને આ વાતની ખબર પણ ન હતી. અને જે કંઇ થયું છે એ વ્યાજબી નથી થયું—ફરીથી આવું થનાર નથી. જો આ વાત સાચી હોય તો ખુશી થવા જેવુ છે તેથી આ ચર્ચા અહીંજ અટકે છે. છેલ્લા પ્રશ્ન તરફ જોતાં ભાઇ કપાસીને મારી શરૂઆતની પ્રસ્તાવના રોષરૂપ લાગે છે. પણ તેમને હું ખાત્રી આપું છું કે શાસનપ્રેમી બંધુઓથી કેટલીક બાબતમાં મારા વિચાર જુદાં છતાં તેમને મારા બંધુ-ઓજ માનું છું તેથી રોષ ધરવાનું કારણજ નથી. એ પ્રસ્તા-વના તો એટલા સારૂં કરવી પડી કે જેઓ વાતવાતમાં આગ-મને યાદ કરે ને ધર્મને ઘડીભર પણ વીસરો ન મુકે તેઓ આવી

પહાડ જેવી ભૂલ કેમ કરે? મને યાદ છે કે સોસાઇટીના કહેવાતા અધિવેશન પહેલાં મુળજી જેઠા મારકીટના હોલમાં જે સભા ભરાયેલ તેમાં એક આગેવાને કહેલું કે, "આ અધીવેશન ઘણી રીતે વિશીષ્ટ છે; કારણ કે માધવબાગમાં જૈનોના થયેલા અત્યાર સુધીના અધિવેશનોમાં માત્ર અર્થ કામની વાતો થઇ છે જ્યારે આપણામાં ધર્મની થનાર છે! વળી અત્યાર સુધીના પ્રમુખો જડવાદને પોષનારાને સુધારામાં તણાઇ જનારા આવી ગયા ત્યારે આ વેળા એક મહાન ધર્માત્મા આવનાર છે તે માત્ર ધર્મનીજ વાત કરનાર છે' આમાં આત્મશ્લાઘા લાગે છે? પ્રશ્ન એ થાય છે કે શત્રુંજય માટેના ખાસ અધિવેશનમાં પણ અર્થ કામની વાતો થઇ હતી? બીજી તરફ જોઇએ તો ખુદ આ ધર્મ માટેના અધિવેશનમાં એક ભાઇએ 'ચંડાળ ચોકડી, અધર્મીઓ, નાસ્તિકો' ઇત્યાદી પ્રલાપો દ્વારા સામાં પક્ષવાળાને ભાંડેલા એનો સમાવેશ શું ધર્મમાં થતો હશે! જ્યાં આટલી હદે અને આવી જાતની ધગશ વર્તતી હોય ત્યાં મારી પ્રસ્તાવના રોષભરી છે એ કહેવું શું વધુ પડતું નથી? બાકી એટલું નોંધી રાખવું કે શ્રાવકોની વાતો ધર્મ અર્થ અને કામરૂપ ત્રણ વર્ગ યુકત હોવાનીજ. માર્ગાનુસારીના પાંત્રીશ ગુણમાં 'ત્રીવર્ગમપી સાધયેત' એ વાકય એ સારૂંજ મુકાયું છે. એ ઉપરાંત માત્ર તપગચ્છમાં પણ અમુક સ્તવનને માનવા, વળી દેવચંદ્રજીનું સ્નાત્રનજ ભણાવાય, અમુકનાજ સ્તવન કહેવાય ઇત્યાદી બાબતો શાસ્ત્રના મુળ માર્ગથી જુદી રીતે શાસનપ્રેમી બંધુઓમાં મનાતી જોઇને પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો પડયો છે. એ બાબતો શાંત ચીતે વિચારાશે તો સહજ એ પાછળ રહેલો સાચો ભાવ સમજાશે. બાકી હું શાસનપ્રેમી વર્ગ માટે લખું કે ભાઇ કપાસી કોન્ફરન્સ માટે લખે એથી કાર્ય સુધરવાનું નથી. એ માટે તટસ્થ વ્યકતી ન્યાય તોળી શકે. જુન્નરના એક ઠરાવથી કોન્ફરન્સ અધર્મી બની જાય એ માનવું જેટલું એહુદુ છે તેટલું અમુક ધાર્મીક કાર્યોના પાલન માત્રથી શાસનપ્રેમી બંધુઓ એકલા ધર્મના રક્ષકો બની જાયને બીજા ધર્મને દુભાડનાર કહેવાય એ પણ એહુદુ છે. હા, એટલું ચોક્કસ છે કે ઉભય પક્ષમાં જેમ કાચાને ધર્મ ધગશવાળા મનુષ્યો છે તેમ એવા પણ છે કે જેમને ધર્મની કંઇજ નથી પડી માત્ર સ્વાર્થ પોષવા તેઓ સદાકાળ કલેશને એક યા બીજી રીતે પોષ્યા જાય છે! એવા છેલ્લાપાટલે બેઠેલા સુધારકો કે બીગાડકો અથવા તો કલહખોરો કે રૂઢી પોષકોને બાજુએ મુકી આજે પણ સંપ સાધી શાસનની એકધારી ઉન્નતી કરી શકાય તેમ છે. જેને શ્રી. મહાવીર દેવ પ્રત્યે માન છે એને સાધુ સંસ્થા માનવીજ પડવાની. વળી મને તો એટલી શ્રદ્ધા છે કે એ વર્ગના લાખો પ્રયત્ન થશે તો પણ જૈન સીદ્ધાંતની એક ખીલી પણ હાલવાની નથી. પણ તેથી એ સામે યોગ્ય પ્રયાસ કરવાની ના નથી. છતાં હૃદયમાં એવો ગર્વ પણ ધરવાની જરૂર નથી કે આ બધું અમેજ કર્યું–અમોએ આમ ન કર્યું હોત તો આ બધુ આમ થઇ ગયું હોત! એ જાતની આત્મશ્લાઘા જૈન ધર્મને મંજુર નથી. ભાઇ કપાસીએ કેળવણી તથા સુધારાના નામે થતાં નાચો ને પોશાક માટે લખ્યું છે. એ સંબંધમાં એટલુંજ કહેવું કાફી છે કે જ્યાં નૈતીક બંધન ઢીલા પડતાં હોય અને સ્ત્રી સમાજની કુલીનતા કે ગૌરવને ક્ષતી પહોંચતી હોય એ બધું ત્યજવા જેવું છેજ. પછી તે કોઇ પણ પક્ષનું હોય! એમાં કોન્ફરન્સને સંડોવવાથી શું લાભ? કોન્ફરન્સ તો સારાયે હિંદના જૈનોની છે જ્યારે પક્ષો માત્ર મુંબઇ ઇલાકામાંજ અને અમુક ભાગ પુરતા છે.

અંતમાં જણાવવાનું કે મુની સંમેલને દિશા દેખાડી છે તો એ અનુસાર ઉભય પક્ષના મોવડીઓ કમરકસી સંપ કરવા ધારે તો અશકય વાત નથી. એ માટે ઉભય પક્ષની તમન્ના જોઇએ અને બાંધછોડ કરવાની વૃતી પણ જોઇએ. સંપ થતાં ઘણીખરી સ્થિતિ સુધરી જશે અને છેલ્લે પાટલે બેસનાર કે કલેશ ઉત્પાદક વર્ગ આપોઆપ ઉઘાડો પડી જશે. ત્યારેજ શાસનની સાચી પ્રભાવના થશે. છુટા છવાયા કાર્યોથી કે જુદી છાવણીઓમાં વહેંચાઇ જવાથી જૈન સમાજનું ગૌરવ જોખમાય છે.

ભાઇ કપાસી ઉપરના લખાણથી સમજી શકશે કે મારા લેખનો આશય ન તો કોઇનો પર દોષારોપણ કરવા નો કે નૃત્ય યા ભકિતને તિરસ્કારવાનો હતો. વાંધો માત્ર એ જાતની પ્રથા શરૂ થઇ ઘર કરે તે સામે હતો, એ સંબંધમાં જ્યાં લગી કોઇ બંધુ તરફથી સિદ્ધાંતિક બચાવ ઉપસ્થિત કરવામાં ન આવે ત્યાંસુધી પુનઃ પુનઃ ચર્ચા લંબાવવાનો મારો આશય ન હોવાથી અહીંજ એની સમાપ્તિ થાય છે. શુદ્ધ બુદ્ધિથી લખાયેલ લખાણ છતાં કોઇ બંધુઓનું કિંવા બહેનોનું દિલ દુઃખાયું હોય તો તે માટે તેમની ક્ષમા ચાહી વીરમું છું.

જૈન તીર્થોના સચિત્ર ઇતિહાસના ગ્રાહકોને

પાલણપુર નિવાસી શ્રી **નાથાલાલ** છગનલાલ શાહ તરફથી અમોને ઉપર્યુક્ત પુસ્તકના ગ્રાહકોને ડિપાઝિટના રકમ પાછી આપી દેવા પત્ર મળેથી કાર્યવાહી સમિતિએ જે જે ગ્રાહકોએ ડિપાઝિટની રકમ જમા આપેલી હોય તે પાછી આપી દેવા ઠરાવેલ છે. તો અસલ ડિપાઝિટની રસીદ કોન્ફરન્સમાં આપી ડિપાઝિટ પાછી લઇ જવા વિજ્ઞપ્તિ છે.

—કોન્ફરન્સ કાર્યાલય

નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

શ્રી ન્યાયાવતાર	રૂા.	૧—૮—૦
જૈન ડીરેકટરી ભાગ ૧ લો ...	રૂા	૦—૮—૦
,, ,, ભાગ ૧-૨ જો ...	રૂા.	૧—૦—૦
,, શ્વેતાંબર મંદિરાવળી ...	રૂા.	૦-૧૨—૦
,, ગ્રંથાવલી	રૂા.	૧—૦—૦
,, ગુર્જર કવિઓ (પ્ર૦ ભાગ)	રૂા.	૫—૦—૦
,, ,, ,, ભાગ બીજો	રૂા.	૩—૦—૦
,, સાહિત્યનો ઇતિહાસ (સચિત્ર)	રૂા.	૬—૦—૦

લખો:–**શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.**
૧૪૯, શરાફ બજાર, મુંબઇ, ૨.

કાર્યવાહી સમિતિની સભા.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા આજરોજ તા. ૩૦-૮-૩૫ ના રોજ રાતના સ્ટાં. ટા. ૮ વાગે સંસ્થાની ઓફીસમાં મળી હતી તે વખતે સભાનું પ્રમુખસ્થાન શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ સોલીસીટરને આપવામાં આવ્યા બાદ સંસ્થાના એક રેસીડેન્ટ જનરલ સેક્રેટરી **શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરીએ** પોતાના હોદ્દાનું આપેલ રાજીનામું રજુ થતાં તે સંબંધી નીચે મુજબ ઠરાવ કરવામાં આવ્યો હતો.

ઠરાવ શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરીનું રાજીનામું રજુ થતાં એવો ઠરાવ કરવામાં આવે છે કે તેમણે શ્રી કૉન્ફરન્સના એક રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરિકે છેલ્લાં કેટલાંક વર્ષો થયાં પોતાનાં ખરાં તન, મન અને ધનથી આપણી કૉન્ફરન્સની અતિ ઉલટ અને ઉત્સાહથી સેવા કરી છે અને તેની પ્રવૃત્તિઓને આગળ ધપાવવા માટે સારો ભોગ આપ્યો છે તે બદલ આજની કાર્યવાહી સમિતિ તેમની તે સેવાઓની નોંધ ઉપકાર સહિત લે છે અને તેમણે આપેલ રાજીનામું ઘણી દિલગીરી સાથે સ્વીકારે છે.

ઉપરના ઠરાવને યોગ્ય પત્ર સાથે શેઠ રણછોડભાઈને મોકલી આપવા સૂચના થયા બાદ હિંદુ ટ્રસ્ટ રેજીસ્ટ્રેશન બિલ સબબે નિમાયેલ પેટા કમિટીનો રિપોર્ટ મંજૂર રાખવામાં આવ્યો અને ઘટતે સ્થળે એક રપ્રેઝેન્ટેશન મોકલવા ઠરાવવામાં આવ્યું

શ્રી નાગકુમાર મકાતી પ્રાંતિક મંત્રી વડોદરા ખેડા વિભાગ તરફથી શ્રીમાન્ મહારાજા ગાયકવાડના હીરક મહોત્સવ પ્રસંગે તેમને યોગ્ય અભિનંદન આદિ કરવાની સૂચનાવાળો પત્ર રજુ થતાં ઠરાવ્યું છે. આ બાબત વિશેષ હકીકત મેળવી હવે પછી યોગ્ય નિર્ણય પર આવવું

आवश्यक्ता.

—:०:—

जैनधर्म और श्वेताम्बर जैन (मूर्तिपूजक) आगमोंपर जिन महानुभावोंकी श्रद्धा, भक्ति, व प्रेम हो ऐसे विद्वान पंडित जो प्राकृत संस्कृत की हाईडिग्री तकका अभ्यास किये हुवे हों उन महाशयों को चाहिये कि वे अपना अभ्यास अनुभव व, प्रमाणपत्र के साथ कमसेकम वेतन की अपनी इच्छा नीचे लिखे पत्तेसे सूचित करें क्यों कि अजिमगज में जैन आगमोंका हिन्दी भाषांतर करवाने का हमारा विचार है.

ली. बाबू निर्मलकुमारसिंह नवलखा,
नवलखा स्टेट,
पो. ओ. अजिमगंज,
(मुर्शिदाबाद बंगाल).

(અનુસંધાન પાનુ ૮ થી ચાલુ)

વાડોને તોડી આપણે એ ધર્મ પ્રચારના ક્ષેત્રને શું વિસ્તૃત ન કરી શકીએ?

આજે કોઇ એમ ન પૂછે કે ઓછામાં ઓછું કેટલું આપી શકીએ તો ચાલી શકે અથવા અમારી ઓછામાં ઓછી કેટલી સેવાથી ચલાવી શકશો? કારણ દાનના દુકાળ પડયા છે અને સાતે ક્ષેત્રો આજે સુકાય છે. છતાં પરિસ્થિતિના અભ્યાસ વગરનો આપણો ખરચ આંધળો છે. એટલે આપણે ધીરે ધીરે બેકારના પ્રદેશમાં ધસડાઇએ છીએ.

આપણા પૂર્વજો રાજાઓ હતા! સૈનિકો હતા! દિવાનો હતા! ધનાઢયો હતા! એઓ લઢાઇઓ લઢતા! વૈભવો માણતા! કરોડો કમાતા–અને એ બધું એ એક ક્ષણમાં ત્યાગી સાચું ત્યાગી જીવન જીવી જાણતા.

આપણા ધાર્મિક સંસ્કારોથી સંસ્કારીત થએલા મનુષ્યોમાં આ તેજોમય તત્વ છુપાએલું હતું. આજે આપણા જીવનમાંથી એ તત્વ અદૃશ્ય થયું છે. એટલે હાલ તો મોટા ભાગે એ માર્ગમાં વ્યવહારમાં નિષ્ફળ ગએલા પુરૂષો અથવા અણસમજુ બાળકો પ્રવેશ કરે છે અને આપણા સાધુઓ પણ તેવાજ મનુષ્યોને એ માર્ગે ધસડવાના પ્રયાસો કરે છે, એટલે એ તેજોમય જીવનના તેજ ઝાંખાં થઇ ગયાં છે. અને વિકાસ સાધવાને બદલે એ વર્ગ બાહ્ય જંજાળોમાં લપેટાઇ જતો આપણી નજરે આવે છે.

આપણા લેખકોએ હજારો વાતો લખી અને આપણા વક્તાઓએ સેંકડો વાતો સંભળાવી પરંતુ એ હજારો વાતો કરતાં ક્રિયામાં મૂકાએલું એક પગલું વધારે અસરકારક છે એ વાત બરાબર ન સમજાવી. પરિણામે મરવાની આળસે જીવતાં વાતોડીયા મંડળો વધી પડયાં અને રચનાત્મક કામ કરનારી સંસ્થાઓના દુકાળ પડયા. જ્યારે વાંચેલું કે સાંભળેલું ભૂલી જવાય છે ત્યારે પણ ક્રિયારૂપે રજુ થએલું સ્થાપત્ય નજર સામે આવીને ઉભું રહે છે. અને એના ઉપકારના પ્રવાહો હરહમેશ ચલુ રહે છે એ વાત આપણામાંના ઘણાં થોડા મનુષ્યોનેજ સમજાણી છે. આપણા યુવકોએ દુધમાં ગરમી લાવવા દુધને સગડી ઉપર ચઢાવ્યુ અને પછી તેની સંભાળ રાખી નહિ પરિણામે દુધમાં ઉભરો આવ્યો અને દુધ ઢોવતાં ભેગુ થયુ એટલે દુધમાં ગરમી આવવાને બદલે દુધની હાની થઇ. દુધના ઉભરા સમી કેટલીએ વાતો આપણા યુવકોએ કરી નાંખી પરિણામે સમાજ સરોવરના ડોળાતા પાણીમાં થોડા એક વર્તુલો વધવા પામ્યા.

આપણી સમાજમાં પોતાને ધર્મી માનતો એક વર્ગ થોડા એક વખતથી અસ્તિત્વમાં આવ્યો છે. તેના નાયકોનું જ્ઞાન સર્વદર્શી નહિ હોવાને કારણે, તેવા ધર્મિ ગણાતા મનુષ્યોમાં ધાર્મિક જુસ્સાને બદલે ધાર્મિક ગુસ્સો ઘણો હોય છે. અને એ કારણે તે વર્ગ ધર્મના નામે સમાજમાં ઘણી અથડામણો ઉભી કરે છે અને નાહકના સમાજ સરોવરનાં પાણી ડોળે છે. આ મુજબ આપણાં સામાજીક દુઃખોના થોડાએક સંભારણા આજે સંભાર્યા.

(પા. ૨ થી ચાલુ)

નવિન માર્ગ ચીંધવોજ નહિ? એનો અર્થ તો એજ થાય કે રૂઢ માર્ગે, ગમન કર્યા કરવું અને દેશ—કાળ પ્રતિ દુર્લક્ષ્ય દાખવવું?

પ્રશ્નનો જવાબ છે. એમ કરવાનું કહેનાર પ્રગતિ ચાહક નહિં—ડોય! વળી સૌ કોઇને રૂચે એવું બોલનાર—લખનાર મળવા પણ દુર્લભ! પણ એમાંથી તારતમ્ય તો એ કહાડવાનું છે કે જ્યારે ભાષણકાર કે લેખકનો આશય શુદ્ધ અને સમાજની ઉન્નિત્તિ અર્થેનો છે ત્યારે તેને ભાષા કેળવવી જોઇએ. સમાજની નાડ પારખવી જોઇએ. શ્રોતાગણને વાચકવૃંદની સમજ શક્તિનો ને ગ્રહણ શક્તિનો ક્યાસ કહાડવો જોઇએ. એ બધા ઉપરાંત સ્વજીવનમાં વર્તાવ એવો રાખવો જોઇએ કે પોતાની સેવાની ધગશ સહજ પરખાઇ આવે. ટુંકમાં કહીએ તો 'આચરણ' લખાણ કે વાણી કરતાં કેટલુંયે વધી જાય છે. ગાંધીજીના શબ્દો લઇએ તો—

લાખ બોંડી ભાષણ કરતાં પાશેર વર્તનની બાપ વધુ છે.

આ તો આર્યાવર્ત છે. એટલે સંતમહંતોની ભૂમિ—પૂર્વ કાળે એ ભૂમિમાં થયેલા મહાપુરૂષો અથાગ પરિશ્રમે-નહિં જેવા પરિગ્રહે-ઇચ્છિત ફકીરી સ્વીકારી લઇ પ્રથમ જ્ઞાન મેળવ્યું અને સ્વજીવનમાં એને વણી નાંખ્યું. ત્યાર પછીજ પરમાર્થનો પંથ સ્વીકારી જનતાના લાભાર્થે એનો પ્રચાર શરૂ કર્યો—એટલેજ બીજા દેશ કરતાં અહીં 'આચરણ'ના મૂલ્ય અનેરાં છે. માટેજ 'અમલી કાર્ય' ની અસર જલ્દ ગણાય છે.

જૈન સમાજના સંતાન માટે આ વાત નવી નથીજ. પૂર્વ પુરૂષોએ જ્ઞાન-ક્રિયાના મૂલ્ય આંકન કાળે એ સંબંધમાં ઘણું ઘણું કહ્યું છે. આ સ્થાન એના પુનઃ વિવેચન અર્થે નથીજ. તાત્પર્ય એટલું કહાડવાનું કે જેટલું કહેવાય છે અને જેટલું લખાય છે તેના પ્રમાણમાં અમલમાં ક્યાં મૂકાય છે! એનો કોઇવાર સરવાળો કહાડ્યો છે ખરો?

મુશ્કીલતો પ્રચારમાં નથી તેથી વધારે આચારમાં છે. આજે આચાર સાથે પ્રચારનો—વાણી સાથે વર્તનનો—કહેવા સાથે કરવાનો મેળ બેસાડવા જઇએ છીએ તો એ વચ્ચે એકાદો હીમગિરિ ઉપસ્થિત થયો હોય એવું દેખાય છે!

સમાજ સેવકો માટે આ કોયડો ઉકેલવા જેવો છે. એમાં સંગઠન માત્રના નહિં પણ એ ઉપરાંત કેટલાય બાકાતા પ્રશ્નોનો ઉકેલ સમાયો છે. ઉંડા ઉતરતાં પૂર્વકાળની અને અત્યારની પ્રણાલીમાં કેટલું અંતર રહેલું છે તેનો ખ્યાલ આવે છે. બારિકાઇથી વિચારતાં સર્વાનુમતે અને બહુમતે થતાં કાર્યોમાં કેટલો ફેર છે એનું દર્શન થાય છે. મનન કરતાં સમજાય છે કે સમાજની રગ પારખ્યા વિના કે સમાજના મોટા ભાગની માફક સ્વજીવનનો પલટો આણ્યા વિના સમાજ સેવા થઇ શકતી નથીજ. લઘુતા કેળવવાથીજ પ્રભુતા પ્રગટે છે. સમાજની ભીતરમાં પગલા માંડ્યા વિના માત્ર કાંઠે ઉભા રહી અંગુલી નિર્દેશ કરવાથી કાર્ય સિદ્ધિ થઇ નથી ને થવાની પણ નથી.

જ્ઞાન પ્રચાર માટે જૈનોને અપીલ.

જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ સંમેલન.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ દ્વારા ગત વર્ષે લેવાયેલી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરુષવર્ગ અને અ. સૌ. કીમઇબાઇ મેઘજી સોજપાળ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓમાં ફતેહમંદ નિવડેલ ઉમેદવારોને ઇનામો તથા પ્રમાણપત્રો આપવા માટે એક સંમેલન તા. ૧૫-૯-૩૫ રવિવારના રોજ સવારના સ્ટા. ટા. ૯ વાગે શ્રી ગોડીજી મ. ઉપાશ્રય હોલમાં (મુંબઇ) પૂજ્યપાદ **જૈનાચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી** મહારાજના પ્રમુખપણા હેઠળ યોજવામાં આવ્યું હતું.

સંસ્થાના મંત્રી રા. બબલચંદ કેશવલાલ મોદીએ પત્રિકા વાંચી સંભળાવ્યા બાદ શ્રી સૌભાગ્યચંદ ઉ. દોશી (મંત્રી) એ પોતાના નિવેદનમાં સંસ્થાની સ્થાપના, ઉદ્દેશો અંગેની હકીકતો જણાવી બોર્ડના ચાલુ કાર્ય તરફ લક્ષ ખેંચી જણાવ્યું હતું કે બોર્ડના ચાલુ કાર્યો પૈકી અત્યારે મુખ્ય કાર્ય ધાર્મિક કેળવણી પ્રચારનું છે. ધાર્મિક કેળવણી આપવા અંગે સમાજમાં બે મત નથી. તે માટે ધાર્મિક પરીક્ષાઓની યોજના એક સારામાં સારી યોજના પૂરવાર થઇ ચુકી છે. બોર્ડ યુનિવર્સીટીના ધોરણસર લેખિત પરીક્ષાઓ લે છે. એના લગભગ ૬૦ કેન્દ્રો છે. સારા માર્ક મેળવી પાસ થનારને ઇનામો અપાય છે અને તે મુજબ છેલ્લા દશ વર્ષોમાં લગભગ ૧૨૦૦૦) રૂપીઆ ઇનામોમાં ખર્ચાયા છે. આ કાર્યમાં શેઠ સારાભાઇ મગનભાઇ મોદી અને શેઠ મેઘજી સોજપાલે સારી મદદ કરી છે. શેઠ સારાભાઇના સ્વર્ગસ્થ થયા પછી ગં. સ્વ. ચંપાબેન સારાભાઇ મોદી રૂા. ૫૦૦ પ્રતિવર્ષ આપતા રહ્યા છે. સંસ્થાએ પાઠશા'ા મદદમાં પણ લગભગ વીસેક હજાર ખર્ચ કર્યા છે. સ્કોલરશિપો અત્યાર સુધીમાં લગભગ વીસેક હજારની અપાઇ છે અત્યારના ફંડના સંયોગો જોતાં સ્કોલરશિપો આપી શકાતી નથી. પાઠશાળા મદદ માટે પણ સખી ગૃહસ્થો તરફથી જે રકમ મળે છે તે પરજ આધાર રહે છે. આ વર્ષે આમોદ ધંધુકા, સમોઉ, દરપુરા આજોલ, બડલુ, ઝીંઝુવાડા, મહુધાની પાઠશાળાઓને દરેકને રૂા. ૨૫)ની મદદ તથા વડીયા સંઘની અરજી વિચારી પાઠશાળા ઉઘાડવામાં આવે તો રૂા. ૫૦ મદદ આપવા ઠરાવેલ છે. આ કાર્ય ચાલું રાખવા ઘણીજ જરૂર છે. બોર્ડ તરફથી 'સાપાયિક સૂત્ર'ની વિદ્યાર્થી આવૃત્તિ છપાય છે. ટુંક સમયમાં બહાર પડવા સંભવ છે. શિક્ષણ સંસ્થા સંગઠન માટેની સંમેલન પછી યોજના અમલમાં મૂકવા ૩૨૧ પત્રો લખ્યા જેના જવાબમાં ૧૩ પત્રો મળ્યા. સમાજ આ બાબત લક્ષ પર લે એમ ઇચ્છી બોર્ડ જેવી ઉપયોગી સંસ્થાને મદદ કરવા વક્તાએ અપીલ કરી હતી.

શ્રી ગુલાબચંદ ઢઢ્ઢા

કોન્ફરન્સના પિતા શ્રી ઢઢ્ઢાજીએ પોતાના ભાષણમાં જણાવ્યુ કે કોઇપણ સમાજની ઉનતિ સ્ત્રી શિક્ષણ દ્વારા

આપણા સામાજીક દુઃખોના થોડાંએક સંભારણાં

લેખકઃ—રા. ઝવેરી મુલચંદ આશારામ વૈરાટી

મહેલ ગમે તેટલો સુંદર હોવા છતાં તેમાંના કચરાને ખસેડવાના પ્રયત્નો હરહંમેશ જારી રહેતા ન હોય, અથવા તેમાંના ફરનીચર કે સરસામાનને સાફસુફ રાખવાના અને વ્યવસ્થિત ગોઠવવાના પ્રયત્નો તરફ બેદરકારી બતાવાતી હોય તો એ મહેલ ગમે તેટલો સુંદર હોવા છતાં તે પોતાનું આકર્ષણ ગુમાવતો જાય છે.

તેમ જૈનસમાજરૂપી મહેલ ગમે તેટલો સુંદર હોય, તેનાં ધર્મતત્વો ગમે તેટલાં હૃદયસ્પર્શી હોય, તેની સાધ્ય સંસ્થાની રચના ગમે તેટલી ઉત્તમોત્તમ હોય, અને તેની સંઘ રચનાનું મંડાણ ગમે તેટલું સારૂં હોય, છતાં તેમાં પ્રવેશ થતાં કચરાને ખસેડવાના પ્રયત્નો તરફ બેદરકારી બતાવાતી હોય, કે તેવા પ્રયત્નો તરફ ચીડીયા કાઢવામાં આવતાં હોય અથવા તેની અવ્યવસ્થિત થતી ગોઠવણો ને વ્યવસ્થિત રાખવા માટેના પ્રયત્નો તરફ બેકાળજી બતાવાતી હોય તો તે સમાજની દશા પણ પહેલાં અવડ મહેલ જેવી થવા પામે છે. અને ધીરેધીરે તે પોતાનું આકર્ષણ ગુમાવતો જાય છે. આમ થવાના થોડાંએક કારણોને આજે આપણે તપાસીએ.

વ્યવસ્થિત રચના કરનારા મનુષ્યો આપણી સમાજમાં ઘણાં ઓછા છે. અને વ્યવસ્થિત થએલી ગોઠવણો મુજબ કામ કરનારા માણસો તેથીએ ઓછાં છે. એટલે આપણી સમાજના કેટલાએક ચર્યા પરાયણ લોકો કોઇપણ નિર્ણિત થએલા ઠરાવ મુજબ કામ કરવાને બદલે, નવા ઠરિયુ ઉભા કરી તેની ચર્ચા ચાલુ રાખે છે. અને જે સમાજશક્તિ કામ કરવામાં ખર્ચાતી જોઇએ, તે શક્તિ પીંતડાવાદમાં ખર્ચાઇ જાય છે. એ સિવાય આવા સ્વભાવવાળા મનુષ્યો સમાજના ઐકયમાં ભંગાણ કરે છે. અને સમાજને અવ્યવસ્થિત કરી મૂકે છે. તેમાં પણ આવા ચર્યાપરાયણ લોકોનું જ્ઞાન જ્યારે અતિ છીછરૂં હોય છે, ત્યારે તો એ સમાજને ભયંકર હાની પહોંચાડે છે. સાચી સમજણ પૂર્વક જૈન ધર્મ અને જૈન સમાજના વિકાસના માર્ગે દ્રવ્યનો વ્યય કરનાર દાનવીરો સમાજમાંથી ઓછાં થતાં જાય છે. સર્વદર્શી જાગૃત પુરૂષો તેથી પણ ઓછાં થતાં જાય છે. અને સાચા પ્રયોગ વીરો તો શોધ્યાએ સાંપડતા નથી, વૃધ્ધોના અનુભવોનો અભ્યાસ કરવા જેટલી ધીરજ આપણા યુવાનોમાં રહી નથી અને થોડાએક સ્વછંદી યુવાનોને બાદ કરીએ તો સાચા સેવાભાવી યુવકોને સમજવાની દરકાર પણ વૃધ્ધોએ કરી નથી. આમ વૃધ્ધો અને યુવકો વચ્ચેનું અંતર વધતું જાય છે.

જૈન ધર્મ અને જૈન સમાજના વિકાસનો સોનેરી સમય હાથમાંથી ચાલ્યો જાય છે. કારણ અંદર અંદરના કજીયા લઢવામાંથી હજુ આપણે પરવાર્યા નથી; મોટું મન રાખી ક્ષુદ્ર મતભેદોને ભૂલી જવાની આવડત આપણામાં રહી નથી. એટલે ધર્મ પ્રચારમાટેના આજના સાધનો અને સગવડનો લાભ આપણે લઇ શકતા નથી.

દુરદુરના પ્રદેશો માટેની ધર્મ પ્રચારની વાતોને આપણે જતી કરીએ તો પણ ગુજરાત, કાઠીયાવાડ, મારવાડ, મેવાડ, આદિ પ્રદેશોના સંખ્યાબંધ ગામડાઓમાં વસતાં કોળી, બીજા પાટીદાર, ભરવાડ આદી કોમોમાં ધર્મપ્રચાર કરવા માટેની વીચારણા આપણે કયારે કરી છે? જે પ્રભુનો ધર્મ સાંભળવાને પશુઓ પણ અધિકારી ગણાતા તે ધર્મને મનુષ્ય જાતી માટે ખુલ્લો કરવાની ઉદારતા શું આપણે નહિ બતાવી શકીએ? આપણેજ આપણા આજુબાજુ ઉભી કરેલી નિર્બળ

(અનુસંધાન પાનું ૬ જુઓ)

સહેલાઇથી સાધી શકાય છે. બાળકો ઉપર માતાના સંસ્કાર પડે છે તેથી સ્ત્રીશિક્ષણ પ્રચારની ઘણીજ જરૂર છે. શ્રી વજ્રસ્વામી તરફ સૌનું ધ્યાન ખેંચી વક્તાએ કેળવણી પ્રચારની સંસ્થાઓને પોષવા અપીલ કરી હતી.

શ્રી મોતીચંદ કાપડીઆ

બોર્ડની સ્થાપના પછી થયેલ સમાજની પ્રગતિ તરફ લક્ષ ખેંચી એનાં વિધ વિધ કર્યો સારી રીતે ચાલુ રહી શકે એ આવશ્યક છે એમ જણાવી આ સંસ્થાને અપનાવવા વિનંતિ કરી હતી. બાદ વીરમગામના શ્રી છોટાલાલ ત્રિ. વકીલે જણાવ્યું કે જ્ઞાન દાન સમાન અન્ય દાન નથી તેથી આપણે ધાર્મિક શિક્ષણની યોજના સહૃદયથી વધાવી લેવી જોઇએ. આ યુગમાં જ્ઞાન સિવાય અન્ય વસ્તુ તરફ વિશેષ ભાર આપી શકાય એમ નથી.

આચાર્યશ્રી વિજ્યવલ્લભસૂરિજી

પ્રમુખ શ્રી આચાર્ય મહારાજ શ્રી વિજ્યવલ્લભસૂરીશ્વરજી મહારાજે પોતાના સચોટ ઉપદેશ દ્વારા જ્ઞાન દાનનો મહીમા વર્ણવી જ્ઞાન પ્રચારની સંસ્થાઓને દરેક પ્રકારની મદદ આપવા જણાવ્યુ હતું. જ્ઞાનપંચમી જેવા દિવસે આવી જ્ઞાનપ્રચારની સંસ્થાઓને ભૂલી ન જતાં યથાશક્તિ મદદ કરવાની જરૂર છે. પુરાતન સમયમાં સોનાના કલ્પસૂત્રો લખાતા હતા. આજે આપણી શું સ્થિતિ છે? તે જોતાં જ્ઞાનપ્રચાર તરફ આંખ મીચામણાં કેમ કરી શકાય? અન્ય સમાજો પ્રગતિના માર્ગે જઇ રહ્યા છે ત્યારે જૈન સમાજ સુષુપ્ત દશામાં ન રહે એ ધ્યાનમાં લેવા યોગ્ય છે. આચાર્યશ્રીએ સાત ક્ષેત્ર અને વર્તમાન સમાજની પરિસ્થિતિ અંગે ખુબજ રસપ્રદ વિવેચન કરી જ્ઞાન પ્રચાર કરવા ઉપદેશ આપી શ્રોતાજનોને મુગ્ધ કર્યા હતા.

બાદ પંન્યાસ આત્માનંદ ગુરુકુલના લાલા માણેકચંદજી ગુજરાનવાલાના શુભ હસ્તે મુંબઇ સેન્ટરના વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઇનામોની રકમો અપાઇ હતી. બાદ આભાર માની મેળાવડો વિસર્જન થયો હતો.

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ ધી કલાપી પ્રિ. પ્રેસ, સુતાર ચાલમાંથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૪૯, ઝવેરી બજાર, મુંબઇ ૨ માંથી પ્રગટ કર્યું.

તારનું સરનામું—'હિંદસંઘ'–'HINDSANGHA'

REGD. NO. B. 1996.

॥ નમો તિત્થસ્સ ॥



જૈન યુગ.

卐

THE JAIN YUGA.

[શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખપત્ર.]



તંત્રી—જમનાદાસ અમરચંદ ગાંધી.

વાર્ષિક લવાજમ: રૂપીયા બે. છુટક નકલ: દોઢ આનો.

વર્ષ: જીનું ૯ મું / નવું ૪ થું | તારીખ ૧૫ ડીસેમ્બર ૧૯૩૫. | અંક ૧૬.

યંત્રયુગની શોભાઓ મટી જશે.

તેજ આખરે ઉભું રહેશે, જેની પાછળ સેવાની અને શ્રમની ભાવના હશે.

મને તો સંપુર્ણ શ્રદ્ધા છે કે યંત્રયુગની બધી શોભાઓ મટી જવાની છે. જેની પાછળ સેવાની અને શ્રમની ભાવના રહી છે તેજ આખરે ઉભું રહેશે. બીજાનું ભક્ષણ કરવાની ભાવના જેની પાછળ છે તે પડી ભાંગશે. આ શ્રદ્ધાને લીધે મારૂં કામ ચાલ્યા કરે છે. નીરાશા થવાને બદલે મારી શ્રદ્ધા અને આશા તો આસપાસનું બધું જોઇને વધતીજ જાય છે. નીરાશા થાયજ શા સારૂ? મનુષ્યનો ઇતીહાસ કાંઇ થોડાં લાખરો વર્ષનો નથી પણ લાખો વર્ષનો છે, તેને અંતે આપણે આ સ્થીતીએ આવ્યા તો આ પ્રયત્નને અંતે કાંઇક તો આગળ વધ્યા હઇશુંજ. સ્ટીવેન્સન અને કોલંબસ જેવા નીરાશ થઇને માથે હાથ દઇને બેસી ગયા હોત તો?

કાચી ઇમારત.

નહીં, મારી તો ખાત્રી છે કે હીંસા ઉપર રચાયલી આખી ઇમારત કાચી છે, અને એના એક દીવસ ભુક્કા થનાર છે. હિંદુસ્તાનને યંત્રવશ કરીને આપણે શું કરશું? બીજા દેશોમાં આપણે બજાર શોધવાની અને એ બજાર કાયમ રાખવાને માટે નાદીરશાહી ચલાવવાની. જાપાન, ઇંગ્લંડ, અમેરીકા, રશિયા, ઇટલીની જલસેના, સ્થલસેનાને આંટે એવી એવડી સેના આપણે ઉભી કરવી રહી અને તેને બળે બધું કારભારૂં ટકાવી રાખવું રહ્યું! નહીં, આપણને એ ન પોસાય. હું તો એટલું સમજું છું કે આ યુગ માણસોને યંત્ર બનાવવા બેઠો છે; હું યંત્રો બની ગયેલાઓને માણસ બનાવવા માગું છું.

મારો ધર્મ.

મારો ધર્મ એ છે કે એક કોડી લઉં તો તેનો પુરો બદલો આપું. પુરો બદલો ન અપાય તો હું લઉંજ નહીં. હવે મારે બીજાં નવાં સેંટ્રલ ફંડ નથી ઉઘરાવવાં. ગુજરાતનું હરીજન બજેટ ૨૬ હજારનું છે. એટલા એકઠા કરવાનો ગુજરાતનો ધર્મ છે. ઘનશ્યામદાસ પાસે પૈસા માગવા જઉં? મને તો એમ લાગે કે ગુજરાતના કામ માટે ગુજરાતમાંથી પૈસા ન મળે તો બહેત્તર છે કે એ કામ બંધ કરવું.'

વર્ણભેદ જશે.

અસ્પૃશ્યતાનો નાશ થશે ત્યારે અસ્પૃશ્યો પણ સવર્ણ હીંદીઓનો દરજ્જો ભોગવતા હશે, અને તે વેળા જે નીયમ કે રૂઢી સવર્ણ હીંદુઓમાં ચાલતી હશે તેજ નીયમ કે રૂઢી હરીજનોને લાગુ પડશે: કારણ હરીજનો સ્પૃશ્યો થઇ ગયા હશે. એટલે જો આજે નાતજાત છે તેવી ને તેવી કાયમ રહે તો હરીજનો અને સવર્ણ હીંદુઓ વચ્ચે ભોજન અને લગ્ન વ્યવહાર નહીં હોય પણ આજની નાતજાતનો નાશ થાય–કે જે કોઇ દીવસ તો થવાનોજ છે–તો અવશ્ય હરીજનો અને સવર્ણો વચ્ચે ભોજન અને લગ્ન વ્યવહાર પણ ચાલુ થશેજ. કારણ કે સવર્ણોમાં પણ ભોજન અને લગ્ન વ્યવહારનો આરંભ થયો હશે. અને જો વર્ણ કાયમ રહેશે–અને મને આશા છે કે એ કાયમ રહેશે–તો, તે તે વર્ણોના ધંધા તો પ્રાચીન કાળની જેમ તે, તે વર્ણોજ કરતા રહેશે, અને તેમની વચ્ચે પ્રાચીન કાળની જેમ ભોજન અને લગ્નનું કશું બંધન ન હશે. જે કાંઇ પણ થશે તે સઘની પ્રવૃત્તીને પરીણામે નહીં થાય, પણ બીજાં બળોને પરીણામે થશે–જે બળોને નીયમમાં રાખવાની કે તેની ઉપર અંકુશ મુકવાની સંઘની મગદુર નથી.

[ગાંધીજી]

उदधाविव सर्वतिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्सवोदधेः ॥

અર્થ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામા સર્વ દૃષ્ટિઓ સમાય છે, પણ જેમ પૃથક પૃથક સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક પૃથક દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

શ્રી સિદ્ધસેન દિવાકર.

જૈન યુગ.

તા. ૧૫-૧૨-૩૫ રવિવાર.

સંસ્થાઓ અને સાચા સેવકો.

આ યુગ સેવાભાવી ફકિરોનો છે. સંસ્થાઓ સ્થપાય છે. અને સુસ્ત પણ થાય છે. કદાચ કેટલીક ચાલે તે મરવાના વાંકે જીવતી હોય છે પણ જેની પાછળ ભેખ લેનાર આત્માઓ હોય છે કિંવા જેને પોતીકા પ્રાણ સમ માની લઇ એના ઉત્કર્ષ માટે ભેખ ધરનાર વીરલાઓ હોય છે એજ સંસ્થા જીવંત દશામાં દૃષ્ટિગોચર થાય છે. એજ સંસ્થા જનતાનું ધ્યાન આકર્ષી શકે છે અને તેજ સંસ્થાની પ્રાણ પ્રતિષ્ઠા સ્થાપન થાય છે. સંસ્થા એતો જડ પદાર્થ છે. એમાં ચેતન પ્રસરાવનાર માનવ વિભૂતિઓ હોય છે. દુનિયાનાં માનવોમાં ભિન્ન ભિન્ન પ્રકારના શોખ હોય છે. એવોજ એક જાતનો શોખ અમુક વ્યક્તિઓને સંસ્થા પાછળ લાગે છે. ત્યારેજ એનાં સર્જનના પાયા પડે છે. વારંવાર એમાં ઉત્સાહ રૂપી કોલ પૂરાય છે અને પ્રચાર રૂપ જળ સિંચન ચાલુજ રહે છે તોજ સમય જતાં એ મજબૂત પાયા ઉપર આલીશાન ઈમારત ચણી શકાય છે. માત્ર સંસ્થાઓના સુંદર શોભીતા ઉડીને આંખે વળગે તેવા નામાભિધાનો ખડા કરવાથી અથવા તો એકાદા મકાન પર રંગીન ને ઝળકી ઉઠે તેવા અક્ષરોવાળું બોર્ડ ચઢાવી દેવાથી નથી તો સંસ્થા જીવંત બની જતી કે નથી તો એની યથાર્થ રૂપમાં પ્રાણ પ્રતિષ્ઠા થતી. તેથીજ એકવાર ફરીથી કહેવું પડે છે કે સાચા ભોગ આપનારા પર સંસ્થાના ઉદ્દેશ પાર પાડવા સારૂ આભ ધરતી એક કરનારા પર અરે જરૂર પડે પોતાના પ્રાણ ન્યોછાવર કરી દેનારા ફકીરો પર સંસ્થાના જીવન નિર્ભર રહે છે. સેવાભાવી આત્માઓમાં જેટલો અનુરાગ પોતાની સંસ્થા પર હોય છે એટલો પોતાનાં મંતવ્ય પર નથી હોતો. કોઇપણ પ્રયાસે મારી વા અમારી સંસ્થા કેવે પ્રકારે સુદૃઢ બને, કેવી રીતે એનો વિકાસ સેવાય અને ભાવી પ્રજાનાં કલ્યાણમાં એ પોતા તરફનો સવિશેષ ફાળો કેવે માર્ગે ધરતી થાય એજ અહર્નિશ અંતરમાં ઉછળતી ભાવના હોય છે. આ જાતનાં ઊંમ બળથી સેવાના કાર્યોમાં જે જુસ્સો જણાય છે તેની સરખામણી બીજી કોઈ વસ્તુ સાથે નથી થઈ શકતી.

સાચો કાર્યકર બહુમતિના વિજયથી ઉન્મત્ત બની જતો નથી. હરાવ પસાર થવા માત્રથી એ પુલકિત વદન બની જતો નથી. ઉંચા થનાર હાથો કરતાં એની ચક્ષુઓ હરાવતા હાર્દને કેટલા સ્પર્શ્યા છે તે તરફ હોય છે. એને તો હૃદયનો સાચો સહકાર ઈષ્ટ હોય છે. માત્ર પ્લાટફોર્મ ગજવી જવાથી કે તાલીના ગડગડાટ વચ્ચે પસાર થવાથી હરાવ બહુ મહત્વનો ગણાય અથવા તો એ દ્વારા જનહિત સધાય એમ માની લેવામાં તેનો અંતરાત્મા સાફ નકારો ભણે છે. તેથીજ સેવાભાવીમાં ઉતાવળ કે કામ ઉકેલી લેવાની અધિરાઈ આવશ્યક નથી. એતો ધીરજથી પણ મક્કમ પગલે કૂચ કદમ કરવા માંડે છે. સમયની ઘટિકા પર એની નજર હોય છે પણ તે એટલા પુરતીજ કે એકપણ ક્ષણ નકામી વેડફાઈ ન જાય! અને નહિંતર આટલી ક્ષણો પસાર થઇ વા આટલા દિવસો વહી ગયા માટે ધૈર્ય ત્યજી દઇ તડફડ કરી નાખવું. એતો દિવાલ ચણનાર કડીઆ માફક ઈંટ પછી ઈંટ ગોઠવતો જાય છે. અને વચમાં તેમજ આજુબાજુ પોલાણ ન રહે એ ખાતર એમાં કોલ પુરતો જાય છે. સેવાધર્મમાં એને સર્વસ્વ માર્યું મળે છે. આવા આત્માઓ સાંપડવા વિરલ હોય છે. પણ એઓને સંસ્થાને પ્રેમ થાય છે એ સંસ્થાના અહો ભાગ્ય છે. એઓ જે સમાજને મળી આવે છે એના ઉન્નત પંથ ઉઘડી જાય છે. સંસ્થા સાથે ઓતપ્રોત થઇ રહેનાર એવા આત્માઓ જ્યાં લગી ન જડી આવે ત્યાં લગી સંસ્થાની ગતિ ગોકળ ગાય સરખી રહે તો અને સંસ્થાનો પ્રકાશ ઝાંખો ને મર્યાદિત હોય તો એમાં નવાઇ નથી. એવા ફકીરો—ભેખધારીઓ—શોધવા સારૂ મીશાલ લઇને નીકળવા પણું નથી હોતું. એતો આકસ્મિક રીતે કામ કરતાં પરખાઇ આવે છે. તે વેળા મુળ સંચાલકોએ દક્ષતા વાપરી એમણે ઉચકી લઇ, ઉચિત્ત સ્થાન પર બેસાડી દેવા ઘટે છે.

સેવાભિલાષીઓ માટે ઉપરોકત લખાણ વાંચી રખે કોઈ એકાંતે માની લ્યે કે માત્ર સેવકોના બળથીજ સંસ્થાઓ ચાલે છે! વિશ્વ પરની કોઇપણ સંસ્થા ઉદાહરણ તરિકે લેશો તો જણાશે કે પ્રત્યેકના સંચાલનમાં શ્રીમંત અને સેવકની ત્રિપુટિનો યોગ સધાયો હોય છે. કોઈ વિશિષ્ટ વ્યકિતમાં એ ત્રણે ગુણો સમાયેલા હોય તો સોનુને સુગંધ મળ્યા જેવું ગણાય આમ છતાં એક સાથે તેમ ન હોય અને જુદી જુદી વ્યકિતઓ એ પ્રકારના ગુણોથી વાસિત હોય તો પણ ચાલી શકે. રાષ્ટ્રિય મહાસભાનો દાખલો નેત્રો સામે ઝળહળતો પડયો છે. ધનવાનોનું ધન અને બુદ્ધિવાનોની દીર્ઘદર્શિતાનો લાભ જો એને પ્રાપ્ત ન થયો હોત તો આટલું પ્રગતિ પૂર્ણ સ્થાન લોક હૃદયમાં એ ન જમાવી શકત છતાં એ પણ એટલુંજ સાચું છે કે આજે એમાં ચેતનનાં પૂર ઉછળી રહ્યાં છે એનો અધિકાર વૈભવ કે સમૃદ્ધિને ડોકર મારી એ આતર સ્વજીવન અર્પી રહ્યા છે. એવી વંદનીય વિભૂતિઓને આભારી છે. અર્થાત્ સાચા સેવકોનેજ ધન્યવાદ ઘટે છે.

આપણા પ્રાચીન ઇતિહાસમાંથી પણ આ જાતનાજ દાખ્તાન્તો સાંપડવાનાં—આજના જેવાં સાધનો ને અનુકુળતાઓ જ્યારે નહોતી અને જનત જીવનને હથેલીમાં લઈ જ્યારે સમય ગાળતી હતી ત્યારે પણ સતત્ પરિશ્રમ સેવી, મોજમજાહનો સદાને માટે ત્યાગ કરી કલ્યાણનો ઉજવળ પંથ જેમણે સ્વીકાર્યો અને પવિત્ર સંદેશો જેને એક ખૂણેથી બીજે ખૂણે પહોંચાડયો એવા મહંતોને સેવા ભાવ સિવાય બીજી શાની તમન્ના હતી?

(અનુસંધાન પા. ૧૭ જુઓ)

(પા. ૨ થી ચાલુ)

આવોજ ગૈારવમય ભૂતકાળ આપણી કેાન્ફરન્સ દેવીનેા હતેા. ભરવામાં આવેલાં અધિવેશનેા–એ સંબંધી વૃતાન્તેાના દળદાર રીપેાર્ટો અને ઉપાડવામાં આવેલાં કાર્યો આજે એ વાતની સાક્ષી પુરે છે. જો કે આજે એ સ્થિતિમાં ઓટ આવેલ છે પણ તેથી ફિકરનું કારણ નથી. ભરતી ઓટ એ તેા કુદરતનેા નિયમ છે. જૈન સમાજને જો અન્ય કેામેાની સાથમાં ઉભવું હશે, જૈન ધર્મનેા સંદેશ જગત વ્યાપી કરવેા હશે, અણમૂલા વારસા સમાન તીર્થો, શિલ્પના સંગ્રહવા જેવા નમુનારૂપ દેવાલયેા અને અગાધ જ્ઞાન ખજાના સમાન સાહિત્યનું સંરક્ષણ કરવું હશે અને એ સાધનેા મારફત જૈન સમાજનેા ઉત્કર્ષ સાધવેા હશે તેા કેાન્ફરન્સ વધુ સંગીન બનાવવી પડશે. શ્રીમાન ધીમાન અને કાર્યશીલેાનેા સાથ મેળવી, સંગઠનરૂપી સાંકળને વધારે મજબુત બનાવવી પડશેજ. વિખરાયેલ સમુહેાને એકત્ર કરવા પડશે. એ સારૂ વાટાઘાટેા વિચાર વિનિમય અને લે મુક કે આંધછેાડ કરવી જોઇશે. કામ કરવા માટે પૈસાદારની લાગવગ ને ભણેલા-ઓની બુદ્ધિ જરૂર કામ લાગે પણ એ ઉપરાંત સાચા સેવકેાનું સ્વાર્પણ જોઇશે. એક ખૂણેથી પૈસાની ગરમીના કે માનેલી મહત્તાના સ્વર કદાચ સંભળાય પણ ખરા, બીજા ખુણેથી સિદ્ધાંતને તેા નજ છેાડાય માન્યતામાં તેા નજ નમતું તેાળાય એવેા અવાજ પણ ઉઠે. આ વાત અસંભવિત નથી પણ ઉંડું વિચારતાં એમ નથી દેખાતું કે સંસ્થાની સંગીનતા અર્થે સમાજના એક છત્ર સંચાલન માટે ખેાટકી ગયેલ શકટને સીધા ચીલે ચઢાવવા કાજે એ બધું જરૂર પડે જતું કરવું જોઇએ? જેને હાથે સંસ્થાનું સારૂં હીત વસ્યું હશે અને કેવળ સમાજના શ્રેય વિના અંતરમાં બીજો કેાઈ વિચારજ નહીં હેાય, એ જરૂર કેટલું જતું કરી ઐકયના આંકેાડા જોડશે. એ જાતનું સામર્થ્ય ધરાવનાર શ્રી ધી થી યુકત હેાય કિંવા ન હેાય પણ અવશ્ય સેવાના મંત્રથી વાસિત હશેજ.

વિદ્યમાન સંસ્થાઓ સમાજની સાચેજ સેવા કરવા ઉદ્‌ભવી હેાય તેા પેાતાનાં હાર્દ એકાંતે તપાસી જુવે પેાતે પેાતાના અસ્તિત્વદ્વારા તેાડવાનું વધું કર્યું કે જોડવાનું તેનેા કયાસ કહાડે. સામાન્ય પ્રજ્ઞાસંપન્ન વ્યકિત પણ એટલું તેા કહી શકશે કે **સેાયદ્વારા** કરતાં **ગજકાતર**નું કામ સુલભ છે. પણ મહત્વ કેાનું સવિશેષ છે? શું એ કહેવાની જરૂર છે? ભાગલા પાડવામાં કે નાના નાના વર્તુલેામાં વહેંચાઇ જવું એમાં શૌર્ય શું? ડહાપણ કેવું! પ્રજ્ઞાની પ્રભુતા કઈ જાતની! ખરૂં પરાક્રમ તેા એ ભાગલા પૂરવામાં છે. ચાહે તેા યંગમેનેાની સંસ્થાઓ હેાય કે નવ સર્જનના કેાડવાળા તરૂણેાની હેાય તે સર્વને આહ્વાન છે કે એકવાર પેાતાની કાર્યવાહી શાંત ચિત્તે વિચારે અને સમાજ શ્રેયમાં પેાતાનેા ફાળેા છે કે કેમ તેનેા વિચાર કરે. પેાતાનેા રાહ સાચેા છે કે ખેાટેા તે નિર્ધારે સમજાય તેા ભુલ્યા ત્યાંથી ફરીથી ગણે.

'સાચા સેવકેા દ્વારાજ સમાજનેા ઉધ્ધાર થશે' એ નિતરૂં સત્ય આજે કે કાલે વહેલું કે મેાડું સ્વીકારવું પડશે.

ચેાકસી.

શ્રી જૈન શ્વેતાંબર કેાન્ફરન્સ તરફથી મુંબઇ સરકારને લખાએલેા પત્ર.

3-12-35.

From :—

Amritlal Kalidas Seth Esqr.,

Resident General Secretary,

Shri Jain Swetamber Conference,

149, Shroff Bazar, Bombay. 2.

To,

The Secretary, to the Government of Bombay Revenue Department, Secretariat, Bombay.

Re :—Press Note No. 8707/28 of 30-10-35. Application of Registration of Hindu Trusts Act (Bill No. 20 of 1935.)

——:o:——

Sir,

Referring to the Press Note mentioned above inviting opinions of the members as well as the public bodies of the Jain Community, I have the honour to state that the said Press Note, under reference, was placed befor the Working Committee of this Conference which is an All India Body representing the Swetamber Murtipujak Jains residing in the various parts of India.

The Committee, at its meeting held on the 28th. day of Nov. 1935, have expressed their view in favour of the Act being applied to the Trusts of Jain Community.

In pursuance of the said declared wishes of the Committee, I have great pleasure in communicating to you that my Committee, in welcoming the idea underlying the said Press Note, appreciates the spirit of the Act No. 25 of 1935 for Registration of Hindu Trusts recently passed into law and strongly holds the view that the said Act be made applicable to the Trusts of Jain Community created or existing for a public purpose of a religious or charitable nature.

I would like to add here that this Conference since its birth in the year 1902 has been persistently trying to educate the Community by propaganda, to give effect to the resolutions that effect having been passed and confirmed at its various sessions which are generally being attended by a a very large number of delegates and visitors from different parts of India, and that for a considerable period, a department of a similar nature was maintained by this Conference to investigate into and regulate the accounts etc., of such trusts of the Community as then existed, for religious and charitable purposes.

It is, therefore, hoped that the said legislation, if made applicable to the Jain Community, will have a salutory and lasting effect on the better and more efficient management of such Trusts of the Community.

Once more expressing the support of my Committee.

I have etc.,
Your most obedient servant,
Sd. Amritlal Kalidas.
Resident General Secretary.

સ્વીકાર.

લગ્ન ક્ષેત્ર વિસ્તાર સમિતિ—મહાવીર જૈન સમાજ સ્થાપવાના કારણો રજુ કરતી એક પત્રિકા મળી છે. તે પત્રિકાના બધા વિચારો સામે સમંત ન થતા હોઇયે તો પણ લગ્ન ક્ષેત્ર વિસ્તારની જરૂરીઆત સંબંધી ઘણી સારી ચર્ચા તેમાં કરેલી છે, આપણી કોન્ફરન્સે આ બાબતને અંગે ઠરાવ કરેલો છે. તે ઠરાવના અમલ કરવાના માર્ગો વિચારવાની આપણી ફરજ છે. મહાવીર જૈન સમાજના સ્થાપકો તેમની પત્રિકામાં કેટલુંક માર્ગ સુકાન કરેલું છે સભ્યોની ચોકસ સંખ્યા થયા પછી સમાજ પોતાનું કામકાજ શરૂ કરશે તે વખતે લાવ ક્ષેત્ર વિસ્તાર મુળ મુદ્દાને બાધ ન આવે તેવા સુધારા યોજનામા સભ્યો સુચવી શકે છે. બહુ પોતે મળે તો ફેરફાર કરાવી શકાય છે. આ બાબતની વધુ માહિતી રા. રા. મણીલાંલ વાડીલાલ નાણાવટી ઠે. લુહાર ચાલ વિઠલરાયના બીલ્ડીંગ મુંબાઇ નં. પાસેથી મળી શકશે.

છાપખાનાનો ફેરફાર.

આ અંક છપાવવા માટે છાપખાનાની ફેરબદલી થવાને કારણે ડેકલેરેશન મળતાં સવિલંબ થતાં પત્ર મોડું બહાર પડે છે તે વાંચકોની ક્ષમા માંગીએ છીએ.

(અનુસંધાન પાનું ૫ માં પરથી)

ગત વર્ષમાં સમાજમાં કોઇપણ એવું મહત્વનું કાર્ય થયું નથી કે જેની આપણે સહર્ષ નોંધ લઇ શકીએ, સમાજે ગત વર્ષ મોટે ભાગે સૂતેલી દશામાંજ વીતાવ્યું છે, કોઇપણ પરિવર્તનકારી અથવા સમાજને હિતકારી કાર્ય થયું હોય એવું જાણવામાં નથી આવ્યું.

કેળવણીના વિષય તરફ નજર ફેરવતાં કહેવું જરૂરી થઇ પડશે કે એ દિશામાં આપણી કોમના યુવાનોએ કંઇક પ્રગતિ કરી છે, આપણા યુવાનોમાં પરદેશ ગમન કરી ઉચ્ચ કેળવણી લેવાની જીજ્ઞાસા વધી છે, અને ગત વર્ષમાં આપણા બે ત્રણ યુવાન ભાઇઓ જર્મની આદિ સ્થળોએ ઉચ્ચ અભ્યાસ માટે ગયા છે, એ ખુશી થવા જેવું છે. તેમજ સમાજનો નારી વર્ગ પણ કેળવણીની કિંમત સમજવા લાગ્યો છે, અને બાલિકાઓ ઉચ્ચ અભ્યાસમાં દિવસાનુદિવસ વધારે રસ લેતી થતી જાય છે એ એક આનંદનો વિષય છે. પરંતુ આ દિશામાં આપણો શ્રીમંત વર્ગ કંઇક ઉદાસીન રહ્યો છે એમ હમણાં હમણાં બનેલા બનાવો પરથી જાણી શકાય છે; સાંભળવા પ્રમાણે એક વિદ્યાર્થીને પરદેશ ગમન કરવા માટે જોઇતી મદદ મેળવવા આપણા જૈન શ્રીમંતો પાસે ઘણીજ લાચારી ભોગવવી પડી હતી, અને છતાં પણ પરિણામે તે ભાઇને તે વર્ગ તરફથી તો નિરાશાજ પ્રાપ્ત થઇ, આવીજ રીતે બીજી બે ત્રણ કેળવણી વિષયક સંસ્થાઓ પણ શ્રીમંતોના ટેકાના અભાવે બંધ થવાની તૈયારીમાં છે. એવું અમારા જાણવામાં આવ્યું છે જે ઘણુંજ દીલગીર થવા જેવું છે. આ વિષયમા શ્રીમંતોએ ખરેખર આગળ આવી કોમની કેળવણી વધારવામાં પોતાનાં દ્રવ્યનો વ્યય કરવો ઘણોજ આવશ્યક છે.

વળી ગયા વર્ષમાં બનેલા બનાવો જોતાં એક વસ્તુ લખવી અનુચિત નહિ ગણાય. આપણે જેઓ સુધારકો હોવાનો દાવો કરીએ છીએ, અને જેઓ નકામા ખર્ચા પ્રત્યે લાલ આંખો કરીએ છીએ તેઓ પણ એકકે આડકતરી રીતે નકામાં ખર્ચાને પોષી રહ્યા છીએ. આ પણામાં પણ જમાનાનો રંગ લાગ્યો જણાય છે, અને જલસાઓ અને જમણવારોમાં એક યા બીજી રીતે સંડોવાતા જઇએ છીએ; ગત વર્ષમાં ઉજવાયેલા આવા એકાદ બે પ્રસંગોએ જનતાને કંઇક ટીકા કરવાનો માર્ગ કરી આપ્યો હતો. આ દિશામાં આપણી સંસ્થાના સંચાલકોએ પુષ્ટ વિચાર કરી યોજનાઓ કરવી જોઇએ કે જેથી સંસ્થાને કે કોમને ટીકાના સાણસામાં આવવું પડે નહિ.

આ રીતે ગત વર્ષનું સરવૈયું કાઢતા આપણને સહેજે જણાયા વિના નહિ રહે કે આપણે જ્યાં હતા ત્યાંના ત્યાંજ હજુ છીએ. એક ડગલું પણ આગળ વધી શકયા નથી. સમાજ પ્રગતિના પ્રાણરૂપ ઉપદેશકો આગેવાનો અને પત્રો બનતો સર્વ પ્રકારનો ભોગ આપી જનતાને પ્રગતિને માર્ગે દોરવાનું કામ હાથ ધરશે તોજ ૧૯૬૨ માં આપણે કંઇક કર્યું છે. એમ આવતા વર્ષે જણાવી શકશું.

એમ. એચ. શાહ.

આ પત્ર મી. માણેકલાલ ડી. મોદીએ શ્રી કિશોર પ્રિન્ટરી, ૧૩૦ મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ ખાતેથી છાપી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ માટે ૧૮૬, શરાફ બજાર મુંબઇ, ૨ માંથી તા૦ ૧૮-૧૨-૩૫ ના રોજ પ્રગટ કર્યું.

વિ વિ ધ નોં ધ.

આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખની જાહેરાત.

મુંબઇ ઇલાકાની ધારાસભાએ તાજેતરમાં પસાર કરેલો ટ્રસ્ટોના રજીસ્ટ્રેશન માટેનો કાયદો જૈન મંદિરો અને બીજા ધર્માદા ત્રસ્ટોને લાગુ પાડવાના સંબંધમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠ કસ્તુરભાઈ લાલભાઇની તા૦ ૨૭-૧૧-૩૫ ના રોજ બપોરના જૈન જ્યોતીના ખાસ ખબરપત્રીએ મુલાકાત લેતાં તેમણે જણાવ્યું હતું કે મારી કમીટીએ એનાપર વીચાર કરીને એવો નિર્ણય કર્યો છે કે એ કાયદો જૈન ટ્રસ્ટોને પણ લાગુ પાડવામાં આવવો જોઇએ. તો પણ હું માનું છું કે સામાન્ય રીતે ધર્માદા ફંડો માટે નકકી કરેલી રૂ. ૧૦૦૦ ની રકમ બહુ ઓછી હતી અને જૈનોના ધર્માદા ત્રસ્ટોના સંબંધમાં જે ટ્રસ્ટોની આવક ઓછામાં ઓછી ૨૦૦૦ ની હોય તેને આ કાયદો લાગુ પડવો જોઇએ.

આ પ્રકટ થયેલ અભિપ્રાય સાથે આ અંકમાં અન્યત્ર પ્રકટ થયેલ આપણી કોન્ફરંસની કાર્યવાહી સમિતિએ જાહેર કરેલ નિર્ણય પ્રત્યે જૈન બંધુઓ તથા જૈનોની જાહેર સંસ્થાઓનું સાદર ધ્યાન ખેંચતા મજકૂર બંને અભિપ્રાયોને વધાવી લઇ તદનુસાર પોત પોતાના અભિપ્રાયો વિના ઢીલે મુંબઇ સરકારના મહેસૂલીખાતાંના સેક્રેટરી તરફ રવાના કરવા એ જરૂરી છે.

ફેડરેશન ઓફ ઇન્ટરનેશનલ ફેલોશિપ્સ.

આ નામની એક સંસ્થા મદ્રાસમાં ઓફિસ ધરાવે છે અને તેની સ્થાપના હિંદુસ્થાનમાં ઇ. સ. ૧૯૨૨ માં થયેલી છે, અને હાલ તેની જુદી જુદી વીશ શાખાઓ છે. આના ઉદેશ વિશાળ છે અને તે જોતાં હિંદભરની જુદી જુદી કોમો વચ્ચેનું અંતર કેમ કપાય અને ઐકય સાધી શકાય એ તરફ સંસ્થાની પ્રવૃત્તિઓ અદરાએલી છે. એક બીજાના અનુભવોનો લાભ લઈ દરેક જીવન સંમૃદ્ધ બના-

હિંદુ ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ધારો 'જૈનો'ને લાગુ પાડવા બાબત.

વર્કીંગ કમિટીનો નિર્ણય.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરંસની કાર્યવાહી સમિતિની એક બેઠક ગઇ તા૦ ૨૮-૧૧-૩૫ ના રોજ રાતના સંસ્થાની ઓફિસમાં મળી હતી જે વખતે એજંડાપરની બીજી બાબતો પૈકી ના૦ મુંબઇ સરકાર તરફથી તા૦ ૩૦-૧૦-૩૫ ની નં૦ ૮૭૦૮-૨૮ ની પ્રેસ નોટ જેમાં રેજીસ્ત્રેશન ઓફ હિંદુ ટ્રસ્ટસ સંબંધે તાજેતરમાં જે કાયદો થયો છે તે જૈન કોમનાં ટ્રસ્ટોને લાગુ પાડવો કે કેમ તે બાબત જૈનોનો તથા જૈનોની જાહેર સંસ્થાઓનો અભિપ્રાય માંગવામાં આવ્યો છે તે બાબત રજુ થતાં કેટલીક ચર્ચા પછી એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે મજકુર કાયદો જે હિંદુઓની ધાર્મિક અને ધર્માદા પ્રકારની (ચેરીટેબલ) ટ્રસ્ટોને લાગુ કરવા ઠરાવવામાં આવ્યું છે તેજ કાયદો જૈન કોમનાં તેવાં ત્રસ્ટોને લાગૂ પાડવો એવો અભિપ્રાય રેવન્યુ ડીપાર્ટમેંટના સેક્રેટરીને કોન્ફરંસ તરફથી લખી મોકલવો. અભિપ્રાય મોકલવાની મુદત ડીસેંબરની આખર તારીખ સુધીની છે એટલે વર્કીંગ કમિટીએ કરેલા નિર્ણય અનુસાર કૉન્ફરંસનો અભિપ્રાય ૩-૧૨-૩૫ ની તારીખનો સેક્રેટરી ટુ ધી ગવર્નમેંટ રેવન્યુ ડીપાર્ટમેંટને મોકલી આપવામાં આવ્યો છે જે આ પત્રમા અન્યત્ર પ્રકટ કરવામાં આવ્યો છે.

આથી સર્વે જૈન બંધુઓ તથા સંસ્થાઓના સંચાલકોને વીજ્ઞપ્તિ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ સરકારી પ્રેસ નોટ સંબંધે મજકુર કાયદો જૈન કોમના ટ્રસ્ટોને લાગુ કરવાની તરફેણમાં પોત પોતાના અભિપ્રાયો વિના ઢીલે મૂદત દરમ્યાન ઉપર જણાવેલ સ્થળે મોકલી આપવા.

૧૪૯, શરાફ બજાર,
મુંબઇ, નં૦ ૨.
તા૦ ૧-૧૨-૩૫.

લી૦ શ્રી સંઘ સેવક,
અમરતલાલ કાલીદાસ,
રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

વવાની તેની ભાવના પ્રશંસનીય છે. જુદે જુદે સ્થળે તેની કાઉન્સીલની બેઠકો મળે છે તે રીતે ચાલુ વર્ષે વર્ધા મુકામે તા૦ ૨૭ થી ૩૧-૧૨-૩૫ ના દિવસોમાં મહાત્મા ગાંધીજીનાં આમંત્રણને માન આપી મળનાર છે. તે પ્રસંગે કૉન્ફરંસ જે જૈનોની મહા સંસ્થા છે તેના એક પ્રતિનિધિને મોકલવા માટે કોન્ફરંસને આમંત્રણ મળેલું છે તે પર કાર્યવાહી સમિતિની છેવટ મળેલી બેઠકે એક પ્રતિનિધિ મજકૂર બેઠકમાં હાજરી આપવા મોકલવા નિર્ણય કર્યો છે તે ઠીકજ કર્યું છે આ રીતે જુદી જુદી કોમો અને સંસ્થાઓના આગેવાનોને મળતાં જૈન કોમને ઘણું જોવા જાણવાનું મળશે. અને બીજાઓની કાર્યપદ્ધતિ, વિચાર માળા અને અનુભવો મેળવવા આપણે બને તેટલી તક મેલવી કોમને દોરવી જરૂરી છે.

ભરતપુરના પલ્લીવાલ જૈનો.

ભરતપુર જીલ્લાના પલ્લીવાલ જૈનો પોતાનામાં જાતિ અને આત્મસુધારાનાં કાર્યો પલ્લીવાલ જૈન કોનફરંસ દ્વારા કરી રહ્યા છે. તેઓના કાર્યકર્તાઓ જુદે જુદે સ્થળેથી મંદિરોના જીર્ણોદ્ધાર તેમજ મંદિરોમાં પૂજન આદિમાં ઉપયોગી અને જરૂરી વસ્તુઓ મેળવતા રહ્યા છે અને તેનાં તે કાર્યમાં મુંબઈ, અમદાવાદ આદિ સ્થળોએ પોતાનો ફાળો આપી સહકાર દાખવ્યો છે. આવા સંજોગમાં તેઓના સામે કેટલીક હકીકતો રજુ કરતાં શ્રી ઇંદ્રચંદ્ર જૈને હેંડ બીલો તથા લેખો દ્વારા કેટલુંક પ્રચારકાર્ય કરેલું જેથી તે સંસ્થા ના કાર્યમાં કેટલીક બાધાઓ ઉપસ્થિત થતાં ભરતપુરના શ્વેતાંબર જૈન સંઘે તા૦ ૩જી નવેંબર ૧૯૩૫ ના રોજ ગોપાલગઢ જન શ્વે. દેરાસરમાં દિવાન સાહેબ શ્રી દુર્ગાપ્રસાદજી પેન્શનર નાઝિમ (ડિસ્ત્રિકટ મેજીસ્ત્રેટ) ભરતપુરના પ્રમુખપદે એકત્ર મળી કેટલોક વિચાર કરી અને નીચેના નિર્ણયો જાહેર કર્યાનું અમારી જાણમાં આવ્યું છે તે તરફ જનતાનું ધ્યાન ખેંચીએ છીએ.

(૧) શ્રી જૈન શ્વેતાંબર સંઘ ભરતપુર ઇંદ્રચંદ્ર વરડીઆએ "પલ્લીવાલ જૈન કોન્ફરંસકી દુરંગી ચાલ" નામક પત્રિકા તથા 'અર્જુન' (પત્ર)માં પ્રકટ કરેલ સુચના તરફ તિવ્ર ધણાની દૃષ્ટિથી જુએ છે.

(૨) આ સંઘ પલ્લીવાલ જૈન કૉન્ફરંસ દ્વારા મંદિર સુધાર અને ધર્મ પ્રચારના કાર્યો તરફ પૂર્ણ આદર અને શ્રદ્ધા ધરાવે છે અને જૈન સંસ્થાઓ તથા શ્રીમંતોને પ્રાર્થના કરે છે કે તેઓ આ અસત્ય લેખોથી વિચલિત ન થતાં ધર્મની મહીમા વૃદ્ધિ કરતા રહે.

(૩) શ્રી જવાહરલાલ નાહેટા અને શ્રી મીઠનલાલ કોઠારી સુધાર કાર્યમાં જે પ્રયત્ન કરે છે તે પ્રત્યે સહાનુભતિ ધરાવે છે અને આવી નિરર્થક વાતો તરફ ધ્યાન ન આપી શ્વેતાંબર ધર્મ પ્રચાર આગળ વધારવા તેઓને ઉત્સાહિત કરે છે.

જૈન મંદિરમાં દર્શન પૂજનના હકો.

શ્રી કાનજી ઉદેશીએ શ્રી અનંતનાથજીનાં જૈન દેરાસરમાં (ખારેક બજાર) દાખલ થવા તથા પૂજા દર્શનાદિ પોતાને કરવા હક છે એવી માંગણી કરનારી અરજ મુંબઇ હાઇ કોર્ટમાં કરેલ હતી અને તેમ કરતાં તેને અટકાવવામાં આવ્યાનું જણાવવામાં આવ્યું છે. આ દાવો મજકુર દેરાસરના વહીવટ કર્તા ચાંપશી કુંવરજી અને બીજાઓ સામે મંડાયેલો હતો. જણાવવામાં આવ્યા મુજબ મજકુર શ્રી કાનજી તથા તેના પિતા વગેરે આ મંદિરમાં વગર હરકતે ૧૯૨૯ સુધી પૂજા દર્શન આદિ કરી શકતા હતા પણ પાછળથી તેને સામાજીક કારણે પૂજા કરતા અટકાવવામાં આવ્યા હતા અને માત્ર દર્શનજ છુટ હતી એમ કહેવામાં આવતું હતું. આ બાબત લંબાણ તપાસ પછી મુંબઇની ના૦ હાઇકોર્ટે નીચેનો ચુકાદો આપ્યો છે.

હાઇકોર્ટ ઓ. ઓ. સી. જે. સુટ નં. ૩૯ સને ૧૯૩૦ કોરમ: રાંગણેકર જજ . તા૦ ૨૫ મી નવેંબર ૧૯૩૫. (૧) સંમતિથી ઇકરાર કે મજકુર દેરાસરના ગભારામાં દાખલ થવાનો અને તેમાં પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓની પોતાના ખર્ચે પૂજા કરવાને વાદી હકદાર છે.

ધાર્મિક ખાતાંઓના હીસાબોના કાયદો.

નામદાર મુંબઇ સરકારની ધારાસભામાં સખાવતી અને ધાર્મિક ખાતાંઓના હીસાબો તપાસવા અને રજીસ્ટર્ડ કરાવવા બાબત એક કાયદાનો ખરડો હાલમાંજ પસાર કરવામાં આવેલો છે. અને તે હીંદુ કોમને લાગુ પાડવામાં આવ્યો છે. તેમાંથી જૈનોને બાદ કરવામાં આવેલા છે. તે ઉપરથી એક ગુંચવણભર્યો પ્રશ્ન ઉપસ્થિત થયો છે. જૈનોને હીંદુઓ ગણવા કે નહીં ?

જૈનોના વારસા હક્ક કે લગ્ન બાબત અને બીજા સામાન્ય ધારાઓનો ચુકાદો હીંદુઓ મુજબજ આપવામાં આવે છે. અને બીજા પણ સામાન્ય રીતરીવાજો હીંદુઓ સરખાજ હોય છે. તેથી જૈનો હીંદુઓજ ગણાય છે. હીંદુ મહાસભામાં જૈનોનો સમાવેશ થતોજ રહ્યો છે. જૈનોનો સમાવેશ હીંદુઓમાંજ થવાને લીધે ધારાસભાની ચુંટણીમાં પણ સ્વતંત્ર મતદાર સંઘની કે જુદી બેઠકની કોઇએ માંગણી કરેલી નથી. આવી સ્થીતીમાં જૈનોને હીંદુઓમાંથી બાતલ કરવાનો બનાવ વિચિત્રજ લેખાય.

મહારાષ્ટ્રમાં જૈનોની વસ્તી ઘણા ગામોમાં છે અને તે અલ્પ સંખ્યામાં છે. તેથી જૈનોના હીત સંબંધ હીંદુઓથી સંઘટિત છે અને જૈનોને જુદા ગણવામાં મોટી આપત્તિ ઉત્પન્ન થાય તેવો સંભવ છે. જૈનોનાં મંદીરો, તેહેવારો, વરઘોડાઓનું રક્ષણ કેવલ હીંદુઓ સાથે રહેવાથી જ થાય તેવો સંભવ છે, માટે ગમે તે ભોગે જૈનોને જુદા પાડવા એ ઠીક નથીજ.

હાલમાં નામદાર મુંબઇ સરકાર તરફથી ઉપર જણાવેલ ધારો જૈનોને લાગુ પાડવો કે કેમ એ બાબત જૈનોનો અભિપ્રાય માંગેલો છે. અને તે તા૦ ૩૧ મી ડીસેંબર સુધીમાં મોકલી આપવા જણાવેલ છે. ત્યારે આપણે વખત સર જાગૃત થઇ પોતાનો અભિપ્રાય નામદાર મુંબઇ સરકારના મેહેસુલી ખાતાંના સેક્રેટરી ઉપર તરતજ મોકલી આપવાની જરૂર છે.

મહારાષ્ટ્રમાં જુના રીવાજ મુજબ એક કુટુંબમાંજ આવા હીસાબો રાખવાનો રીવાજ ચાલે છે. અને ઘણાએક ગામોમાં તે તપાસવા માટે કોઇ આંગળી પણ ઉંચકી શકતું નથી! અને આવા શેઠીઆઓ કોઇને હીસાબ બતાવવા બીલકુલ દરકાર કરતા નથી. અ જાણે પોતાની તે ખાનગી મીલકત હોય તેવી રીતે તેનો વહીવટ ચલાવવામાં આવે છે!

---

૨. મજકુર દેરાસરના અંદરના ભાગમાં–ગભારામાં દાખલ થવામાં અને પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ નવપદ ક્રીયા પોતાના ખર્ચે કરવામાં વાદીને અટકાવવાનો પ્રતિવાદીઓને હક નથી.

૩. કચ્છી દશા ઓશવાલ જાતિ તરફથી નવપદ ક્રીયા પછી આપવામાં આવતાં જમણમાં હાજરી આપવા કે ભાગ લેવાનો વાદીને હક નથી. આ દાવામાં માંગવામાં આવેલ બધી (નુકશાનીઓ) વાદીએ છોડી દેવી એ બાબત સંમતિ.

સંમતિથી દાવાના અંગે થયેલ બધી પાર્ટીઓના ખર્ચ મંદિરના ફંડમાંથી આપવાં.

૧૯૯૧ ની સાલમાં ડોકીયું.

પ્રગતિ, પીછેહઠ કે હતા ત્યાંના ત્યાં ?

ભગવાન શ્રી મહાવીર પ્રભુનાં અવન પછી ૨૪૬ વર્ષ અને વીર વિક્રમના અવસાન પછી ૧૯૯ વર્ષો વીતી ગયાં છે, અને એ રીતે ભવિષ્યના અખુટ ભંડારમાંથી ૧ વર્ષ નીકળી ભૂતકાળમાં સમાઇ ગયું છે. સં. ૧૯૯૧ ની આથમતી સંધ્યાની પાછળ ગયાં વર્ષની બીનાઓ પણ ભૂતકાળની ગણાઇ ગઇ છે. અને નવા વર્ષની ઉષાઓની સાથે વર્તમાન કાળની ગણત્રીએ નવાં કાર્યોની શરૂઆત થાય છે.

દરકોઇ વ્યાપારી નાનો યા મ્હોટો વીતેલા વર્ષનું આવક જાવકનું સરવૈયું કાઢી નફા તોટાનો હીસાબ કાઢે છે, એજ રીતે સમાજનો ઇતિહાસ અને પ્રવૃત્તિઓ આલેખનારાઓએ પણ સામાજીક પ્રવૃત્તિઓનો હિસાબ કાઢી વર્ષ દરમ્યાન પ્રગતિ કરી છે કે પીછે હઠ કરી છે એ તપાસવાનું જરૂરી ગણાવું જોઇએ.

આપણી જૈન કોમમાં કેળવણી વિષયક સામાજીક અને આર્થિક પ્રગતિઓના ઇતિહાસનું અવલોકન કરીશું તો જણાશે કે ૧૯૯૧ ની સાલ મોટા ભાગે શાંતિ અને લગભગ કહીએ તો સુષુપ્ત દશામાં વીતાવી છે, સમાજના આગેવાનોએ કેમ જાણે સમાજમાં કશી વસ્તુની કે પ્રગતિની આવશ્યકતા નજ હોય તેમ તદ્દન નિરપેક્ષ વૃત્તિ દાખવી તદ્દન ચેતન રહિત વર્ષ વ્યતીત કર્યું છે. એજ રીતે સમાજને સમાજના નાવને સતત ઉપદેશદ્વારા કોઇપણ રસ્તે ગતિમાન કરનાર સાધુ મુનીરાજો કે જેઓ જૈન કોમની પ્રગતિ માટે મોટે ભાગે જવાબદાર હોવા જોઇએ. તેઓ તરફ નજર ફેરવતાં પણ નિરાશાજ પ્રાપ્ત થાય છે, કારણ કે છુટા છવાયા ઉપદેશ અને તેમાં પણ મુખ્યત્વે કરી પોતાને મનપસંદ પ્રગતિ તરફ જનતાને વાળવાની ભાવનાવાળા અને એ રીતનો વ્યાખ્યાનદ્વારા જનતાના કર્ણોમાં વાણી પ્રવાહ રેડતા મુનિરાજો તરફથી કોઇપણ સમાજ હિતાર્થી કાર્ય ગત વર્ષમાં થયું હોય એમ અમારા જાણવામાં નથી. સમાજને પ્રગતિને માર્ગે દોરવામાં હાલના સમયમાં મુખ્યત્વે ત્રણ સાધનો મોટો ભાગ ભજવે છે. અને એમના દ્વારાજ ઉપદેશ થઇ શકે છે. સાધુ મુનિરાજો સમાજના આગેવાન વકતાઓ અને સમાજના નિઃસ્વાર્થ પત્રો. આ ત્રણે સાધનો એવાં છે કે તેઓનો સંબંધ સમાજની પ્રગતિ સામે સદા સંધાયેલો રહે તો સમાજમાં ઘણીજ પ્રગતિ થઇ શકે.

હવે આપણે ઉપર જણાવી ગયા તેમ મુનિરાજો પોતાની હમેશની રૂઢિ પ્રમાણેના ઉપદેશો આપી ચાતુર્માસ પૂરાં કરી વિહારની ધામધૂમમાં પડયા છે, જ્યારે આગેવાનોમાં કોઇપણ પ્રકારની જાગૃતિ કે ચેતન જેવું દેખાતું નથી. જ્યારે પત્રો થોડે ઘણે અંશે પોતાના વિચારનું પ્રતિપાદન કરતાં બહાર પડે છે, અને તેમાં પણ પરસ્પર કદાગ્રહ અને વાદવિવાદ કરતા અમૂક આચાર્યોના વાજીંત્ર રૂપ પેપરો કે જે સમાજની પ્રગતિમાં જરાપણ હિસ્સો આપી શકતા નથી તેઓને બાદ કરતાં માત્ર ગણ્યા ગાંઠયા પત્રોજ કંઇજ અંશે સેવા કરી રહયાં છે, અને તેમને પણ જનતાનો મળવો જોઇએ તેટલો ટેકો નહિ મળવાથી તેઓ પણ ડગુમગુ પગે ચાલી પોતાથી બનતી સેવા બજાવે છે.

આ રીતે સમાજની પ્રગતિ માટે જવાબદાર ત્રણે અંગોની આ સ્થિતિ છે. જે ખરેખર શોચનીય છે. આ ઉપરાંત સમાજની સંસ્થાઓ પણ પ્રગતિ કરવામાં ઘણો સહકાર આપી શકે છે, પરંતુ ગયા વર્ષમાં કોઇપણ સંસ્થા નહાની યા મ્હોટીએ સમાજને આગળ ધપાવવામાં સહાયભૂત થાય એવું કોઇપણ કામ કર્યું હોય એવું જાણવામાં નથી. સંસ્થાના આગેવાનોની ઉપેક્ષાવૃત્તિ અને ઓછી ધગશને લઇને ઘણી સંસ્થાઓ રગશીઆં ગાડાંની માફક પોતાના માર્ગમાં મહામુશીબતે ધીમે ધીમે આગળ વધી રહી છે. પરંતુ નથી તેમનામાં દેખાતી કોઇપણ પ્રકારની ચેતના કે નથી. દેખાતી પ્રાણપૂરક વૃત્તિઓ. આ સ્થિતિને અંગે મધ્યમ પણ ઉત્સાહી વર્ગ પણ મોળો પડતો જાય છે, અને તેમનો રસ પણ કમી થતાં દિન પ્રતિદિન સંસ્થા પ્રત્યેનો પ્રેમ ઓસરતો જાય છે; અને આ રીતે સમાજની પ્રગતિ માટે જવાબદાર ગણાતું ચોથું અંગ પણ નિર્જીવ બનતાં સમાજને દોરનાર એકપણ સાધન દેખાતું નથી.

સમાજને દોરનાર સંસ્થાઓ કે વ્યકિતઓની આ દશા છે, ત્યારે સમાજની શું દશા છે એ પણ જોવું જોઇએ. (વધુ માટે જુઓ પાનું ૮ મું.)

કદાચ કોઇ હીસાબ માંગવાની હીંમત કરે તો શેહના મળતીઆઓ તરતજ હાહો કરી મુકે છે અને સામાને દબાવી દે છે. અને કોઇ વખત તડાઓ પણ પાડી બેસે જે જે ગામોમાં તડાંઓ હોય છે તે તે ઠેકાણેના મતભેદના કારણોમાં ઉંડા ઉતરી જોવામાં આવશે તો જરૂર હીસાબોની જ ભાંજગડ જોવામાં આવશે. હજારો રૂપીઆ શીલક પડયા છતાં સાર્વજનિક ઉપયોગી કામો અટકી પડે છે. અને સુધારા કરવાને અડચણ ઉભન્ન થાય છે.

આવા હીસાબો દર વરસે તપાસવામાં આવે અને તેની ચોખવટ કરી સાર્વજનિક નાણાં સુરક્ષિત રાખવામાં આવે તો દેવ દ્રવ્યમાં જરૂર વધારો થાય અને અટકી પડેલાં કામો શરૂ થઇ જાય એમાં શંકા નથી. આવી પરીસ્થિતીમાં જૈનોને આ કાયદો લાગુ કરવામાં આવે તો મોટો લાભ થાય તેવો સંભવ છે.

મહારાષ્ટ્રીય કોન્ફરંસે આ બાબત એક ઠરાવ પણ કરેલો છે. ત્યારે જૈનોને આ કાયદો લાગુ પાડવા બાબત મહારાષ્ટ્રના જૈનો એકમત છે એમાં શંકા નથી. અને જાણવા મુજબ મહારાષ્ટ્રીય કોન્ફરન્સના સેક્રેટરી તરફથી નામદાર મુંબઇ સરકાર તરફ એવી માંગણીની અરજી રજુ કરવામાં આવશે. માટે સેક્રેટરીના હાથ મજબુત કરવા માટે મહારાષ્ટ્રના દરેક ગામના આગેવાનોએ સેક્રેટરી તરફ પોતાનો અભિપ્રાય જરૂર લખી મોકલવો જોઇએ.

મહારાષ્ટ્રી જૈન.

વિદ્યાર્થીઓ સાંભળો છો કે ?

એજ્યુકેશન બોર્ડ તરફથી ડીસેમ્બર માસના છેલ્લા રવીવારે ધાર્મિક ઇનામી હરિફાઇની પરિક્ષા લેવામાં આવશે, એમાં અભ્યાસ કરનાર વ્યકિત ચાહે તો તે પુરૂષ હોય કીંવા નારી હોય ચાહે તો તે છોકરો હોય કે છોકરી હોય એ સૌ કોઈ એમાં ભાગ લઇ શકે છે. પાઠશાળા, કન્યાશાળા શ્રાવિકાશાળા તો પોતાને ત્યાં અધ્યયન કરતાં સૌ કોઇને એમાં અભ્યાસનાં ધોરણ અનુસાર બેસાડી શકે છે પણ જેમણે એ રીતે શાળાઓમાં રહીને નહિં પણ ઘેર બેઠાં સ્વતંત્ર રીતે અભ્યાસ કર્યો હોય છે તેમને પણ આ પરીક્ષામાં સ્થાન છે. ડીસેમ્બરની શરૂઆતમાં પોતાને જે ધોરણની પરિક્ષા આપવી હોય તેનો ઉલ્લેખ કરી જલ્દી ફોર્મ ભરી મોકલે.

અભ્યાસક્રમમાં ઉચિત ફેરફારો થયા છતાં હજુ સુધારણાને અવકાશ છે. પંડિતોને વિદ્વાનોની દૃષ્ટિએ કદાચ પૂર્ણતાની છાપ પાડી હોય તો પણ એમાં પરિક્ષકોના અનુભવની માત્રા ઉમેરવાની જરૂર છે. પરીક્ષા આપનાર વર્ગનું એ સંબંધમાં કેવું મંતવ્ય છે એ જાણવું પણ જરૂરી છે. સાથેસાથ અભ્યાસક્રમમાં સૂચિત થયેલા પુસ્તકો કિંવા ગ્રંથો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ થતાં નથી અથવા તો એની ભાષા એવી હોય છે કે અભ્યાસક વર્ગ એમાં સરળતાથી ચાંચ બોલી શકતો નથી. એ વાત પણ વિચારણીય છે. આ સર્વ વિચારણીય મુદ્દાઓ બોર્ડની સમિતિ સામે છે. આમ છતાં આજે જ્યારે એ પરીક્ષાના દુદુંભિ વગડી રહયા છે ત્યારે તો વિદ્યાર્થી આલમને એકજ પડકાર કરવાનો કે એમાં વિશાળ સંખ્યા રૂપે ભાગ લ્યો, અને હરિફાઇમાં પોતામાં રહેલ શકિતનું દર્શન કરાવો.

આ પરિક્ષાની પદ્ધતિ યુનીવરસીટીની પરિક્ષાઓના ધોરણ જેવી છે. એકજ દિવસે એક સાથે બપોરના લગભગ ત્રણ કલાકમાં આ કાર્ય ઉકેલાય છે. પરિક્ષાના સમયેજ પ્રશ્નપત્રોના કવરપરના સીલ ઉખડે છે અને પ્રત્યેક પ્રવેશકને અપાય છે. સુપરવાઇઝરની નજર સામે ત્રણ કલાકના નિયત કાળમાં એના જવાબો લેખીત આપી મુકો હવાલે કરવી પડે છે. એ સર્વ બરાબર રીતે પેક થઇ બોર્ડની ઓફિસે આવે છે અને ત્યાંથી પરિક્ષકોને ઘેર પહોંચે છે. તપાસાયા બાદ ટુંક સમયમાં એનું પરિણામ તેમજ ઇનામ જાહેર થાય છે. આ બધુ લંબાણ કરવાનું કારણ એજ કે તો પરિક્ષાની પદ્ધતિનો અભ્યાસક ગણને ખ્યાલ આવે.

વળી એ પણ કહેવું જોઇએ કે ભાગ્યેજ કોઇ જૈન સંતાન એવું હશે કે જેણે અત્યારની પ્રચલીત પદ્ધતિ પ્રમાણે એકાદવાર પણ પરિક્ષા નહીં આપી હોય ! જો પરિક્ષાની આ રીત હાજર છતાં એનો યથાર્થ પ્રમાણમાં લાભ લેવામાં ન આવે તો એનો દોષ સમાજને શીરે છે. પહેલાં કરતાં પરિક્ષાના સેંટરો જરૂર વધ્યા છે. છતાં એનો વિસ્તાર હજુ પણ વધવાશ્રી જરૂર છે અભ્યાસક્રમ જોતાં એમાં જે જાતના પુસ્તકોને સ્થાન આપવામાં આવ્યું છે તે એટલું તો સુચવે છે કે એનાથી માત્ર જૈન દર્શનનુંજ નહિં પણ એ ઉપરાંત પ્રાકૃત સંસ્કૃત તેમજ સંસારોપયોગી કેટલીક બાબતોનું પણ જ્ઞાન થઇ શકે છે. આવી સુંદર યોજનાનો લાભ ઉગતી પ્રજાએ તો જરૂર લેવા જેવો છે. ગુરૂકુળ બાલાશ્રમ અને વિદ્યાલયના વિદ્યાર્થીઓને પણ અનુકુળ આવે તેવો આ અભ્યાસક્રમ છે.

જૈન ધર્મનું તાત્વિક સ્વરૂપ સમજવા સારુ નવતત્વ અને જીવ વિચારનું જ્ઞાન એ આવશ્યક ચાવીરૂપ છે. જે એમાં બરાબર રીતે નિષ્ણાત થાય તેને માટે તત્વાર્થાધિગમ પ્રશમરતિ આદિ ગ્રંથો સમજવા મુશ્કેલ નથી. વળી જેઓ ગોખણપટ્ટીનો વિરોધ કરે છે અને જેઓ અર્થ સહિત સૂત્રો શિખવવાના હિમાયતી છે તેઓ વિના સંકોચે કબુલ કરશે કે અભ્યાસક્રમની ગોઠવણ તેમની હિમાયતને અનુરૂપ છે.

પરિક્ષાના મથકો અને એમાં ભાગ લેનાર સમૂહ તરફ દ્રષ્ટિ ફેંકતા જણાઇ આવે છે કે એમાં ઇંગ્લીશ કેળવણીમાં આગળ વધતા કે યુનીવરસીટીની ઉંચી કેળવણી લેતા વિદ્યાર્થી ગણની સંખ્યા ઘણી ઓછી છે ! આમ કેમ બને છે તે વિચારવાનું રહે છે. આમાં સમયની તંગીનો પ્રશ્ન સંભવતોજ નથી. એ વર્ગનું કયાં તો ધાર્મિક અભ્યાસ પ્રતિ દુર્લક્ષ્ય સંભવે અથવા તો આ જાતની પરિક્ષાથી તેઓ અજ્ઞાન હોય એમ માનવું પડે ! એજ્યુકેશન બોર્ડ જેવી સંસ્થાને જેની કાર્યવાહીમાં મોટે ભાગે એજ્યુકેટેડ બંધુઓ છે તેવી સંસ્થાથી કોઇ અજ્ઞાન હોય એ માનવું અસંભવિત છે. દુર્લક્ષ્ય કે બેદરકારી અવશ્ય કલ્પી શકાય !

તેથીજ આજે હાકલ પાડવી પડે છે કે જેઓ આજે ઉંચી કેળવણીમાં અગ્રગામી બની રહયા છે તેમને એટલી વાત યાદ આપીએ કે જ્યાંસુધી જૈન ધર્મના મૂળભૂત તત્વોના સંબંધમાં એમાં દર્શાવેલ નયવાદ અને સપ્તભંગી સ્વરૂપ અથવા તો દ્રવ્ય આત્મા અને કર્મ આદિ વિષયોના સંબંધમાં અંધારામાં રહેશો ત્યાંસુધી તમો જૈન ધર્મનું સાચું રહસ્ય નથીજ જાણી શકવાના કદાચ શેકસપીયર કે મિલ્ટન અથવા તો ટેનીસન આદિના સાહિત્યમાં ઉંડા ઉતરી દક્ષતા પ્રાપ્ત કરી હશે અગર તો ડાર્વિન કે મીલની થીયરીઓ વાંચી મગજને ભર્યું હશે તેથી સર્વ કંઇ સમજવાનો દાવો નહીં કરી શકાય એ બધી થીયરીને ટપી જાય તેવું વિશાળ જ્ઞાન જૈન દર્શનમાં ભર્યું છે. જરૂર છે ફકત એને યથાર્થ સ્વરૂપમાં સમજવાની અને પચાવવાની માટેજ ઉંચી કેળવણી લેનારને આ તરફ નજર કરવાનો વધુ આગ્રહ છે. કેમકે જવાહીર જને કિંમતી છે છતાં એ જો સાચા ઝવેરીને હાથે ચઢે તો એની કિંમત બરાબર અંકાયા વગર નજ રહે.

અભ્યાસને કંઇ દુષ્કાર નથી અને સાચી નિષ્ણાતા સ્વધર્મનું સ્વરૂપ સમજવા વગર શકય પણ નથી.

ચોકસી.